पुस्तक

चरित्र

भारत

बम्बई

ચરિત્રમાળાઃ પુસ્તક ૩૯-૪૦ વર્ષ ચોથું.

ભારતની દેવીઓ

ભાગ ૧ લો.

(શ્રીમતી ભગવતી દેવી અને અઘોરકામિની.)

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી

બંગાળીપરથી તૈયાર કરનારઃ-

શ્રીયુત મગનલાલ હરિકૃષ્ણ મ્હેતા નિ. ભરૂચ

તથા શ્રીયુત શિવપ્રસાદ દલપતરામ પંડિત

નિ. કોટા (રજપુતાના).

સંપાદક અને પ્રકાશકઃ-ભિક્ષુ-અખંડાનંદ

કાલબાદેવી-મુંબઈ.

આવૃત્તિ ૧ લી-પ્રત ૨૩૦૦ સં. ૧૯૧૫ ઈ. ૧૯૭૧

મૂલ્યઃ વાર્ષિક ફાળે ૦|≡ પાકું પૂઠું ૦||= પો. માફ.

છૂટકઃ ૦||= પાકું પૂઠું ૦|||≡ પો. જૂદું.

અમદાવાદમાં ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૬	૮	આદર વગેરે	આદર,
૨૦	૨૫	આથય	આશ્રય.
૨૯	૧૦	સદ્દગુણોની	સદ્દગુણોથી.
૩૨	૧૮	થાય છે	થાય છે ?
૫૦	૨૩	લોકોનો	લોકોના
૫૬	૧૪	ભય બતાવતાં જીવનદાનન	ભય ન બતાવતાં જીવતદાન
,,	૨૫	વિલાયતનો	વિલાયતના
૫૯	૧૫	**विनराति**	**वितराति**
,,	,,	**विधं**	**विद्यां**
,,	૨૧	જો	નો
૬૯	૧૪	બાહ્ય	બાલ્ય
૭૪	૫	આસક્ત	આસક્તિ
૧૧૯	૨૩	થઇ.	થઈ,
૧૨૨	૪	પ્રકારનાં હતાં	પ્રકારની હતી
૧૨૭	૧૯	**પૂર્ણના**	**પૂર્ણ**
૧૨૯	૪	દેવીના	દેવીની
૧૪૩	૧૬	પૂજ્યને	પૂજાને
૧૪૪	૨૨	**ધન્ય, સંતાન વાત્સલ્ય**	**ધન્ય સન્તાન વાત્સલ્ય !**
૧૯૦	૨૧–૨૨	પરિમાણ	પરિત્રાણ
૨૩૫	૧૪	શાન્ત	સાજા
૩૦૧	૫	એમના	દેવી અઘોર કામિનીના
૩૦૧	૬	સામિલ થયો હતો	શામિલ થયાં હતાં

અર્પણ પત્રિકા

સેવાસદનની સેવિકાઓ, વનિતાવિશ્રામની કર્તવ્ય પરાયણ વિધવાઓ અને અન્ય સૌભાગ્યવતી વિદુષી સન્નારીઓ !

ત્હમારાજ યુગમાં થઇ ગએલી આર્યદેવીઓના સ્નેહ, ભક્તિ તથા સેવાપરાયણ આદર્શ જીવનવૃત્તાંતનો આ ગ્રંથ, ત્હમારી સામાજિક અને આધ્યાત્મિક ઉન્નતિ જોવાનો અભિલાષ ધરાવનાર આ ગ્રંથના ઉભય લેખક તેમજ પ્રકાશક સંસ્થા તરફથી ત્હમારાજ કરકમળમાં એવી ભાવનાપૂર્વક સમર્પણ થાય છે કેઃ— તેના અભ્યાસ અને અનુકરણથી ત્હમારાં જીવન દિવસાનુદિવસ અધિકાધિક પવિત્ર અને ઉપકારક બની આ દેશના અજ્ઞાન સ્ત્રીવર્ગમાં ઉત્તમ જ્ઞાન અને ચારિત્રનો અધિકાધિક પ્રસાર કરવાને શક્તિવાન થાય.

ફરીથી છપાઈ તૈયાર થયેલાં પુસ્તકો

૧-શ્રીમદ્ભાગવત ભાષાંતર

બે વર્ષપર આ ગ્રંથની આ ખાતા તરફથી નીકળેલી ૫૦૦૦ પ્રત સત્વર ખપી જવાથી નવી આવૃત્તિ છપાઈ છે. ફાગણ સુદમાં તે બંધાઇને તૈયાર થઇ જતાં મંગાવનારને તરતજ મોકલાશે.

આ આવૃત્તિ વિષેની માહિતી નીચે પ્રમાણે છે.

કદ—'બૃહદ્ગ્રંથમાળા'નાં પુસ્તકોની લંબાઇ પહોળાઇ એક સરખી રહે તે માટે આ આવૃત્તિ રૉયલ સાઇઝમાં છપાયાથી પ્રથમના કરતાં તેમાં પોણાબસો પૃષ્ઠનો વધારો થયો છે. આગલી આવૃત્તિઓ કરતાં **ચિત્રો** આમાં વધારે સુંદર હોવા સાથે તે શીલા છાપને બદલે ખાસ નવીન બ્લૉકો તૈયાર કરાવીને આર્ટપેપર ઉપર છપાવેલાં છે.

ઉપલાં કારણોથી ખર્ચમાં ખાસ વધારો થવાથી આ નવીન આવૃત્તિનું **મૂલ્ય** માત્ર બે આના વધારી રૂ. ૨-૨-૦ રાખવામાં આવ્યું છે.

તરતમાં ખરીદનારને રૂ. ૦ નો ખાસ લાભ

ચૈત્ર આખર સુધીમાં **અમદાવાદ**થી મંગાવી લેનારને ૧-૧૪-૦થી અને નીચલાં સ્થળોએથી બે રૂપીયે મળશે. પોસ્ટેજ ૦॥≈ વધુ.

મુંબાઈ—સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય ઠે. કાલબાદેવીરોડ-ભાંગવાડીને નાકે હાથબિલ્ડીંગમાં ત્રીજે માળે. **ભાવનગર**—અબદુલ હુસેન આદમજી. **વડોદરા**—બુ. મોહનલાલ મનસુખરામ. **સુરત**—ચંદ્રપ્રકાશ ઓફીસ ઠે. ભાગા તળાવ. **નડીઆદ**—ચુનીલાલ બોધાભાઈ. **રાજકોટ**—બુ. બેચર મેઘજી. **ભરૂચ**—બુ. દેસાઈ બ્રધર્સ.

રેલ્વે રસ્તે–ભાગવત અથવા આ ખાતાનાં હરકોઇ પુસ્તકો મળીને કમમાં કમ રૂ. ૪–૫ નાં એક સાથે રેલ્વે રસ્તે મંગાવવાથી ખર્ચ ઓછો લાગશે. વળી મૂલ્ય પુરેપુરૂં પ્રથમ મોકલનારને પેકીંગ તથા રીસીટ રજીષ્ટર્ડ કરાવવાનો ખર્ચ પણ નહિ રહડે.

રેલ કે પોષ્ટમાં મંગાવનારે **મુંબઇ** ન લખતાં **અમદાવાદ**જ લખવું.

સ્ત્રી વર્ગમાં વિનામૂલ્યે ભેટ આપવા છપાયલું પુસ્તક

૨-ટુંકી વાર્તાઓ ભાગ ૨ જો

આ કુટુંબબોધક પુસ્તક ગયા ૧૯૭૦ના વર્ષમાં "વિવિધ ગ્રંથ-માળા" દ્વારા પ્રકટ થયેલું તે ભાવનગર રાજ્યના લોકપ્રિય ઑફિટિંગ દિવાન શ્રીયુત મુરારજી આણંદજી તન્ના બી. એ. એલ. એલ. બી. એઓને ખાસ પસંદ પડવાથી તેમણે પોતાનાં સ્વર્ગસ્થ ધર્મપત્નીના સ્મરણાર્થે સ્ત્રીવર્ગમાં ભેટ આપવામાટે તેની ૩૩૦૦ પ્રતની નવીન આવૃત્તિ પોતાના ખર્ચે છપાવી છે. (પૃષ્ઠ શુમારે ૩૨૫) તે શીલીકે પહોંચશે ત્યાંસુધી હરકોઇ જ્ઞાતિની સ્ત્રીઓને **ભાવનગર**માં ઉક્ત મહાશયને ત્યાંથી તથા **મુંબઇ**માં "હાલાઇ લોહાણા વિદ્યોત્તેજક મંડળ" ના સેક્રેટરી. ઠે. કાંદાવાડીમાંથી, તથા **અમદાવાદ**માં સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય ઠે. સલાપોસરોડ એ સ્થળોએથી રૂબરૂમાં મળી શકશે. પોષ્ટેજ બદલ એક આનાની ટીકીટ બીડવાથી પોષ્ટ રસ્તે પણ મળી શકશે પરંતુ ટીકીટ મોકલનારે તે **ભાવનગર**જ મોકલવી. મુંબઇ કે અમદાવાદ નજ મોકલવી.

નિવેદન

'ચરિત્રમાળા'ના ૩૯–૪૦ મા અંકરૂપ આ ગ્રંથ વાંચકબંધુઓ અને બ્હેનો માટે આનંદ અને ઉન્નતિદાયક થાઓ.

'ભારતનાં સ્ત્રીરત્નો'ના ત્રણ ભાગમાં થઇને આ દેશની ૪૩૭ સન્નારીઓનાં સંક્ષિપ્ત જીવનવૃત્ત 'ચરિત્રમાળા' દ્વારા નીકળી ચૂક્યાં છે. સારરૂપ વૃતાન્તોના એવા એકત્ર સંગ્રહની ઉપકારકતા સ્પષ્ટ હોવા છતાં વિગતવાર ચરિત્રોની આવશ્યકતા અને ઉપકારકતા એથી પૂરી પડે છે એમ કહી શકાશે નહિ. જીવન ચરિત્રોમાં બનાવોના ઉપરાંત તે બનાવોની આસપાસનાં કારણો અને પરિણામો ઇત્યાદિનાં વર્ણન તથા તેને ઉદ્દેશીને વચ્ચે વચ્ચે લખનાર તરફથી લખાતી ટીકા–કે જેમાંથી વાંચકને ઘણું વિચારવાનું તથા શીખવાનું મળ્યા કરે છે–તે સર્વ બાબતો વિસ્તૃત ચરિત્રમાંજ છૂટથી આવી શકે છે. આમ હોવાથી અગાઉ સંક્ષિપ્તમાં નીકળી ચૂકેલાં ચરિત્રોમાંથી પણ જે જે ચરિત્રો જનસમાજ માટે વિશેષ ઉપકારક જણાઇ વિસ્તૃત રૂપમાં પ્રકટ કરવાનું બની શકે તેમ હોય તેને પણ 'ચરિત્રમાળા'માં અવકાશ આપવાનું ધોરણ યોગ્યજ જણાશે.

પંડિત ઇશ્વિરચંદ્ર વિદ્યાસાગરનું નામ ઘણાખરા વાંચકોને પરિચિતજ હશે. પોતાને વિદ્વત્તાના ખાં કહેવરાવવા છતાં વિદ્યાના ફળરૂપ લોકહિતાદિ સદ્દગુણો રહિત હોય એવા માત્ર પદવીધારી આ 'વિદ્યાસાગર' નહોતા; પરંતુ 'વિદ્વત્તાના સાગર' સાથે તેના ફળરૂપ દયા, પરોપકાર ૪૦ સદ્દગુણોનો સાગર પણ તેમના હૃદયમાં એટલો તો ઉભરાઇ જતો હતો કે જેથી જનસમાજ તેમને '**દયા સાગર**'ના નામથી પણ બોલાવતો હતો. આવા એક મહાત્માનો જન્મ જે

પવિત્ર જનનીને ઉદરે થયો હતો,* તે દયાની સાક્ષાતમૂર્તિ પરમ વંદનિય શ્રીમતી ભગવતી દેવીનું વિસ્તૃત જીવન આ ગ્રંથમાં પ્રથમ અપાયલું છે.

આમાંનું બીજું જીવન પણ ઉપલા જીવનની જોડે જોડ વિરાજવાની સંપૂર્ણ યોગ્યતાવાળું છે. **सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज** આ ભગવદવાક્યને અને 'પ્રભુજ મ્હારૂં શરણ છે' ૯૦ ગુરૂમંત્રોને નિત્ય પોપટની પેઠે મોઢેથી પઢ્યા કરી મનવડે તો મરતાંની ઘડી સુધી બાહ્યપદાર્થોનાજ શરણ અને ઉપાસનામાં રાત્રિ દિવસ ઝુકી રહેલા લક્ષાવધિ ભારતીય બગભક્તોને ઇશ્વિર શરણનો કેટલોક સત્ય આદર્શ દર્શાવનાર અને એજ પ્રભુનાં ન્હાનાં બાળકો રૂપ દીન, દુઃખી માનવ બંધુઓ પ્રત્યે દયા અને સેવાવૃત્તિનો ગુણ સ્વવર્તનથી સ્પષ્ટ કરી બતાવનાર શ્રીમતી 'દેવી અઘોરકામિની'નું કાંઇક વિસ્તારવાળું ચરિત્ર આ ગ્રંથમાં બીજું છે.

આજીવિકાની નિરાંત છતાંએ અનેક ભણ્યાં-ગણ્યાં સ્ત્રી-પુરૂષો, જેઓ માત્ર જૂજ કારણને ખાતર અથવા મનની નિર્બળતાને લઇને મ્હોટા 'બાઉ'નું રૂપ આપી દીધેલા સંયોગોને ખાતર, પોતાનું જીવન જેમ તેમ વૃથા ગુમાવતાં હોય, તેમને આવાં ચરિત્રોમાંથી ઘણુંજ વિચારવાનું અને શીખવાનું મળી શકે તેમ છે.

સર્વ કોઇને એવી નિરાંત હોઇ શકે નહિ એ ખરૂં છે; તો પણ ખરી ઉદારતા કાંઈ બાહ્યપદાર્થોપરજ આધાર રાખતી નથી. ટુકડામાંથી ટુકડો પણ અપાવ્યા વિના અર્થાત-સહાયપાત્ર માનવો માટે તન કે મનથી પણ કંઇક શુભક્રિયા કે ચિંતન કરાવ્યા વિના તે

---

* આ મહાત્માનું પૃષ્ઠ ૧૨૦નું જીવનચરિત્ર તેમના ચિત્ર સાથે રા. શિવપ્રસાદ દલપતરામે ગુજરાતીમાં લખી છપાવેલું છે, તે જેમણે ન વાંચ્યું હોય તેમને વાંચવા ખાસ ભલામણ છે. આ પુસ્તક સસ્તા મૂલ્યે વેચવા માટે તેમણે આ ખાતાનેજ સોંપેલું હોઇ માત્ર ત્રણ આને, અને પોષ્ટેજ સાથે સાડાત્રણ આને મળી શકે છે.

છોડતીજ નથી. અત્ર આટલું લખી પ્રત્યેક વાંચક તરફથી એટલી ઉદારતાની આશા તો અમે અવશ્ય રાખી શકીશુંજ કે તેની જાણમાં એવા જે જે મનુષ્યો 'છતી નિરાંતે જૂજ બાબતોમાં જીવન ગાળનારા' હોય, તેમને પોતાની પાસેનાં આ તેમજ બીજાં ઉપકારક ચરિત્રો તેઓ અવશ્ય વિનામાગ્યે વાંચવા માટે આપે; અને તેમ કરવાને લીધે કદાચ પૂઠાં ફરીથી બંધાવવાં પડે કે પુસ્તક ગેરવલ્લે જાય તો તેટલું સહન કરી લે.

આ પુસ્તકમાંનું શ્રીમતી ભગવતી દેવીનું ચરિત્ર મૂળ બંગાળી ઉપરથી ગુજરાતીમાં તૈયાર કરનાર રા. મગનલાલ હરિકૃષ્ણ મ્હેતા તથા દેવી અઘોરકામિનીનું ચરિત્ર તૈયાર કરનાર શ્રીયુત શિવપ્રસાદ દલપતરામ પંડિત એ ઉભયને સપ્રેમ ધન્યવાદ આપી, જે મૂળ બંગાળી લેખકોનાં પુસ્તકો ઉપરથી તે તૈયાર થયાં છે તેના લેખક તેમજ પ્રકાશક મહાશયોનો પણ અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રભુ એ સર્વ સજ્જનોને શતાયુ કરી અનેકવિધ સદ્કાર્યો કરાવે.

'માતા' અથવા 'માજી' આ શબ્દ પણ પ્રભુનાં અનેક સંબોધનોમાંનો એક હોઇ અનેક ભક્તહૃદયોને તે અધિક પ્રિય થઇ પડે તેવો છે. બંગાળા તરફ આ શબ્દ વિશેષ પ્રચલીત હોઇ દેવી અઘોરકામિનીના ચરિત્રમાં તે અનેક સ્થળે વપરાયલો જણાશે.

આ પુસ્તકને 'શુદ્ધિપત્ર' પ્રમાણે પ્રથમ સુધારી લઇનેજ વાંચવું.

પ્રત્યેક ચરિત્રની શરૂમાં તે સંબંધી ઉપકારક પ્રસ્તાવના, ઉપોદ્‌ઘાત ઇ૦ અપાયલું છે તે તરફ વાંચકોનું ખાસ લક્ષ્ય ખેંચી ઇચ્છીશું કે તેઓ આવાં સુચરિત્રોનું વારંવાર પઠન કરે અને તેને સ્વહૃદયમાં અને વર્તનમાં યથાશક્તિ ઉતારીને સ્વજીવનનું સાર્થક કરે.

પોષમાસ વિ. સં. ૧૯૭૧ }
જાન્યુઆરી ઈ. સ. ૧૯૧૫ }

અખંડાનંદ

પ્રસ્તાવના

મહાજનોનાં વૃત્તાંત સર્વદા લાભદાયકજ હોય છે. બાહ્ય ઉપાધિઓ વચ્ચે જીવન ગાળવા છતાં પણ કોઇક અકળ અને સ્વતઃ-સિદ્ધ આંતરશક્તિના પ્રભાવવડે આવાં મનુષ્યો ઘડાઇને પુણ્યશાળી ઉજ્જવળ જીવન ગાળે છે, અને પોતાના પ્રતિભા અને પ્રભાવશાળી જીવનની જ્યોતિથી નિર્બળ અને અસંસ્કારી જીવોને ઉન્નતિના માર્ગમાં દોરે છે. પ્રેમ કે પ્રીતિના દેવી શબ્દને ઓથે કલ્પિત સૌંદર્યયુક્ત પ્રતિમાઓમાં વિષયલોલુપતા ઉત્પન્ન કરનાર નવલકથાઓ, કે જે માત્ર એક જાતનો મદ અથવા નીશો ચડાવે છે, તેના વાંચનમાં નિરર્થક કાળ વ્યતીત કરવા કરતાં ઉન્નત ચારિત્ર્યવાળા મહાપુરૂષોનાં જીવનવૃત્તાંત વાંચવામાં પ્રવૃત્તિ રાખવી એ ઘણુંજ ડહાપણનું કામ છે. એમાં પણ ખાસ કરીને ઉત્તમ શૈલીથી તથા સત્યપરાયણતાથી અને સમાજસેવાની નિષ્ટાથી લખાયેલાં એ જાતનાં પુસ્તકોમાં તો નવલકથા કરતાં પણ અધિક રસ પડે એમ છે.

ઇંગ્રેજીભાષાનું જ્ઞાન આપણા પુરૂષવર્ગમાં થોડું ઘણું પણ હોવાથી જીંદગીની ગંભીર જવાબદારી સમજનાર પુરૂષો તો આવા વાંચનનો લાભ તે ભાષાદ્વારા લઇ શકે છે, પણ કેળવણીમાં પછાત એવાં આપણા સ્ત્રીવર્ગને માટે તો ગુજરાતી સાહિત્યસાગરમાં આટલા બધા સાક્ષરો તરવરતા હોવા છતાં શોચની વાત છે કે એક પણ વાંચવા લાયક આદર્શરૂપ સ્ત્રીનું જીવનચરિત્ર લખાયલું નથી. સાહિત્ય પરિવૃદ્ધિમાં દૃઢ આગ્રહવાળા બંગાળીઓએ આ ખોટ ક્યારની પૂરી પાડી છે; અને ઘણાં ઉત્તમ પુસ્તકો એ ભાષામાં રચાયલાં છે. 'ભગવતી દેવી' એ બંગાળાના સુપુત્ર અને બંગાળી ભાષાના પ્રથમ પુનરૂદ્ધારક સમસ્ત ભારત વિખ્યાત શ્રીયુત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનાં

પવિત્ર ને ધર્મનિષ્ઠ માતાનું જીવનચરિત્ર છે. જે ઇશ્વરચંદ્રનું નામ સાંભળતાં હર્ષ તથા અભિમાન પૂર્ણ હૃદયથી પ્રત્યેક બંગાળી પોતાનું મસ્તક નમાવે છે, તે મહાપુરૂષની માતાની વિભૂતિ કેવા પ્રકારની હતી; તેનું ચરિત કેવું ઉદાર, વિનીત, અને ધાર્મિક હતું; તે આ પુસ્તકમાં એમના વિષેની અંગત માહિતીવાળા ગૃહસ્થે દર્શાવેલું છે.

અસલી આર્ય આદર્શોના વાતાવરણમાં ઓતપ્રોત થયેલી સ્ત્રી, હાલની કેળવાયલી કહેવાતી પણ ખરૂં જોતાં અભણ અને છાલકી સ્ત્રીઓ કરતાં, કેટલી શ્રેષ્ઠ નિવડી શકે એમ છે તે આ વૃત્તાંતમાં નજરે પડે છે; અને એ ઉપરથી સ્ત્રીશિક્ષણના હિમાયતીઓને ઘણો ધડો લેવાનો છે. **સાદાઇ અને ધર્મપરાયણતા એ આપણા દેશને માટે મહા વરદાનરૂપ હોઇને આપણી ભવિષ્યની ઉન્નતિનો માર્ગ છે.** પશ્ચિમના વાનર અનુકરણથી મોજશોખના આડંબરતરફ પ્રવૃત્તિ થવાથી પેટમાં પાણી નહિ, ને સરત દોડવા જેવી સ્થિતિજ નિશ્ચય થશે. **આપણા આદર્શને ભૂલી જઇને, એટલુંજ નહિ પણ તે જાણવાની પણ તસ્દી લીધા વિના તેને તિરસ્કારથી ફેંકી દેવા એ મહાઘોર અધઃપાતની નીશાની** છે—અને પરાવલંબીપણાની શ્રાપરૂપ અસર છે. ખરેખર ભગવતી દેવીનું પવિત્ર ચરિત્ર આપણી સ્ત્રીઓની આગળ એક ઘણોજ ઉત્તમ, ઉદાર ને અનુકરણ કરવા લાયક આદર્શ રજુ કરે છે. આ પુસ્તકમાંના ભગવતી દેવીના ધાર્મિક આદર્શોમાં કેળવણી ઉપરાંત તેમની નૈસર્ગિક દયા, ક્ષમા, ઉદારતા, સહનશીળતા, વડિલ પ્રત્યે માન, ઇશ્વિર પ્રત્યે ભક્તિ એ ખરેખર વંદનિય લક્ષ્યો છે. બાળક ઇશ્વરચંદ્રને એમણે જે રીતની કેળવણી આપેલી છે એ ભાગ તો ઘણોજ બોધદાયક છે, અને દરેક સ્ત્રીએ મનન કરવા યોગ્ય છે. વળી પ્રસંગોપાત ગૃહસ્થધર્મનું આમાં જે વિવરણ કરેલું છે, તે પણ બહુજ ધ્યાનમાં રાખવા જેવું છે.

આપણા ગુજરાતના મહિલાવર્ગને ખરેખર આ ચરિત્ર એક અલભ્ય લાભરૂપ છે, અને જે ત્યાગવૃત્તિથી દેશદાઝ અને સાહસ પૂર્વક આ 'સસ્તા સાહિત્ય'ની સંસ્થા આપણા ગુજરાતની સેવા બજાવી રહી છે, તેને માટે તે ખરેખર ધન્યવાદને પાત્ર અને ઉત્તેજનને પાત્ર છે.

મૂળ બંગાળીની પ્રસાદી સર્વાંશે અનુવાદમાં લાવવી એ તો અશક્યજ છે, અને શક્ય હોય તોપણ એના સમાસ ભૂયસ્ત્વને લીધે સંપૂર્ણ અંશે તે આપણી પ્રજાને ઉપકારક થાય કે કેમ, એ પણ સવાલજ છે. આ અનુવાદની ભાષા સર્વ રીતે, જે સ્ત્રીવર્ગને એ ઉપયોગી થઇ પડે એમ છે, તેમની શક્તિ લક્ષમાં રાખી, તેમને અનુકુળ થાય એવી રાખવામાં આવી છે; એટલુંજ નહિ, પણ બને તેટલે અંશે મૂળ ભાષાનું ગૌરવ જાળવવાનો પણ કાળજીપૂર્વક યત્ન કર્યો દેખાય છે. અનુવાદકનો આ પ્રથમ પ્રયાસ, છતાં પણ તે સારી રીતે પાર પડેલો જણાય છે. અમે અનુવાદકની ફત્તેહ ઇચ્છીયે છીએ, અને ધીરે ધીરે પોતાના નવરાસના વખતનો આવા પ્રયાસોમાં ઉપયોગ કરી ભવિષ્યમાં ઉત્તમ લેખો લખે એમ ઇચ્છિયે છીએ.

લાહોર
ડી. એ. વી. કૉલેજ.
તા. ૨–૧૧–૧૯૧૩

છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી, એમ. એ.

આદ્ય ગ્રંથકારની ભૂમિકા

મનુષ્યદેહ નશ્વર છે અને જગતમાં કાંઈપણ ચિરસ્થાયી નથી, છતાં પણ જ્યાં સુધી જગત છે ત્યાં સુધી સદ્‌ગુણનો આદરસત્કાર તો થવાનોજ; કેમકે તે ચિરસ્થાયી છે. પ્રતિભા સર્વદા આદરણીય અને પૂજનીય મનાય છે. ખરેખરી પ્રતિભાવાળા માણસો પ્રકૃતિદેવીની સૂક્ષ્મશક્તિના પરિચાયક અને દરેક મનુષ્યના આદર્શ રૂપ છે. પ્રતિભામાં દૈવીશક્તિ છે; અને એ શક્તિ સમસ્ત બ્રહ્માંડમાં પ્રસરેલી છે.

જીવનવૃત્તાંતોની સમાલોચના ઉપર લોકશિક્ષાનો મુખ્ય આધાર છે. કરૂણાની પ્રતિમૂર્તિ, પુણ્યશીળા ભગવતીદેવીના જેવાં રમણી-રત્નોનાં જીવનચરિત્રોમાંથી ઘણું શીખવાનું મળી આવે છે. જેઓએ વિશ્વવ્યાપિભક્તિ-પ્રેમરૂપ પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે, તેઓના જીવનની સમાલોચના કરવી એ પુણ્યનું કામ છે.

પ્રાતઃસ્મરણીય રાણી ભવાની, અહલ્યાબાઇ વગેરે જે સકળ રમણી રત્નોએ જન્મ ગ્રહણ કરીને પુણ્યક્ષેત્ર ભારતભૂમિને પાવન કરી છે, ત્હેમની સાથે આપણાં ભગવતીદેવીની તુલના કરવી યોગ્ય છે! તેઓ રાજેશ્વરી અને વિપુલ ધનશાલિની હતાં; જ્યારે આપણાં ભગવતી દેવી તો એક પર્ણકૂટિમાં નિવાસ કરનાર સામાન્ય સ્ત્રી હતાં. બહિર્જગતમાં આવો ભિન્નભાવ દૃષ્ટિગોચર થાય છે; પરંતુ અમારા ધારવા પ્રમાણે અંતર્જગતમાં તે સર્વ સમાનજ છે. નદી પાસેના ઉપવનમાંનો એક અગાધ જળપ્રવાહ નદીના હૃદયને પરિપૂર્ણ કરી, તેના બન્ને કિનારાઓને તરબોળ કરી, ઉચ્ચ નીચને ન જોતાં, પહાડ પર્વતને ન ગણકારતાં અપ્રતિહત ગતિથી જેમ પોતાનાજ બળવડે પોતાની મેળે આગળ ધસે છે, તેજ પ્રમાણે ભગવતીદેવીના શુદ્ધપ્રેમે, ત્હેમના હૃદયને પરિપૂર્ણ કરીને આસપાસનાં ભય, વિઘ્ન અને પ્રલોભનને ન ગણકારતાં પોતાના મહાલક્ષ્ય પંથે પ્રવાહિત થઇ, જાતિ-

ધર્મ વગેરેના સંકુચિત વિચારોને ત્યાગ કરી સ્વદેશ અને વિદેશનાં સેંકડો નરનારીને મુગ્ધ કરી નાખ્યાં છે. આહા ! તે પ્રેમની તૂલના ક્યાં થઇ શકે એમ છે ?

આ પુણ્યશીળા નારીરત્નનું જીવનચરિત્ર લખવામાં જે સઘળી માહિતીઓની જરૂર પડે તેનો સારી રીતે સંગ્રહ કરવાનું કાંઇપણ સાધન નથી; કારણ કે સમયના વહન સાથે તેનો ઘણોખરો ભાગ વિસ્મૃતિસાગરના ઊંડા પાણીમાં ડુબી ગયો છે. તે છતાં પણ અમારાથી બની શકે એટલો સંગ્રહ કરવાને અમે કચાસ રાખી નથી. પ્રસ્તુત ચરિત્રમાં જણાવેલી ઘણીખરી ઘટનાઓ અમે ભગવતીદેવીની છેક ન્હાની પુત્રી મંદાકિની દેવી પાસેથી એકઠી કરી છે. ત્હેમણે જુસ્સાદાર ભાષામાં માતૃચરિત્રનું વર્ણન કરીને અમારા હૃદયમાં તે દેવીની દિવ્ય-મૂર્તિને ખડી કરી દીધી છે. કલકત્તાની ટાઉનસ્કુલના ભૂતપૂર્વ પ્રધાન પંડિત વીરસિંહ નિવાસી શ્રીયુત રામેશ્વર વિદ્યાવાગીશ, ઓરીયંટલ સેમીનરી (Seminary)ના શિક્ષક શ્રીયુત અંબિકાચરણ ચટ્ટોપાધ્યાય, પુડશુડી નિવાસી શ્રીયુત દુર્ગાદાસ મુખોપાધ્યાય અને ઇશ્વરચંદ્ર વિદ્યા-સાગરના પુત્ર શ્રીયુત નારાયણચંદ્ર વિદ્યારત્ન મહાશયની પાસેથી પણ અમે કેટલીક ઘટનાઓનો સંગ્રહ કરેલો છે.

ઉપસંહારમાં કૃતજ્ઞતા સહિત જણાવવાની રજા લઇ છીએ કે, ભગવતીદેવીની બીજી પુત્રી શ્રીમતી દિગંબરી દેવીના પૌત્ર ડૉક્તર ભોળાનાથ મુખોપાધ્યાયે આ પુસ્તક તૈયાર કરવામાં જોઇતી માહિ-તીઓ મેળવી આપવામાં અમને જે સહાય્ય કરી છે તેને માટે અમે ત્હેમના સદાના આભારી થયા છીએ.

કલકત્તા
આશ્વિન માસ.
(બંગાળી) સં. ૧૩૧૯

શ્રી પ્રિયદર્શન હાલાદાર

અનુક્રમણિકા

શ્રીમતી ભગવતી દેવી

દેવી અઘોરકામિની



શ્રી ભગવતી દેવી

શ્રીમતિ

ભગવતીદેવી.

પ્રથમ પરિચ્છેદ.

જન્મ અને બાલ્ય જીવન.

પૃથ્વીપરનાં અનેક સ્થળોમાં હજારો સૂર્યકાન્તમણિ, સૂર્ય કિરણના અભાવથી નિસ્તેજ પડી રહ્યા હશે તેની કોને ખબર છે? એજ પ્રમાણે ચરિત્ર લેખન અને વાચનની અભિરૂચી આ દેશમાં ઓછી હોવાને લીધે કેટલાંએ ઉદાર નરનારીનાં ઉત્તમ ચરિત્રો, તેમની સમાલોચનાને અભાવે વિસ્મૃતિના પ્રવાહમાં વિલીન થઇ જતાં હશે તેની કોને દરકાર છે? પ્રતિભા, એ આ જગતમાં આદરણીય અને પૂજનીય ઇશ્વિરી દાન છે. કરૂણામય જગદીશ્વર ગરીબ, તવંગર, સ્ત્રી તેમજ પુરૂષમાં લેશ માત્ર પણ ભિન્નભાવ ન રાખતાં, એ સ્વર્ગીય ધનનું દાન કરે છે. આપણે ખન્ના અને લીલાવતી વગેરેના બુદ્ધિ ગૌરવની પરાકાષ્ઠા જોઇને મુગ્ધ થઇએ છીએ, રાણી ભવાની અને અહલ્યાબાઇ વગેરેના સેવાધર્મ અને શાસન—નૈપુણ્ય જોઇને આનંદિત થઇએ છીએ, તારાબાઈ અને દુર્ગાવતી આદિનાં સમયોચિત્ત કૌશલ્ય અને નીતિજ્ઞાનનો પરિચય પામી મુક્ત કંઠે તેમનાં યશોગાન ગાઇએ છીએ અને એ સકળ આર્યરમણીને નારીજાતિના આદર્શરૂપ અને સ્વર્ગસ્થ દેવી સમાજમાં પૂજ્યસ્થાને

ગણીને ગર્વિત થઇએ છીએ; પરંતુ દરિદ્રની ઝુંપડીમાં પ્રતિભાનો જે પ્રકાશ હોય છે તેને પ્રત્યક્ષ કરવાને આપણે તદ્દન ઉદાસીનતા બતાવી છે. દરિદ્રની ઝુંપડીની પ્રતિભાનો વિકાસ, એ મહાત્માઓને ઉપજાવનારા પવિત્ર વનનાં સુગંધી પુષ્પોની સુગંધ અરણ્યમાં પ્રાપ્ત થતી પરિમલપૂર્ણ કસ્તુરીની પેઠે પોતાના ગુણગૌરવથી સ્વતઃજ પ્રકાશિત થાય છે, પણ તે કેમ અને કેવી રીતે થાય છે તેનું સૂક્ષ્મ દ્રષ્ટિએ અવલોકન કરવાનો યત્ન કોઈ પણ કરતું નથી. ઓગણીસમી સદી વિધાતાનો કેવો શુભ આશીર્વાદ લઇને અવની મંડળમાં ઉતરી આવી છે તે વિદ્વાનોજ કહી શકે એમ છે. એ સદીમાં જ્ઞાનના ઉજ્જવલ પ્રકાશથી અને ધર્મની વિમળ અને પવિત્ર જ્યોતિથી વસુંધરા પ્રકાશિત થઇ છે. એજ મંગળમય સદીના પહેલાં પચાસ વર્ષમાં કર્મવીર ફ્રૅંકલિન, વૉશિંગ્ટન, મેઝીની, ગેરીબલ્ડી તથા વિલ્બરફોર્સ, ધર્મવીર લિંકન અને થિયોડોર તથા સેવાવ્રત ધારિણી ફ્લૉરેન્સ, નાઇટીંગલ, ભગિની ડોરા, ગ્રેસડાર્લિંગ, મૅરી કાર્પેન્ટર અને કુમારી કોબ વગેરે મહિલાઓ પૃથ્વીના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં જન્મી હતી. એજ સમયમાં ' સુજલાં સુફલાં સસ્યસ્યામલાં ' ભારત ભૂમિના બંગ પ્રદેશમાં એક દરિદ્ર બ્રાહ્મણની ઝુંપડીમાં એક નારી રત્ને જન્મ લીધો હતો. આ રત્ન તે આપણા પુણ્ય શ્લોક ઇશ્વિરચંદ્ર વિદ્યાસાગરનાં જનની, સાક્ષાત્ અન્નપૂર્ણા ભગવતીદેવી જ છે.

વિશ્વનો કેવો વિચિત્ર નિયમ છે ? જે વંશમાં કોઈ મહાપુરૂષ અથવા નારી રત્નનો જન્મ થનાર હોય છે તે વંશપર પ્રથમથીજ અનુગ્રહ કરે છે એમ જણાય છે. ભગવતીદેવીના સંબંધમાં પણ એજ અશેષ કલ્યાણકર નિયમ જળવાયો હોય એમ લાગે છે. તેમના દાદા એક સત્ય પ્રતિજ્ઞ, ધર્મનિષ્ઠ અને સાત્વિક પ્રકૃતિના મનુષ્ય હતા. ભગવતીદેવીના પિતા રામકાંત તર્કવાગીશ જહાનાબાદની

પશ્ચિમે આવેલા સુપ્રસિદ્ધ " ગોઘાટ " ગામમાં નિવાસ કરતા હતા. તેઓ સંસ્કૃત ભાષાના અપૂર્વ પંડિત હતા. તંત્ર શાસ્ત્રનું તેમને અસાધારણ જ્ઞાન હતું અને તે ઉપર તેમની દૃઢ ભક્તિ હતી. એમનું લગ્ન પાતુલ ગામ નિવાસી અદ્વિતીય પંડિત પંચાનન વિદ્યાવાગીશની જ્યેષ્ઠ કન્યા ગંગામણિદેવી સાથે થયું હતું. એમનાથી રામકાંતને લક્ષ્મી અને ભગવતી નામનાં બે પરમ સુલક્ષણવાળાં કન્યારત્નો જન્મ્યાં હતાં. રામકાંત સંસારના સુખ ભોગને તુચ્છ માની વિષય વાસનાનો ત્યાગ કરીને, રામજીવનપુરની છેક નજદીક આવેલા કરંજી ગામમાં પોતાના દાદાને ત્યાં રહી નિર્જન સ્થાનમાં જઈ એકલા નિર્ભય બેસીને જપ કરતા હતા. આખરે તે સાધના સિદ્ધ કરીને તેમણે સિદ્ધિ મેળવી. વૃદ્ધાવસ્થામાં તેમણે મૌન વ્રત ધારણ કર્યું પરંતુ કોઈ કોઈવાર તેઓ " મંજુર " શબ્દનો જપ કરતા હોય એમ સંભળાતું હતું.

જમાઈએ સાધના કરી મૌન ધારણ કર્યું છે એવી વાત જ્યારે પંચાનન વિદ્યાવાગીશના સાંભળવામાં આવી ત્યારે તેઓ કરંજી આવી જમાઈ રામકાંત, પુત્રી ગંગામણિ દેવી અને લક્ષ્મી, ભગવતી વગેરેને પાતુલગામ લઈ આવ્યા. ત્યાર પછી થોડો સમય જતાં વિદ્યાવાગીશ મહાશયનો દેહાંત થયો. તેમનો જ્યેષ્ઠ પુત્ર રાધામોહન વિદ્યાભૂષણ ઘણો સહૃદય, સદાશય, ધર્મ પરાયણ, પરોપકારી અને સત્યનિષ્ઠ હતો. સ્વજનોનું પોષણ કરવું, ગુણીજનને ઉત્સાહ આપવો, સાધુતાનો આદર કરવો અને દુઃખીનાં દુઃખ દુર કરવા પ્રયત્ન કરવો એ તેમનો સ્વભાવ સિદ્ધ ધર્મ હતો. જ્યાં જ્યાં સત્સંકલ્પ, સદનુષ્ઠાન, સત્સંગ વગેરે હોય ત્યાં તેઓ હમ્મેશાં હાજર રહેતા હતા. મન, વાણી અને કર્મથી પારકાનું દુઃખ ટાળવાનું, સર્વ પ્રત્યે અભિન્ન પ્રીતિ રાખવાનું, પરોપકાર કરવાનું અને યથાશક્તિ દાન આપવાનું તેઓ પોતાની બાલ્યાવસ્થામાંથીજ શીખ્યા હતા. સ્વાભાવિક ધૈર્ય, સહિષ્ણુતા, કર્તવ્યનિષ્ઠા અને

ઈશ્વિરમાં એકાંત અનુરાગ વગેરે ગુણોથી તેઓ લોક હિતનાં ઘણાં કાર્યો કરવાને ભાગ્યશાળી થયા હતા. પિતાના મૃત્યુ પછી રાધામોહન પોતાના સર્વ ભાઈઓ, બ્હેનો અને બાલબચ્ચાંઓનું પાલનપોષણ કરવાનો ભાર પોતાને માથે લઈને પિતાની સુખ્યાતિના રક્ષણને માટે નિરંતર યત્ન કરતા હતા. તે સમયે હિંદુઓમાં અવિભક્ત કુટુંબમાંનાં સર્વ મનુષ્યો પોતાના દિવસો કેવા સુખમાં કાઢતાં હતાં તેનાં દૃષ્ટાંત આપણા દેશમાં થોડાં નથી. ત્યારે લોકો પૈસા કમાઈને તેનો સદુપયોગ પણ કરી જાણતા હતા. પોતાના પુત્ર, કન્યા અને પરિવાર વર્ગને બનતા પ્રકારે સુખી કરવામાં પણ તેઓ ન્યૂનતા રાખતા નહિ. સ્વજનની સેવા, જ્ઞાતિવર્ગને યથાશક્તિ સહાય, મૃત સ્વજનના અનાથ અને નિરાશ્રય બાળ બચ્ચાંઓનું ભરણપોષણ, ધર્માલોચના, દુર્ગોત્સવ ઈત્યાદિ બારે માસનાં પર્વો, બ્રાહ્મણ ભિક્ષુકને યથાશક્તિ દાન, પોતાના ઘરમાં શાસ્ત્ર કથા–વાર્તા વગેરે વ્યવસ્થા, એ પ્રત્યેક નિષ્ઠાવાન હિંદુ ગૃહસ્થને માટે આવશ્યક મનાતાં હતાં અને તેથી કરીનેજ તેઓ કુટુંબની બાબતમાં સુખી રહેતા હતા. બીજી તરફ જનસમાજમાં મહાન પુરૂષો તરફ ભક્તિ અને આદર હતાં. ગૃહસ્વામીને દેવતા પ્રમાણે કુટુંબનાં સર્વ મનુષ્યો સન્માન આપતાં. જેઓ બુદ્ધિબળથી ધંધો કરવાને અસમર્થ હોય તે પોતાના શારીરિક પરિશ્રમથી સંસારનું કલ્યાણ કરવાને યત્ન કરતાં અને ગૃહસ્વામીની આજ્ઞામાં રહેતાં આ પ્રમાણે અવિભક્ત હિંદુ પરિવાર સંસારરૂપી મરૂભૂમિમાં આવેલા એક બગીચા–એક શાંતિ નિકેતન સમાન હતો. ઘણા કાળથી વ્યાપી રહેલી પરાધીનતા અને કુશિક્ષાથી બંગ સમાજ એ સમયે જો કે વીર્યહીન અને મૃતતુલ્ય થઈ ગયો હતો છતાં પણ તે પ્રાણહીન અથવા હૃદય શૂન્ય થયો નહોતો; કારણ કે તે સમયે દેશમાં ત્યાગનો સ્વીકાર કરવામાં આવતો હતો અને કર્ત્તવ્ય તથા જવાબદારીના જ્ઞાનથી દેશ

જાગ્રત હતો. આળસ્ય અને જડતાના માથામાં લાત મારીને આત્મ શ્રદ્ધા અને આત્મબળ પ્રાપ્ત કરવાનો, દેશનું કલ્યાણ કરવાનો, સર્વ કોઈ પ્રયત્ન કરતા હતા. જીવન ધારણ કરીને " **आत्मनो मोक्षार्थे जगद्धितायच्च** " એ મહામંત્ર જ્વલંત અક્ષરે હૃદયે હૃદયે મુદ્રિત હતો અને સ્વાર્થ વૃત્તિનો ત્યાગ કરીને સર્વ પોતાનું તેમજ પારકાનું કલ્યાણ કરવાનો પ્રયત્ન કરતા હતા. અર્થાત્ સ્વાર્થ શૂન્યતાજ તેમના જીવનનો પ્રધાન–મુખ્ય ધર્મ હતો. ફળની ઇચ્છા ન રાખતાં–ફળ તરફ દૃષ્ટિ ન કરતાં–કર્તવ્ય સમજીને લોકહિતને માટે નિરંતર યત્ન કરવો જોઇએ અને તેમ કરતાં કરતાં કદાચ પ્રાણ જાય તો તે પણ પરમ સૌભાગ્યની વાત છે, આવો ભાવ તે વખતે દેશમાં પ્રબળ હતો અને સઘળા તેને પોતાના ધર્મનું પ્રધાન અંગ તરીકે સ્વીકારતા હતા. હાય! ક્યાં તે સમય ને ક્યાં આ સમય? હાલના સમયમાં એવો સ્વાર્થ ત્યાગજ ક્યાં છે? તેવો ધર્મ ભાવ પણ ક્યાં છે? હિંદુઓના તે અવિભક્ત પરિવાર આજે સહાનુભુતિ અને ધર્મભાવને અભાવે, છિન્ન ભિન્ન થઇને શક્તિહીન અને હીનવીર્ય થઈ ગયા છે.

વિદ્યાસાગર મહાશયે પોતાના લખેલા આત્મચરિત્રમાં તેમના મોશાળનું જે ઉજ્જવલ ચિત્ર અંકિત કર્યું છે,–જે હૃદય સ્પર્શી વૃત્તાંત લખ્યું છે, તે વાંચવાથી તે સમયે લોકો–હિંદુના અવિભક્ત પરિવારો ગૃહસ્થાશ્રમ ધર્મનું પરિપાલન કરીને પોતાના સ્વજનનું અને સમાજનું કેવી રીતે કલ્યાણ કરતા હતા તે સઘળું સ્પષ્ટ સમજાય છે. તેમણે લખ્યું છે કે " સર્વત્ર જોવામાં આવે છે કે અવિભક્ત કુટુંબમાં રહેનારા ભાઇઓમાં અધિક દિન સુધી પરસ્પર સદ્ભાવ રહેતો નથી. જે પુરૂષ કુટુંબનો કર્તાહર્તા હોય છે તેનો પરિવાર જેવા સુખ સ્વચ્છંદમાં રહે છે તેવું સુખ બીજા ભાઇઓના પરિવારને મળી શકતું નથી; તેથી અલ્પકાળમાં ભાઇ ભાઇમાં પરસ્પર ઉચાં મન થાય છે

અને પરિણામે તેમને મ્હોં જોવાનો વ્યવહાર પણ રહેતો નથી. સર્વેને જૂદા થવું પડે છે, પરંતુ ઇશ્વિરચંદ્રના મોશાળમાં ચારે ભાઇઓ સૌજન્ય અને મનુષ્યત્વની બાબતમાં સમાન હતા તેથી તેમના વચ્ચે કુસંપ થયાની વાત કોઇ પણ જાણવા પામ્યું નથી. તેમના પોતપોતાના પરિવારની વાત તો દૂર રહી પણ બ્હેન, ભાણેજો અને ભાણેજીઓનાં પુત્ર પુત્રીઓ પ્રતિ પણ તેઓ જરા પણ ભિન્નભાવ રાખતા નહિ. તેમની ભાણેજીઓ પોતાના પરિવાર સાથે મોશાળમાં જેવા સુખ સમાદરથી કાળ ગાળતી હતી તેવું સુખ અને આદર વગેરે પુત્ર કન્યાઓ વગેરેને લઇને પિતાને ઘેર જનાર પુત્રીઓને પણ આજે મળી શકતું નથી.”

“અતિથિની સેવા અને અભ્યાગતની પરિચર્યા આ કુટુંબમાં જેવા યત્ન અને શ્રદ્ધા સહિત થતી હતી તેવી રીતે અન્યત્ર થતી ઘણું ખરૂં જોવામાં આવતી નથી. વસ્તુતઃ આ દેશનો બીજો કોઈ પરિવાર એ વિષયમાં એ પરિવાર જેવી પ્રતિષ્ઠા પામી શકયો નથી. રાધામોહન વિદ્યાભૂષણને બારણે આવેલું કોઇ પણ મનુષ્ય અન્ન પામ્યા વિના પાછું ફર્યું છે એવું કોઇના પણ જોવામાં કે જાણવામાં આવ્યું નથી. મ્હેં મ્હારી નજરે જોયું છે કે ગમે તે અવસ્થાનો માણસ હોય અને માણસની સંખ્યા ગમે તેટલી હોય, તોપણ સર્વે જણ વિદ્યાભૂષણને ઘેર આવીને પરમ સમાદર, અતિથિ સેવા અને અભ્યાગત પરિચર્યા પામ્યા છે.”

“વિદ્યાભૂષણ મહાશયના કુટુંબની આબરૂ તેમની જીવંત દશામાં તેમના પોતાના ગામમાં અને આસપાસના અનેક ગામોમાં ઘણીજ સારી હતી. સમસ્ત ગામના લોકો તેમની આજ્ઞામાં રહેતા અને સર્વે લોકની તકરારો ભાંગવી, વિપત્તિમાંથી છોડવવા અને અણિ વખતે તેમને મદદ કરવી એજ પોતાના જીવનનો મુખ્ય ઉદ્દેશ તેઓ સમજતા હતા. તેમણે ઘણું દ્રવ્ય પેદા કર્યું હતું, પરંતુ તે દ્રવ્યનો

સંચય કરી પોતાના પરિવારના સુખ સાધનમાંજ તેનો ઉપયોગ કરવો એવો વિચાર કદિ પણ તેમના હૃદયમાં આવ્યો નથી. કેવળ અન્નદાન અને સહાયદાનમાંજ તેમણે એ સમસ્ત દ્રવ્યનો ઉપયોગ કર્યો હતો. વસ્તુતઃ પ્રાતઃ સ્મરણીય રાધામોહન વિદ્યાભૂષણના જેવા નિષ્કપટી, પરોપકારી અને ક્ષમાવાન પુરૂષો સદા સર્વદા જોવામાં આવતા નથી."

"રાધામોહનનો અને તેમના પરિવાર વર્ગનો અમારા ઉપર એટલો અશેષ ઉપકાર થયો છે કે તેનો બદલો કદિ વાળી શકાય એમ નથી. હું સમજણો થયો તે વેળાએ માતૃદેવી મને અને મ્હારાં ભાઇ બહેનોને લઇને તેમને ત્યાં લાગલાગટ પાંચ છ માસ સુધી રહેતાં હતાં; તે છતાં કોઈ પણ દિવસ તેમના સ્નેહ, યત્ન અને સમાદરમાં ન્યુનતા માલૂમ પડતી નહિ. તેમની મોટી બહેનનું મૃત્યુ થયાથી તેનો એક વર્ષની વયનો બીજો છોકરો વીસ વર્ષનો થતાં સુધી અવિચલિત સ્નેહથી એમને ત્યાં ઉછર્યો હતો."

ભગવતીદેવી બાલ્યાવસ્થામાં મોશાળમાં લાલિત પાલિત થયાં હતાં. બાલ્યકાળમાં તેમણે વિદ્યાભ્યાસ કર્યો નહોતો; કારણ કે તે વખતે સ્ત્રી શિક્ષણનો ચાલ નહોતો. સ્ત્રીને શિક્ષણ આપવાથી સમાજનું બહુજ અનિષ્ટ થાય; સ્ત્રીઓ ઉચિત લજ્જા અને ધૈર્યને તિલાંજલી આપી નિર્લજ્જ અને અશાંત પ્રકૃતિની થાય; સ્વામી ભક્તિ કરે નહિ અને ઘરના કામકાજથી કંટાળો ખાય, એવા પ્રકારનાં અનિષ્ઠ થવાની સઘળાને બીક હતી. દેશમાં સ્ત્રીઓ તેમનું કર્ત્તવ્ય અને જવાબદારી સમજીને જાગૃત થઈ તેમની દેવીરૂપ પ્રાચીન ઋષિપત્નીઓના દૃષ્ટાંત દર્શનથી પ્રતિભાશાલિ અને તત્વદર્શિ થાય; આધ્યાત્મિક જગતમાં મૈત્રેયી, ગાર્ગી અને ઉભયભારતીનું અનુકરણ કરે; જ્ઞાની સમાજમાં ખન્ના અને લીલાવતીના જેવી થાય; તેઓ જાણી શકે કે પુરૂષની પેઠે તેમને પણ આધ્યાત્મિક અધિકાર છે; તેઓ વેદનો અર્થ જાણે અને

મંત્ર દર્શનમાં સમર્થ બને તથા પોતે તેજ સચ્ચિદાનંદમયી શક્તિના વિકાસ રૂપ છે એમ જાણી દૃઢ આત્મશ્રદ્ધા પ્રાપ્ત કરીને પોતપોતાનું એવું ચારિત્ર બળ પ્રાપ્ત કરે કે જે તેમને તેમની સંતતિના ચારિત્ર ગઠનમાં સહાયભૂત થાય; એવી કોઇ પણ પ્રકારની વિદ્યા–શિક્ષા આપવાની પ્રણાલી લોકના જાણવામાં નહોતી, અને તેને લીધેજ ભગવતી-દેવી બાલ્યાવસ્થામાં વિદ્યાભ્યાસ કરી શકયાં નહોતાં; છતાં પણ તેમના મોશાળના આદર્શ હિંદુ પરિવારમાં પ્રતિદિન જે ધર્મ કાર્યનું અનુષ્ઠાન તેમના જોવામાં આવતું, તેમની સન્મુખ જે જ્વલંત આદર્શ વિદ્યમાન હતો તે ઉપરથી એમણે કાંઇ પણ શિક્ષા મેળવી નહોતી એમ તો કહી શકાય નહિ. કારણકે ઇન્દ્રિય, મસ્તિષ્ક અને હૃદયની પૂર્ણતા જેનાથી પ્રાપ્ત થાય તેનુંજ નામ શિક્ષણ છે. ઇન્દ્રિયો બરોબર સંયત થવાથીજ તે દ્વારા સૂક્ષ્મ વિષયની અનુભુતિ, મન અને બુદ્ધિનું સ્ફુરણ અને ચિત્તની ઉદારતા મેળવી શકાય છે. મોશાળના આદર્શ હિંદુ પરિવારમાં લાલિત પાલિત થવાથી કેવી રીતે ધર્મ કર્મનું અનુષ્ઠાન થાય છે, લોકના કલ્યાણના વિચારો કેવી રીતે પાર પડે છે, લોકો સાથે કેવા પ્રકારનો વ્યવહાર રાખવો જરૂરનો છે તેમજ કેમ બોલવું, કેમ ચાલવું, કેમ બેસવું વગેરે અશેષ કલ્યાણકર અતિ આવશ્યક શિક્ષા ભગવતી-દેવીને બાલ્યકાળમાંજ પરિપૂર્ણ રીતે પ્રાપ્ત થઈ હતી. સુશીળતા, ભવ્યતા, ઔદાર્ય, વિનય, શિષ્ટાચાર અને સૌજન્યતા આદિ અનેક સદ્ગુણો–જે સામાજિક બંધારણના મુખ્ય આધારરૂપ છે તે પ્રાપ્ત કરવાની શિક્ષાનાં બીજ તેના બાલ્ય હૃદયમાં અસલથીજ અંકુરિત થયાં હતાં.

આળસ્ય અને જડતાને માટે તેના શરીરમાં લેશ માત્ર પણ સ્થાન નહોતું. ભગવતીદેવી પરોઢીએ ઉઠી, શય્યાનો ત્યાગ કરી, જલદીથી પોતાના પ્રાતઃકૃત્યથી પરવારી જતાં હતાં. ફૂલો વીણવાનું, દેવસેવાનાં વાસણો માંજવાનું અને ઘરનાં બીજાં નાનાં નાનાં કામ તેને સોંપવામાં

આવ્યાં હતાં. ભગવતીદેવી તે કામો બહુજ હોંશથી કરતાં અને તેમ કરતાં કદિ પણ તેને કોઇ પણ કંટાળેલાં જોતું નહિ. તેમને શ્રમમાંજ શાંતિ મળતી હતી અને શ્રમમાંજ તેમને વિશ્રામ સુખનો અનુભવ થતો હતો. આ સ્થળે એમના શૈશવ જીવનની એક બે ઘટનાઓનો ઉલ્લેખ કરીને આ પરિચ્છેદની સમાપ્તિ કરીશું.

મહાપુરૂષો અને નારી રત્નરૂપે જેઓ જન્મ ગ્રહણ કરે છે તેઓમાં અને સાધારણ મનુષ્યમાં એક એવો ભેદ જોવામાં આવે છે કે તેઓ જે બોલે છે તે કરી શકે છે. તેમનાં વચનો એજ તેમનું યથાર્થ જીવન છે. સામાન્ય મનુષ્યો બહુ બહુ શાસ્ત્રાદિનું અધ્યયન કરીને માત્ર સારયુક્ત ઉપદેશજ આપી શકે છે, પરંતુ તેઓ પોતાનું જીવન તે પ્રમાણે પ્રતિબિંબિત કરી શકતાં નથી. જ્યારે મહાપુરૂષો તો એવા શબ્દ પાંડિત્યને બદલે કાર્ય પાંડિત્યનેજ પસંદ કરનાર હોય છે. તેઓ જગતનું કલ્યાણ કરવાને હમ્મેશાં તત્પર હોય છે. તેઓ મનુષ્ય જાતિની ઉન્નતિના જૂદા જૂદા માર્ગો શોધી કાઢે છે અને તે પ્રમાણે ચાલવાને લોકોને ઉપદેશ આપે છે. બીજા ઉપર પોતાના ઉપદેશની બરોબર સચોટ છાપ પડે તેટલા માટે તેઓ પોતે પણ તેજ પ્રમાણે વર્તે છે. તેઓ સાધારણ મનુષ્યોની પેઠે માત્ર સુખ દુઃખના વિચારમાં અને હાસ્ય રૂદનમાંજ પોતાનું અમૂલ્ય જીવન વ્યતિત કરતા નથી. જીવનના પ્રથમ ભાગમાંજ તેઓ સ્વજનનાં દુઃખ અને ન્યૂનતાઓ જોઇને અત્યંત દુઃખી થાય છે; અને જગતની પણ એવીજ અવસ્થા છે કે કેમ તે જાણવાને અધિરા થઈ જાય છે, અને તેથી તેમનું વિશાળ હૃદય વધારે વિશાળ થઇને ધીમે ધીમે સમગ્ર જગતમાં વ્યાપી જાય છે અને કોઈ પણ ખાસ કેંદ્રમાં બંધાઈ રહેતું નથી. તેઓ શુદ્ધ અંતઃકરણથી આખા જગતનું કલ્યાણ ઇચ્છે છે અને પોતાનાથી જગતને ભિન્ન માનતા નથી.

ભગવતીદેવીના મોશાળના ગામમાં બ્રાહ્મણ સિવાય ક્ષત્રિય, રાજપૂત, કાયસ્થ, હજામ વગેરે અનેક જાતિ નિવાસ કરતી હતી. તેમના ઘરની પાસે અનેક ગરીબ ભીલ, કોળી વગેરે રહેતાં હતાં. ભગવતીદેવી નાનપણમાં આ સઘળી જાતિની પોતાની ઉમ્મરની બાલિકાઓ સાથે છુટથી રમતાં હતાં. રમતમાં તેમની એક વિશેષતા એ માલૂમ પડતી હતી કે આ સઘળી બાલિકાઓ તેમને રમવાને તેડવા આવતી, ત્યારે દેવી કહેતાં કે: " તમે બધાં અહિંજ આવો એટલે આપણે બધાં સાથે રમીએ. " એમ કહી તેમને પોતાને ઘેર રમવા બોલાવતાં હતાં. સઘળી બાલિકાઓનો તેમની ઉપર બહુજ પ્રેમ હતો. તેમનામાં એક એવી અપૂર્વ શક્તિ હતી કે જેથી દરેકને તેઓ પોતાનાં કરી લેતાં હતાં. તેમની શક્તિમાં એક એવી અદ્ભુત વિલક્ષણતા હતી કે તેમને જોતાંજ દરેકને પ્રેમ થતો હતો અને તે પણ એટલે સુધી કે તેઓ એક ક્ષણ પણ તેમનો વિયોગ સહન કરી શકતાં નહિ. ભગવતીદેવી અન્ય સાધારણ બાલિકાઓની પેઠે કોઈ પણ દિવસ ધૂળમાં રમતાં નહિ. અન્ય બાલિકાઓ જેમ ધુળમાં રમે છે તેમ રમવાનું તેમને મુળથીજ પસંદ નહોતું. ભગવતીદેવી પોતાની બાળ સખીઓને વ્રત–કથા કહેતાં. દરરોજ સાંજના પોતાની દાદી પાસે જે ઉપદેશ પૂર્ણ વાતો અને પૌરાણિક આખ્યાયિકાઓ તે સાંભળતાં હતાં એ સઘળું વાર્તારૂપે પોતાની બાળ સખીઓને કહેતાં હતાં; અને તેમને કાંઇ શંકા થતી તો તે લક્ષ દઇને સાંભળી રહ્યા પછી પોતાની બુદ્ધિ અનુસાર તેનું સમાધાન કરતાં હતાં. કોઈ કોઈવાર ભગવતીદેવી ઘણીજ નિર્દોષ રમતો રમતાં હતાં અને તેમ કરતાં તેઓ કોઇ પણ જાતનો જાતિ વિચાર રાખતાં નહિ. તેમને મન બધાંજ સરખાં હતાં. આ પ્રમાણે દરરોજ ઘણી બાલિકાઓ ભગવતીદેવીને ત્યાં રમવાને એકઠી થતી હતી. કોઇવાર તેમને દેવી મિષ્ટાન્ન ખાવાનું આપીને પરમ

સંતોષ પામાડતાં હતાં. જો કોઇ વખત કોઇ પણ સખીના અમંગળ અથવા તો અસુખાકારીના સમાચાર અથવા તો તેના દુઃખની હૃદય વિદારણ વાત તેમના સાંભળવામાં આવતી તો તે બહુજ ખિન્ન થતાં હતાં, અને તેમનું હૃદય એટલું બધું પીગળી જતું કે આંખમાંથી ચોધારે આંસુ ચાલ્યાં જતાં હતાં. પોતાની સખીમાંથી જો કોઈ પણ માંદી પડતી તો તે પોતે જાતિધર્મનો લેશ પણ પણ વિચાર ન કરતાં તેની સેવા–શુશ્રુષા કરતાં હતાં, અને તેમ કરવામાંજ તેમને સુખ અને આનંદનો અનુભવ થતો હતો. તેમની આ સઘળી બાળલીલાનું અવલોકન કરવાથી માલૂમ પડે છે કે તેમણે બાળ્યાવસ્થાથીજ સેવા ધર્મ ગ્રહણ કર્યો હતો. નાનપણુમાંજ તેમણે જાણી લીધું હતું કે **સેવા ધર્મ એજ ખરેખરો હિંદુધર્મ છે.** મનુષ્ય માત્ર ઇશ્વિરની મૂર્ત્તિ સ્વરૂપ છે. એ મનુષ્યની સેવા કરવી એજ હિંદુઓનો પરમધર્મ છે. સાચો વેદાંતિ સમસ્ત વસ્તુમાં જે બ્રહ્મનું દર્શન કરે છે તેજ બ્રહ્મની સેવાના નિમિત્તથી જનસેવા કરવાની છે. તેજ બ્રહ્મ સ્વરૂપ જાણીને જો પ્રત્યેક મનુષ્યની સેવા કરીએ તો પછી હિંદુ, મુસલમાન તેમજ બૌદ્ધ વગેરેમાં ભિન્નતા ક્યાંથી રહેશે? એવી સેવામાં જે મુગ્ધ ન થાય તે મનુષ્યને કેવો સમજવો? અનાર્ય, શૂદ્ર–મ્લેચ્છ કહીને તિરસ્કાર કરવાથી ભિન્નભાવ ઉત્પન્ન થાય છે, પણ સેવા ધર્મમાં ભિન્નભાવજ નથી. એ સેવાધર્મમાં તિરસ્કાર–દ્વેષ વગેરે નષ્ટ થઈ જાય છે. જે સેવાધર્મ ગ્રહણ કરે છે તેને માલૂમ પડે છે કે તે મનુષ્ય છે–અને બ્રહ્મ તેમાંજ બિરાજમાન છે. તે **બ્રહ્મને પ્રત્યક્ષ કરવા માટે બીજાની સેવા કરવી જોઇએ.**

બાલ્યકાળથી ભગવતીદેવી મિતાચારિ હતાં. સામાન્ય પદાર્થને પણ તેઓ તુચ્છ ગણુતાં નહિ; અને તેનો સદુપયોગ કરતાં હતાં. બાલ્ય જીવનમાંજ તેઓ જાણી ગયાં હતાં કે નાનાં અને મોટાં એ

બન્ને મળીનેજ આ સંસાર બનેલો છે. વળી તે એમ પણ સારી રીતે સમજતાં હતાં કે અખિલ વિશ્વમાંનું એક સુકું પાંદડું, ખરી પડેલું પુષ્પ, બિંદુ માત્ર જળ અથવા ધુળનો એક કણ પણ નકામો નથી અને પરમાત્માએ એ સકળ વસ્તુઓને તેમનો યથાસ્થિત ઉપયોગ કરવાના હેતુથીજ ઉપજાવી છે, તોપછી મ્હારા જેવી ક્ષુદ્રથી પણ ક્ષુદ્ર બાલિકા સાહસ અને અહંકારને વશ થઇને એ સઘળી વસ્તુઓને તુચ્છ—નકામી માની, તે સર્વશક્તિમાન પરમેશ્વરના ઉચ્ચ દાનની અવજ્ઞા કેવી રીતે કરી શકે ? આ મહાન્ ભાવ તેમના બાલ્ય હૃદયમાં એવો તો પ્રબળ રીતે પ્રગટયો હતો કે એક સામાન્ય મટોડીનું ભાંગેલું વાસણ પણ તે ફેંકી દેતાં નહિ; અને ઉલટું 'એ પણ કોઇ દિવસ જગતનું કોઈ મંગળ કાર્ય કરવામાં સહાયભુત થશે' એમ ધારીને સારી રીતે તેને સાચવી રાખતાં હતાં.

સારૂં સારૂં ખાવા પીવાનો, ઓઢવા પહેરવાનો અને અલંકારોનો તેમને પહેલાંથીજ શોખ નહોતો. સામાન્ય ખોરાક અને વસ્ત્રાલંકારોથી પણ તેઓ સંતુષ્ટ રહેતાં હતાં. તેમને બાલ્ય જીવનમાંજ એવો નિશ્ચય થયો હતો કે **તૃષ્ણારૂપ અગ્નિ કોઇ પણ દિવસ શાન્ત થતો નથી પણ ઉલટું ઉત્તરોત્તર વૃદ્ધિ પામવું એજ એનો ધર્મ છે.** આ પ્રમાણે **તેઓ પોતાના સુખને બદલે બીજાઓના સુખનો વિચાર કરીનેજ સંતોષરૂપ પરમ ધનને પ્રાપ્ત કરવા સતત યત્ન કરતાં હતાં.**

બાલ્ય જીવનમાં તેમની એક બીજી વિશેષતા તેમનો દીનભાવ હતો. અહંકાર તો એક ક્ષણભર પણ તેમના ચરણનો સ્પર્શ કરી શકતો નહિ. વસ્તુતઃ **દીનતા એ માનવ—ચરિત્રનો એક અતિ ઉજ્જવલ અલંકાર છે.** સાંસારિક જીવનમાં પણ તેનો અદ્ભુત પ્રભાવ નજરે પડે છે. **અહંકારી મનુષ્યનો સર્વ કોઇ દ્વેષ કરે છે.** દીનતા

સર્વત્ર જય મેળવે છે, ધર્મમાં પણ તેમજ છે. પૃથ્વી ઉપર આજ પર્યંત જેટલા જેટલા ધર્મ–મત પ્રચલિત થયા છે તેનું મૂળ વિનય, સતત સત્સાહસ અને ઇશ્વરમાં અટલ શ્રદ્ધા એજ મુખ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણે–સર્વભૂત નિયામક થઇને, મહારાજા યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણના પગ ધોવાનું કામ પોતાને માથે લીધું હતું. પેગમ્બર મહંમદે, પોતે અરબદેશના એક છત્ર રાજા છતાં પોતાના કુવામાંથી પાણી કાઢવાનું દાસ્ય કર્મ કરીને પોતાના પરિવારનું પાલન કર્યું છે. ભગવાન બુદ્ધ મહારાજ પણ ચક્રવર્તી હોવા છતાં દીન હીન સંન્યાસીનો વેશ ધારણ કરીને, જગતમાં પૂજાયા છે. ભગવાન શ્રી ચૈતન્યની દીનતા અને અભિમાન શૂન્યતા આજે પણ બંગાળામાં આ છેડેથી પેલા છેડા સુધી ગાજી રહી છે.

દીનતા એ ભક્તિ સાધનાનું મુખ્ય અંગ છે અથવા કહો કે તે ભક્તિ સાધનાનું પરિપકવ ફળ છે. જે ભક્તનો ઇશ્વરે અનુગ્રહ કર્યો હોય તેના પ્રત્યે દરેક મનુષ્ય અગાધ પ્રેમ પ્રદર્શિત કરે છે. દીનભક્તના ચાલવાથી પૃથ્વી પવિત્ર થાય છે, સાધારણ સ્થળ મહાન તીર્થ બની જાય છે અને તેમની સાથેના મનુષ્યો નવું જીવન પ્રાપ્ત કરે છે. વાયુ મંડપનાં દુષ્ટ તરંગને શાંત કરીને તેઓ શાંતિદાયક મૃદુમંદ વાયુ વહેવડાવે છે. તેમનું ચિત્તાકર્ષક ચારિત્ર દરેક પ્રાણીને વશ કરે છે. તેઓ સમાન દષ્ટિવાળા હોય છે. તેમના ચારિત્રની મધુરતા, તેમનાં મિષ્ટ વાક્યો અને તેમની વિનય નમ્ર દૃષ્ટિ કુમાર્ગે જનારાં મનુષ્યોને પણ નવું જીવન અર્પી સારે માર્ગે ચઢાવે છે.

ભગવતીદેવીના બાલ્ય જીવનમાં તેમની ભાવિ તેજસ્વિતાનો વિશેષ પરિચય થાય છે. તેમનામાં દીનતા સાથે તેજસ્વિતા હોવી એ મણિકાંચનના સંયોગ જેવું હોઇ તેમનાં બાલ્ય હૃદયમાં પરમ રમણીય ભાવ ઉપજાવતું હતું. તેમના મોશાળ પાસે જે ગરીબ ભીલ, કોળી

વગેરે રહેતા હતા, તેમને તે કોઇ કોઇ સમયે ચોખા વગેરે ખાવાના પદાર્થો અને વસ્ત્રાદિ આપતાં હતાં. ભગવતીદેવીને આમ વગર પૂછે ગાછે આપી દેતાં જોઇને પરિવાર વર્ગમાંથી કોઇ અસંતુષ્ટ અથવા તો ગુસ્સે થશે એમ ધારીને એક દિવસ તેમની માતાએ તેમને તેમ કરવાનો નિષેધ કર્યો. આથી ભગવતીદેવીને બહુ ખોટું લાગ્યું અને થોડીવાર પછી વિચાર કરીને બોલ્યાં કે: "વારૂ, કોઇને પણ ગુસ્સો કરવાનું અથવા અસંતુષ્ટ થવાનું કારણ હું નહિ આપું. તમે મને એક ચરખો તૈયાર કરાવી આપો. **હું તે ચરખા ઉપર સુતર કાંતીશ અને તેને વેચવાથી જે પૈસા આવશે તેના ચોખા તથા વસ્ત્રો લાવીને હું ગરીબોને આપીશ.**" ભગવતીદેવીનો આવો ઉત્તર સાંભળી તેમનાં માતુશ્રી કાંઇ પણ બોલ્યાં નહિ. પ્રસંગોપાત આ વાત વિદ્યાભૂષણ મહાશયના જાણવામાં આવી. તેઓ આ વાત સાંભળી બહુજ ખુશી થયા. તેઓ પોતાની ભાણેજના આ કાર્યમાં એક સ્વર્ગીય ભાવ જોઇ શક્યા. તેઓએ ખુશ થઈને ભગવતીદેવીને બોલાવી પોતાના ખોળામાં બેસાડી અનેક વાર ચુંબન કરતાં કરતાં કહ્યું: બ્હેન તું તો મ્હારી સાક્ષાત્ અન્નપૂર્ણા છે. **ત્હારી ઇચ્છામાં આવે તેટલું તું ગરીબોને દાન કરજે.** જો તને કોઈ તેમ કરતાં અટકાવે તો તું તેમને પણ દાન કરવાનું કહેજે. **ગરીબને એકગણું આપવાથી ઇશ્વર આપણને દશગણું આપે છે.** ગરીબને દાન આપવાથી કાંઈ અપવ્યય થતો નથી. ગીતાજીમાં પણ કહ્યું છે કે:—

दातव्य मितियद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् ॥

"દાન કરવું તો વિચાર કરી દેશ, કાળ અને પાત્રને જોઇને કરવું. અપકારી જે દાન કરવામાં આવે છે તેજ દાન સાત્વિક દાન

કહેવાય છે.” દાન કરીને ગર્વ કરવાની ભગવતીદેવીને મુળથીજ ટેવ નહોતી. તે પોતાની નામના કરવા માટે દાન કરતાં નહોતાં. **દરિદ્રની સેવા અને માંદાની સુશ્રુષા કરવી એ મરણ પર્યંત તેમની નિષ્કામ નિત્ય ક્રિયા હતી.**

અહા ! આવી અપૂર્વ શિક્ષા–દીક્ષાની વાત સાંભળી આનંદાશ્રુ આવ્યા વિના રહેતાં નથી. તે સમય અવિભક્ત પરિવાર–એકત્ર કુટુંબ–એ કેવું શાંતિદેવીનું નિવાસસ્થાન હતું ? કેવો પુણ્યનો ઝરો તે સ્થાનમાંથી પ્રવાહિત થતો હતો ? ભગવતીદેવી ! તમને પણ ધન્ય છે કે આવા પુણ્યાશ્રમ–મોશાળમાં તમારૂં બાલ્યજીવન વહન થયું છે ! આવા આદર્શ હિંદુગૃહનાં રીતિ નીતિ, ભાવ, ભક્તિ વગેરે તમારા ચારિત્રને ઘડવામાં મુખ્ય સાધનરૂપ થયાં છે અને ઉત્તર કાળે તમારા ગર્ભમાંથી બંગાળાના જે મહાપુરૂષે જન્મ ગ્રહણ કર્યો છે તેની અલૌકિક લોક સેવાની પવિત્ર મંદાકિનીએ પ્રવાહિત થઇને સમગ્ર બંગસમાજનો ઉદ્ધાર કર્યો છે, નવજીવન પ્રદાન કર્યું છે અને તેને શક્તિવાન બનાવ્યો છે તે અખંડ પ્રવાહનું ઉત્પત્તિ સ્થળ તમારા જે પવિત્ર હૃદયમાં જણાય છે તે પવિત્ર હૃદય, તમારા આ પુણ્યાશ્રમ મોશાળમાંથીજ સંગઠિત થયું છે.

દ્વિતીય પરિચ્છેદ.

વિવાહ અને વધુ જીવન.

શાકે ૧૭૩૫ માં હુગલી જીલ્લામાંના જાહાનાબાદના ઇશાન કોણમાં આશરે ત્રણ કોસ ઉપર આવેલા વનમાળીપુર નામના ગામના રહેનાર ભુવનેશ્વર બંદોપાધ્યાયના પૌત્ર અને રામજય બંદોપાધ્યાયના જ્યેષ્ઠ પુત્ર ઠાકુરદાસ બંદોપાધ્યાય સાથે ભગવતીદેવીનું લગ્ન કરવામાં આવ્યું. આ વખતે ઠાકુરદાસની ઉમ્મર આસરે ત્રેવીસ ચોવીસ વર્ષની હશે. ભગવતીદેવીને થોડા દિવસ પહેલાંજ નવમું વર્ષ બેઠું હતું.

અમે આ સ્થળે ભગવતીદેવીના શ્વસુર કુળનો સંક્ષિપ્ત ઇતિહાસ વાચક બંધુઓની જાણને માટે લખવો ઉચિત ધારીએ છીએ.

ભુવનેશ્વર બંદોપાધ્યાય સારા આબરૂદાર અને સંસ્કૃત ભાષાના અપૂર્વ પંડિત હતા. તેમને પાંચ પુત્રો હતા. તે બધાજ સંસ્કૃત ભાષાના પંડિતો હતા. તેમના ત્રીજા પુત્રનું નામ રામજય બંદોપાધ્યાય હતું, એજ ભગવતીદેવીના સસરા હતા. રામજય બંદોપાધ્યાયનું લગ્ન વીરસિંહ ગ્રામનિવાસી વિખ્યાત પંડિત ઉમાપતિ તર્કસિદ્ધાંતની દુર્ગાદેવી નામની નાની પુત્રી સાથે થયું હતું. કાળક્રમે રામજયને ત્યાં બે પુત્ર અને ચાર કન્યાઓ જન્મ્યાં હતાં. બે પુત્રોમાં મોટાનું નામ ઠાકુરદાસ અને નાનાનું નામ કાળીદાસ હતું. કન્યાઓનાં નામ અનુક્રમે મંગળા, કમળા, ગોવિંદમયી અને અન્નપૂર્ણા હતાં. ભુવનેશ્વર બંદોપાધ્યાયના મરણ પછી તેમના પુત્રો ભાગ લાગને માટે માંહોમાંહે લડવા લાગ્યા. રામજય બહુજ ધાર્મિક અને ઉદાર સ્વભાવના હતા. તેમને એક નજીવી બાબત સારૂ ભાઇઓ ભાઇમાં કલેશ થતો જોઇ, અતિશય

ખેદ થયો. એમના ભાઈઓ તેમનું એટલું બધું અપમાન કરતા અને ક્લેશ કરાવતા કે છેવટે કંટાળીને, પોતાના બન્ને પુત્રો અને ચાર કન્યાઓ સાથે દુર્ગાદેવીને પણ પડતી મૂકી, કોઇને પણ કહ્યા કહાવ્યા વિના, તેઓ સંન્યાસીનો વેષ ધારણ કરીને તીર્થયાત્રા કરવાને ચાલ્યા ગયા. રામજય તર્કભૂષણના દેશત્યાગી થઇ ગયા પછી પણ તેમનાં પત્ની દુર્ગાદેવી પોતાના પરિવાર સાથે વનમાળીપુરના પોતાના સાસરાના ઘરમાં રહેવા લાગ્યાં, પણ થોડા દિવસમાંજ દુર્ગાદેવીનું દુઃખ એટલું બધું અસહ્ય થઇ પડયું અને એમના પુત્ર–કન્યાઓ તરફ સાસરાવાળાંનો પણ એટલો બધો અનાદર થઇ ગયો કે, આખરે તેમને પોતાના બન્ને પુત્રો અને ચારે કન્યાઓને લઇ પોતાને પિયેર વીરસિંહપુર જવું પડયું. તેમના પિતા ઉમાપતિ તર્કસિદ્ધાંતે આદરપૂર્વક પોતાની નિરાશ્રયા દૂહિતા અને તેનાં સંતાનોને પોતાના ઘરમાં આશ્રય આપ્યો. આ વખતે ઠાકુરદાસની ઉમ્મર દશ વર્ષની અને કાળીદાસની ઉમ્મર સાત વર્ષની હતી. તર્ક સિદ્ધાંતે બન્ને ભાણેજોને લખતાં વાંચવા શીખવાને વીરસિંહ ગામનિવાસી ગૃહાચાર્ય પંડિત કેનારામ વાચસ્પતિને ત્યાં મોકલવા માંડ્યા. આચાર્ય મહાશય જ્યોતિષ શાસ્ત્રના ધુરંધર પંડિત હતા. તેમણે થોડા દિવસમાંજ બન્ને ભાઇઓને બંગાળી ભાષા, હિસાબ–ગણિત અને જમીનદારી–સિરસ્તાના કાગળો લખવા કરવા વગેરેનું જ્ઞાન કરાવીને સંક્ષિપ્ત સારં બ્યાકરણ ભણાવવાનું શરૂ કર્યું. ઉમાપતિ તર્કસિદ્ધાંત અતિશય વૃદ્ધ થઈ ગયા હતા તેથી સંસારનો સઘળો કાર્યભાર તેમના પુત્ર રામસુંદર ભટ્ટાચાર્ય ચલાવતા હતા. દુર્ગાદેવીને અને રામસુંદરની પત્નીને બીલકુલ બનતું નહોતું એટલે હવે તેમને અપાર દુઃખ અને અપમાન ભોગવવું પડતું હતું. આખરે દુર્ગાદેવીએ પોતાના વૃદ્ધ પિતા તર્કસિદ્ધાંતને આ બધું દુઃખ નિવેદન કર્યું; ત્યારે તેઓએ જવાબ દીધો કે “ હું બધું સારી

રીતે જાણું છું. હવે તેમની સાથે તું એક ઘરમાં રહી શકીશ નહિ. જેથી જૂદા સ્થાનમાં નિવાસ કરવો એજ શ્રેયસ્કર છે.” દુર્ગાદેવીએ પણ તેમ કરવાની હા કહી. બીજેજ દિવસે ઉમાપતિ તર્કસિદ્ધાંતે ગામના પાંચ સાત પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોને બોલાવી કહ્યું કે: “દુર્ગાદેવીને રામસુંદર અને તેની વહુ સાથે બનતું નથી અને ઘરમાં રોજ કંકાસ થયા કરે છે, એટલા માટે મ્હેં તેમને એક સ્વતંત્ર ઘર બંધાવી આપવાનો વિચાર કર્યો છે.” ગામના લોકો પણ એ વાતમાં સંમત થયા. ત્યાર પછી તર્કસિદ્ધાંત મહાશયે વાર્ષિક રૂ. ૯-૫-૦ ની ભોંય ભાડાની જમીન લઈ તેની ઉપર દુર્ગાદેવીને એક ઘર બંધાવી આપ્યું. જમીનદાર સાથે ભોંયભાડાનો કરાર કરી લેવાનો હતો અને તેને માટે એક દિવસ પણ નક્કી કરવામાં આવ્યો હતો; પરંતુ તે થતા પહેલાં જ તર્કસિદ્ધાંત મહાશયનો દેહાંત થયો અને કરાર કરવાનું જેમ ને તેમ પડી રહ્યું. પિતાના મરણ પછી આ જમીનનો કર દુર્ગાદેવીનેજ આપવો પડતો હતો. હવે દુર્ગાદેવીને પોતાના પરિવારનો નિર્વાહ કરવાનું પણ કઠિન થઈ પડ્યું. તે સમયે આજની માફક વિલાયતથી સુતર આવતું નહિ, તેથી આ દેશની અનેક નિરૂપાય ગરીબ સ્ત્રીઓ રેંટિયો રાખીને સુતર કાંતતી હતી અને તેના વેચાણમાંથી પોતાનો સંસાર નિભાવતી હતી. સગાં વહાલાંઓના કહેવાથી દુર્ગાદેવીએ પણ એક રેંટિયો વેચાતો લઇને સુતર કાંતવાનો આરંભ કર્યો. સુતરમાં તેમને બહુજ થોડું મળતું અને એટલામાં તેમને પોતાનું, પોતાના બે પુત્રોનું અને ચાર કન્યાઓનું એટલે એકંદર સાત માણસોનું પુરૂં કરવું પડતું હતું. તેમને પેટપુર ખાવા પણ મળતું નહિ. હવે તેમના દુઃખની સીમા રહી નહિ. ઠાકુરદાસ આ વખતે ભણતા હતા. ભણ્યા કરવાથી હવે વધારે દિવસ સંસાર ચાલવો દુષ્કર લાગ્યો તેથી ઠાકુરદાસે પોતાના બીજા સ્નેહીઓના ઉપદેશ પ્રમાણે સંસ્કૃત ભણવાનું બંધ

કરી જે ભણવાથી થોડા સમયમાંજ તે કમાવાને શક્તિમાન થાય એવું ભણવાનો નિશ્ચય કર્યો. જનનીની આવી અસહ્ય યંત્રણા જોઇને ઠાકુરદાસ અતિશય દુઃખી થયાથી પૈસા પેદા કરવાની આકાંક્ષાથી પોતાના બાલ્યકાળમાંજ ગૃહ ત્યાગ કરીને, પોતાની દુઃખી જનનીની અનુમતિ અને આશીર્વાદ લઇને કલકત્તે જવા તૈયાર થયા.

ઠાકુરદાસે કલકત્તે આવીને કેવાં કષ્ટોમાં પોતાના દિવસો વ્યતિત કરી પોતાની ઉન્નતિ કેવી રીતે કરી તે સંબંધમાં વિદ્યાસાગર મહાશયે પોતાના આત્મચરિત્રમાં જે કાંઇ લખ્યું છે તેનો કેટલોક ભાગ વાચક વર્ગની જાણને માટે અહિંયાં ઉતારીએ છીએ.

“ સોભારામ વાચસ્પતિ નામના અમારા એક જાતિભાઇ કલકત્તામાં રહેતા હતા. તેમનો પુત્ર જગન્મોહન ન્યાયાલંકાર, સુપ્રસિદ્ધ ચતુર્ભુજ ન્યાયરત્ન મહાશય પાસે ભણતો હતો. ન્યાયાલંકાર મહાશય ન્યાયરત્ન મહાશયના એક અતિ પ્રિય શિષ્ય હતા અને તેમના અનુગ્રહ અને સહાયતાથી તે એ વખતે સમસ્ત કલકતામાં એક માનવંતા પ્રતિષ્ઠિત પુરૂષ થઈ પડયા હતા. ઠાકુરદાસ પોતાના આ જાતિભાઈ પાસે ગયા અને પોતાની ઓળખાણ આપીને અશ્રુપૂર્ણ લોચને પોતાને આશ્રય આપવાની પ્રાર્થના કરી. ન્યાયાલંકાર મહાશયની સ્થિતિ સારી હતી. તેઓ ગમે તે ગરીબને આશ્રય આપતા હતા અને તેમને અન્ન–જળ વગેરે આપીને તૃપ્ત કરતા હતા. આથી તેમના જ્ઞાતિ પુત્ર ઠાકુરદાસને આશ્રય મળવો કઠિન નહોતો. વાચસ્પતિ મહાશયે અતિશય દયા અને–તેથી પણ વધારે–સૌજન્યતા બતાવીને ઠાકુરદાસને પોતાના ઘરમાં આશ્રય આપ્યો.”

“ ઠાકુરદાસ, પહેલવહેલાં વનમાળીપુરમાં અને ત્યાર પછી વીરસિંહપૂરમાં સંક્ષિપ્ત સાર વ્યાકરણ ભણ્યા હતા, તેથી હવે તેમણે ન્યાયાલંકારની શાળામાં સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કરવો એમ ઠર્યું. પહેલાં

તો તે પ્રમાણે શીખવાનું નક્કી થયું અને ઠાકુરદાસે પણ તે પ્રકારના અભ્યાસમાં વિશેષ ધ્યાન આપવા માંડયું; પણ જે ઉદ્દેશથી તે કલકત્તે આવ્યા હતા તે ઉદ્દેશ સંસ્કૃત ભણવાથી પાર પડે એમ નહોતો. તેઓ સંસ્કૃત ભણવાને બહુજ ઉત્સુક હતા, પરંતુ જ્યારે તે પોતાનાં ભાઈ બ્હેન અને માતાને કેવી સ્થિતિમાં મૂકીને આવ્યા છે તેનો વિચાર કરતા, ત્યારે તેમનો તે ઉત્સાહ એકાએક મંદ થઈ જતો હતો. આખરે તેમણે અલ્પ સમયમ ક ઇ આવક થઇ શકે એ પ્રકારની વિદ્યા શીખવાનો દૃઢ સંકલ્પ કર્યો."

"એ સમયે થોડું ઘણું ઇંગ્રેજી ભણવાથી ઇંગ્રેજ વ્યાપારીઓની દુકાનોમાં સહજમાં નોકરી મળતી હતી, તેથી સંસ્કૃત કરતાં ઇંગ્રેજી ભણવાથીજ તેમની ઇચ્છા ફળીભૂત થશે એમ નક્કી થયું; પરંતુ તે સમયે ઇંગ્રેજી શીખવાનું આજની પેઠે સહેલું નહોતું. આજની પેઠે તે સમયે મહોલ્લે મહોલ્લે ઇંગ્રેજી–પાઠશાળાઓ નહોતી. ન્યાયાલંકાર મહાશયની ઓળખાણનો એક પુરૂષ થોડું ઘણું ઇંગ્રેજી જાણતો હતો. ન્યાયાલંકાર મહાશયની ફરમાસથી તે માણસે ઠાકુરદાસને ઇંગ્રેજી શીખવવાનું માથે લીધું. એ ભણાવનાર માણસને તેના કામધંધાને માટે આખો દિવસ બહાર રહેવું પડતું હતું, તેથી તે સાંજે દીવા વખત પછી ઘેર આવીને ઠાકુરદાસને ભણાવતો હતો. ઠાકુરદાસ તેના કહ્યા પ્રમાણે દરરોજ સંધ્યા વખતે તેની પાસે જઇને ખંતથી ભણતા હતા."

"ન્યાયાલંકાર મહાશયને ઘેર સંધ્યા પહેલાંજ સઘળાં વાળુ કરી લેતાં હતાં. ઠાકુરદાસ ઇંગ્રેજી ભણવાના લોભમાં તે સમયે હાજર રહી શકતા નહિ. * * * એ પ્રમાણે દરરોજ સાંજના ખોરાક નહિ મળવાથી તેમનું શરીર દિવસે દિવસે ક્ષીણ અને દુર્બળ થવા લાગ્યું. ત્યાર પછી તેમના શિક્ષકની આજ્ઞા પ્રમાણે ઠાકુરદાસે તેમનોજ આશ્રય લીધો. આ સદાશય દયાળુ મહાશયની દયા અને

સૌજન્યતા એટલી બધી હતી કે બીજા કોઈમાં તેનો એક અંશ પણ ભાગ્યેજ હોઇ શકે. કોઇ કોઈ દિવસ ઠાકુરદાસના શિક્ષક રાતના ઘેર પણ આવતા નહિ. આવા પ્રસંગોએ ઠાકુરદાસને ઉપવાસ પણ કરવો પડતો હતો. ”

“ થોડા દિવસ પછી ઠાકુરદાસને તેમના આશ્રયદાતાની મદદથી મહીને બે રૂપિયાના પગારની નોકરી મળી. આ નોકરી મળવાથી ઠાકુરદાસના આનંદનો પાર રહ્યો નહિ. તેઓ પોતે પહેલાંની પેઠે પોતાના આશ્રયદાતાને ઘેર રહીને, દુઃખ અને ક્લેશ સહન કરીને, પગારના બન્ને રૂપિયા પોતાની માતા ઉપર મોકલાવતા હતા.* તેઓ વિલક્ષણ, બુદ્ધિમાન અને મહેનતુ હતા, તેથી કોઈની પણ સાથે તકરાર ન કરતાં બધું કામ સારી રીતે કરતા હતા. આથી ઠાકુરદાસ જેની જેની પાસે કામ કરતા તે સર્વે તેમનાથી સંતુષ્ઠ રહેતાં હતાં. બે ત્રણ વર્ષમાં ઠાકુરદાસને મહિને પાંચ રૂપિયાનો પગાર મળવા લાગ્યો, જેથી તેમની જનનીનું અને ભાઈ બ્હેનોનું દુઃખ પ્રથમના કરતાં ઘણે ભાગે ઓછું થયું. ”

વાચકની ધ્યાનમાં હશે કે ઠાકુરદાસના પિતા રામજય પોતાના ભાઇઓથી કંટાળીને તીર્થયાત્રા કરવા છાનામાના નાસી ગયા હતા. તેમને તીર્થયાત્રા કરતાં કરતાં એક દિવસ સ્વપ્ન થયું કે: “ તું ત્હારા પરિવાર વર્ગને કષ્ટમાં નાંખીને તીર્થ પર્યટન કરે છે તે બહુજ અધર્મ

* બે રૂપિયાના પગારમાં તે વખતે કેવી રીતે પૂરૂં થતું હશે તે વિચાર દરેક વાચકના મનમાં ઉદ્ભવ્યા વિના નહિજ રહે, પણ તે વખતે આજના જેટલી મોંઘવારી નહોતી. આઠ દશ આનાના બંગાળી તોલના એક મણ ચોખા આવતા હતા. એક રૂપિયે મણ દૂધ હતું. શાકભાજીની પાઈ પણ બેસતી નહિ. આ પ્રમાણે પહેલાંના લોકો આવી ટુંકી આવકમાં જીવન નિર્વાહ કરી શકતા હતા.

કરે છે, અને પાપનો ભાગી થાય છે.” આથી તેઓ પાંચ વર્ષ પછી પોતાના દેશ તરફ પાછા ફર્યા. પહેલાં તે વનમાળીપુર આવ્યા ત્યાં આગળ તેમના બધા ભાઇઓ એકબીજાથી લઢીવઢીને જૂદા રહેતા હતા. ત્યાંથી તેમને દુર્ગાદેવીના પિયેર જવાના સમાચાર મળ્યા, તેથી રામજય પોતાના પરિવારને વનમાળીપુર લાવવા માટે વીરસિંહપુર ગયા. તેઓએ હિંદુસ્તાની સંન્યાસીના જેવાં ભગવાં વસ્ત્રો પહેરેલાં હતાં. વીરસિંહપુરમાં જઇને પહેલાં તો તેમણે ગામમાં આમતેમ ફરવા માંડયું. ભગવાં વસ્ત્રો પહેરીને પોતાના સસરાના ઘર પાસે ગયા, પણ કોઇએ તેમને ઓળખ્યા નહિ તેમ તેમણે પણ પોતાને ઓળખાવ્યા નહિ. આ પ્રમાણે તેઓ ગામમાં ફરે છે એટલામાં તેમની છેક નાની પુત્રી અન્નપૂર્ણાએ તેમને ઓળખ્યા અને તે “બાબા” “બાબા” કહેતી કહેતી ઉચ્ચ સ્વરે રડવા લાગી. હવે રામજય પોતાને છુપાવી શક્યા નહિ. તેઓએ બધાંને પોતાનો પરિચય કરાવ્યો. ત્યાર પછી કેટલાક દિવસ વીરસિંહપુરમાં રહીને પોતાની પત્ની અને પરિવારને વનમાળીપુર લઇ જવાનો વિચાર કર્યો; પરંતુ દુર્ગાદેવી ત્યાં જવાને સમંત થયાં નહિ. રામજયના ભાઇઓએ તેમને જે અસહ્ય દુઃખ દીધું હતું તે તેઓ ભૂલી ગયાં નહોતાં, તેમ તે લોકોએ તેમના વીરસિંહપુર આવ્યા પછી પણ બીલકુલ તપાસ લીધી નહોતી, તેથી તેમને બહુજ ખોટું લાગ્યું હતું. તેઓ વનમાળીપુરથી અત્યંત કંટાળી ગયાં હતાં અને ફરીથી ત્યાં જવાને લેશ માત્ર પણ રાજી નહોતાં. રામજયે પણ તેમના કહેવા પ્રમાણે વનમાળીપુર જવાનો વિચાર માંડી વાળી વીરસિંહપુરમાંજ રહેવાનો નિશ્ચય કર્યો.

રામજય બહુજ બુદ્ધિમાન, બળવાન, સાહસી, તેજસ્વી અને સ્વતંત્ર સ્વભાવના હતા. ચુપચુપ બેસી રહીને કોઇનું પણ અપમાન સહન કરવું એ એમની પ્રકૃતિ વિરૂદ્ધ હતું. તેઓ પોતાનાજ વિચાર

પ્રમાણે કામ કરતા હતા. કોઈ પાસે કોઈ પણ જાતની મદદ મેળવવા કરતાં મૃત્યુ તેમને વધારે શ્રેયસ્કર લાગતું હતું. તેઓ અતિશય નિષ્કપટી અને સદાશયવાળા હતા. દરેકને તેઓ સમભાવથી જોતા અને દરેક સાથે સ્નેહયુક્ત વ્યવહાર કરતા હતા. તેઓ ઉંચ નીચમાં ભિન્નભાવ રાખતા નહિ. તેઓ એક વખત જમતા, માંસ ખાતા નહોતા અને પોતાના નૈમિત્તિક કર્મો યથારીતિ આચરતા હતા, તેથી લોકો તેમને યોગીના જેટલું માન આપી તેમના પ્રત્યે ભક્તિભાવ પ્રદર્શિત કરતા હતા.

રામજયના શરીરમાં અદ્ભૂત શક્તિ હતી. તેઓ લોહદંડ હાથમાં લઇને નિર્ભય ચિત્તે સર્વત્ર ભ્રમણ કરતા હતા. કશાથી તે ડરતા નહિ. એકવાર વીરસિંહપુરથી મેદિનીપુર જતાં રસ્તામાં એક રીંછ તેમની પાછળ પડયું. રીંછથી તેઓ લેશ માત્ર પણ ન ડરતાં પોતાનો લોહદંડ સંભાળતા એક વૃક્ષની નીચે જઇને ઉભા. રીંછ તેમની ઉપર તરાપ મારવાનો લાગ શોધતું ઝાડની પાછળ ફેરા ફરતું હતું. રામજય મહાશય તેની પાછળ તરાપ ચૂકવવાને માટે એક ઝાડ પાસેથી બીજા ઝાડ પાસે અને બીજા પાસેથી ત્રીજા પાસે જતા રહેતા હતા. રીંછ પણ તેમની પાછળજ જતું હતું. થોડીવાર પછી રીંછે પોતાના બન્ને હસ્ત પહોળા કરીને વૃક્ષના થડ પાસે ઉભેલા રામજયને પોતાની બાથમાં લેવાનો પ્રયત્ન કર્યો. રામજય આમાંથી છટકી જવાનો પ્રયત્ન કરતાં રીંછના પ્રહારથી ઘાયલ થયા, પણ આખરે રીંછના પંજામાંથી નીકળી જઈ તેની પછવાડે જઇ તેના બન્ને પગ ઝાલીને ઘસડવા લાગ્યા અને તે મૃતપ્રાય થઈ ગયું ત્યારેજ છોડયું. ત્યાર પછી તેઓએ રીંછને મડદા જેવું થઇને પડેલું જોઇને ત્યાંથી ચાલવા માંડયું, પરંતુ વાસ્તવિક રીતે રીંછ મરણ પામ્યું નહોતું તેથી તેણે તરતજ ઉઠીને રામજયની પાછળ જઈ, એવા તો નખ માર્યા કે જેથી તેમના શરીરમાંથી

લોહીનો પ્રવાહ વહેવા લાગ્યો. રામજય આથી એવા તો આવેશમાં આવી ગયા કે રીંછની પાછળ જઈ પોતાના લોહદંડવડે તેને ખુબ માર માર્યો અને આખરે રીંછનો પ્રાણ ગયો. આ પ્રમાણે રીંછને મારીને લોહીથી ખરડાયેલે શરીરે લાંબી મજલ કાપીને તેઓ મેદિનીપુર જઈ પહોંચ્યા અને ત્યાંથી એક મહિના પછી સાજાતાજા થઇને ઘેર આવ્યા.

એક સમયે વીરસિંહપુરના જમીનદારે પોતાના નવા ઘરનું વાસ્તુ કર્યું. તે સમયે ગામના બીજા બ્રાહ્મણો સાથે રામજયને પણ જમવાનું આમંત્રણ કર્યું હતું. આ વખતે જે જમીન ઉપર તેમનું ઘર બાંધેલું હતું તે જમીનનું તેમને દાન કરીને તેના કરમાંથી મુક્ત કરવાની જમીનદારે ઇચ્છા દેખાડી, પરંતુ રામજયે તે પ્રમાણે દાન લેવાની ચોખ્ખી ના કહી. ગામના ઘણા ઘણા લોકોએ તેમને બહુ બહુ સમજાવ્યા, પણ એમણે કોઇનું પણ કહ્યું માન્યું નહિ. આ ભૂમિદાન લેવાથી રામજય પોતાને રહેવાના મકાનની જમીનના કરમાંથી મુક્ત થાય તેમ હતું; પરંતુ તેઓ એમ માનતા હતા કે એવું દાન ગ્રહણ કરવાથી દાન આપનાર દાન લેનારના પુણ્યનો ભાગીદાર થાય છે. તે ઉપરાંત વળી એ પ્રમાણે દાન કરનાર પોતાની જીંદગી પર્યંત અહંકાર કરે છે કે: “મ્હેં એને રહેવાની જગ્યા દાન કરી છે.” તેથી દાન લેવાને તેઓ લેશ માત્ર પણ કબૂલ થયા નહિ. તેમની એવી નિર્લોભિતા માટે સર્વત્ર તેમની પ્રશંસા થતી.

વીરસિંહમાં કેટલાક દિવસ ગાળીને તર્કભૂષણ મહાશય પોતાના જ્યેષ્ઠ પુત્ર ઠાકુરદાસને મળવાને કલકત્તે ગયા. ત્યાં જઇ ઠાકુરદાસના આશ્રયદાતાને મ્હોડેથી ઠાકુરદાસની કષ્ટ સહિષ્ણુતા અને ન્યાયપરતા વગેરે સદ્દગુણોની વાત સાંભળીને તેમણે યોગ્ય આશીર્વાદ અને વિશેષ સંતોષ પ્રદર્શિત કર્યો. બડા બજારમાં ભાગવત ચરણસિંહ નામના એક કાયસ્થ ગૃહસ્થ રહેતા હતા તેમની સાથે તર્કભૂષણ મહાશયને

સારો પરિચય હતો. તેઓ અતિશય દયાળુ અને સદાશયવાળા હતા. તેમ તેમની સ્થિતિ પણ સારી હતી. તર્કભૂષણ મહાશયને મ્હોડેથી તેમના દેશત્યાગની ને અત્યાર સુધીની બીજી સર્વે હકીકત સાંભળી તેઓને બહુજ દયા આવી. ઠાકુરદાસે કલકત્તામાં ભોગવેલી હાડમારીની વાત પણ તેમના જાણવામાં આવી, તેથી તેમણે કહ્યું કે: "હું હવેથી ઠાકુરદાસને મ્હારે ઘેર રાખીશ. તેના ખાવા પીવાનો સારી રીતે બંદોબસ્ત કરવાનું હું માથે લઉં છું. તેને ફક્ત હાથે રસોઇ કરવી પડશે. એ સિવાય બીજી કોઇ પણ જાતની અડચણ પડશે નહિ."

"સિંહ મહાશયનું આવું કથન સાંભળીને તર્કભૂષણ બહુજ રાજી થયા અને ઠાકુરદાસને સિંહ મહાશયને ઘેર રાખીને પાછા વીરસિંહપુર આવ્યા. ઠાકુરદાસને હવે બે ટંક પેટપુર ખાવાનું મળવાથી સુખ થયું. આ શુભ બનાવથી ઠાકુરદાસનું કેવળ અન્ન કષ્ટ દૂર થયું એટલુંજ નહિ, પણ સિંહ મહાશયની સહાયતાથી તેમને એક સ્થળે માસિક આઠ રૂપિયાની નોકરી પણ મળી. ઠાકુરદાસને આઠ રૂપિયાનો પગાર મળે છે એ વાત જ્યારે વીરસિંહપુરમાં તેમની માતાના જાણવામાં આવી ત્યારે તેમના આનંદની સીમા રહી નહિ." આ વખતે તર્કભૂષણે ઠાકુરદાસનાં લગ્ન કર્યાં હતાં.

લગ્ન થઇ રહ્યા બાદ થોડા દિવસ પછી એક દિવસ રામજયે ઠાકુરદાસને કહ્યું કે: "હવે તું અનુભવી થયો છે. ઇશ્વિર ત્હારૂં કલ્યાણ કરે. મને હવે ઇશ્વરની આરાધના કરવાની અભિલાષા છે તેથી હું તો ફરીથી તીર્થ પર્યટન કરવા જાઉં છું." એમ કહી રામજય તર્કભૂષણ પાછા તીર્થયાત્રા કરવા ચાલ્યા ગયા. ઠાકુરદાસે આ સમાચાર વીરસિંહપુર લખી મોકલ્યા. રામજયના ગયાથી ઠાકુરદાસ તેમજ ઘરનાં સર્વેને બહુજ દિલગીરી ઉત્પન્ન થઈ.

ભગવતીદેવી યોગ્ય ઉમ્મરે પહોંચતાં પહેલાંજ સાસરે આવ્યાં

હતાં. તેઓએ પોતાના પતિના આત્મસન્માનને એટલે સુધી મૂલ્યવાન ગણ્યું હતું કે સંતુષ્ટ ચિત્તે મોશાળનો ત્યાગ કરીને પતિને ત્યાં સાંસારિક ક્લેશમાં રહી પોતાના દિવસો સુખરૂપે વ્યતિત કરવા લાગ્યાં. તેજ સમયથી તે અનન્ય મને પતિની આજ્ઞા પ્રમાણે વર્તીને, દરરોજ સ્વહસ્તે ઘરને સાફસુફ કરી, મૃતિકાથી લીપી, ઘરમાંના ભોજન પાત્રાદિ માંજી સ્વચ્છ રાખતાં હતાં, યથા સમયે રાંધીને ભોજન તૈયાર કરતાં હતાં અને દરેક વસ્તુને સાચવી રાખતાં હતાં. તેમના મુખમાંથી કોઇ પણ દિવસ તિરસ્કારયુક્ત વાક્ય નીકળતું નહિ. પોતાનાથી મોટા માણસોથી ઉંચે આસને તેઓ બેસતાં નહિ તેમજ તેમની આગળ પોતાની બડાસ મારતાં નહિ. બધાની તરફ પોતાની અનુકૂળતા બતાવી, આળસ્ય રહિત થઇને તેઓ વખતનો સદ્ઉપયોગ કરતાં હતાં. બહુ હસ્તાં નહિ, તેમ અજાણ્યા સ્થળે જતાં પણ નહિ. તેઓ કદિ પણ ક્રોધને વશ થતાં નહિ. સસરા તેમજ સાસરાનાં અન્ય સગાં સંબંધી તરફ પોતાની ભક્તિ બતાવતાં હતાં. દિયર અને નણંદોને માયા મમતાથી વશ કરી કુટુંબનાં અન્ય મનુષ્યો સાથે નમ્રતાથી વર્તીને તેમને સંતુષ્ટ રાખતાં હતાં. બહુજ થોડા સમયમાં તેમણે સુગૃહિણીના સર્વે ઉપર્યુકત ધર્મ જાણી લીધા હતા. તે દુઃખદારિદ્રમય સંસારમાં દાઝેલાં હૃદયને શાંતિ આપનારાં, નિરાશને આશા આપનારાં, વિપદમાં આવી પડેલાનાં બંધુ, કૌતુકમાં સખી, રાંધવામાં પાચિકા, ભોજન સમયે જનની અને સેવા સમયે પરિચારિકા જેવાં હતાં. પતિસેવા, દયા, દાક્ષિણ્ય અને ગુરૂભકિત વડે તેઓ એક આદર્શ હિંદુ રમણી હતાં.

આર્ય કુળભૂષણ મહારાજા દુષ્યંતની પત્ની શકુંતલાને સાસરે જતી વખતે મહર્ષિ કણ્વે ઉપદેશ આપ્યો છે કેઃ—

शुश्रुष स्वगुरुन् कुरुप्रिय सखीवृत्तिं सपत्नीजने
भर्तुर्वि प्रकृतापि रोषणतया मास्म प्रतिपंगमः ।

भूयिष्ठं भव दक्षिणा परिजने भोगेष्वनुत्सेकिनी
यान्त्येवं गृहिणीपदं युवतयो वामाः कुलस्याधयः ॥

"તું અહિંથી પતિગૃહે જઇને સસરા વગેરે ગુરૂજનની સેવા કરજે, સપત્નીઓ સાથે પ્રિય સખીના જેવો વ્યવહાર કરજે, સ્વામી ત્હારૂં અપમાન કરે તોપણ ક્રોધને વશ થઇને તું પ્રતિકૂળ આચરણ કરીશ નહિ, નોકર ચાકરોની સાથે અત્યંત અનુકૂળ થજે, સુખમાં અહંકાર કરીશ નહિ, યુવતીઓએ આ પ્રમાણે ગૃહિણીપદ પ્રાપ્ત કરવું જોઇએ." આનાથી પ્રતિકૂળ આચરણ કરનારી સ્ત્રીઓ કુટુંબમાં ક્લેશના કારણરૂપ થઈ પડે છે. ભગવતીદેવી જ્યારે સાસરે આવ્યાં ત્યારે તેમના મામા મહાત્મા રાધામોહન વિદ્યાભૂષણ મહાશયે તેમને એવો કોઇ ઉપદેશ આપ્યો હતો કે નહિ તેની કોઇને પણ ખબર નથી.

ભગવતીદેવીના બાલ્યકાળના સેવાધર્મ, દીનતા, તેજસ્વિતા વગેરે સદ્ગુણોએ યૌવનકાળમાં ઉત્સાહ સાથે જોડાઇને એક નવુંજ રૂપ ધારણ કર્યું હતું. સાંસારિક કોઈ પણ વિષયમાં ઘરમાં અતિશય ક્લેશ થવા છતાં પ્રાણાંતે પણ તેઓ પડોશીને ઘેર જતાં નહિ. તેમનો મત એવો હતો કે હિતૈષિતા અથવા કલ્યાણ, એ પ્રકૃતિનો એક સત્ય દેશ છે; પરંતુ જેટલીવાર ઉપકૃત થઇએ તેટલીવાર ઉપકાર કરનારની પાસે ઉપકાર અને કૃતજ્ઞતાનો સ્વીકાર કરવો જોઇએ અને એજ ઉપકાર અને કૃતજ્ઞતા મનુષ્યે પોતાના હૃદયમાં સદા યાદ રાખવાં જોઇએ. **જેઓ બીજાનું ભલું કરવાની ઇચ્છા રાખે છે, તેજ મ્હોટા છે. જે બીજા ઉપર ઉપકાર કરે નહિ અને કેવળ બીજાનો હિતૈષિ થવાનો ડોળ કરે, તેના જેવો નીચ બીજો કોણ હોઇ શકે?** કેટલીક વાર ઉપકાર કરનાર પ્રત્યે તેનો બદલો વાળવાનું આ જગતમાં બની શકતું નથી, તોપણ તે સિવાયના અન્ય મનુષ્યનું હિત કરીને પણ બને ત્યાં સુધી ઉપકારના ઋણથી

મુક્ત થવું જોઇએ. જીવનનું આ ઋણ છુટે હાથે ચૂકવીનેજ જવું એજ સૌથી શ્રેષ્ઠ ધર્મ છે.

આટલું છતાં પણ પોતાના પાડોશીમાંથી જો કોઇ સદિચ્છાથી પ્રેરાઇને દ્રવ્યની મદદ કરતું તો ભગવતીદેવી તેનો અનાદર ન કરતાં દેવના પ્રસાદ તુલ્ય માનીને તેને આદરપૂર્વક ગ્રહણ કરતાં હતાં. પડોશીઓ સાથે બહુજ સ્નેહથી વર્તતાં હતાં. તેમનાં સાસુ કોઇ દિવસ કોઇ પડોશીના મનની મલીનતાની વાત કરવાની ચેષ્ટા કરતાં, તો દેવી તેમને અતિશય વિનયપૂવક કહેતાં હતાં કે: **“ પ્રભાતમાં ઉઠીને નિત્ય જેનું મ્હોં જોવાનું અને જેને મ્હોં બતાવવાનું છે તેની સામાન્ય ભુલથી તેનો તિરસ્કાર કરીએ તો તેથી આપણા દૈવી ચારિત્રમાં દોષ જણાશે.** વળી **આપ દરરોજ મ્હારા કેટલા કેટલા દોષો સહન કરો છો! તો શું આપણા પરોશીનો એવો એક દોષ આપ સહન નહિ કરી લ્યો?”** દુર્ગાદેવી પોતાની પુત્ર વધૂના મુખમાંથી નીકળતાં આવાં અમૃતમય વાક્યો શ્રવણ કરીને તેનો કાંઇ પણ ઉત્તર આપતાં નહિ. ઉલટાં મૃદુ હાસ્ય કરીને પ્રસન્ન ચિત્તથી ભગવતીદેવીને આશીર્વાદ આપતાં હતાં.

ગામની ભગવતીદેવીની સમાન વયની સ્ત્રીઓ તેમના સદ્વ્યવહારથી અને સ્નેહથી એટલી બધી મોહિત થઇ ગઇ હતી કે, તે દરેક એમજ વિચાર કરતી કે: “ ભગવતીદેવી મ્હારા ઉપરજ અધિક પ્યાર રાખે છે.” ભગવતીદેવી પોતાની સખીઓના સુખદુઃખમાં તેમની સાથેજ રહેતા હતાં. તેમના સ્નેહ અને મમતામાં એક એવી આકર્ષણ શક્તિ હતી કે, ગૃહપાળીત જીવજંતુ પણ તેમને જોતજ આનંદથી અધિરાં થઈ જતાં. દેવી તેમની યથાવિધિ સેવા કરીને પરમ સંતોષ પામતાં હતાં. ટુંકામાં **મહાપુરૂષ અથવા નારી પોતાને તૃણ કરતાં લઘૂ માની લે છે.**

"तृणादपि सुनिचेन तरोरपि सहिष्णुता: ।
अमानि नामानदेन कीर्तनीपः सदाहरिः ॥

એ મહાવાક્ય તેમના હૃદયનો મૂળમંત્ર હોય છે. **તેમને લેશ માત્ર પણ અભિમાન રહેતું નથી.** તેમના મત પ્રમાણે આ વિશ્વ તેમને માટે અને તેઓ આ વિશ્વને માટે છે. માટે સમસ્ત પ્રાણી જગતપર તેમણે પ્રેમ કરવો જોઇએ. એટલા માટેજ આ સંસારમાં તેઓ કોઇનો દ્વેષ કરતાં નથી. આ સંસારમાં તેમને માટે દ્વેષ કરવા જેવી વસ્તુજ હોતી નથી.

ભગવતીદેવી ઇચ્છાનુસાર વર્તવામાં અને સાધુતામાં એક અગ્રગણ્ય સ્ત્રી હતાં. રૂપલાવણ્ય અને વિવિધ સદ્ગુણોની અલંકૃત અને ગૃહમાં લક્ષ્મી સ્વરૂપ હતાં. તેમની છુટી વેણીના પથરાતા કેશપાસ જોતાંજ જોનારને કેશપાસને બદલે સ્નેહપાસ કહેવાનું મન થઇ જતું હતું. તેમનાં અણિયાળાં નયનો સંપૂર્ણ કરૂણામય હતાં. તેના મુખ મંડળ ઉપર તેમના વિશ્વવ્યાપિ હૃદયનો વિશ્વ પ્રેમ સ્ફુરી નીકળ્યો હતો. તેમના ઓઠને જોતાંજ તેને સત્ય અને અમૃતના ફુવારાની ઉપમા આપવાને મન થતું હતું. તેમના બાહુ સદા સર્વદા સેવાવૃત્તમાંજ રોકાયલા રહેતા હતા. તેમનું સરલતામય સૌંદર્યમાં અભિમાનનું તો ચિહ્ન માત્ર પણ જણાતું નહિ; પણ તે માતૃભાવે પૂર્ણ હોય એમ દેખાતું હતું. તેમને બોલતાં જોઇને એમજ થતું કે સાક્ષાત અન્નપૂર્ણા દેવીજ સ્વર્ગમાંથી ઉતરી આવ્યાં છે અને તેથી તેમના ચરણકમળમાં મસ્તક નમાવી તેમની ચરણરજ ગ્રહણ કરવાને તેમને જોનારને મન થતું હતું.

ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કરતાં મનુ મહારાજ કહે છે કેઃ—

यथावायु समाश्रित्य वर्तन्ते सर्व जन्तवः ।
तथा गृहस्थ माश्रित्य वर्तन्ते सर्व आश्रमाः ॥
यस्मात् त्रयोऽप्याश्रमिणो ज्ञानेनान्नेन चान्वहम् ।
गृहस्थेनैव धार्यन्ते तस्माज्ज्येष्ठा श्रमो गृही ॥

જેમ પ્રાણવાયુના આશ્રયવડે સર્વ પ્રાણીઓ જીવન ધારણ કરી શકે છે તેજ પ્રમાણે ગૃહસ્થના આશ્રયથી અન્ય આશ્રમવાસીઓ જીવન ધારણ કરી રહ્યા છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસી ત્રણે આશ્રમીઓ ગૃહસ્થના અન્નથી પોષાય છે. એટલા માટે ગૃહસ્થાશ્રમ બીજા બધા આશ્રમો કરતાં શ્રેષ્ઠ છે. સ્ત્રીઓ એ આ શ્રેષ્ઠ ગૃહસ્થાશ્રમની અધિષ્ઠાત્રી દેવીઓ છે. પરમ કૃપાળુ પરમેશ્વરે લજ્જા, વિનય, નમ્રતા અને સુશીળતા ઇત્યાદિ સદ્ગુણોથી ભૂષિત કરીને સ્ત્રીવર્ગ સર્જેલો છે. તે સમાજની લક્ષ્મી સ્વરૂપ છે અને દુઃખ દારિદ્ર પૂર્ણ તથા રોગ, શોકતાપવાળા સંસારમાં શાંતિની અમૃત ધારા રૂપ છે. શાસ્ત્રકારો એ ઉપરથી સ્પષ્ટ ઉલ્લેખ કરી ગયા છે કેઃ "શ્રી એટલે લક્ષ્મી અને સ્ત્રીમાં કોઈ પણ જાતનો ભેદ નથી." વસ્તુતઃ સ્ત્રીઓ મૂર્તિમતી દેવીઓની પેઠે આ સંસારમાં સ્વર્ગીય સુખનું દાન કરે છે. તેમાં પણ ભારત રમણી તો પતિસેવા, પતિભક્તિ, સંતાન પાલન, દયા, દાક્ષિણ્ય અને ગુરૂભક્તિમાં સંસારભરમાં સર્વ શ્રેષ્ઠ છે. હિંદુ સમાજની સાથે હિંદુ રમણીની શિક્ષા સુખમાં તેમજ દુઃખમાં ઓતપ્રોત ભાવે જડાયલી છે. આતિથ્ય, દેવસેવા, શ્રાદ્ધ, તર્પણ વગેરે સદાચારો હિંદુશાસ્ત્રમાં કહેલા કર્મકાંડની પેઠેજ રમણી રત્નના કીર્તિકલાપરૂપે હિંદુ સમાજના અંગિભૂત છે.

હિંદુ શાસ્ત્રમાં કહ્યું છે કેઃ ધર્મ કાર્યો માટે ભાર્યાની આવશ્યકતા છે. હિંદુ રમણીઓ પોતાના સ્વામી સાથે ધર્મકાર્યમાં જોડાય

છે. જો યજ્ઞના કાર્યમાં ધર્મપત્ની સાથે ન હોય તો ગૃહસ્થના યજ્ઞની સમાપ્તિ થતી નથી, જેથી સ્ત્રીને સહધર્મચારિણીના નામથી ઓળખવામાં આવે છે. સંસારરૂપ મહાયજ્ઞમાં રમણીઓ એ અધિષ્ઠાત્રી દેવીઓ છે. રઘુકુળ તિલક ગુણનિધાન શ્રી રામચંદ્રજી સીતારૂપી અધિષ્ઠાત્રી દેવીના પાતિવ્રત્ય ગુણવડેજ અરણ્યવાસમાં પણ સ્વર્ગીય સુખનો અનુભવ કરી શક્યા હતા. મહાવીર પાંડુ પુત્રો દ્રૌપદી જેવાં અધિષ્ઠાત્રી દેવીની સેવાથીજ સેવાઇને ભીષણ વનવાસરૂપ અસહ્ય ક્લેશ અનાયાસે સહન કરવાને શક્તિમાન થયા છે. દારિદ્ર ઠાકુરદાસ પણ તેની પર્ણકુટીની અધિષ્ઠાત્રી દેવી પુણ્યશીલા ભગવતીદેવીના સદાચારથી જ સુખી થયા છે. પ્રવાસ અને દુઃખ દારિદ્રથી ઉત્પન્ન થતાં ક્લેશ ઘડી ક્ષણ માત્ર પણ તેમના મનમાં અશાંતિ ઉત્પન્ન કરી શકતાં નહિ અને સંન્યાસી શ્રેષ્ઠ ભિખારી દેવાધિદેવ મહાદેવ, અન્નપૂર્ણા દેવીની સહાયથી જે પ્રમાણે ધનાધિપતિ કુબેરના પણ પૂજ્ય થયા છે, તેજ પ્રમાણે દરિદ્ર ઠાકુરદાસ પણ તેમનાં સહધર્મિણી, પુણ્યવતી ભગવતીદેવીની લોકસેવા, ધર્માનુષ્ઠાન અને મમતા ભરેલી સહાયથી સકળ સ્વજનની ભક્તિ અને સન્માન પ્રાપ્ત કરી શક્યા છે.

ભગવતીદેવી જેમ અતિશય બુદ્ધિશાળી હતાં તેમ કરકસર અને મિતાચારનો પણ તેમને સારો અભ્યાસ હતો. તેમનામાં અનેક ગુણ હોવાથી તેમની સાસુ દુર્ગાદેવીએ ઘરનો આવકજાવક સંબંધી સકળ કાર્યભાર પણ તેમનેજ માથે નાંખી દીધો હતો. ભગવતીદેવી આવા દરિદ્ર સંસારમાં પણ અતિ યત્નથી પવિત્ર રીતે નિત્ય નૈમિત્તિક ધર્માનુષ્ઠાન સારી રીતે કરતાં હતાં. ટુંકામાં ભગવતીદેવીના ગુણથીજ ઠાકુરદાસની પર્ણકુટી શાંતિપૂર્ણ પુણ્યાશ્રમમાં ફેરવાઇ ગઇ હતી. દેવી અહર્નિશ એક સરખો પરિશ્રમ કરતાં લેશ માત્ર કંટાળતાં નહિ. રાતના જ્યારે ઘરનાં સર્વ મનુષ્યો નિંદ્રાદેવીના સુકોમળ અંકમાં

વિશ્રામસુખનો ઉપભોગ કરતાં, ત્યારે ભગવતીદેવી પોતાના પરિવારને પહેરવાનાં કપડાં તૈયાર કરવા માટે ચરખાથી સુતર કાંતતાં હતાં.

ભગવાન મનુએ પોતાના ધર્મશાસ્ત્રમાં સ્ત્રીજાતિ પ્રત્યે વિશેષ આદર પ્રદર્શિત કર્યો છે. તેઓ કહે છે કેઃ—

“ यत्रनार्यास्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । ”

સ્ત્રીઓનું જ્યાં સન્માન હોય છે ત્યાં દેવતાઓ પણ રમણ કરે છે. ભગવતીદેવીના વિવિધ સદ્‌ગુણોથી મુગ્ધ થઇને પરિવારનાં સર્વે મનુષ્યો તેમના તરફ સતત આદર અને પ્રીતિ બતાવતાં હતાં; એટલુંજ નહિ પણ તેમનાં દિવ્ય પગલાંથી દિવસે દિવસે ઠાકુરદાસના દરિદ્ર સંસારમાં દ્રવ્યની વૃદ્ધિ પણ થવા લાગી.

પૂર્વે કાળના આચાર્યો પણ સ્ત્રીજાતિ પ્રત્યે સારો આદર અને ગૌરવ પ્રદર્શિત કરી ગયા છે. ધર્મપુત્ર યુધિષ્ઠિરે પોતાની સ્ત્રીને “ ભદ્રે ” કહીને સંબોધન કર્યું છે. પરસ્પર કુશળ સમાચાર પૂછાતાં પહેલાં સ્ત્રીઓનાજ સમાચાર પૂછાયા છે. જ્યારે ભરત, વનવાસી રામચંદ્રજીને મળવા ગયા ત્યારે તેમણે પહેલવહેલાં એમજ પૂછ્યું હતું કેઃ “ તમે સ્ત્રી લોક પ્રતિ સન્માન રાખો છો કે ? ” તેજ પ્રમાણે એક સમય ધૃતરાષ્ટ્રે મહારાજા યુધિષ્ઠિરને પૂછ્યું છે કેઃ “ રાજ્યની દુઃખી સ્ત્રીઓનું સારી રીતે રક્ષણ થાય છે ને રાજમંદીરમાં સર્વે સ્ત્રીઓ પ્રતિ તમે સન્માન રાખો છો ? ” પહેલાં જે લોકો સ્ત્રીઓનું ધન પચાવી પાડે અને વિવાહિતા અથવા અવિવાહિતા સ્ત્રીના વિશુદ્ધ ચારિત્રમાં દોષારોપણ કરે તેને સખ્ત સજા કરવામાં આવતી હતી. **ભારતમાં પરાપૂર્વથી નારી પૂજા ઉતરી આવેલી છે, અને એ નારીપૂજાજ ભારતની એક અક્ષય કીર્ત્તિ છે.**

ભગવતીદેવીના વધૂ જીવનમાંથી સેવાધર્મના એક ઉજ્જવળ દૃષ્ટાંતનો આ સ્થળે ઉલ્લેખ કરીને આપણે આ પરિચ્છેદની સમાપ્તિ કરીશું.

એક દિવસ સંધ્યા સમયે એક ક્ષુધા અને તૃષાથી પિડાતો વૃદ્ધ બ્રાહ્મણ ઘેર અભ્યાગત તરીકે આવ્યો. આ સમયે ઘરમાં બહુજ દરિદ્રાવસ્થા હતી. સઘળાં એક વખત ખાઇને દિવસો વ્યતિત કરતાં હતાં. ઘરમાં બિલકુલ અનાજ નહોતું, તેથી તે અભ્યાગત બ્રાહ્મણનું કેવી રીતે આતિથ્ય કરવું તેનો વિચાર થઈ પડ્યો. થોડી વાર વિચાર કરી કાંઇ પણ ઉપાય ન સૂઝવાથી ભગવતીદેવીનાં સાસુ દુર્ગાદેવીએ સજળનેત્રે તે વૃદ્ધ અતિથિને કહ્યું: " મહારાજ, અમે ઘણાંજ હત-ભાગી છીએ કે અમે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં પણ તે ધર્મનું પરિ-પાલન કરી શકતાં નથી. અમારાથી અમારા અભ્યાગતોની સેવા થતી નથી. અમારા જેવા માટે તો અરણ્યવાસજ શ્રેયસ્કર છે. અમારાં બાળબચ્ચાંને પણ અમે પેટપુર ખાવાનું આપી શકતાં નથી. આવી અવસ્થામાં આપનો કેવી રીતે સત્કાર કરવો તેનો વિચાર થઇ પડ્યો છે. દયા કરીને અમારો અપરાધ લક્ષમાં લાવશો નહિ." ભગવતી-દેવીને સાસુનું આ કથન રૂચ્યું નહિ. તેમને પોતાની સ્થિતિ માટે બહુજ ખોટું લાગ્યું. તેઓ પોતાનાં આંસુ રોકી શક્યાં નહિ. થોડી વાર પછી તેમણે, ધીમે રહીને પોતાની સાસુ પાસે જઇને કહ્યું: " મા, આ પ્રમાણે કહીને આ ક્ષુધાતુર બ્રાહ્મણને કેમ પાછો કઢાય? ગમે તેમ કરીને પણ એમનો સત્કાર તો કરવોજ જોઇએ. આપ એમને બેસાડીને તેમની પૂજા કરવાની તૈયારી કરો." એમ કહીને તેમણે પોતાને હાથે પહેરેલી એક પિત્તળની બંગડી કાઢીને એક પડોશીને ત્યાં ગીરવી મૂકી અને તેને બદલે એક શેર ચોખા લઇ આવ્યાં. તેમાંથી અર્ધા ચોખા એક મોદીને ત્યાં આપીને તેટલીજ દાળ આણી, અને તેનાં દાળભાત બનાવી તે વૃદ્ધ માણસને સારી રીતે જમાડી તેનો સત્કાર કર્યો. ભગવતીદેવીની શ્રદ્ધા, ભક્તિ અને પરિચર્યાથી વૃદ્ધ બ્રાહ્મણ એટલો બધો સંતુષ્ઠ થઈ ગયો કે તેણે તે " દાળભાત " અતિશય

પ્રેમપૂર્વક ખાધાં. બ્રાહ્મણના જમી રહ્યા પછી ભગવતીદેવીએ પોતાની સાસુને કહ્યું કેઃ “ મા, આપણી નાનકડી ઝુંપડીમાં એમનો સમાસ થશે નહિ, માટે જો કોઇ પડોશીને ત્યાં એમને સૂવાની ગોઠવણ થાય તો સારૂ.” દુર્ગાદેવી પોતાની પુત્રવધૂના કહેવા પ્રમાણે વૃદ્ધ બ્રાહ્મણને માટે શયન કરવાનો બંદોબસ્ત કરી આવ્યાં. બીજે દિવસે શય્યા ત્યાગ કરીને પોતાનું પ્રાતઃકૃત્ય પરવારીને બ્રાહ્મણ દુર્ગાદેવીને ઘેર આવ્યો, અને પોતાના ઉપવિતવડે બન્ને હાથ બાંધીને સૂર્યમંડળ તરફ દૃષ્ટિ રાખીને બોલ્યોઃ “ હે પરમેશ્વર! હે સવિતૃદેવ! તમે જગતના લોચન સ્વરૂપ છો. જગતમાં થતા ધર્મ, અધર્મ, પાપ, પુણ્ય એ સઘળાંનું તમે નિરીક્ષણ કરો છો. આ બાળ વધૂના હૃદયમાં જે સેવાધર્મ, દયા, દાક્ષિણ્ય, સ્નેહ, મમતા વગેરે પુણ્ય સલીલા ગંગાની પેઠે સ્વતઃ પ્રવાહિત થઇ રહ્યાં છે તે સઘળું તમારી જાણમાં છે. માટે તમેજ આ નિર્ધન વંશને તેની નિર્ધનતામાંથી ઉગારજો!” એમ કહીને વૃદ્ધ બ્રાહ્મણ ત્યાંથી ચાલ્યો ગયો.

અહા! સામાન્ય નિર્ધનની પર્ણકુટીમાં જે અતિથી સત્કાર, જે ઉદારતા, જે સહાનુભૂતિ અને જે પ્રેમ જોવામાં આવે છે તેની તુલના અતુલ ઐશ્વર્યપૂર્ણ રાજપ્રાસાદ સાથે પણ થઇ શકતી નથી. અત્યારે પણ આ હતભાગ્ય દેશમાંના અતિ સામાન્ય એકાંત ગૃહમાં પ્રતિદિન જે મહા પવિત્ર કર્મનું અનુષ્ઠાન થાય છે તેની તુલના ક્યાં થઈ શકે એમ છે? ઐશ્વર્યથી ભરપૂર, ઇન્દ્રભુવન તુલ્ય ધનવાનોનાં વિલાસ પૂર્ણ ઉન્નત મકાનો, દરિદ્રની આવી ધન્યશૂન્ય પર્ણકુટીની વિમલ પૂણ્યમય જ્યોતિ આગળ તદ્દન નિસ્તેજ થઇ જાય છે! દરિદ્રની પર્ણ-કુટિમાં ઐશ્વર્ય જેવું કાંઇ હોતું નથી એ સત્ય છે, પરંતુ તે સ્થાને હૃદય છે–દુઃખીના દુઃખમાં સહાનુભૂતિનો પ્રકાશ નાખી દુઃખ મોચન કરનારી સરળ લાગણીવાળાં મનુષ્યો છે. આવાં દરિદ્ર મનુષ્યો તેની

જીર્ણ પર્ણકુટિમાં જે મહત્ પુણ્યાનુષ્ઠાન કરે છે, તે ધનવાનના ઐશ્વર્ય ગર્વથી ગર્વિત મોટા મોટા મહેલોમાં પણ માલૂમ પડતાં નથી. ભારતીય આર્ય પર્ણકુટિનું અતુલ માહાત્મ્ય આપણામાં હજુ પણ જેવું ને તેવું જીવિત રહ્યું છે.

પ્રયાગની પર્ણકુટિમાં વનફળ મૂળ ખાઇને રહેનાર, કૌપીનધારી ભારદ્વાજ મુનિએ પોતાના તપના પ્રભાવથી ભગવાન રામચંદ્રજીની માતા કૌશલ્યા, ભરત, શત્રુઘ્ન અને અયોધ્યાવાસીઓનો સત્કાર કરતાં આ મૃત્ય લોકમાં વિપુલ સ્વર્ગીય સુખનું દર્શન કરાવ્યું છે. કુરૂક્ષેત્ર નિવાસી મહાન દરિદ્રિમાં દરિદ્રિ ઉપવાસી બ્રાહ્મણની પર્ણકુટિમાં સામાન્ય "સાતવા"ના દાનથી જે મહા યજ્ઞનું અનુષ્ઠાન થયું હતું, જેથી પવિત્ર યજ્ઞભૂમિમાં પડેલા નોળીયાના અર્ધા અંગે દિવ્ય કાંચનમય સ્વરૂપ ધારણ કર્યું હતું—તે યજ્ઞના અતુલ મહિમાએ મહારાજા યુધિષ્ઠિરના યજ્ઞને પણ નિસ્તેજ કરી નાખ્યો હતો. વજ્ર નિર્ઘોષ સમયે મહારાજા યુધિષ્ઠિરની સભામાં નોળીયાએ તે યજ્ઞના મહિમાનું કિર્તન કરી સભામાં બેઠેલ સકળને સ્તબ્ધ કરી નાખ્યા હતા. ભારતના સદ્ભાગ્યે હજુ પણ તે પુણ્ય અને તપનો પ્રભાવ વિલુપ્ત થયો નથી. દરિદ્રની પર્ણકુટિનું માહાત્મ્ય હજુ પણ ભારતને સજીવ રાખી રહ્યું છે.

તૃતીય પરિચ્છેદ.

વિદ્યાસાગરનો જન્મ.

જેઓ આપણા કરતાં શ્રેષ્ઠ હોય અને જેઓની શ્રેષ્ઠતાથી આપણા ઉપર ઉપકાર થાય તેઓજ ભક્તિને પાત્ર છે. જેઓ સમાજના શિક્ષક હોય તેઓ પણ ભક્તિને પાત્ર છે. જેઓ પોતાની વિદ્યા, બુદ્ધિ અને બળવડે પરિશ્રમ કરીને, સમાજને શિક્ષણ આપવામાં પોતાનો કાળ વ્યતિત કરે તેઓ જ સમાજના ખરેખરા નેતા—આગેવાન છે અને તેથીજ ધર્મવેત્તા, વિજ્ઞાનવેત્તા, નીતિવેત્તા, દાર્શનિક, પુરાણવેત્તા, સાહિત્યકાર, કવિ, વગેરે પ્રતિ યથોચિત ભક્તિ પ્રદર્શિત કરવાની આવશ્યકતા છે. પૃથ્વીની જે કાંઇ ઉન્નતિ થઇ છે તે એવા મનુષ્યોદ્વારાજ થઇ છે. તેઓ પૃથ્વીને જે માર્ગે દોરે છે તે માર્ગે પૃથ્વી ચાલે છે. તેઓ નૃપ મંડળના પણ ગુરૂસ્થાને છે. રાજાઓ પણ એમની પાસે શિક્ષીત થઇને શાસન કરવાને સમર્થ થાય છે. વ્યાસ, વાલ્મીકિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, મનુ, યાજ્ઞવલ્કય, કપિલ, ગૌતમ, કણાદ ઇત્યાદિ પૂજ્ય ભારતીય મહર્ષિઓ એજ કોટીના થઇ ગયા છે.

જેનામાં અલૌકિક પ્રતિભા અથવા ધર્મજ્ઞાન અને વિશ્વ પ્રેમનો પૂર્ણ વિકાસ થયેલો જણાય તેનીજ અમે મહા પુરૂષ તરીકે પૂજા કરીએ છીએ; પરંતુ ગંગા, યમુના અને સરસ્વતીની પેઠે વિશ્વપ્રેમ, પ્રતિભા અને ધર્મજ્ઞાનની ત્રણે ધારાઓ જ્યાં સંમિલિત જોવામાં આવે તેવા મહાત્માને તો અમે વિરાટ્ મહા પુરૂષ કહીને વંદન કરીએ છીએ. એમની કૃતિમાં જેવો દૈવી શક્તિનો પરિચય થાય છે, તેવુંજ તેમનું જન્મ વૃત્તાંત પણ તેવીજ અસાધારણ ઘટનાઓથી પૂર્ણ જણાય છે.

વિદ્યાસાગર મહાશયનો જન્મ વૃત્તાંત પણ એવી રીતે કાંઇક વિચિત્રતા પૂર્ણ હોવાથી તેનો અત્રે ઉલ્લેખ કરવો યોગ્ય જ ગણાશે.

અમે પહેલાંજ કહી ગયા છીએ કે ઠાકુરદાસ કાર્યે કુશળ થયા પછી રામજય બીજીવાર તીર્થ પર્યટન કરવા ચાલ્યા ગયા હતા. તેઓએ દ્વારકા, જ્વાળામુખી, બદ્રિકાશ્રમ અને બીજાં નાનાં મોટાં તીર્થ સ્થાને પર્યટન કરીને આખરે કેદારનાથના પહાડ ઉપર નિવાસ કર્યો હતો. આટલો બધો લાંબો સમય વ્યતિત થવા છતાં પણ તેમણે ઘરની લેશ માત્ર પણ ચિંતા રાખી નહોતી. તેમ આટલાં બધાં વર્ષોમાં એક વાર પણ ઘરના સમાચાર મંગાવ્યા નહોતા. એક દિવસ રામજયને કેદારનાથના પહાડ ઉપર સ્વપ્નરૂપે વારંવાર ઘેર જવાની પ્રેરણા થઇ તેથી છેવટે તેમણે સ્વદેશ તરફ જવાનો નિશ્ચય કરી તે તરફ ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં ૭ માસે વીરસિંહપુર આવી પહોંચ્યા. ત્યાં આવ્યા પછી ખબર મળી કે ઠાકુરદાસ કલકત્તે કામધંધામાં પડયા છે અને પોતાના સંસારનું પ્રતિપાલન કરે છે. કનિષ્ઠ પુત્ર કાળીદાસ લગ્ન કરવા જેટલી યોગ્ય ઉમ્મરે પહોંચ્યો છે અને જ્યેષ્ઠ પુત્ર ઠાકુરદાસની પત્નિ ગર્ભવંતી હોવાથી ઉન્માદ રોગગ્રસ્ત થઇ ગઈ છે. રામજયે વીર-સિંહપુર આવ્યા પછી પોતાના આવ્યાના સમાચાર બન્ને પુત્રોને કલકત્તે લખી મોકલ્યા. સમાચાર જાણતાંજ ઘણા સમય પછી પિતાને મળ-વાને ઠાકુરદાસ અને કાળીદાસ કલકત્તેથી બન્ને વીરસિંહપુર આવ્યા.

શાલિવાહન શક ૧૭૪૨ માં એટલે બંગાળી સન ૧૨૨૭ ના આશ્વિન માસની અજવાળી ૧૨ ને મંગળવારને દિવસે મધ્યાહ્ન કાળને સમયે વીર શિશુ ઇશ્વરચંદ્રે વીરસિંહપુર નામના એક નાનકડા ગામડામાં દરિદ્ર ઠાકુરદાસની પર્ણકૂટિમાં જન્મ ગ્રહણ કર્યો. સુવાવડના ઓરડાના બારણાં આગળ વીરસિંહપુર નિવાસી સ્ત્રીઓથી થતા મંગળધ્વનીથી આખું ગામ ગાજી ઉઠયું ને વીરસિંહપુરના દરેક ઘરમાં તે મહા પુરૂષના

જન્મની વધામણી આપી. આ પ્રકારે માંગલ્યમય વધાઇઓ વચ્ચે ઇશ્વરચંદ્રે પ્રથમ સૂર્યનો આભાસ દીઠો. તીર્થક્ષેત્રથી પાછા ફરેલા પિતામહ રામજય બંદોપાધ્યાય મહાશયે કહ્યું કે તેનું નામ "ઇશ્વર" રાખું છું.

ઇશ્વરચંદ્ર જ્યાં સુધી ગર્ભમાં હતા, ત્યાં સુધી જનની ભગવતીદેવી દશ માસ સુધી ઉન્માદ રોગગ્રસ્ત રહ્યાં હતાં. દુર્ગાદેવીએ તેને આરોગ્ય કરવાને માટે અનેક પ્રકારના ઉપચારો કર્યા છતાં કાંઇપણ ટીકી લાગતી નહિ, ત્યારે કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ આવીને કહેતી કે "દેવીને ભુત અથવા પિશાચ વળગ્યું છે. એમને કાંઇ નડતર છે તેથીજ આટલાં બધાં રીબાય છે." બીચારાં ભોળાં દુર્ગાદેવી પોતાની પુત્રવધૂને ગમે તે પ્રકારે આરોગ્ય કરવાને અનેકાનેક ભૂવા, જતિ વગેરેને દેવીના દાણા દેખાડતાં હતાં તેમ પીર અને દરગાની બાધા, આખડીઓ રાખતાં હતાં. તેમ છતાં પણ કોઇ રીતે તેમને ફેર પડતો નહિ. આખરે એક દિવસ ઉદયગંજ નિવાસી પંડિતવર્ય ભવાનંદ શિરોમણિ ભટ્ટાચાર્યને ભગવતીદેવીના જન્મગ્રહ જોવાનું કહ્યું. ભવાનંદ શિરોમણિ તે સમયે વૈદક તેમજ જ્યોતિષમાં એક્કા ગણાતા હતા. તેમનામાં નાડી પરીક્ષા કરવાની અદ્ભૂત શક્તિ હતી. ભગવતીદેવીની સ્થિતિ જોઇને તેમણે કહ્યું કે: "ભગવતીને કોઇ જાતનો રોગ નથી. માટે કોઇ પણ પ્રકારનું ઔષધ લેવાની જરૂર નથી. ગર્ભસ્થ બાળકનો જન્મ થતાંજ તે રોગથી મુક્ત થશે." ભવાનંદ મહાશયે જે પ્રમાણે કહ્યું હતું તેમજ થયું. પ્રસવ થયા પછી ભગવતીદેવીમાં તેમના પૂર્વ રોગનું એક પણ ચિહ્ન નજરે પડ્યું નહિ. આથી દુર્ગાદેવીએ ભવાનંદ ભટ્ટાચાર્યની બહુજ પ્રશંસા કરી.

चतुर्थ परिच्छेद.

શિશુચર્યા અને સન્તાન શિક્ષા.

સન્તાન જન્મતાંજ સ્નેહમયી જનનીના વૃક્ષઃ સ્થળનો આશ્રય લે છે અને જ્યાં સુધી તે પોતાની મેળે હરીફરી શકે નહિ ત્યાંસુધી જનનીની શિક્ષાને આધીન રહીને શશિકળાની પેઠે દિનપ્રતિદિન વૃદ્ધિ પામે છે. આ સમયે જનનીની પાસે રહીને બાળક જે શિક્ષા પ્રાપ્ત કરે છે તે શિક્ષા, બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ વિકાસ પામતી જાય છે. સન્તાન વત્સલ જનનીના અકૃતિમ સ્નેહનો પ્રભાવ એવો પ્રબળ હોય છે કે બાળક બીજા સર્વ કરતાં એના પ્રતિ વધારે પ્રીતિ રાખે છે અને તેના આચાર, વિચાર, વ્યવહાર, રીતિ અને નીતિનું અનુકરણ કરે છે. તેથીજ માતાના ગુણદોષ સન્તાનમાં ઉતરી આવે છે.

જે શિક્ષાથી વાસ્તવિક મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે તે શિક્ષાની શરૂઆત બાલ્યાવસ્થામાંજ થાય છે. આ સમયે સાધારણતઃ બાળકની આતુરતા અને અનુકરણ શક્તિ અતિશય પ્રબળ હોય છે. બાળક પોતાની આગળ પાછળ જે કાંઈ જુએ છે તે સઘળું તેને મન નુતન અને અપરિચિત હોય છે. આ અવસ્થામાં બાળક નઠારા સ્વભાવના મનુષ્યોના હાથમાં ન જાય એ પણ જોવાનું છે, કારણકે જે વસ્તુ એને નૂતન અને અપરિચિત લાગે તેને વિષે તે જેની પાસે—જેની સંગતિમાં—હોય તેને સવાલ કરે છે અને તે માણસ જે કહે છે તેને તે સત્ય માનીને ગ્રહણ કરે છે. બાલ્યકાળમાં જે કાંઇ શિક્ષા આ પ્રકારે આપવામાં આવે છે તે બાળકના સ્મૃતિ પટમાં લાંબા વખત

સુધી કોતરાઈ રહે છે; એટલા માટે તેની પાસે એવા પ્રકારનાં આદર્શ રાખવાં જોઇએ કે જેનાથી તેની સુકુમાર મનોવૃત્તિ તેજસ્વી થઇને તે ઉન્નત અને પવિત્ર બની શકે. આ સમયે બાળકોના હૃદયમાં જ્ઞાનની જે રેખા દોરાય છે તેજ ભવિષ્યમાં વિસ્તાર પામીને નૂતન રંગે રંગાય છે. એટલા માટે બાળકની શિક્ષા અને ચિત્તવૃતિનો વિકાસ, તે જેવા કુટુંબમાં ઉછરે છે તેને અનુસરીને થાય છે એ વાત નિઃસંશય છે.

લૉર્ડ બ્રોહામ કહે છે કે: "બાળક આઠથી ત્રીસ માસની વય સુધીમાં, પોતાના અને પારકાના મન સંબંધી જેટલી શિક્ષા પ્રાપ્ત કરે છે તેથી અધિક તે તેની આખી જીંદગીમાં પણ પ્રાપ્ત કરતું નથી." એ સમયમાં બાળક પોતાના સમસ્ત જીવનની શિક્ષાના બીજનો સંગ્રહ કરે છે, તેટલા માટે અતિ બાલ્યાવસ્થાથીજ બાળકની સુશિક્ષાનો પ્રબંધ કરવો આવશ્યક છે. માતા અને પિતા એઓ ઇશ્વરના પ્રતિનિધિરૂપે, આ સંસારમાં બાળકોની રક્ષા કરનાર છે. જનનીની ઉદાર અથવા અનુદાર પ્રકૃતિ—તેના અજ્ઞાનમય સંસ્કારવાળી અથવા દિવ્ય જ્ઞાનના પ્રકાશવાળી પ્રકૃતિ બાળકના જીવનને શુભ કે અશુભ માર્ગે દોરનારી થાય છે. માતાના એકે એક સારા યા માઠા આચાર, વિચાર, નીતિ, રીતિ, સ્વભાવ અને ચારિત્ર ઉપર બાળકના વર્તમાન અને ભવિષ્યના જીવનના મંગળ અમંગળનો આધાર રહેલો છે.

પરિવારમાં ધર્મ અને સાધુતાનું રક્ષણ કરવાનો ભાર રમણીઓના હાથમાં છે. જનની જો ધર્મપરાયણ અને વિવેકી હોય અને તેના હૃદયમાં સાધુતા પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા હોય તો સંતાનમાં પણ તેજ સદ્દગુણો ઉતરી આવે છે. સ્નેહમયી માતાના મ્હોંના મધુર શીખામણના શબ્દો સન્તાનના સ્મૃતિપટમાં ઉંડા કોતરાઇ જાય છે. વિદ્યાલયોમાં સેંકડો શિક્ષકોના ઉપદેશથી જે શિક્ષા—જે જ્ઞાન પ્રાપ્ત

ન થાય તે એક સુશિક્ષિત સદાચારી, અને વિવેકપરાયણ માતાના ખોળામાં સૂતાં સૂતાં બાળક સહજમાં પ્રાપ્ત કરી લે છે. મહાન પુરૂષોનાં જીવન ચરિત્રો વાંચવાથી સ્પષ્ટ માલૂમ પડે છે કે જગતમાં તેઓ પોતાના જે જે સદ્‌ગુણો માટે પ્રતિષ્ઠા મેળવી ગયા છે એજ સદ્‌ગુણો તેમની માતાઓમાં પણ વિશેષ કરીને રહેલા હોય છે.

ત્રિભુવન વિજયી દૈત્યરાજ હિરણ્યકશિપુ અતિશય નાસ્તિક હતો. હરિનું નામ સાંભળતાંજ તે એકદમ ક્રોધથી અધિરો થઇ જતો અને તેના રાજ્યમાં કોઇ પણ સ્થળે કોઈ હરિ નામનો ઉચ્ચાર સરખો પણ કરી શકતું નહિ. આવા હરિદ્વેષી કુળમાં પણ હરિભક્તિ પરાયણ રાજપત્નિની ભક્તિથી ભક્ત ચૂડામણિ પ્રહ્લાદનો આવિર્ભાવ થયેલો જોવામાં આવે છે. પાંચ વર્ષના બાળકને એટલી બધી ધર્મ પરાયણતા અને ભગવાન પ્રતિ એટલી બધી શ્રદ્ધા રાખવાનું કોણે શીખવ્યું? જ્યાં આગળ સઘળાંજ—પિતા, બંધુ, બાંધવ, મિત્ર, ગુરૂ અને આપ્તવર્ગ વગેરે—હરિ નામથી વિમુખ હોય ત્યાં આગળ આવા નાદાન અણસમજુ બાળકને આવી દૃઢ સુશિક્ષા ક્યાંથી મળી અને કોણે આપી? સઘળાં જાણે છે કે જે પ્રેમ તેની માતા કયાધુરના હૃદયમાં નદીની પેઠે વહેતો હતો તેજ પ્રેમ પાંચ વર્ષના બાળક પ્રહ્લાદના હૃદયમાં ભક્તિના રૂપમાં પરિણામ પામ્યો હતો.

ઉત્તાનપાદ મહારાજાના પુત્ર ધ્રુવ, ઓરમાન માતા સુરૂચિના દુર્વાક્ય બાણથી વિંધાઇને દુઃખી હૃદયે પોતાની માતાની પાસે જઇને અતિ કરૂણ સ્વરે રૂદન કરતાં કરતાં જ્યારે સમસ્ત હકીકત નિવેદન કરવા લાગ્યા ત્યારે ધર્મશીળ, સહનશીળ અને વિવેક પરાયણ જનની સુનીતિએ તેમને જે ઉપદેશ આપ્યો છે તે અતિ મહત્—અતિ ઉચ્ચ છે. પોતાના પુત્રને દુઃખી થતો જોઇને તેને સાંત્વન કરતાં સુનીતિ કહેવા લાગ્યાં કેઃ "ભાઈ, આ પૃથ્વીમાં માણસ પોતાના ગુણ કર્મથીજ

મોટો થાય છે. જો ઓરમાન માતાનાં વચનોથી ત્હારા મનમાં ક્લેશ થતો હોય, તો પુણ્ય પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કર. પુણ્ય પ્રાપ્ત કરવાથી સઘળું પ્રાપ્ત થશે. વિનયી, સત્યવાદી, ધર્મપરાયણ અને પર-હિતવાદી થા. જળ જેમ નીચા પ્રદેશ પ્રત્યેજ વહે છે તેમ નમ્ર થવાથી પૃથ્વીની સર્વ સંપત્તિ અનાયાસેજ ત્હારો આશ્રય ગ્રહણ કરશે. સર્વ સંકટ વિમોચક પ્રભુ આપણું સારૂં કરશે. તું તેનેજ શરણે જા." આવી ક્ષમાશીલ, પુણ્યવતી, જનનીના ઉદરથી જન્મ ગ્રહણ કરેલો હોવાથીજ પાંચ વર્ષના બાળક ધ્રુવના હૃદયમાં પુણ્યની વિમળ અને પવિત્ર જ્યોતિ પ્રકટ થઈ હતી, અને તેથીજ ધ્રુવ ઉગ્ર તપના પ્રભા-વથી પ્રભુની કૃપા પ્રસાદી મેળવવા ભાગ્યશાળી થયા હતા.

થીયોડોર પાર્કરે પોતાના જીવન ચરિત્રમાં એક સ્થળે લખ્યું છે કેઃ જ્યારે તે પાંચ વર્ષનો બાળક હતો ત્યારે એક દિવસ તે પોતાના પિતાની સાથે બહાર ફરવા ગયો હતો અને ત્યાંથી તે પોતે એકલો પાછો આવતો હતો, ત્યારે રસ્તામાં તેણે કેટલાંક બાળકોને એક નાનકડા કાચબાને ઘેરીને ઉભેલાં દીઠાં. થીયોડોર પણ ત્યાં ગયો. સઘળાં બાળકો કાચબાને પોતાની લાકડીવતી મારતાં હતાં. થીયોડોરના હાથમાં પણ લાકડી હતી. બાલ્ય સ્વભાવને વશ થઇને તેણે પણ લાકડી ઉગામી, પરંતુ જાણે કાચબો તેને મારવા માટે નિષેધ કરતો હોય એમ તેને લાગ્યું. આથી વિસ્મય પામી કાચબાને પડતો મૂકી તે એકદમ ઘેર આવ્યો અને સર્વ વાર્તા પોતાની માને કહીને "કાચબાએ તેને ના શા માટે કહી" તે પૂછ્યું. પવિત્ર-હૃદયા માતાએ તેને પોતાના ખોળામાં બેસાડી મુખ ચુંબન કરીને કહ્યુંઃ "વત્સ, લોકો જેને વિવેક કહે છે, તેને હું ઇશ્વરની વાણી કહું છું. તેણેજ તને અસત્ કાર્ય કરતાં અટકાવ્યો છે. આજ પ્રમાણે હમ્મેશાં તેની આજ્ઞા માન્ય કરજે અને તેમ કરવાથીજ તું સત્ય માર્ગે વિચરી

શકીશ." પાર્કર કહે છે કે આ બનાવે અને માતાના આ સદુપદેશ વાક્યોએજ મ્હારૂં મન હમ્મેશાં જાગૃત રાખ્યું હતું, અને મને ધર્મ માર્ગે ચાલવાને ઉત્સાહિત કર્યો હતો.

આજથી આસરે સો વર્ષ ઉપર કલકત્તાની સુપ્રીમ કોર્ટમાં સર વિલ્યમ જૉન્સ નામે એક વિલક્ષણ ન્યાયાધીશ થઈ ગયો છે. જૉન્સ જ્યારે ત્રણ વર્ષનો બાળક હતો ત્યારે તેના પિતાનો દેહાંત થયો હતો. પિતાના મરણથી તેની શિક્ષાનો સઘળો ભાર તેની સુશિક્ષિત માતા ઉપર પડયો. તેમની જનની એક અસાધારણ વિદ્યાવતી સ્ત્રી હતાં. અતિ બાલ્યાવસ્થામાંજ માતાના યત્નથી જૉન્સને ભણવા તરફ અભિરૂચિ થઈ હતી. જ્યારે તે એ ત્રણ વર્ષનો બાળક હતો ત્યારે કોઈ નવીન વસ્તુ જોઇને તે વિષે પોતાની માતાને પૂછતો. આવે સમયે તેની માતા તેને એટલોજ જવાબ આપતાં કે: "વિદ્યાભ્યાસ કર, તેથી બધું સમજાશે." માતાના મુખથી વિદ્યાભ્યાસની વાત વારંવાર શ્રવણ થતી હોવાથી બાળક જૉન્સને વિદ્યાભ્યાસ પ્રતિ ગાઢ પ્રેમ થયો હતો. યોગ્ય ઉમ્મરે તેને પાઠશાળામાં મુકવામાં આવ્યો, ત્યાં તે અત્યંત પ્રેમથી ભણવા લાગ્યો. પાઠશાળામાં તે ગ્રીક અને લૅટીન ભણ્યો અને પોતાના યત્નથી જૂદા જૂદા દેશની ચાર પાંચ ભાષાઓનું જ્ઞાન સંપાદન કર્યું. વિદ્યાલયનો અભ્યાસક્રમ પૂરો થયા પછી થોડા વખત બાદ તેને સંસ્કૃત ભાષા શીખવાની પ્રબળ ઇચ્છા થઈ. આથી તેણે ભારતવર્ષની રાજધાની કલકત્તાની સુપ્રીમ કૉર્ટમાં ન્યાયાધીશની પદ્વિ લઈ પોતાની ઇચ્છા પૂર્ણ કરી. સંસ્કૃત ભાષામાં એણે એટલી બધી પારદર્શિતા મેળવી હતી કે, તેઓએ મહાકવિ કાળીદાસની લખેલી "શકુંતલા"નું ઇંગ્રેજી ભાષાંતર કર્યું છે.

જનનીની સાધુતા અને ધર્મનિષ્ઠાની વાતો સંભારીને અનેક બાળકો અધર્મ માર્ગથી પાછા ફરી, પશ્ચાત્તાપથી અશ્રુ વિસર્જન કરીને

પાપનું પાયશ્ચિત્ત કરે છે. આવાં અનેક દૃષ્ટાંતો ઉપરથી જણાય છે કે સન્તાન ઉપર માતાનો પ્રભાવ વિશેષ હોય છે અને માતાની ધર્મશીલતા, આત્મસંયમ અને સહનશીલતા વગેરે સદ્‌ગુણો ઉપર સન્તાનનું અને સમાજનું ભાવી શુભાશુભ સંપૂર્ણ રીતે આધાર રાખે છે એમાં કાંઇ પણ સંદેહ નથી.

સમસ્ત યુરોપખંડને ધ્રુજાવનાર, એક સિપાઇના ક્ષુદ્ર અધિકાર ઉપરથી ફ્રાન્સના મહારાજાનું પદ મેળવનાર મહા પ્રતાપી નેપોલિયન બોનાપાર્ટ પોતાની માતાની આજ્ઞા સિવાય બીજા કોઇની પણ આજ્ઞા માન્ય કરતા નહિ. તેમની માતાએ તેનાપર પ્રેમયુક્ત અધિકાર ચલાવીને પોતાના સન્તાનને પોતાની તરફ ભક્તિવાન થતાં અને આજ્ઞાનું પરિપાલ કરતાં શીખવ્યું હતું. એજ આદર્શ રમણીની પાસે બાલ્યકાળમાં નેપોલીયને તેના ગુણની શિક્ષા લીધી હતી. જનનીના વૃક્ષઃ સ્થળમાંથીજ તેણે ધર્મમાં વીરતા, નીતિમાં અટલતા, કાર્યમાં દક્ષતા, દૃઢતા અને ઉત્સાહના ગુણો મેળવ્યા હતા.

અમેરિકાના આગલા પ્રેસીડૅન્ટ ઍડમે કહ્યું છે કેઃ " બાલ્યાવસ્થામાં માનવ જીવનના સર્વ શ્રેષ્ઠ ગુણોને આપનારી, સુશિક્ષિત અને સન્તાનનું ઉત્તમ પ્રકારે લાલનપાલન કરનાર જનની મને પ્રાપ્ત થયાં હતાં. તેમની પાસેથી જે ધર્મ અને નીતિની શિક્ષા મ્હેં લીધી હતી, તે જીવન પર્યંત મ્હારી સાથે રહી હતી."

હવે આપણે મૂળ વિષયપર આવીશું. બાળક વિદ્યાસગર જનનીના સ્નેહમય વક્ષઃસ્થળમાં શુક્લ પક્ષના ચંદ્રની પેઠે દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યા. તેના ભાગ્યમાં ઍડમ જેવી વિદ્યાવતી માતા નહોતી કારણ કે હજારો વર્ષથી ભારતમાં સ્ત્રી જાતિ અજ્ઞાનના અંધકારમાં ડૂબી ગઇ છે. દેશમાં સ્ત્રી કેળવણીની પ્રથા નથી. કુમાર સંભવ અને વિક્રમોર્વશી નાટક વગેરે ગ્રંથોમાં એવાં અનેક પ્રમાણો

મળે છે કે પ્રાચીન કાળમાં સ્ત્રીઓ ભોજપત્રપર લખતી હતી. તેમને નાના પ્રકારની કેળવણી પણ મળતી હતી. દશકુમાર ચરિત્રના સંસ્કૃત ગ્રંથમાંથી તો એમ પણ માલૂમ પડે છે કે તે વખતની સ્ત્રીઓ વિદેશી ભાષા, ચિત્રવિદ્યા, પુષ્પવિદ્યા, નૃત્યવિદ્યા, સંગીત, તર્કવિદ્યા, ગણિતશાસ્ત્ર, વાક્યવિન્યાસ, સૌગંધ અને દરેક પ્રકારના સારા સારા ખાવાના પદાર્થો મિષ્ટાન ઇ૦ તૈયાર કરવાની વિદ્યા અને તે ઉપરાંત જીવન નિર્વાહ માટે પણ કોઈ એક શ્રેષ્ઠ વિદ્યાનો અભ્યાસ કરતી હતી. હાય! જે ભારતવર્ષમાં એક સમયે સ્ત્રી શિક્ષા આટલી બધી ઉત્તમ સ્થિતિએ પહોંચી હતી; જે ભારતમાં દેવયાની, લોપામુદ્રા, વિશ્વવારા, રોમશા અને વાક્આદિ વિદુષી વનિતાઓએ વેદમંત્રની રચના કરી છે; જે ભારતમાં ભાષ્કરાચાર્યની કન્યા લીલાવતીએ જ્યોતિષ શાસ્ત્રમાં પારંગત થઈ પોતાના નામથી એક સ્વતંત્ર જ્યોતિષ ગ્રંથનો પ્રચાર કરી જગતનાં જ્ઞાન ચક્ષુ ઉઘાડયાં છે; જે ભારતમાં અનુસુયા, અરૂંધતી, સાવીત્રિ, સીતા, મૈત્રેયી, શૈવ્યા અને ગાર્ગી વગેરે પ્રાતઃસ્મરણીય રમણીઓ પોતાના સાંસારિક સુખ વૈભવનો ત્યાગ કરી ધર્મ વિચારમાં પ્રવૃત્ત થઇ હતી; જે ભારતમાં એવો પણ દિવસ હતો કે વાણારસી નગરીમાં સંસ્કૃત પાઠશાળા સ્થાપન કરીને 'હટ્ટીવિદ્યાલંકાર' નામની એક વિખ્યાત રમણી વિદ્યાર્થીઓને ન્યાય અને સ્મૃતિ શાસ્ત્ર પર્યંતની શિક્ષા આપતી હતી; જે ભારતમાં એક સાધારણ મિહિરની સ્ત્રી 'ખન્ના' જ્યોતિર્વિદ્યા અને તેની રચનાને માટે વિખ્યાત થઈ છે; જે ભારતમાં ચિતોડની મહારાણી મીરાંબાઇ પોતાની કવિત્વ શક્તિથી પ્રસિદ્ધ 'ગીતગોવિંદ' ના રચનાર કવિ જયદેવના જેવી સુમિષ્ટ કવિતા લખી ગઇ છે; જે ભારતમાં લક્ષ્મી, પદ્માવતી ઇ૦ સન્નારીઓ ચોસઠ કળા અને ચૌદે વિદ્યા જાણતી હતી; જે ભારતના મારવાડ દેશમાં આભીર નામની એક અવિવાહિતા

વિદ્યાવતી સ્ત્રીએ નીતિ, કાવ્ય અને દર્શન વિષયક પુસ્તકોની રચના કરી તેને પાઠશાળામાં પાઠ્ય પુસ્તકો તરીકે પ્રચલિત કર્યાં છે અને જે ભારતવર્ષમાં દરેક શ્રેણીની સ્ત્રીઓ નાના પ્રકારનો વિદ્યાભ્યાસ કરતી માલમ પડી છે, તેજ ભારતમાંથી આજે દુર્ભાગ્યવશાત્ સ્ત્રી શિક્ષા એકદમ વિલુપ્ત થઇ ગઇ અને ધીમે ધીમે આ દેશના લોકોને એક એવો વ્હેમ–કુસંસ્કાર–પડી ગયો કે "સ્ત્રીઓને વિદ્યાભ્યાસ કરાવવાથી તેમને વૈધવ્ય દશા પ્રાપ્ત થાય છે." આવા અશુભ ભયથી આ દેશની સ્ત્રીઓ વિદ્યાભ્યાસથી વિમુખ થઇ દેશમાં અજ્ઞાનતા વ્યાપી ગઇ ! જ્યારે દેશમાં સ્ત્રી શિક્ષાનો માર્ગ આવા પ્રકારના વ્હેમોથી પૂરી દેવામાં આવે, ત્યારે સ્ત્રીઓનું જીવન પશુવત્ થઇ જાય એમાં શું આશ્ચર્ય ? છતાં આવા સંયોગોમાં પણ પરંપરાની, સદ્દગુણની અને કથા શ્રવણની શિક્ષાએ દેશને સજીવ રાખ્યો છે. દેશમાં શાસ્ત્ર કથા, રામાયણ, મહાભારત અને પૌરાણિક ઉપાખ્યાનો આદર્શ હિંદુગૃહમાં પ્રતિ દિન ચર્ચાતાં હતાં અને એ સકળ ધર્માનુષ્ઠાનેજ દેશના ધર્મભાવ અને નૈતિકભાવને જાગૃત રાખ્યો હતો.

તે વખતે સ્ત્રીઓને હરિશ્ચંદ્રનો સ્વાર્થત્યાગ, યુધિષ્ઠિરની ન્યાય પરાયણતા, ભીષ્મની પ્રતિજ્ઞા અને બાણશય્યા, અર્જુનનું રણકૌશલ્ય અને બાહુબળ, રામચંદ્રની પિતૃભક્તિ, ભ્રાતૃવત્સલતા અને લોક રંજનને માટે સ્વાર્થત્યાગ, લક્ષ્મણનો વડિલ બંધુ ઉપરનો પ્રેમ, સતી સાવિત્રીની પતિભક્તિ વગેરે વિષયોનું જ્ઞાન કથા વાર્તા ઇત્યાદિ દ્વારા સ્ત્રીઓને મળતું હતું.

તે સમયનાં સન્તાનો પોતાનાં માતા, માતામહી, પિતામહી વગેરેને અભ્યાગતનો સત્કાર, અપરિચિત દુઃખી મનુષ્યોની સેવા, દુઃખીને આશ્રયદાન, ક્ષુધાતુરને અન્નદાન વગેરે કરતાં જોઇને પરોપકાર અને સેવા ધર્મની શિક્ષા પામતાં હતાં. ગામના સામાન્ય લોકો સાથે

ધનવાનોનાં બાળકોનો પણ એવો સંબંધ હતો કે કોઇ પણ એક બીજાને તિરસ્કારની નજરથી જોતું નહિ. આ પ્રમાણે તેઓને દયાશીલ, હૃદયવાન અને મીઠું બોલવાની શિક્ષા મળતી હતી. પહેલાંનાં આદર્શ કુટુંબોમાં બાર માસમાં તેર પર્વો કરવામાં આવતાં હતાં તેમ અનેક ધર્માનુષ્ઠાન આચરવામાં આવતાં હતાં. સન્તાનો આમાંથી અને ઘરના બીજા દરેક કાર્યમાંથી સુશિક્ષા પ્રાપ્ત કરતાં હતાં. દેશમાં આ સર્વ પ્રકાર વિધમાન હોવાથીજ દેશ પ્રાણહીન અથવા હૃદયવિહીન થયો નહોતો. તે સમયે જનનીઓ પાસે સન્તાન શિક્ષા માટે આજની શિક્ષિતા માતાઓની પેઠે બેઇન, ગલટન, હરબર્ટ સ્પેન્સર, સ્માઇલ્સ, કાર્પેન્ટર, ફ્લાવર વગેરે પાશ્ચાત્ય પંડિતોના વિચારોની ગોખણપટ્ટી કરવાનો યોગ નહોતો એ સત્ય છે; પરંતુ ઋતુધ્વજની રાજપત્ની મદાલસાએ સાધુ અલર્કને જે સદુપદેશ આપીને તેને ગૃહસ્થ બનાવ્યો છે, મહર્ષિ યાજ્ઞવલ્કયે રાજર્ષિ જનકને જે મહા મૂલ્યવાન સદુપદેશ આપ્યો છે અને તેમાં સન્તાન ઉપર માતાના પ્રભાવ વિષે જે કાંઇ કહ્યું છે, તેમ તંત્રશાસ્ત્રમાં ગૃહસ્થાશ્રમ ધર્મના વર્ણનમાં સન્તાન શિક્ષા ઇત્યાદિ બાબતોપર જે ઉત્તમ ઉપદેશ કરેલો છે તે વાચકો માટે ઉપયોગી ધારી અત્રે આપવામાં આવે છે.

ગૃહસ્થાશ્રમ ધર્મ:—શ્રી દેવીએ કહ્યું: “વિભો, ગૃહસ્થોના ધર્મ કેવા છે? તેમ ભિક્ષુકોના ધર્મ પણ કેવા છે? બ્રાહ્મણ અને બ્રાહ્મણ સિવાયના અન્યાન્ય વર્ણ સમૂહના ધર્મ કેવા છે? તે સઘળું મને વિસ્તારપૂર્વક કહો.”

શ્રી સદાશીવે કહ્યું: “કાતિનિ! ગૃહસ્થ ધર્મ મનુષ્ય વર્ગનો પ્રથમ ધર્મ છે અને તે સર્વનું મૂળ ગણાય છે. માટે સૌથી પહેલાં હું તને ગૃહસ્થાશ્રમ ધર્મ કહું છું તે શ્રવણ કર.”

“ગૃહસ્થ બ્રહ્મનિષ્ઠ અને બ્રહ્મપરાયણ હોય છે. તેઓ જે જે

કર્મનું અનુષ્ઠાન કરે છે તે સઘળું બ્રહ્મનેજ અર્પણ કરે છે. ગૃહસ્થ કોઇ પણ દિવસ કોઇની પણ પાસે અસત્ય બોલતો નથી. સર્વ રીતે કપટ આચરણથી દૂર રહે છે. તેમ તે દેવતા અને અતિથિની પૂજામાં ગુંથાયલો રહે છે. ગૃહસ્થ માતાપિતાને સાક્ષાત દેવતુલ્ય માનીને નિરંતર અંતઃકરણથી તેમની સેવા કરે છે. હે પાર્વતિ ! જે વ્યક્તિ માતાપિતાને સંતોષે છે તેની ઉપર યોગમાયા પ્રસન્ન થાય છે અને પરબ્રહ્મ પણ તેની ઉપર કૃપા કરે છે; કેમકે સર્વ જગતનાં માતા અને પિતા તેઓજ છે, માટે ગૃહસ્થ માતાપિતાની સેવા કરીને બન્નેનો સંતોષ મેળવે છે. જેથી એના કરતાં બીજી ઉત્કૃષ્ટ તપસ્યા કઇ હોઇ શકે ? ગૃહસ્થ વ્યક્તિને યોગ્ય સમયે માતાપિતાને, આસન, શય્યા, વસ્ત્ર, પાણી અને ભોજ્ય પદાર્થો વગેરે આપે છે. કુળ દિપક સત્પુત્ર પિતા માતાને મૃદુ વાક્યોથી પ્રસન્ન કરે છે અને તેમને જે કાંઇ પ્રિય હોય તેજ કરે છે. સત્પુત્ર પિતા માતાની આજ્ઞાનું કદિ પણ ઉલ્લંઘન કરતો નથી. જે ગૃહસ્થ પોતાનું ભલું ઇચ્છતો હોય તેણે કદિ પણ માતાપિતા સાથે ઉદ્ધતાઇથી વર્તવું નહિ, તેમ તેમની મશ્કરી પણ કરવી નહિ. તેમની પાસે ઘાંટો પાડવો નહિ તેમજ કુવચનો બોલવાં નહિ. માતાપિતાને જોતાંજ તેમને આદર સહિત પ્રણામ કરવા અને તેમની આજ્ઞા પાળવાને સતત તત્પર રહેવું. વિદ્યાના મદથી તેમજ ધનના મદથી અંધ થઇને જે મનુષ્ય માતાપિતાનું અપમાન કરે છે તે સર્વ ધર્મથી બહિષ્કૃત થઇને ઘોર નર્કમાં જાય છે. પ્રાણ જતો હોય તો પણ ગૃહસ્થ માતા, પિતા, પુત્ર, ભાર્યા, અતિથિ અને સહોદરને મૂકીને ભોજન કરતો નથી, જે વ્યક્તિ, માતા, પિતા, ભ્રાતા, બ્હેન વગેરે સ્વજનોને ન આપતાં પોતાના ઉદર પુરણાર્થેજ ભોજન રંધાવે છે તે આ લોકમાં અતિ નિંદિત થઇને પરલોકમાં નર્કમાં પડે છે. ભાર્યાનું રક્ષણ કરવું, પુત્રને વિદ્યા શિક્ષા આપવી, સ્વજનો અને

બંધુ બાંધવોનું ભરણપોષણ કરવું એજ ગ્રહસ્થાશ્રમીનો સનાતન ધર્મ છે. જનનીદ્વારા દેહને પુષ્ટિ મળે છે, જન્મદાતા પિતામાંથી દેહની ઉત્પત્તિ થાય છે અને સ્વજનો પ્રીતિપૂર્વક શિક્ષા પ્રદાન કરે છે, માટે જે વ્યક્તિ એમની અવગણના કરે છે તે નરાધમ છે એમાં લેશ માત્ર પણ સંશય નથી. હે પાર્વતિ! ગુરૂજન અને સ્વજનો માટે હજારો કષ્ટો ભોગવી નિરંતર શક્તિ પ્રમાણે તેમનો સંતોષ મેળવવો એજ ગૃહસ્થનો સનાતન ધર્મ છે. જે વ્યક્તિ બ્રહ્મનિષ્ઠ અને સત્ય પ્રતિજ્ઞ થઇને કર્મ કરે છે, તેજ ખરેખર મહાપુરૂષ છે અને પૃથ્વી-પરના તેવા મહાપુરૂષોને ધન્ય છે. મહાપુરૂષની એજ કૃતિ છે અને એજ મહાપુરૂષ પરમાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવાને સમર્થ થાય છે. જો ભાર્યા પતિવ્રતા અને સાધ્વી હોય તો ઉત્તમ ગૃહસ્થ તેનાપર કદિ પણ પ્રહાર કરતો નથી, પણ ઉલટો માતાની પેઠે તેનું પરિપાલન કરે છે અને ઘોર કષ્ટમાં પડવા છતાં પણ તેનો ત્યાગ કરતો નથી.”

* * * * *

“ડાહ્યો માણસ * * * કોઇ પણ સ્ત્રીને અયોગ્ય શબ્દ કહેતો નથી. તે પોતાની પત્નીને જોઇતા ધનથી, વસ્ત્રાભુષણથી, પ્રેમ પ્રદર્શનથી, વિશ્વાસથી અને અમૃત તુલ્ય મીઠાં વચનોથી સંતોષે છે. તે કોઇ પણ દિવસ તેની પાસે અપ્રિય આચરણ કરતો નથી. બુદ્ધિમાન પુરૂષ પોતાની સ્ત્રીને ઉત્સવમાં, લોક યાત્રામાં, તીર્થમાં, તેમજ બીજાને ઘેર એકલી જવા દેતો નથી. હે મહેશ્વિનિ! જે પુરૂષ પ્રત્યે પતિવ્રતા ભાર્યા સંતુષ્ટ રહે છે તે પુરૂષ સર્વ ધર્મ--કર્મનાં ફળને પ્રાપ્ત કરે છે અને તેનો પ્રીતિપાત્ર થાય છે. પિતાએ ચાર વર્ષ સુધી પુત્રનું લાલનપાલન કરવું જોઇએ. ત્યાર પછી સોળ વર્ષ પર્યંત વિદ્યા અને (દયા, દાક્ષિણ્ય, શિષ્ટાચાર, ધર્મનિષ્ઠતા, પરોપકાર પરાયણતા, જીતેંદ્રિયતા, સત્યનિષ્ઠા, ધૈર્ય, ગાંભીર્ય વગેરે) સદ્દગુણોની શિક્ષા આપવી

જોઇએ. ત્યાર પછી વીશ વર્ષની વય સુધી તેને ગૃહકાર્યમાં યોજવો અને ત્યાર પછી તેને આત્મતુલ્ય જાણીને સ્નેહ દર્શાવવો જોઇએ."

"એજ પ્રમાણે કન્યાનું પણ પાલન કરવું અને યત્ન પૂર્વક વિદ્યાભ્યાસ કરાવવો. ત્યાર પછી ધનરત્નથી વિભુષિત કરીને તેને કોઇ જ્ઞાનવાન પતિ સાથે પરણાવવી. અર્થાત્ ચાર વર્ષ સુધી લાલન-પાલન કરીને ત્યાર પછી સોળ વર્ષ પર્યંત વિદ્યા અને સદ્‌ગુણ સંબંધી જ્ઞાન આપવું, પરંતુ પુત્ર કરતાં કન્યાને એટલું વિશેષ કે યથા સમયે તેને ધનરત્નથી વિભુષિત કરીને પરણાવી દેવી. ગૃહસ્થ, આ પ્રમાણે ભાઇ, બ્હેન, ભત્રિજા, જ્ઞાતિબંધુ, મિત્રો અને નોકરોનું યથાક્રમે ભરણપોષણ કરે છે અને તેમ કરવું એજ એનો ધર્મ છે. ત્યાર પછી ગૃહસ્થે (જો શક્તિ હોય તો) સ્વધર્મમાં શ્રદ્ધાવાળા માણસો, પોતાના ગામના રહેવાસીઓ, અભ્યાગત અને અતિથિ તેમજ ઉદાસીનોનું પણ યથાશક્તિ પ્રતિપાલન કરવું. હે દેવી! વૈભવવાળો હોવા છતાં પણ જો ગૃહસ્થ આ પ્રમાણે આચરણ ન રાખે તો તે ઘોર પાપી થાય છે અને લોકમાં નિંદિત થઇ પશુ તુલ્ય ગણાય છે."

"ગૃહસ્થ નિંદ્રા, આળસ્ય, દેહયત્ન, વાળ હોળવા અને ખાવા પીવામાં હદ ઉપરાંત આસક્તિ રાખતો નથી. તે નિયમિત ભોજન અને પરિમિત નિંદ્રા લે છે અને મિતભાષી થાય છે. કપટનો પરિત્યાગ કરે છે અને સતત વિશુદ્ધાચાર રાખી, સર્વ કર્મમાં આળસનો ત્યાગ કરી ઉદ્યોગશીલ થઈ, નમ્રપણે કાળ વ્યતીત કરે છે. તે પોતાના શત્રુ સામે શૂરત્વ અને બંધુજન પ્રતિ વિનય બતાવે છે. નિંદિત જનોનો આદરસત્કાર કરતો નથી અને માનનીય પુરૂષોના સન્માનની રક્ષા કરે છે. સહવાસ અને સૂક્ષ્મ નિરીક્ષણથી લોકોનો સ્વભાવ, હૃદય, વ્યવહાર, પ્રકૃતિ અને પ્રવૃત્તિથી વાકેફ થઇને બીજા ઉપર વિશ્વાસ રાખે છે. શત્રુ પેદા થતાંજ બુદ્ધિમાન વ્યક્તિ તેનાથી ચેતી જાય છે

અને સમય આવે તેને પોતાનો પ્રભાવ બતાવે છે; પરંતુ કોઈ પણ રીતે પોતાના ધર્મથી વિમુખ થતો નથી. ધર્મને જાણનારો મનુષ્ય પોતાના કરેલા ઉપકાર સંબંધી કાંઈ પણ બોલતો નથી. પોતાના યશ પોતાની મેળે ગાતો નથી. જયના નિશ્ચય સંભવ હોવા છતાં પણ ઉત્તમ મનુષ્યો કદાપિ લોક નિંદિત કાર્યમાં પ્રવૃત્ત થઈને મોટાં નાનાં સાથે વાદવિવાદ કરતા નથી. વિદ્યા, ધન, યશ અને ધર્મનું યત્નપૂર્વક ઉપાર્જન કરે છે અને વ્યસન, કુસંગ, મિથ્યા–વચન, પરદ્રોહ ઈત્યાદિ દુર્ગુણોનો સદા સર્વદા ત્યાગ કરે છે. વિચારો સ્થિતિ અનુસાર અને ક્રિયા સમય અનુસાર રાખે છે. દેશ, કાળ અને અવસ્થાને અનુસરીનેજ કાર્ય કરે છે."

"ગૃહસ્થે યોગમાં કુશળ થઈને દક્ષ અને ધાર્મિક થવું, બંધુજન પ્રતિ સ્નેહ રાખવો, સર્વ જન સમક્ષે અને વિશેષ કરીને માનનીય જનસમૂહમાં મિતભાષી થવું જોઈએ. તેવા પુરૂષોની સમક્ષ બહુ હસવું નહિ. સારો ગૃહસ્થ જીતેંદ્રિય, પ્રસન્ન ચિત્તવાળો, દ્દઢ વૃત્તવાળો, અપ્રમાદિ અને દીર્ઘદર્શી હોય છે. તેણે અસત્યનો વિચાર સરખો ન કરતાં સત્યનુંજ કથન કરવું જોઈએ. ઇંદ્રિયોના વિષય ભોગોનો વગર વિચાર્યે ભોગ કરવો નહિ. ધીર પુરૂષ સતત સત્ય, મૃદુ, પ્રિય અને હિતકર વાક્યોજ બોલે છે અને કદિ પણ આત્મશ્લાઘા અને પરનિંદા કરતો નથી.

"જે વ્યક્તિ જળાશયો ખોદાવીને, વૃક્ષારોપણ કરીને, રસ્તામાં વિશ્રામ ગૃહ અને નદી નાળાં ઉપર પુલો બંધાવીને જનસમાજના હિતના ઉદ્દેશથી પોતાના તન, મન, ધનનો ઉદારતાથી ઉપયોગ કરે છે, તે વ્યક્તિ (પોતાના પુણ્યના બળથી) ત્રિભુવનનો જય કરે છે. જે વ્યક્તિ ઉપર માતાપિતા સંતુષ્ઠ હોય છે, મિત્રવર્ગ પ્રીતિ રાખે છે અને અન્ય મનુષ્યો જેનાં યશોગાન ગાય છે, તે વ્યક્તિ (પુણ્યના

બળથી) ત્રિભુવનનો જય કરે છે. જે મનુષ્ય રણક્ષેત્રમાં ભય પામતો નથી, તેમ યુદ્ધમાં પીઠ બતાવતો નથી અથવા જે મનુષ્ય ધર્મ યુદ્ધનો ત્યાગ કરતો નથી તે (પુણ્ય બળથી) ત્રિભુવનનો જય કરે છે. જેનો આત્મા સંદિગ્ધ નથી, એટલે જે મનુષ્ય શ્રદ્ધાથી અને શ્રેષ્ઠાચારમાં નિરત થઇને મ્હારી આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી અને તેનું યથાસ્થિત પાલન કરે છે, તે ત્રિભુવનનો જય કરે છે. જે વ્યક્તિ તત્વજ્ઞાન સંપન્ન થઇને શત્રુ તેમ મિત્ર બધા તરફ સમાન દૃષ્ટિ રાખીને કેવળ લોકયાત્રાનો નિર્વાહ કરવાના નિમિત્તથીજ કર્મ કરે છે તે ત્રિભુવનનો જય કરે છે."

મહા નિર્વાણ તંત્ર–અષ્ટમ ઉલ્લાસ.

ઉપર જણાવેલા તેમજ બીજાં વિવિધ ઉપાખ્યાનોમાં સમાયલા ઉપદેશો, તે સમયે પ્રત્યેક આદર્શ હિંદુ ગૃહસ્થના ઘરમાં ગવાતા હતા અને સન્તાનોની શિક્ષાનો સાધન તરીકે તે બહુજ ઉપયોગી ગણાતા હતા.

અત્યાર સુધી સન્તાન ઉપર માતાનો પ્રભાવ અને તે સમયના આદર્શ હિંદુ પરિવારનો પરંપરા ધર્મ અને નૈતિક શિક્ષાનું દિગ્દર્શન કરાવ્યું છે. અમે પહેલાંજ કહી ગયા છીએ કે તે સમયે બે પ્રકારની કેળવણી હતી–એક અનુષ્ટાનગત અને બીજી ચારિત્રગત. ભગવતીદેવીને ચારિત્રગત શિક્ષા કેટલે સુધી પ્રાપ્ત થઈ છે, તે સંબંધમાં અત્યાર સુધી જે કાંઈ પણ બતાવવામાં આવ્યું છે તેનો ઉલ્લેખ કરીને પ્રસ્તુત પરિચ્છેદ સમાપ્ત કરીશું.

ભગવતીદેવીના ચારિત્રમાં એક એ વિશેષતા જોવામાં આવે છે કે તેમને અસત્યને સત્ય તરીકે કહેવાનો બહુજ તિરસ્કાર હતો. અનેક જનનીમાં એ પ્રમાણે જોવામાં આવે છે કે તે રડતાં બાળકને છાનો રાખવાને અથવા તેને મસ્તી કરતો અટકાવવાને ઘણી વખતે "એ બાવો આવ્યો" "એ વાઘ આવ્યો" એવાં અનેક ભયપ્રદ વાક્યો

કહીને બ્હીવડાવે છે. એ પ્રમાણે ભય બતાવવો એ બહુજ અનિષ્ટ છે, એ નક્કી સમજવું. એનાથી બાળકનું બળ, વિક્રમ અને આત્મ-રક્ષાનો ભાવ એ બધું એકદમ નષ્ટ થઇ જાય છે.

કેટલીક જનનીમાં એવું જોવામાં આવે છે કે બાળક કદાપિ પોતાની ઇચ્છિત વસ્તુ મેળવવાને હઠ કરતો હોય તો તેને ફોસલાવીને "આકાશનો ચંદ્ર" બતાવીને અર્થાત્ મોટી મોટી લાલચો આપીને તેને શાંત કરે છે. આવા પ્રકારના વ્યવહારથી બાળકો જરા જરામાં બધી બાબતમાં અવિશ્વાસ કરતાં શીખે છે અને ધીરે ધીરે તેના સુકોમળ બાલ્ય હૃદયમાં મિથ્યાવાદીપણું, શઠતા અને ધુર્તતા પ્રવેશીને ઘર કરી બેસે છે.

અનેક માતાઓનો એ સાધારણ નિયમ હોય છે કે તે પોતાનાં સન્તાનો આગળ પોતાના ગૃહસ્થાશ્રમની અવસ્થા ગુપ્ત રાખે છે. આ પ્રકાર તેમની બુદ્ધિની ન્યૂનતાજ સુચવે છે, કારણકે તેમ કરવાથી બાળકો વધારા પડતી માગણીઓ કરીને તેમને કનડે છે.

ભગવતીદેવી પોતાના પુત્રોને બાવાનો ભય તેમ આકાશનો ચંદ્ર બતાવતાં નહિ. તેઓ બનતાં સુધી બાળકની યોગ્ય પ્રાર્થનાઓ પૂર્ણ કરીને અને તેની સાથે સ્નેહ અને મમતાથી વર્તીને તેને શાંત કરતાં હતાં. તેઓ કઠોર શબ્દોથી તેની કોમળ વૃત્તિના મુળમાં કદિ પણ આઘાત કરતાં નહિ, તેમ કરવું એ તેમના સ્વભાવથીજ વિરૂદ્ધ હતું. જ્યારે તેની પાસે પોતાની શક્તિ ઉપરાંતની માગણી થતી ત્યારે તે પોતાની દરિદ્ર અવસ્થાનું સ્મરણ કરાવી તેને સમજણ પાડી શાંત કરતાં હતાં.

બાળકને સત્કાર્યમાં ઉત્સાહિત કરવાં એ પણ તેમના ચરિત્રની વિશેષતા છે. બાળકદ્વારા થતાં સત્કાર્ય અને સદ્ વ્યવહાર જોઇને તેઓ બહુજ આનંદ પામતાં અને તેમને ઉત્સાહ આપતાં હતાં. એક દિવસ બાળક વિદ્યાસાગર પોતાની સમાન વયનાં બાળકો સાથે રમતો હતો.

રમી રહ્યા પછી જોયું તો તેનો એક બાળમિત્ર ફાટાંતુટાં વસ્ત્રો પહેરીને રમવા આવ્યો હતો. આ બાળકને જોઇ વિદ્યાસાગરને દયા આવી, તેથી તેણે તે બાળકને પોતાનાં નવાં કપડાં પહેરાવી તેનાં ફાટેલાં કપડાં પોતે પહેરી લીધાં અને ઘેર આવ્યો. ઘેર આવ્યા પછી જ્યારે માતાએ તેમનાં કપડાંની તપાસ કરીને પૂછ્યું ત્યારે વિદ્યાસાગરે જે કાંઇ બન્યું હતું તે સઘળું સવિસ્તર કહી સંભળાવ્યું. તેની કહેવાની છટા અને દયાપૂર્ણ હાવભાવ જોઇને ભગવતીદેવી બહુજ પ્રસન્ન થયાં અને હાસ્યયુક્ત વદને બોલ્યાં કેઃ—“ભાઈ, બહુજ સારૂં કર્યું. આ તો અતિશય ભલા અને સદ્‌ગુણી છોકરાનું કાર્ય છે. હું ચરખાવડે સુતર કાંતીને તને બીજાં નવાં કપડાં સીવડાવી આપીશ.” સન્તાનનું આ પ્રકારનું શુભ કાર્ય અને પરોપકાર વૃત્તિ જોઇને ભગવતીદેવી તેના તરફ આદર અને સ્નેહભાવ બતાવતાં; એટલુંજ નહિ પણ તેમ કર્યા પછી બાળકની તેવી શુભ વૃત્તિઓ ધીરે ધીરે તેના હૃદયમાં વિકાશ પામે છે કે નહિ તેનું અવલોકન કરતાં. સ્નેહ વિનાના કઠોર શબ્દો કહેવાથી કોમળ અંતઃકરણના બાળકને બહુજ નુકશાન કરે છે, તે ભગવતીદેવી સારી રીતે જાણતાં હતાં. કઠોર શબ્દોથી બાળકો દિવસે દિવસે ઉત્સાહ અને સ્ફુર્તિ વિનાનાં થઈ જાય છે; એટલુંજ નહિ પણ તેની સાથે આળસ, બીકણપણું અને શઠતા તેના કોમળ અંતઃકરણમાં પ્રવેશ કરે છે. બીકણપણાથી મનુષત્વનો લોપ થાય છે. એ નિયમ આબાલ વૃદ્ધ દરેકને લાગુ પડે છે. બાળકનો વાંક પડે તો તેને સ્નેહ અને મમતાથી શીખામણ આપવી જોઇએ. કેટલીક માતાઓને એવી ટેવ પડેલી હોય છે કે તે પોતાના બાળકના એક સામાન્ય અપરાધ માટે તેને ભયંકર શિક્ષા કરે છે અને બીજી વખતે ભયંકર અપરાધ કર્યો હોય ત્યારે બીલકુલ શિક્ષા કરતી નથી. આ પ્રમાણે કરવું બહુજ અન્યાય ભરેલું છે. દેવતાને એક વખત સ્પર્શ કર્યા પછી તેથી થતા દુઃખને

હમ્મેશાં યાદ રાખી બાળક ફરીથી કોઈ પણ દિવસ દેવતાને અડકવાની ભૂલ કરતો નથી, માટે બાળકને તેના ભયંકર અપરાધ માટે જો એકજ વખત યોગ્ય શિક્ષા કરવામાં આવે તો ફરીથી તે તેજ કામ કરવાની ભૂલ કરશે નહિ. આવે સમયે પણ જો સ્નેહ અને મમતાથી તેને શીખામણ આપવાથી કામ ચાલતું હોય તો શિક્ષા કરવી પણ નકામી છે. કદાચ કોઈ વખત બાળકની અસાવધાનતાથી તેનો હાથ પગ ભાંગી ગયો હોય તો તેવે સમયે બાળકનું રક્ષણ કરવાના ઉપાય લેવા એ માતાનું સૌથી પહેલું કર્ત્તવ્ય છે, પરંતુ એવી પણ કેટલીક માતાઓ હોય છે કે તેઓ આવે સમયે પણ ક્રોધને વશ થઈ બાળકનો તિરસ્કાર કરે છે અને પોતાનું ઉપસ્થિત કર્ત્તવ્ય તદન ભૂલી જાય છે. ભગવતીદેવીનો સ્વભાવ આથી ઉલટોજ હતો. એક દિવસ બાળક વિદ્યાસાગરે, ધાન્ય ક્ષેત્રની પાસે થઇને જતાં જતાં કેટલીક જવની ઉંબી ખાધી. આથી તેનાં છોતરાં ગળામાં ભરાઇ રહ્યાં અને તે મરણતોલ થઇ ગયો. આવે વખતે સમયસુચકતા વાપરીને તેની દાદીએ ગળામાં આંગળાં ઘાલીને બહુજ કષ્ટે છોતરાં બહાર કાઢ્યાં, ત્યારે વિદ્યાસાગરને આરામ થયો. જ્યારે વિદ્યાસાગર આવા સંકટમાંથી બચી ગયો ત્યારે તેની માતાએ તેને કેટલીક શીખામણો આપીને કહ્યું કેઃ—" ભાઈ, કેટલીક ઉંબીઓમાં છોતરાં હોય છે માટે એવી ઉંબીઓ કોઈ પણ દિવસ ખાવી નહિ. "

ભગવતીદેવી લોકોના આત્મ-વિશ્વાસ ઉપર કોઈ પણ પ્રકારનો આઘાત કરતાં નહિ. એવા આત્મવિશ્વાસમાં પણ એક અપૂર્વ શક્તિ, બળ, પ્રાણ, વીર્ય, તેજ અને અમૃત રહ્યું છે એમ તે માનતાં હતાં. વળી કોઈ કોઈ વખત તે આવા આત્મ-વિશ્વાસની ઉપર આધાર રાખવાથી ભૂલ પણ કરતાં હતાં; છતાં પણ તે એમજ કહેતાં કે "એ ભૂલમાંથી પણ કાંઇક શીખવાનું મળશે." ભગવતીદેવી, લોકના

દોષ કરતાં તેમના ગુણ ઉપર વધારે લક્ષ આપતાં અને તેમના ગુણનું સ્મરણ કરાવીને દોષને ગુણમાં ફેરવી નાંખવા સતત ચેષ્ટા કરતાં હતાં. જેમ પાપી માણસને વારંવાર "પાપી" "પાપી" કહેવાથી તેનો ઉદ્ધાર થવો અસંભવ છે, પણ તેના અંતરમાં જે મહાન્ શક્તિ રહેલી હોય છે તે તરફ તેની દૃષ્ટિ ખેંચવાથી—તેનુંજ સ્મરણ કરાવવાથી—તેનું કલ્યાણ થાય છે, તેજ પ્રમાણે બાળકોને શિક્ષા આપવામાં પણ તેવુંજ વલણ રાખવું જોઇએ. બાળકને વારંવાર "મૂર્ખ" "મૂર્ખ" કહેવાથી તે કદિ પણ આગળ વધી શકતો નથી. ઉલટી તેની શક્તિ દબાઈ જાય છે અને તેનો વિકાશ થતો નથી. બાળકોના મનમાં એવું નક્કી થવું જોઇએ કે જગતમાં તાપ નથી, રોગ નથી, શોક નથી અને એવું જે કાંઈ છે તે એક પ્રકારની બ્હીકજ છે. ગમે તે પ્રકારે પોતાની આંતર શક્તિને જાગૃત કરવી એજ પુણ્ય છે અને જે પોતાના શરીર અને મનને દુર્બળ કરે છે તે દુર્બળતાજ, મૃત્યુ અથવા મહાપાપરૂપ છે. મૃત્યુનો ભય બતાવતાં જીવનદાન ન આપવું તેનુંજ નામ ખરી શિક્ષા છે. **શિક્ષાનો અર્થ—વિનાશ કરવાની શક્તિ નથી, પરંતુ નવું નિર્માણ કરવાની અથવા ઉત્પન્ન કરવાની યોગ્યતા આપવી એજ છે.** આવી સુશિક્ષાથીજ માણસમાં રહેલી શક્તિમાં વૃદ્ધિ થાય છે અને તે શક્તિનો નકામો ઉપયોગ થવાની શંકા રહેતી નથી.

વિદ્યાસાગર બાલ્યકાળમાં અતિશય મસ્તીખોર હતા. અનેક મહાન્ પુરૂષોનાં જીવન ચરિત્રોમાં તેમના બાલ્યજીવનના તોફાનની વાતો આપણને દૃષ્ટિગોચર થાય છે. શ્રી ચૈતન્ય બાલ્યકાળમાં ગંગા કિનારે જઇને બ્રાહ્મણોનું નૈવેદ્ય ખાઈ જતા હતા. ભગવાન્ શ્રી કૃષ્ણ પણ બાલ્યકાળમાં અનેક ગોપગોપીઓના ઘરમાં પેસી જઇને તેમના દુધ દહીંનાં ગોરસાં ફોડી નાંખતા હતા. વિલાયતનો અમર કવિ રત્ન

શેક્સપિયર પોતાની બાલ્યાવસ્થામાં દુષ્ટ બાળકોના સંગતિ દોષથી એક હરણને ચોરી લાવ્યા હતા. કવિ વર્ડ્ઝવર્થના અત્યાચારથી તેમની માતાને બહુજ દુઃખ થયું હતું, તેમ બાળક વિદ્યાસાગર પણ ગામના બાગબગીચાઓમાંથી ફળોની ચોરી કરીને ખાઈ જતો હતો. કોઈ લુગડાં સૂકવતું, તો તેની ઉપર તે મળમૂત્ર કરતો. દરરોજ સવારે નીશાળે જતી વખતે મથુર મંડળ નામના એક પાડોશીના બારણા આગળ તે મળત્યાગ કરી આવતો હતો. જ્યારે તેનાં આ બધાં તોફાનોની ફરિયાદો તેની માતા પાસે જતી ત્યારે તે વિદ્યાસાગરને ઠપકો આપીને કહેતાં કેઃ "ભાઇ, તું બીજાનાં ફાટેલાં કપડાં જોઇ દયાથી ત્હારાં સારાં કપડાં તેને પહેરાવી તેનાં ફાટેલાં કપડાં પહેરીને ઘેર આવે છે ત્યારે આવો દયાળુ થઇ બીજાને શામાટે હેરાન કરે છે? કાંઇ ખાવાનું હાથમાં હોય અને તે સાથે જો ભૂલથી ત્હારી વિષ્ટામાં પગ પડે તો તે માણસને ફરીથી સ્નાન કરવું પડે. આથી તેના મનમાં કેટલું દુઃખ થતું હશે તેનો તુંજ વિચાર કર." જાણવા પ્રમાણે માતાનો આવી પ્રકારનો ઉપદેશ તેના હૃદયમાં મજબૂત અસર કરતો હતો. બાળક વિદ્યાસાગર બાળ સ્વભાવને વશ થઇનેજ આવા અન્યાય કરતો હતો; પરંતુ માતાનો સદુપદેશ સાંભળીને તેણે પોતાનું બધું તોફાન મૂકી દીધું હતું.

વિદ્યાસાગર બાલ્યાવસ્થામાં બહુજ હઠિલા સ્વભાવનો હતો, અને તેથી તેના પિતા ઠાકુરદાસ તેને ઘણી વખત મારતા પણ હતા; પરંતુ ભગવતીદેવી તેને સ્નેહ અને મમતાથી ઠેકાણે લાવતાં હતાં. તેમના વિચાર પ્રમાણે અતિ સન્તાન વાત્સલ્યજ બાળકને વશ કરવાનો સહેલામાં સહેલો ઉપાય હતો. વાત્સલ્ય ભાવથી બાળક પાસેથી ધાર્યું કામ લઈ શકાય છે. બાળક જેટલો પ્રેમથી વશ થાય છે તેટલો બીજા કોઈ પણ ઉપાયથી થતો નથી. સ્નેહ, મમતા અને વાત્સલ્યતાથી જે

શિક્ષા થાય તેજ ખરી શિક્ષા છે. તે વારંવાર કહેતાં કેઃ “ **કદિ સન્તાન બાળક બુદ્ધિથી કોઇ અન્યાય યુક્ત કાર્ય કરે અને માતા તે પ્રત્યે પોતાનો ગુસ્સો બતાવી થોડો સમય તેની સાથે બોલવું બંધ કરે તે વખતે જો સન્તાન માતાને પ્રસન્ન કરવાને તેની પાછળ પાછળ ફરે નહિ–તેના કાલાવાલા કરે નહિ–તો તે માતાજ કેવી–તેનો પ્રેમ કેવો, તેની માયા મમતા અને સન્તાન વાત્સલ્યતા પણ કેવા પ્રકારની તે કાંઇ સમજ પડતી નથી.** ” ભગવતીદેવીનાં આ વચનો ઉપરથીજ તેની સન્તાન વાત્સલ્યતાનું દીગ્દર્શન સંપૂર્ણ રીતે થઇ શકે એમ છે.

સહાનુભૂતિ અને કર્તવ્ય જ્ઞાન એ તેમના ચરિત્રનું એક વિશેષ લક્ષણ છે. સહાનુભૂતિ દરેક પ્રકારની ઉન્નતિનો ખરેખરો મિત્ર છે, અને કર્તવ્ય જ્ઞાન માણસને તેની ધારણા પ્રમાણે ઉન્નતિની નીસરણી ઉપર ચઢાવે છે. ભગવતીદેવી પોતાના સન્તાનોને વારંવાર શીખામણ આપતાં કેઃ “ આપણે પોતે સારાં વસ્ત્રો પહેરીએ તેના કરતાં બીજાને સારાં વસ્ત્રો પહેરાવવાથી વધારે સુખ થાય છે અને પોતેજ મિષ્ટાન્ન ખાવા કરતાં બીજાને ખવડાવવાથી વધારે આનંદ થાય છે. ” આ પ્રમાણે તેમણે પોતાનાં સન્તાનોના હ્રદયમાં મનુષ્ય જીવનના ઉચ્ચ અને ગંભીર કર્ત્તવ્ય જ્ઞાનની છાપ પાડી હતી.

વિદ્વાનો સ્વીકાર કરે છે કે મનુષ્યમાં સદ્‌ગુણો સ્વાભાવિક રીતે મૂળથીજ નિવાસ કરે છે, પણ તે સદ્‌ગુણોનો વિકાસ થવો એ શિક્ષા–ઉપદેશ ઉપર આધાર રાખે છે. શિક્ષારૂપી લાકડાં ન હોય તો જ્ઞાન અને વિદ્યારૂપી અગ્નિ પ્રજ્વલિત થઈ શકતો નથી. ક્રિયાના જ્વલંત દ્દષ્ટાંત સિવાય બીજા ઉપાયોથી એક માણસ બીજાને ઉપદેશ કરી શકતો નથી. **જ્યારે મનુષ્ય પોતાનો વિકાસ કરવાને સંપૂર્ણ રીતે સમર્થ થાય છે ત્યારેજ તે બીજાને ઉપદેશ આપી**

શકે છે. કેવળ **વિશુદ્ધ વાક્યોના શુષ્ક પ્રયોગથી** જ **તે બીજાને ઉપદેશ કરવામાં કદિપણ વિજયી નીવડતો નથી.** જે બીજાના કહેવાનો આશય સમજવાને સમર્થ હોય છે તેજ બીજાને શિક્ષા—ઉપદેશ આપવામાં પારંગત નિવડે છે; કારણ કે જો **ગ્રહણ કરવાની શક્તિ ન હોય તો કોઈ પણ માણસ શિક્ષક** થઇ શકતો નથી. જ્યાં સુધી શિષ્ય અને શિક્ષકના મનોભાવ અને બુદ્ધિ વિકાસની સમાનતા થાય નહિ ત્યાં સુધી શિક્ષાની લેવડ દેવડ કોઈપણ રીતે સંભવતી નથી. શિક્ષા સમયે—ઉપદેશ આપતી વખતે પરસ્પરના ચિત્તનો સંયોગ અથવા મિશ્રણ થવાની ખાસ જરૂર છે. ભગવતીદેવીની આ બધી શિક્ષા તેમના બધાં સન્તાનોએ પ્રાપ્ત કરી હતી, તે છતાં તેમના ઉપદેશનું સારૂં ફળ આપણા વિદ્યાસાગર મહાશયના જીવનમાં જે અધિક અંશે સ્પષ્ટ જોવામાં આવે છે, તેનું પણ એક કારણ છે. એ સંબંધમાં વિચાર કરતાં મહાકવિ ભવભૂતિનો નીચે લખેલો ગંભીર ભાવપૂર્ણ શ્લોક યાદ આવે છે કેઃ—

वितरतिगुरुः प्राज्ञे विद्यांऽयथैव तथा जडे
नचखलु तयोर्ज्ञाने शक्तिंकरोत्य पहन्तिवा ।
भवतिच तयोर्भूयान् भेदः फलं प्रतितद्यथा
प्रभवति शुचिर्बिंबोद्ग्राहे मणिर्नमृदांचयः ॥

"ગુરૂ, જડ અને બુદ્ધિશાળી બન્ને પ્રકારના શિષ્યો ને સમભાવથી એકજ વિદ્યા શીખવે છે, પરંતુ તે બન્નેની ધારણા શક્તિને—ગ્રહણ શક્તિને વધારે ઓછી કરી શકતા નથી. તેમાં જો સારો શિષ્ય પોતાના બુદ્ધિબળથી આગળ વધી જાય છે, નિર્મળ મણિજ પ્રતિબિંબને ગ્રહણ કરવાને સમર્થ હોય છે, મૃત્તિકાનો પિંડ તેમ કરવાને કદિ પણ સમર્થ થતો નથી."

पंचम परिच्छेद.

વિદ્યાસાગરનો વિદ્યાભ્યાસ.

તે સમયે બાળકોને ગામઠી નિશાળમાં અભ્યાસ કરવો પડતો હતો. ત્યાં લખતાં વાંચતાં શીખ્યા પછી બ્રાહ્મણ પંડિતોના સન્તાનો સંસ્કૃત પાઠશાળામાં વ્યાકરણાદિ અને જેને રાજ્ય કાર્યનો અભ્યાસ કરવો હોય તે ફારસી ભણવાને જતા હતા; પરંતુ જેઓને જાગીરદારનું કામ કરવું હોય અને જેને વેપાર વાણિજ્યનું જ્ઞાન મેળવવું હોય, તેને એજ નિશાળમાંજ ઠેઠ સુધી વિદ્યાભ્યાસ કરવો પડતો હતો.

નિશાળોમાં શીખવવાની પદ્ધતિ એવી હતી કે, પહેલવહેલાં બાળકને પાટી ઉપર ધૂળ નાંખી અક્ષરોનો પરિચય કરાવવામાં આવતો. ત્યાર પછી તાડપત્ર ઉપર સ્વર, વ્યંજન, જોડાક્ષર, આંક, ગુણાકાર, ભાગાકાર વગેરે શીખવવામાં આવતા હતા. તે પછી કેળના પાન ઉપર તેરીજ, જમા ખર્ચ તથા બીજા ઉપયોગી હિસાબ કિતાબ શીખવાતા હતા. આખરે કાગળ ઉપર પત્રવ્યવહાર કરવાની રીત બતાવતા હતા. તે સમયની શિક્ષા પ્રણાલી એટલી બધી ઉત્કૃષ્ટ હતી કે નિશાળમાં ભણતાં બાળકો આંક ભણવામાં પોતાની આશ્ચર્યકારક પ્રવીણતા બતાવતા હતા. મ્હોડે મ્હોડે અઘરા શબ્દોના અર્થ જાણતા હતા અને મ્હોટા મ્હોટા હિસાબો ઘણાજ થોડા સમયમાં ગણી શકતા હતા. ગુરૂજી વિદ્યાર્થીઓના હસ્તાક્ષર ઉપર બહુજ ધ્યાન આપતા હતા. તે વખતે બંગાળામાં છાપખાનાં નહોતાં. લહિયાઓ સંસ્કૃત પુસ્તકો લખતા હતા. જેના અક્ષર સારા

ાય તેને બહુજ સન્માન આપવામાં આવતું હતું અને એટલા માટે હસ્તાક્ષર સુધારવાને બહુજ પ્રયત્ન કરવામાં આવતો હતો. તે સમયના લોકો પોતાના સન્તાનોનો વિવાહ કરતી વખતે પણ હસ્તાક્ષર જોઇનેજ સંબંધ નક્કી કરતા હતા.

ગુરૂ મહારાજને–નિશાળના મહેતાજીને આધુનિક શિક્ષકોની પેઠે કોઈ કમીટી અથવા ગૃહસ્થ તરફથી પગાર મળતો નહોતો. દરેક માણસ, પોતાના છોકરાને નિશાળે મોકલતી વખતે ગુરૂમહારાજ સાથે તેનો બંદોબસ્ત કરી લેતા હતા.* આ પ્રમાણે ગુરૂ મહારાજને મહિને દશબાર રૂપિયા પડતા હતા. તે ઉપરાંત વારતહેવારને દિવસે તેમજ ઘરમાં સારો માઠો પ્રસંગ હોય તે સમયે પણ ગુરૂમહારાજને કાંઇ મળતું હતું અને તેથી તેમનો નિર્વાહ સારી રીતે થઇ શકતો હતો. નિશાળમાં નઠારા અને મસ્તીખોર છોકરાઓને હાથ બાંધવાની, પાટી ભરવાની, અંગુઠા પકડાવવાની તથા બીજી એવીજ જાતની શિક્ષાઓ કરવામાં આવતી હતી. ઈ. સ. ૧૮૩૪ની સાલમાં લૉર્ડ વિલિયમ બૅન્ટિકે મી. વિલિયમ ઍડમ નામના એક ઇંગ્રેજ અમલદારને દેશી શિક્ષા પદ્ધતિનું અવલોકન કરવાને નીમ્યો હતો તેણે ગામઠી નિશાળોની શિક્ષા પદ્ધતિનું બરોબર બારીકાઇથી અવલોકન કરીને સરકારમાં પોતાનો અભિપ્રાય લખી મોકલ્યો હતો. તે લખાણમાં તેમણે આશરે જૂદા જૂદા પ્રકારની ચૌદશિક્ષાઓ ગણાવી છે. એમાંની કેટલીકનું વર્ણન તો એવું કરૂણાજનક છે કે તે વાંચતાંજ હૃદય કંપી ઉઠે છે.

---

* ગુજરાતમાં પણ અગાઉ એવો રિવાજ હતો (અને હજુ પણ ગામડાંમાં છે) કે વિદ્યાર્થીઓએ નિશાળે જતી વખતે થોડું થોડું અનાજ અને ઋતુ ઋતુનાં ફળ, શાક આદિ લઈ જવું. વારતહેવારે મહેતાજીને જમવાનું કહેવું અને વસ્ત્રો પણ આપવાં. તે વખતના મહેતાજીઓ વિદ્યાર્થીને માયા મમતા બતાવી પોતાના બાળકવત જાણી ભણાવતા હતા.

ઈશ્વિરચંદ્ર પાંચ વર્ષના થયા એટલે એમને નિશાળે મૂકવામાં આવ્યા. તે વખતે વીરસિંહપુરમાં એક જુની ગામઠી નિશાળ હતી, પણ તેમાં નાનાં નાનાં બાળકોને ભણાવતી વખતે બહુજ માર મારવામાં આવતો હતો. આથી બાળકો નિશાળે જવાનું નામ સાંભળતાંજ થરથર ધ્રૂજતાં હતાં. તેમ લોકો પણ પોતાના બાળકો ઉપર ત્રાસ થતો જોઇને કંટાળતાં હતાં. એટલા માટે ઠાકુરદાસે ઈશ્વિરચંદ્રને વીરસિંહપુર નિવાસી કાલિકાંત ચટ્ટોપાધ્યાયને સોંપ્યો. કાલિકાંત દ્વિજ કુળના હતા, તેથી તેમને કોઇએ કન્યા આપી નહોતી. તેઓ ભદ્રેશ્વર પાસે આવેલા ગોરૂટી ગામમાં રહેતા હતા. ઠાકુરદાસ તેમને સમજાવીને વીરસિંહપુર તેડી લાવ્યા અને એક નિશાળ સ્થપાવી. કાલિકાંત ચટ્ટોપાધ્યાય બહુજ ભલા હતા. બાળકોને ભણાવવામાં તેઓ બહુજ કુશળ હતા અને તેમની ઉપર તેઓ પુત્ર–સમાન પ્રીતિ રાખતા હતા. કાલિકાંત ચટ્ટોપાધ્યાયની આ વર્તણુકથી નાનાં નાનાં બાળકો પણ તેમની નિશાળે હસતાં રમતાં જતાં હતાં. ગામના લોકો સાથે પણ કાલિકાંત બહુજ સારી રીતે વર્તતા હતા, તેથી વીરસિંહપુર નિવાસી લોકો પણ તેમને અતિશય માન આપતા હતા. કાલિકાંત પાસે ત્રણ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરીને વિદ્યાસાગર બંગાળી લખતાં વાંચતાં અને સામાન્ય હિસાબો ગણતાં શીખી ગયા. તેઓ દક્ષતા અને સ્નેહપૂર્વક શિક્ષા આપતા હોવાથી સર્વ બાળકો તેમની પાસે હોંશથી ભણતા હતા. વિદ્યાસાગર ઉપર તેમનો બહુજ પ્રેમ હતો. ગુરૂ તેમને જે જે શીખવતા તે તે વિદ્યાસાગર અલ્પ કાળમાં શીખી લેતા હતા. અનેક સમય કાલિકાંત સાંજના બીજા છોકરાઓને રજા આપીને તેમને એકલાને પોતાની પાસે રાખીને કેટલાક મ્હોડાના પાઠો શીખવતા હતા અને એમ કરતાં જો વધારે રાત્રિ થઇ જતી તો તે પોતે તેમને કેડે બેસાડીને તેની દાદીને સોંપી આવતા હતા. એક દિવસ

સંધ્યા કાળે ગુરૂ અને ઠાકુરદાસનો મેળાપ થયો. ત્યારે ગુરૂજીએ કહ્યું: “ભાઈ, તમારો પુત્ર બહુજ બુદ્ધિવાન છે. એને જો હું શ્રુતિધર કહું તો પણ અતિશયોક્તિ કહેવાય નહિ. અહિંની નિશાળમાં જેટલો અભ્યાસ કરવાનો છે તે બધો થઇ ગયો છે, માટે હવે એને કલકત્તે લઇ જઇ તમારી પાસે રાખી ઇંગ્રેજી શીખવો. એ કાંઈ સામાન્ય બાળક નથી, મોટાં મોટાં છોકરાઓ કરતાં પણ એનો અભ્યાસ બહુ સારો છે. તેમ એના હસ્તાક્ષર પણ મોતીના દાણા જેવા છે.” વિદ્યાસાગરને કલકત્તે મોકલવાની વાત સાંભળી ભગવતીદેવી ઉચ્ચ સ્વરે રૂદન કરવા લાગ્યાં.

ગુરૂ કાલિકાંત ચટ્ટોપાધ્યાયની આજ્ઞાનુસાર ઠાકુરદાસ ઈ. સ. ૧૮૨૯ ના કાર્તિક માસમાં વિદ્યાસાગરને કલકત્તે લઈ ગયા.

સડક ઉપર થઇને જતી વખતે વિદ્યાસાગરે રસ્તામાં દાટેલા “માઇલસ્ટૉન*” ને જોઇને ઠાકુરદાસને પૂછ્યું: “બાબા, મસાલો વાટવાનો પથ્થરો અહીં કેમ દાટયો છે? અને તેની ઉપર શું લખ્યું છે?” તેના ઉત્તરમાં ઠાકુરદાસે હસીને કહ્યું: “ભાઇ, એ તો “માઇલસ્ટૉન” કહેવાય છે. એની ઉપર ઇંગ્રેજી ભાષામાં નંબરો લખ્યા છે. દરેક માઇલે એટલે અર્ધે અર્ધે કોસે આવો અક્કેકો પથ્થર દાટેલો છે.” શિયાખલાથી સાલિખાના ઘાટ સુધીમાં દાટેલા પથ્થરો ઉપરથી વિદ્યાસાગર એકથી દશ સુધીના ઇંગ્રેજી આંકડાઓ શીખી ગયા એટલે તેમણે ઠાકુરદાસને કહ્યું: “બાબા, હું ઇંગ્રેજી આંકડા ઓળખતાં શીખી ગયો છું. એકથી દશ સુધીના બધા આંકડાઓ હું બરોબર ઓળખું છું.” આ ઉપરથી એમના પિતાએ એમને અનુક્રમે કેટલાક આંકડાઓવાળા પથ્થરો બતાવીને વિદ્યાસાગરની પરીક્ષા લીધી. તેમાં

* માઈલસ્ટૉન એટલે ગાઉ જાણવા માટે દાટેલા પથ્થર જેના ઉપર ગાઉ ખોદેલા હોય છે.

વિદ્યાસાગરને બરોબર જવાબ દેતાં જોઇને ઠાકુરદાસ બહુજ ખુશી થયા, પરંતુ તેમના મનમાં સંદેહ થયો કે અનુક્રમે નંબરો પૂછવાથી કદાચ વિચાર કરીને અનુમાનથી પણ કહી શકે માટે વચ્ચે એક પથ્થર જવા દઇને, વિદ્યાસાગરને તેનો આંક ઓળખવાને કહ્યું. વિદ્યાસાગરે તે આંક ઓળખ્યો તેથી ઠાકુરદાસના આનંદની સીમા રહી નહિ. તેમણે વિદ્યાસાગરને શાબાસી આપતાં કહ્યું: "ઇશ્વર, તું ઇંગ્રેજી આંકડા ઓળખતાં શીખી ગયો તે જાણીને હું બહુજ ખુશ થયો છું." શિયાખલાથી સાલિખાનો ગંગાઘાટ આશરે દશ કોસ આઘો છે, ત્યાં સંધ્યાકાળે સઘળા આવી પહોંચ્યા અને ત્યાંથી સામે કાંઠે કલકત્તે જઇને બડા બજારમાં બાબુ જગદુર્લભસિંહને ઘેર ગયા. બીજે દિવસે ઠાકુરદાસ જગદુર્લભસિંહનાં કેટલાંક ઇંગ્રેજી 'બીલો' ગોઠવતા હતા, તે વખતે વિદ્યાસાગરે આવીને કહ્યું કે: "બાબા, લાવો હું પણ ગોઠવું." એ સાંભળીને સિંહ મહાશય ચકિત થઇને બોલ્યા: "ઇશ્વર, તું ઇંગ્રેજી આંકડા ક્યાંથી શીખ્યો?" એના ઉત્તરમાં ઇશ્વરચંદ્રે આગલા દિવસની "માઇલસ્ટૉન" સંબંધી સઘળી હકીકત સવિસ્તર કહીને કહ્યું: "માઇલસ્ટૉન ઉપરથી હું ઇંગ્રેજી એકથી દશ સુધીના આંકડા શીખ્યો છું. આ કાગળો ગોઠવવાનું કામ હું બરોબર કરી શકીશ." ઇશ્વરચંદ્રની આ વાત સાંભળીને સિંહ મહાશય અતિશય ખુશ થયા અને તેમણે તેની પરીક્ષા કરવાને કેટલાંક 'બીલો' ગોઠવવાને આપ્યાં. ઇશ્વરચંદ્રે એક પણ ભૂલ કર્યા વગર બધાં 'બીલો' બરોબર ગોઠવી આપ્યાં. સિંહ મહાશય તે તપાસી જોઇને પરમ સંતોષ પામ્યા અને ઠાકુરદાસને તેમના વિદ્યાભ્યાસ માટે યોગ્ય ઉપાય યોજવાનું કહેવા લાગ્યા. તેના ઉત્તરમાં ઠાકુરદાસે કહ્યું: "મ્હારી ઇચ્છા એને હિંદુ કૉલેજમાં દાખલ કરવાની છે." આ સાંભળી બધાજ તેમને કહેવા લાગ્યા કે: "તમને તો મહિને માત્ર દશજ

રૂપિયા મળે છે, તો એટલી બધી ઓછી આવકમાંથી કેવી રીતે મોટો ખર્ચ વેઠીને હિંદુ કૉલેજમાં અભ્યાસ કરાવી શકશો ?" તેના ઉત્તરમાં ઠાકુરદાસે કહ્યું: "હું એને ભણાવવા પાછળ માસિક પાંચ રૂપિયાનો ખર્ચ કરીશ અને બાકીના પાંચ રૂપિયા ઘર ખર્ચ માટે મોકલાવીશ." થોડા દિવસ પછી જગદુર્લભ બાબુની પડોશમાં બાબુ શિવચંદ્ર મલ્લિકના મકાનમાં એક પાઠશાળા હતી, તેમાં રામલોચન સરકારની પાસે ભણવાને ઇશ્વિરચંદ્રને મોકલવા માંડ્યા. વિદ્યાસાગર કાર્તિક અને માર્ગશીર્ષ એ બે માસ તે પાઠશાળામાં ભણ્યા. તે દરરોજ કહેતા કે: "વીરસિંહપુરમાં કાલિકાંત ગુરૂ મહારાજની પાઠશાળામાં જે કાંઇ શીખવાય છે તેના કરતાં અહિં લેશ માત્ર પણ વધારે શીખવતા નથી." વિદ્યાસાગર જ્યારે આ પાઠશાળામાં ભણતા હતા ત્યારે તેમને રક્તાતિસારનો રોગ થઈ આવ્યો અને સર્વદા અસાવધપણામાં પથારીમાંજ મળમૂત્રનો ત્યાગ કરવા લાગ્યા. બીજા કોઇને પણ આ વાતની ખબર પડે નહિ તેથી ઠાકુરદાસ પોતાની મેળેજ તે બધું સાફ કરી નાખતા હતા. પહેલાં તો મહોલ્લાના એક દેશી વૈદ્યની દવા કરવા માંડી, પરંતુ તેનાથી કાંઇ આરામ થયો નહિ. ઉલટો દિવસે દિવસે રોગ વધતો ગયો. ઠાકુરદાસે વીરસિંહપુર આ ખબર લખી મોકલાવી. ખબર મળતાંજ ભગવતીદેવી આકુળવ્યાકુળ થઇ ગયાં અને આહાર નિદ્રાનો ત્યાગ કરીને કલકત્તે જવાને તૈયાર થયાં; પરંતુ તેમને સમજાવીને તેમનાં સાસુ દુર્ગાદેવી પૌત્રના મંદવાડના સમાચાર સાંભળીને અવિલંબે કલકત્તે આવ્યાં અને વિદ્યાસાગરને દેશમાં લઇ ગયાં.

તે સમયમાં ગામડાંમાંથી જે લોકો કલકત્તે રહેવા જતા હતા તેમાં ઘણાને અજીર્ણ થતું હતું અને એનાથી લગભગ ઘણાખરા કંટાળીને પાછા નાસી આવતા હતા.

આજે ગામડાંમાં કોઈ માંદુ પડે છે તો સારા થવાને લોકો

કલકત્તે આવે છે, પરંતુ તે વખતે કલકત્તામાં બે મહિના રહે એટલામાં સાજા માણસની પણ શક્તિ નષ્ટ થઈ જતી હતી, શરીર ચુંથાવા લાગતું હતું અને આખા શરીરમાં કળતર થતું હોય એમ વેદના થતી હતી. તેમાં વળી અજાયબી જેવું એ હતું કે કલકત્તા મૂકીને બહાર જતાંજ તે બધું જતું રહેતું હતું અને શરીર સ્વસ્થ થઇ જતું હતું. તે સમયમાં કલકત્તાની આવી દુર્દશા હોય એમાં કાંઇ આશ્ચર્ય પણ નથી. તે વખતે ગામમાં પાણીના નળ નહોતા. દરેક ઘરમાં અક્કેકો કુવો અને દરેક મહોલ્લામાં બે ચાર નાનાં નાનાં તળાવો હતાં. આ તળાવોનું પાણી એવી તો દુર્ગંધ મારતું હતું કે અન્ય દેશના લોકોથી તો ત્યાં એક ઘડી પણ ઉભા રહેવાય નહિ. આ તળાવોમાંથી જ્વરના જંતુઓ ઉત્પન્ન થતા હતા અને તેને પરિણામે આખા ગામમાં મલેરીઆ તાવનો બહુજ ઉપદ્રવ રહેતો હતો. તે વખતે રાજ્ય તરફથી કલકત્તામાં બે ચાર નાનાં મોટાં તળાવો ખોદાવ્યાં હતાં અને તેમાં કોઇને પણ સ્નાન કરવા દેવામાં આવતું નહિ. બધા લોકો આ તળાવોનું પાણી પીવાના ઉપયોગમાં લેતાં હતાં. આ ઉપરાંત દરેક ઘરમાં અક્કેક સૌચાગાર—અર્થાત્ મળત્યાગ કરવાના વાડા હતા અને તે તદન ખૂલ્લા રહેતા હતા. આથી કપડાવતી નાકને બરોબર દબાવ્યા સિવાય કોઇ પણ માણસ એવે રસ્તેથી જઇ શકતું નહિ અને મચ્છર તથા માંખો અત્યંત—અસંખ્ય ઉત્પન્ન થતાં હતાં. એને માટે બાળક ઇશ્વિરચંદ્રે લખ્યું છે કે: "રાતના મચ્છર અને દિવસના માંખો કલકત્તાના લોકોને બહુજ હેરાન કરે છે."

વીરસિંહપુરમાં ત્રણ ચાર મહિના રહેવાથી વિદ્યાસાગર રોગ મુક્ત થયા. જ્યેષ્ઠ માસમાં ઠાકુરદાસ વીરસિંહપુર ગયા અને વિદ્યાસાગરને ફરીથી કલકત્તે તેડી લાવ્યા. આ વખતે પ્રયાણ કરતાં પહેલાંજ ઠાકુરદાસે વિદ્યાસાગરને પૂછ્યું: "કેમ ઇશ્વિર, આ વખતે અહિંથી

કલકત્તા સુધી ચલાશે ? જો ન ચલાય તો પહેલાંથીજ કહી દે કે એક માણસને સાથે લઉં." ભગવતીદેવી અને દુર્ગાદેવીએ માણસ લેવાનું ઘણુંએ કહ્યું, પરંતુ વિદ્યાસાગરે કહ્યું: "મ્હારાથી ચલાશે. માણસ લેવાની કાંઈ પણ જરૂર નથી." બીજે દિવસે ઠાકુરદાસે પુત્રને લઇને ચાલવા માંડયું અને નાતુલ ગામમાં રાધામોહન વિદ્યાભુષણને ત્યાં વિશ્રામ લીધો. બીજે દિવસે તેઓ તારકેશ્વર પાસે આવેલા રામનગર જવાને નિકળ્યા. બપોરના બાર વાગ્યા એટલે રસ્તામાં એક ઠેકાણે જરા નાસ્તો પાણી કરવાને બેઠા અને જરાતરા વિશ્રામ લઇને પાછું ચાલવા માંડયું. વિદ્યાસાગર તદન થાકી ગયા હતા તેમણે ઠાકુરદાસને કહ્યું: "બાબા, હવે મ્હારાથી ચલાતું નથી." ઠાકુરદાસ જાણે તેનું કહ્યું બિલકુલ સાંભળ્યું નથી એ પ્રમાણે ડોળ કરીને વિદ્યાસાગરને જરા ઉતાવળેથી ચાલવાનું કહેવા લાગ્યા. વિદ્યાસાગર ફરીથી બોલ્યા: "બાબા, જુઓ તો ખરા, મ્હારા પગ તદ્દનં સૂઝી ગયા છે." એ સાંભળીને ઠાકુરદાસે ઇશ્વરને આશ્વાસન આપતાં કહ્યું: "ભાઇ, ધીમે ધીમે ચાલ. હજુ બહુ આઘે જવાનું છે. વળી આગળ દુકાન આવે છે ત્યાંથી આપણે તરબુચ પણ લઇશું. માટે જલદી ચાલ." ઠાકુરદાસે વિદ્યાસાગરને અનેક લાલચો આપવા માંડી, પરંતુ વિદ્યાસાગર એકના બે થયા નહિ. તેમનામાં એક ડગ પણ ભરવાની શક્તિ નહોતી. તેમના બન્ને પગ સુઝી ગયા હતા તેથી તે રસ્તામાંજ બેસી ગયા. ઠાકુરદાસ બહુજ ગુસ્સે થયા. તેમણે વિદ્યાસાગરને બહુ બહુ સમજાવ્યા, પણ કોઇ પણ રીતે વિદ્યાસાગર સમજ્યા નહિ. એટલે કંટાળીને બોલ્યા: "જ્યારે ચલાય એમ નહોતું ત્યારે માણસ લેવાની શા માટે ના કહી?" એમ કહીને તેમણે વિદ્યાસાગરને મારવા માંડયા. ઘણો માર પડવા છતાં પણ ઇશ્વર એક ડગલું પણ ચાલ્યા નહિ. ચાલવાની તેમનામાં શકિતજ નહોતી, તેથી ઠાકુરદાસ પણ કંટાળી

ગયા અને "હું તો જાઉં છું, ત્હારે આવવું હોય તો આવજે." એમ કહીને ચાલવા માંડયું. થોડે દૂર જઇને જોયું તો ઇશ્વિર તેજ ઠેકાણે બેઠો બેઠો રડયા કરે છે. હવે ઠાકુરદાસની ખાત્રી થઇ કે વિદ્યાસાગર એક ડગલું પણ ચાલવાનો નથી, એટલે પાછા આવીને તેને સમજાવવા લાગ્યા—લાલચો આપવા લાગ્યા; પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. ઠાકુરદાસનું શરીર બહુજ નબળું અને પાતળું હતું, તેથી આઠ વર્ષના બાળકને લઇને ચાલવું પણ તેમને માટે બહુજ અઘરૂં હતું. આખરે ઠાકુરદાસે ઇશ્વિરને કેડમાં લઇ ચાલવા માંડયું. શરીર અશક્ત હોવાથી તેઓ થોડા થોડામાં થાકી જતા હતા, તેથી ઘડીમાં ખાંધે, તો ઘડીમાં કેડમાં, તો ઘડીમાં હાથ ઉપર અદલબદલ કરતા હતા. એમ કરતાં કરતાં મહાન કષ્ટે છેક સંધ્યા વખતે તેઓ રામનગર આવી પહોંચ્યા અને ત્યાં રામતારક મુખોપાધ્યાયને ઘેર મુકામ કર્યો. વિદ્યાસાગરને પગે બહુજ કષ્ટ થતું હોવાથી રામતારકની સ્ત્રી અન્નપૂર્ણાદેવીએ તેલ ગરમ કરીને તેમને પગે સારી રીતે મર્દન કર્યું. બીજે દિવસે પણ બાપદિકરા ત્યાંજ રહ્યા. ત્રીજે દિવસે તેમણે વૈદ્યવાડીનો રસ્તો લીધો અને ત્યાંથી વહાણમાં બેસીને સંધ્યાકાળે કલકત્તે પહોંચ્યા.

હિંદુ કૉલેજની સ્થાપના થવાથી કલકત્તા શહેરમાં ઉચ્ચ શિક્ષણ આપવાનો માર્ગ સુલભ થયો છે, પરંતુ તે પહેલાં શિક્ષણની અવસ્થા બહુજ શોચનીય હતી. તે વખતે સાધારણ લોકોના અંતઃકરણમાં પણ પોતાના છોકરાઓને ઇંગ્રેજી શીખવવાની ઇચ્છા દિવસે દિવસે પ્રબળ થતી હતી. સમય જોઇને કેટલાક ઇંગ્રેજોએ કલકત્તામાં ઠેકાણે ઠેકાણે ઇંગ્રેજી સ્કુલોની સ્થાપના કરી હતી. એ સ્કુલોમાં અભ્યાસ કરી પાસ થયેલા જેવું તેવું ઇંગ્રેજી લખી વાંચી જાણનારને પણ તે સમયે કલકત્તામાં અતિશય સન્માન મળતું હતું.

તે વખતે જે ઇંગ્રેજી શિક્ષણ આપવામાં આવતું હતું તે વિષે

કાંઇક લખવું આવશ્યક છે. તે સમયે વાક્ય રચના અને વ્યાકરણ તરફ બિલકુલ ધ્યાન આપવામાં આવતું નહોતું. ફક્ત ઇંગ્રેજી શબ્દો અને તેના શબ્દાર્થ વગેરે શીખવવા ઉપર મુખ્ય ધ્યાન આપવામાં આવતું હતું. જે વધારે ઇંગ્રેજી શબ્દો અને તેના અર્થ મ્હોડે કરી શકે તેને ઇંગ્રેજીનું સારૂં જ્ઞાન ધરાવનાર વ્યક્તિ તરીકે માન મળતું હતું.

વાક્ય અને વ્યાકરણ રહિત ઇંગ્રેજી શબ્દોદ્વારા તે વખતના ઇંગ્રેજી ભણેલા માણસો ઇંગ્રેજ લોકો સાથે વાતચીત કરતા હતા. ઇંગ્રેજ લોકો પણ તે વાત કહેનાર માણસના ભાવ તેમજ હાથ પગની ચેષ્ટાઓથી તેના કહેવાની મતલબ સમજી લેતા હતા. આ સઘળી વાતો તેમને તેમના ખાણા વખતે હાસ્ય વિનોદ કરવામાં સહાયભૂત થતી હતી.

થોડા દિવસ પછી ઠાકુરદાસે વિચાર કર્યો કે; "મ્હારા વંશમાં આજ દિન સુધીમાં સર્વ મનુષ્યો સંસ્કૃત શીખીને વિદ્યાદાન કરતાં આવ્યાં છે. માત્ર હુંજ ગરીબાઇને લીધે બાલ્ય કાળથી સંસાર ચક્રમાં ફસાયાથી, મ્હારા કુટુંબનું પાલન પોષણ કરવાને ઇંગ્રેજી શીખ્યો છું. માટે ઇશ્વિર તો સંસ્કૃત ભણીને ઘર આગળ પાઠશાળા સ્થાપન કરશે." આ વખતે જગદ્દુર્લભસિંહને ઘેર ગવર્નમૅન્ટ સંસ્કૃત કૉલેજના વ્યાકરણની ત્રીજી ચોપડી ભણાવનાર પંડિત ગંગાધર તર્કવાગીશ મહાશય સાથે ઠાકુરદાસનો મેળાપ થયો. તેમને પૂછવાથી તેમને માલૂમ પડયું કે કૉલેજમાં દાખલ થયા પછી પાંચ છ માસ અભ્યાસ કરી પરીક્ષામાં પાસ થવાથી માસિક પાંચ રૂપિઆની શિષ્ય વૃત્તિ—સ્કૉલરશીપ મળે છે. પાઠશાળામાં સંક્ષિપ્ત સાર વ્યાકરણ ભણવામાં ઘણો સમય જાય છે, પણ કૉલેજમાં વિદ્યાર્થીઓને મુગ્ધબોધ વ્યાકરણ શીખવાડવાથી ત્રણ વર્ષમાં વ્યાકરણ અને વ્યુત્પત્તિનું જ્ઞાન થાય છે અને ત્યાર પછી કાવ્ય શીખવવામાં આવે છે. વળી તેજ વખતે પાતુલ-

ગામ નીવાસી ઇશ્વિરચંદ્રની માના મામા રાધામોહનના કાકાનો દીકરો મધુસુદન વાચસ્પતિ પણ સંસ્કૃત કૉલેજમાં શીખતો હતો અને તેને સ્કૉલરશીપ મળતી હતી. ઠાકુરદાસે તેની પણ સલાહ લીધી અને આખરે ઇશ્વિરચંદ્રને સંસ્કૃત કૉલેજમાંજ દાખલ કર્યા.

જગદ્દુર્લભસિંહની નાની બ્હેન રાયમણી અને તેનું કુટુંબ ઇશ્વિરચંદ્ર ઉપર બહુજ પ્રેમ રાખતું હતું. ઠાકુરદાસની નોકરી બહુજ સખ્ત હતી. સવારમાં વહેલા જતા અને છેક અગિઆર વાગે પાછા આવતા હતા અને ત્યાર પછી રસોઈ કરી પિતા પુત્ર જમતા હતા. રાત્રિના છેક દશ વાગે જમવાનું કરી શકતા હતા અને જમીને તરતજ સૂઇ જતા હતા. પ્રાતઃકાળથી આઠ વર્ષના બાળક વિદ્યાસાગાર લગભગ આખો દિવસ રાયમણીની પાસે રહેતા હતા. તે પણ તેમને ખાવાનું વગેરે આપી, તેમની સાથે રમત ગમત કરીને આનંદમાં રાખતાં હતાં. વિદ્યાસાગરને કોઈ વખત જ્યારે પોતાની માતા ભગવતીદેવી સાંભરી આવતાં, ત્યારે રાયમણી વગેરે તેમની પાસે એવી એવી વાતો કરતાં કે વિદ્યાસાગર પોતાના બધા વિચારો ભૂલી જતા હતા. રાયમણી અને જગદ્દુર્લભસિંહનાં ધર્મ–પત્નીનો તેમની દયા દાક્ષિણ્યથી બાળક વિદ્યાસાગર ઉપર બહુજ ઉપકાર થયો છે. જો તેમણે વિદ્યાસાગરને એ પ્રમાણે સ્નેહપૂર્વક ન રાખ્યા હોત અને જો તેમની ઉપર આટલો બધો પ્રેમ અને મમતા ન બતાવ્યાં હોત, તો તે ત્યાં રહી શકતજ નહિ; કારણ તે સમયે કલકત્તાની અવસ્થા જેવી ખરાબ હતી તેવીજ તેની નૈતિક અવસ્થા પણ હતી. તે વખતે નાચ, રંગ, ભવાઇ, મિજલસ તથા અન્યાન્ય ભોગવિલાસો બંગ સમાજમાં અતિશય દાખલ થઇ ગયા હતા. કબુતરની લડાઇ અને પતંગ ચગાવવાનો રિવાજ બહુજ વધી ગયો હતો અને શહેરના સારા સારા પ્રતિષ્ઠિત મનુષ્યો પણ તેમાં આગળ પડતો ભાગ લેતા હતા. એ સમયે બીજા પણ

કેટલાક કૌતુકમય રિવાજો પ્રચલિત હતા. કોઇ કોઇ સ્થાને મિજલસો બોલાવવામાં આવતી હતી અને તેમાં સારા સારા ગવૈયાઓ ગાન-તાન કરી આવનારના મનને આનંદિત કરતા હતા. વળી કોઈ કોઈ ઠેકાણે મનુષ્ય પક્ષીઓની સભા રચવામાં આવતી હતી. તેમાં નાનાં નાનાં પાંજરાઓમાં મનુષ્યો પક્ષીના જેવું સ્વરૂપ ધારણ કરીને બેસતાં હતાં. ત્યાર પછી તે પાંજરાઓને સભામાં લાવવામાં આવતાં હતાં. તેમાં કોઇ કાગડા, કોઇ કાકાકૌઆ, કોઇ સારસ, કોઇ બગલાં વગેરે નાના પ્રકારના પક્ષીઓની આકૃતિ કરી બતાવતું હતું અને તેની સાથે તેના જેવાજ સ્વરમાં અવાજ પણ કરતાં હતાં.

જનનીના સ્નેહ અને પ્રેમથી દૂર થઇ, આવા નીચ મોજશોખ-વાળા મનુષ્યોના શહેરમાં આવી, સિંહ મહાશયના જેવા સારા કુટુંબમાં આશ્રય મેળવવો એ પણ એક પરમ સૌભાગ્યની વાત છે. સિંહ કુટુંબની માયા અને મમતાથી વિદ્યાસાગર મહાશયને જે સુખ મળ્યું છે, તે અકથનીય છે. ઉત્તર કાળમાં જેમણે સમસ્ત બંગાળનું મુખ ઉજ્જવળ કર્યું છે, તેમને બાલ્યાવસ્થામાં અનેક સ્રીઓએ આવી રીતે સ્નેહ પ્રદર્શિત કરી તેમના પ્રતિ પૂજ્યભાવ રાખતાં શીખવ્યું હતું. સિંહ કુટુંબમાં રાયમણીએ વિદ્યાસાગરની માતાનો અધિકાર મેળવ્યો હતો. તેણે પોતાના સ્નેહથી વિદ્યાસાગરનું હૃદય કેટલું બધું પરિતૃપ્ત કર્યું છે તે તેમનાજ લખેલા આત્મ જીવન ચારિત્રમાંથી વાચકવૃંદ આગળ રજુ કરીએ છીએ.

"તેમનો—રાયમણીનો ગોપાળચંદ્ર ઘોષ નામનો એકનો એક પુત્ર મ્હારા જેટલીજ ઉમ્મરનો હતો. પુત્ર ઉપર માતાનો જેવો સ્નેહ અને યત્ન હોવાં જોઇએ તેના કરતાં મ્હારા ઉપર રાયમણીનો સ્નેહ—ભાવ વધારે હતો એમાં લેશ માત્ર પણ સંશય નથી. તથાપિ મ્હારો દૃઢ વિશ્વાસ એવો છે કે, સ્નેહ અને યત્નની બાબતમાં તેને (રાયમણીને)

મ્હારામાં અને ગોપાળમાં બીલકુલ ભિન્ન ભાવ નહોતો. સ્નેહ, દયા, સૌજન્ય, નિષ્કપટ વગેરે બાબતમાં રાયમણીના જેવી બીજી કોઇ પણ સ્ત્રી આજ દિન સુધી મ્હારા જોવામાં આવી નથી. એ દયામયીની સૌમ્ય મૂર્તિ મ્હારા હૃદય-મંદિરમાં દેવીની મૂર્તિરૂપે પ્રતિષ્ઠિત થઈ વિરાજી રહી છે. જ્યારે જ્યારે તેની વાત નિકળે છે ત્યારે ત્યારે તેના અકૃત્રિમ વિમલ સદ્‌ગુણોનું કીર્તન કરતાં કરતાં મ્હારાથી અશ્રુપાત કર્યા વિના રહેવાતું નથી. લોકો મને સ્ત્રી જાતિનો પક્ષપાતી કહે છે અને મને પણ લાગે છે કે તેમનું કહેવું ખોટું પણ નથી; તથાપિ જે માણસે રાયમણીની એવી દયા અને એવું સૌજન્ય વગેરે નજરો નજર જોયું છે અને અનુભવ્યું છે, તે જો સ્ત્રી જાતિનો પક્ષપાતી ન થાય તો તેના જેવો કૃતઘ્ન પામર ભૂમંડળમાં બીજો કોણ હોઈ શકે ?" એજ પ્રમાણે તિબેટવાસી રમણીઓના સદ્‌વ્યવહાર અને માયા મમતાથીજ મહાત્મા રામમોહનરાય પણ સ્ત્રી જાતિના પક્ષપાતી થયા હતા.

વિદ્યાસાગર કલકત્તે ગયાથી પહેલાં તો પુત્રવત્સલ જનની ભગવતીદેવી પુત્ર વિયોગથી વ્યાકુળ ચિત્તે દિવસ નિર્ગમન કરવા લાગ્યાં અને આખો દિવસ રૂદન કરીને પોતાના હૃદયને ખાલી કરવા લાગ્યાં; પરંતુ જ્યારે રાયમણીના દયા દાક્ષિણ્યથી વિદ્યાસાગર ત્યાં બહુજ આનંદમાં રહે છે, તે વાત તેમના જાણવામાં આવી ત્યારે તેમને જરા ધૈર્ય આવ્યું અને ઘરધંધો બરોબર કરવા માંડયો. તે દિવસથી ઘરનાં બીજાં નિત્ય નૈમિત્તિક કાર્યો સાથે રાયમણિ અને તેના પરિવારની મંગળ કામના ભગવતીદેવીના નિત્ય કાર્યમાં ગણાવા લાગી.

ઇ. સ. ૧૮૨૯ ના જુન મહિનાની ૧ લી તારીખે ઠાકુરદાસે વિદ્યાસાગરને કલકત્તાની સંસ્કૃત કૉલેજમાં વ્યાકરણની ત્રીજી ચોપડીમાં દાખલ કરાવ્યા. એ દિવસ-એ શુભ દિવસ બંગાળી સાહિત્ય અને

બંગાળાના ઇતિહાસમાં એક ચીર સ્મરણીય દિવસ છે. એ દિવસનો પ્રતાપ હવે બંગાળીઓ સંપૂર્ણ રીતે સમજી શક્યા છે. જે સુલલિત દેવભાષા સંસ્કૃતની સાથે હરિફાઈ કરવાનું જેઓએ આજદિન સુધી પણ સાહસ કર્યું નથી અને ઉલટો તેનો વિરોધ કરવાને પ્રયત્ન કર્યો છે, તેઓ હવે ઝાંખા પડી ગયા છે. આજે બંગાળી સાહિત્ય અને બંગભાષા, તે મૃત પણ સુલલિત દેવભાષા સંસ્કૃતની બરોબરી કરવાનું સાહસ કરે છે. બંગાળીઓના સૌભાગ્યથીજ વિદ્યાસાગર મહાશય, બંગભાષાની જનની સંસ્કૃત ભાષાની સેવા કરવાને સંસ્કૃત કૉલેજમાં દાખલ થયા હતા. તેમના જેવા વિરાટ્ મહાપુરૂષ વિના માતૃભાષાની પ્રાણ પ્રતિષ્ઠા કોણ કરી શકત? તેમણે સયત્ને અતિશય પરિશ્રમ વેઠીને માતૃભાષા રૂપ જે તરૂનું રોપણ કર્યું હતું અને એમની પછી અક્ષયકુમાર, બંકિમચંદ્ર, કાલિપ્રસન્ન, મધુસુદન, હેમચંદ્ર, નવિનચંદ્ર વગેરેએ તેને જે પ્રતિભા વારિનું સિંચન કર્યું હતું તેનેજ પરિણામે આજે બંગભાષા અનેક પ્રકારનાં પુષ્પ અને ફળોથી સુશોભિત થઈ રહી છે.

વિદ્યાસાગર જ્યારે સંસ્કૃત કૉલેજમાં દાખલ થયા ત્યારે તેમની ઉમ્મર નવ વર્ષનીજ હતી. તે પહેલાં તેમને સંસ્કૃતનું કાંઈ જ્ઞાન નહોતું. "મ્હારા કરતાં વર્ગનો કોઈ પણ વિદ્યાર્થી આગળ વધી જવો જોઇએ નહિ" એવી દૃઢ પ્રતિજ્ઞા તેમણે લીધી હતી, તેથી અન્ય વિદ્યાર્થીઓ પોતાને પરાસ્ત ન કરે તેટલા માટે વિદ્યાસાગર યત્નથી વિદ્યાભ્યાસ કરતા હતા. કોઇ કોઈ વાર તેઓ આખી રાત્રિ જાગીને વાંચતા હતા. તેઓ વારંવાર ઠાકુરદાસને કહેતા: "બાબા, આજે હું રાત્રિના દશેક વાગે વાળુ કરીને સૂઇ જઇશ: તમે મને બાર વાગે ઉઠાડજો, નહિ તો મ્હારાથી મ્હારો પાઠ બરોબર થશે નહિ." વિદ્યાસાગરના કહેવા પ્રમાણે રાતના વાળુ કરીને ઠાકુરદાસ બે કલાક બેસી

રહેતા અને જ્યારે "ટાવર"માં બારના ટકોરા થતા એટલે વિદ્યાસાગરને જગાડીને સૂઈ જતા હતા અને વિદ્યાસાગર આખી રાત્રિ વાંચ્યા કરતા હતા. આવી રીતે અતિશય શ્રમ લેવાથી ઈશ્વરચંદ્ર ઘણી વખત માંદા પણ પડતા હતા. વિદ્યાસાગર જેવી રીતે પોતાના વિદ્યાભ્યાસમાં આસક્ત રાખતા હતા, તેવીજ રીતે કૉલેજમાં પોતાના શિક્ષકો પ્રતિ સંપૂર્ણ ભક્તિ અને સાથે ભણનાર મિત્રો પ્રતિ અલૌકિક ભ્રાતૃભાવ પણ રાખતા હતા. આજકાલ લોકો લખતાં વાંચતાં શીખી હોશિયાર થઇ કાર્યદક્ષ થવામાં શિક્ષણની પૂર્ણાહુતિ થયેલી માને છે; પરંતુ ગુરૂ શિષ્યની ભક્તિનો સંબંધ અને બાળક બાળકમાં પરસ્પર સખા ભાવ એ જે શિક્ષણનું મુખ્ય અંગ—મુખ્ય ઉદ્દેશ છે, તેને તદ્દન ભૂલી જાય છે. એટલા માટેજ વર્તમાન શિક્ષા પદ્ધતિથી વિદ્યાસાગર જેવા મહાન પુરૂષો ઉત્પન્ન થવા અસંભવિત થઈ પડયું છે.

નવ વર્ષની ઉમ્મરે સંસ્કૃત કૉલેજમાં દાખલ થઈ બાવીસ વર્ષ સુધીમાં વિદ્યાસાગર કૉલેજમાં શીખવાતી દરેક વિદ્યામાં પારંગત થઈ ગયા. તે દરમ્યાન તેમના નાના ભાઇ દીનબંધુ અને શંભુચંદ્ર વિદ્યારત્ને પણ સંસ્કૃત કૉલેજમાં દાખલ થઇ અભ્યાસ કરવા માંડયો હતો અને વિદ્યાસાગર તથા દીનબંધુ ન્યાયરત્નનાં લગ્ન પણ થઇ ગયાં હતાં. જ્યારે ત્રણે ભાઇઓ કૉલેજમાં ભણતા હતા, ત્યારે ભગવતીદેવી ચરખાથી સુતર કાઢીને તેમને માટે કપડાં સીવડાવીને મોકલતાં હતાં. ત્રણે ભાઇઓ પોતાની માતાએ મોકલેલાં જાડાં વસ્ત્રો પહેરીને કૉલેજમાં જતા હતા. વિદ્યાસાગર મહાશયે પોતાની સમસ્ત જીંદગીમાં—જન્મથી મરણ સુધીમાં—જાડાં વસ્ત્રો પહેર્યાં હતાં. તેઓ કોઈ પણ દિવસ ઝીણાં વસ્ત્રો પહેરતાજ નહિ.

षष्ठ परिच्छेद.

કુટુંબ–જીવન.

કુટુંબ બંધન એ માનવ જાતિને અશેષ કલ્યાણ અને સુખને આપનારૂં છે. કૌટુંબિક સંબંધ માનવ જાતિને પશુ જાતિથી જૂદો પાડે છે. કૌટુંબિક સંબંધનું કર્તવ્ય ભાન અથવા કર્તવ્ય હીનતાજ માનવ–ચરિત્રને દેવ તુલ્ય અથવા તો પશુ તુલ્ય બનાવે છે. આ સંસારમાં જે મનુષ્ય કુટુંબ–બંધનથી બંધાયલો નથી, તેના ચારિત્રની પરીક્ષા કરવા માટે યોગ્ય સ્થળ પણ નથી. તેવા મનુષ્યને આ સુખમય ભુમંડળ, એક દુઃખમય જીર્ણ અરણ્ય જેવું દેખાય તેમાં શું આશ્ચર્ય ? મનુષ્યનો બાળ બચ્ચાં અને કુટુંબ કબિલાવાળો સંસારજ તેનાં સુખ અને સદ્‌ગતિની લીલા ભૂમિ છે. કુટુંબ–બંધનજ મનુષ્યના હૃદયમાં ખરેખરાં બળ અને શક્તિનો સંચાર કરે છે અને સકળ કુટુંબી જનોની પરિચર્યાથીજ મનુષ્ય પોતાના ચારિત્રની ઉત્કર્ષતા પ્રાપ્ત કરી શકે છે.

અંતઃકરણની ઉદારતા એજ મનુષ્યની સભ્યતાનું મુળ છે. તેજ પ્રમાણે જ્યાં હૃદયની ક્ષુદ્રતા અને સંકીર્ણતા હોય છે ત્યાંજ અજ્ઞાન અને અસભ્યતાનું જોર ચાલે છે. માણસ જ્યાં સુધી અજ્ઞાનાંધકારમાં સપડાયલો હોય ત્યાં સુધી તે કાંઈ પણ જોઇ શકતો નથી. માનવ સમાજના આ અસંખ્ય વિભાગોમાં લાંબા કાળથી જે એક મોટી ઐક્યતા બીરાજે છે; તેને મેળવવાને અને તેનો અનુભવ કરવાને તે શક્તિમાન થતો નથી. તેવા માણસો મોહપાસમાં સપડાયલા હોવાથી, તેમની આસપાસ વ્યાપી રહેલા આ મોટા જગતને અને વિપુલ માનવ–સમાજને ક્ષુદ્ર માની લે છે; પરંતુ જ્યારે તેમના જ્ઞાનનો

વિકાસ થાય છે ત્યારે તેમની આ ક્ષુદ્ર જગતની સંકુચિત સીમા તેમને વિસ્તૃત થયેલી જણાય છે. આ પ્રમાણે ક્રમસર વિકાસ થવો એજ આ સંસારનો નિયમ છે. એ નિયમને આધિન થઇને મનુષ્ય-હૃદય, પોતાની ક્ષુદ્ર સીમા ઓળંગીને ધીમે ધીમે પરિવારમાં, તે પછી ગામમાં, પ્રદેશમાં, દેશમાં અને આખરે સમસ્ત જગતમાં વ્યાપે છે. આ વખતે તે પોતાની આસપાસના સમસ્ત ભિન્ન ભિન્ન દેશોને એકજ પૃથ્વીના રૂપમાં ગ્રહણ કરે છે અને અનેક પ્રકારનાં જાતિ, ધર્મ, આચાર, અને વ્યવહારથી વિભક્ત થયેલા માનવ સમાજને પોતાના સમાજ તરીકે ગ્રહણ કરે છે. તે અવસ્થામાં તેને **स्वदेशो भुवनत्रयम्** એ સુપરિચિત સંસ્કૃત મહામંત્રનું જ્ઞાન થાય છે અને તે સર્વ દેશોને પોતાના સ્વદેશ તરીકે તથા સર્વ જાતિને સ્વજાતિ તરીકે ગ્રહણ કરે છે. આવા પ્રકારની ઉદારતા અને સભ્યતા, ઉન્નતિના પરમ આદર્શરૂપ છે.

મહાત્મા પુરૂષોની વાત ન્યારી છે. તેઓ અખિલ વિશ્વ ઉપર પ્રેમ રાખે છે. દિવ્ય જ્ઞાનના પ્રતાપથી તેમનાં ચક્ષુઓ દિવ્ય થયેલાં હોય છે. તેઓ સમસ્ત પૃથ્વીને પોતાનીજ માને છે અને "**अयं निजः परोवेत्ति**" એવી નીચ માણસોની ગણત્રીને ભૂલી જઇ, સાધારણ રીતે ધીરજ-વાળા, ક્ષમાશીલ અને સહનશીલતાવાળા હોય છે. આ સંસારમાં જન્મથી બંધાતા સંબંધનો નિયમ તેમને લાગુ પડતો નથી, કારણકે તેઓ પોતાને તેમજ પૃથ્વીની બીજી સમસ્ત જાતિના માણસોને એકજ પરિવારના માનીને તેમના કલ્યાણમાં આત્મ સમર્પણ કરે છે; પરંતુ સંસારમાં આવી પ્રકારનાં રમણી રત્નો અથવા મહાપુરૂષો મળી આવવા બહુજ દુર્લભ છે, એમાં તો સંદેહ નથી.

કુટુંબ-બંધનથી મનુષ્યના હૃદયમાં સુખ, શાંતિ અને પવિત્રતાનો વિસ્તાર થાય છે. નાનાથી તે મોટા સુધી દરેકનો એકબીજા

ઉપર પ્રેમ ઉત્પન્ન થાય અને તેઓ પરસ્પર સહાય કરે, એજ એનું મુખ્ય કારણ છે. માતાપિતા જો નિસ્વાર્થ પ્રીતિ રાખીને પોતાનાં સન્તાનોના હિતની ઇચ્છા ન કરે; સન્તાન જો સ્વાભાવિક ભક્તિથી પિતામાતાની સેવા ન કરે; પત્ની જો પૃથ્વીના સમસ્ત આકર્ષક પદાર્થોનો તિરસ્કાર કરીને સર્વ કાળે અને સર્વ સ્થળે પતિના દુઃખમાં ભાગ ન લે અને પતિ જો પ્રણયના અનુરોધથી પત્નીના સુખસાધનમાં યત્નવાન ન રહે; તો આ સંસાર ઝાડપાન વિનાની મરૂભૂમિ અથવા તો નિર્જન સ્મશાન ભૂમિનું રૂપ ધારણ કરી મહાન ભયાનક થઇ પડે. જો મનુષ્યને તેના સુખદુઃખમાં ભાગ લેનાર કોઇ પણ અન્ય મનુષ્ય ન મળે તો તે આ સંસારમાં જીવી પણ શકે નહિ. આપત્તિની વખતે તેને ધૈર્ય આપનાર, તેમજ દુઃખમાં તેની સાથે રહીને તેના દુઃખનું શાન્ત્વન કરનાર જો કોઈ હોય નહિ તો તેનું હૃદય દુઃખના ભારથી દબાઇને કચ્ચડાઈ જાય એમાં લેશ માત્ર પણ સંશય નથી. એજ પ્રમાણે જો કોઇ અસાધ્ય કાર્ય કરવામાં સફળ અથવા વિજયી થઇને હર્ષથી ઉન્મત્ત બની પોતાને ઘેર પાછો આવે, તે વખતે તેના મુખ તરફ પ્રસન્નતાથી દૃષ્ટિપાત કરનાર અને તેના ઉત્સાહ તથા તૃપ્તિમાં ભાગ લેનાર કોઈ પણ ન હોય તો આ સંસારમાં સત્કાર્ય અને સત્ સાધનામાં તેની પ્રીતિ ભવિષ્યમાં કોઇ પણ રીતે વૃદ્ધિ પામી શકે નહિ.

અપાર કરૂણામય પરમેશ્વરે આ સંસારમાં સ્ત્રી અને પુરૂષ એ બે પ્રકારની સૃષ્ટિઓ રચેલી છે. એ બે સૃષ્ટિઓમાં ભિન્ન ભિન્ન અનુપમ સૌંદર્ય રહેલાં માલૂમ પડે છે. પુરૂષનું શરીર બલિષ્ઠ અને કર્મઠ હોય છે—નારી દેહ સુકોમળ અને લાવણ્યથી પરિપૂર્ણ રહે છે. પુરૂષ શૌર્ય, વીર્ય અને દૃઢતા વગેરે ગુણોથી અલંકૃત થયેલો હોય છે ત્યારે નારી-પ્રકૃતિ, સ્નેહ, મમતા, અને સહનશીલતા વગેરે ગુણોની

મૂર્તિમતી પ્રતિમા છે. વિધાતાનું સૃષ્ટિ કૌશલ્ય એવું છે કે એ બન્ને પ્રકૃતિઓ પરસ્પર વિચ્છિન્ન હોવા છતાં, તેમના શુભ સંયોગથીજ સંતાનની ઉત્પત્તિ થાય છે અને એટલા માટેજ તેણે તે બન્નેને એક બીજા ઉપર આધાર રાખનારાં બનાવ્યાં છે. જેવી રીતે પર્વતમાંથી નીકળેલા બે જળપ્રવાહો અગાડી સપાટ જમીન ઉપર આવીને પરસ્પર એકબીજાને ભેટીને એક થઇ જાય છે અને તે એકત્ર થયેલો જળપ્રવાહ, શક્તિ તથા સૌંદર્યતામાં વિસ્તાર પામીને, હજારો માઇલ સુધી પ્રબળવેગે વહન કરી આખરે સમુદ્રને મળે છે; તેવીજ રીતે સ્ત્રી અને પુરૂષ આ સંસારમાં જન્મ ગ્રહણ કરી, લાલિત પાલિત અને સંવર્ધિત થઇ, છેવટે સારા પરિણયના પ્રતાપથી પરસ્પરનો સંબંધ થવાથી અનંત ઉન્નતિ અને સાધના તરફ પ્રવૃત્તિ કરે છે. આનુંજ નામ સ્વાભાવિક પ્રેમ છે. એવાં સ્વાભાવિક બે અભિન્ન હૃદયમાં પરસ્પર લગ્નની જે ગાંઠ બંધાય છે તેજ ખરેખરો પ્રેમ છે. એ શુભ પ્રેમજ કુટુંબ પરિવારનું મુળ અને મનુષ્યના સંસાર બંધનના સેતુ–bridge રૂપ છે.

પોતાનું કર્તવ્યકર્મ કરવામાંજ મનુષ્યનું મનુષ્યત્વ રહેલુ છે. કર્તવ્ય જ્ઞાનથી હિત–અહિતનો વિચાર કરવાની શક્તિ આવે છે. લગ્નની ગાંઠથી બંધાયા પછી મનુષ્ય પોતાના પરિવાર વર્ગમાં પ્રવેશ કરે છે અને તે વખતે તેને બે પ્રકારનાં કર્ત્તવ્ય કર્મો કરવાનાં પ્રાપ્ત થાય છે. પરિવારમાં પ્રવેશ કરીને મનુષ્યને દામ્પત્ય ધર્મ અને પિતા ધર્મનું અવલંબન કરવું પડે છે. એ ઉપરાંત આડોશી પાડોશીની સુખ સંપત્તિ તરફ દૃષ્ટિ રાખવી એ પણ એનું મુખ્ય કર્ત્તવ્ય છે. માનવ જાતિમાં જન્મ લેવાનો હેતુ, પોતપોતાના સંયોગોને અનુસરીને કેટલીક ફરજો અદા કરવાનો છે. વિચાર કરવાથી માલૂમ પડશે કે મનુષ્યને આ જગતમાં જન્મ ધારણ કરીને કાંઇને કાંઈ પણ ફરજ–કર્ત્તવ્યકર્મ

બજાવવાનું તો છેજ. પિતા માતા તરફ સન્તાનોની, સન્તાન પ્રત્યે પિતામાતાની, પતિ તરફ પત્નીની, પત્ની પ્રત્યે પતિની, ભાઇ બહેન તરફ ભાઈ બહેનોની, કુટુંબ તરફ સમસ્ત કુટુંબીઓની, પડોશીઓ પ્રત્યે પડોશીઓની, સ્વદેશવાસીઓ તરફ સ્વદેશવાસીઓની અને પ્રત્યેક મનુષ્ય પ્રતિ પ્રત્યેક મનુષ્યની ફરજ રહેલી છે. એ ફરજ અદા કરવી એ દરેક મનુષ્યનો ધર્મ છે અને જે પોતાની ફરજો અદા કરતું નથી તે ઇશ્વરનો અપરાધી થાય છે.

મનુષ્યના કર્ત્તવ્યની સીમા તેનાં જ્ઞાન અને શક્તિ ઉપરથી નક્કી થાય છે. માતાપિતા તરફ બુદ્ધિમાન અને પારદર્શી પુત્રની ફરજ જેટલી વધારે છે, તેટલી અજ્ઞાન અને અલ્પવયસ્ક પુત્રની નથી. જેણે જે પ્રમાણમાં વિધાતાની પ્રસાદિ-સુખ સંપત્તિ સંપાદન કરી છે, તે પ્રમાણમાં જો તે તેનો સદ્ઉપયોગ ન કરે તો તે વિપત્તિમાં આવી પડે અને દુઃખી થાય એમાં શું નવાઈ? કર્ત્તવ્ય કરવામાંજ મનુષ્યની ખરેખરી ધાર્મિકતા સમાયલી છે. કર્તવ્ય જેને ભારરૂપ લાગતું નથી અને કર્ત્તવ્યરૂપ કડવા ઔષધના સેવનથી જેને ક્લેશ થતો નથી, તેને કર્ત્તવ્ય બાળકના વ્યાયામ-અંગ કસરતની પેઠે મધુર અને સુખકર લાગે છે; અને તેજ ખરેખરા નિષ્કામ ધર્મનો અધિકારી અને મહાપુરૂષ થાય છે.

ઈ. સ. ૧૮૪૧ ના ડીસેંબર માસમાં વિદ્યાસાગરને ફૉર્ટ વિલિયમ કૉલેજમાં મહિને પચાસ રૂપિયાના પગારથી મુખ્ય પંડિતની જગ્યા મળી. તે પછી વિદ્યાસાગર પોતાના પિતાને નોકરી છોડી દેવાનો આગ્રહ કરવા લાગ્યા. તેઓ વારંવાર કહેતા: “બાબા, હવે મને ૫૦ રૂપિયાનો પગાર મળે છે. એનાથી આપણો સંસાર વ્યવહાર સારી રીતે ચાલી શકશે. આપે આજ દિન સુધી મ્હારે માટે અથાગ પરિશ્રમ લીધો છે અને બહુજ કષ્ટ સહન કર્યું છે માટે હવે હું તમને

નોકરી કરતાં કરતાં મરવા દઇશ નહિ. તમે વાનપ્રસ્થ ગ્રહણ કરો અને દેશમાં જઇને સુખશાંતિમાં રહો."

વિદ્યાસાગર મહાશયના અતિશય આગ્રહથી ઠાકુરદાસ નોકરી છોડી વીરસિંહપુર ગયા. વિદ્યાસાગર તેમની ઉપર દર મહિને ૨૦ રૂપિયા મોકલતા અને બાકીના ૩૦ રૂપિયા પોતાના ઘર ખરચ માટે રાખતા હતા.

ઠાકુરદાસ વાનપ્રસ્થ લઇને વીરસિંહપુર આવ્યા એટલે માતા દુર્ગાદેવી, પોતાના પુત્ર અને પુત્રવધૂ ઉપર સંસાર વ્યવહારનો સઘળો ભાર નાંખી દઇને પ્રશાંતમને ભગવદ્‌ભજન કરવા લાગ્યા. વિદ્યાસાગર મહાશય પણ સંસારના ખરચ ખુટણની વ્યવસ્થાનો ભાર પિતા ઉપર અને કુટુંબના ગૃહિણીપણાનો ભાર જનની ઉપર નાંખીને સુખરૂપ લોક સેવા બજાવવામાં તત્પર રહેવા લાગ્યા. માતાપિતા પોતાના પુત્રની મરજી વિરૂદ્ધ કોઇ પણ કાર્ય કરતાં નહિ, તેમ વિદ્યાસાગર પણ કદિ તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નહિ. તેઓમાં પરસ્પર એવું કર્ત્તવ્ય જ્ઞાન હતું કે તેમના અવિભક્ત કુટુંબના ગૃહસ્થાશ્રમ ધર્મનું પાલન કરવામાં કોઇ પણ પ્રકારનો અંતરાય આવતો નહિ.

ન્યાયપરાયણતા એ કુટુંબની શાંતિ અને ઉન્નતિનું કેંદ્રસ્થાન છે. અવિભક્ત કુટુંબનાં પ્રબળ અને દુર્બળ, સ્વાર્થી અને પરમાર્થી, ઉગ્ર અને શાંત એવા જૂદા જૂદા પ્રકારના ઘણા માણસોને એકજ ઘરમાં નિવાસ કરવો પડે છે. આથી કુટુંબના દરેક માણસો એક બીજાનું મન સાચવતાં શીખે છે. કુટુંબનો કર્તા હર્તા જો ન્યાયી ન હોય અને જો તે ન્યાયપૂર્વક પોતાના સમસ્ત કુટુંબની સંભાળ ન રાખતો હોય તો; અત્યાચાર, નકામા ખર્ચ અને વાદ વિવાદથી આખું કુટુંબ દુઃખી થાય છે. મોટા સારા અવિભક્ત કુટુંબમાં જેવી સારી

વ્યવસ્થા હોવી જોઇએ તેમાં ઠાકુરદાસના કુટુંબમાં ખામી નહોતી. ઠાકુરદાસ ઘરના સઘળા માણસો સાથે એક સરખો વ્યવહાર રાખતા હતા, કોઇનો પણ પક્ષપાત કરતા નહિ. કોઇનો ગુન્હો થતો તો તેને યોગ્ય સજા કરતા હતા અને દરેકની સાથે પ્રીતિથી વર્તતા હતા. ભગવતીદેવી ગૃહિણીરૂપે ઘરની અને હિતૈષિણીરૂપે પાડાપડોશીઓની સેવા સુશ્રુષા કરતાં હતાં. આ પ્રમાણે તેમનો પરિવાર સુખશાંતિમાં દિવસ નિર્ગમન કરતો હતો.

ઠાકુરદાસના ઔરસથી ભગવતીદેવીના ગર્ભમાં સાત પુત્ર અને ત્રણ કન્યાઓએ જન્મ ગ્રહણ કર્યો. પુત્રોનાં નામઃ—ઇશ્વિરચંદ્ર, દીનબંધુ, શંભુચંદ્ર, હરશ્ચંદ્ર, હરિશ્ચંદ્ર, ઇશાનચંદ્ર અને ભુતનાથ હતાં તથા ત્રણ કન્યાઓનાં નામ અનુક્રમે મનમોહિની, દિગંબરી અને મંદાકિની હતાં. આ વખતે ઇશ્વિરચંદ્ર અને દીનબંધુનાં લગ્ન થઇ ગયાં હતાં, તેથી કરીને પુત્ર, કન્યા, પુત્રવધૂ અને પરિવારના બીજા આશ્રિત સ્વજનોનું બહોળું કુટુંબ ભગવતીદેવીની આસપાસ વીંટાયલું હતું. સંસાર એ મનુષ્યની પરીક્ષા કરવાનું ઉત્તમ સ્થાન છે. સંસાર રૂપ પરીક્ષા—ક્ષેત્રમાં ભગવતીદેવી કેવી રીતે અને કેટલે દરજ્જે કર્ત્તવ્યનું પાલન કરીને તેની કસોટીમાંથી પસાર થયાં હતાં તે નિમ્ન લિખિત ઘટનાઓ વાંચવાથી વાચકના જાણવામાં આવશે.

અમે પહેલાંજ કહી ગયા છીએ કે આળસ એ કુટુંબ—સુખમાં વિક્ષેપ નાખનાર દુષ્ટ રાક્ષસ છે. ભગવતીદેવી પોતાના પરિવારમાં તે દુષ્ટ રાક્ષસનો અને જડતા—અજ્ઞાનતાનો પ્રવેશ ન થાય, તે ઉપર બહુજ ધ્યાન આપતાં હતાં. તેમણે ઘરનાં દરેક માણસોને જૂદાં જૂદાં કામો વ્હેંચી આપ્યાં હતાં અને તે કાર્યો દરેકને નિયમિત રીતે કરવાં પડતાં હતાં. એકનું કામ બીજાથી થતું નહિ અને બીજાને કરવા દેવામાં આવતું પણ નહિ. આથી કામ કરવાના સંબંધમાં કોઇના

મનને ક્લેશ થાય એવું કદિ પણ બનતું નહિ. તે ઉપરાંત કોઇ પણ કામ કરતાં કંટાળે નહિ—અથવા તો એકબીજાની અદેખાઇ કરે નહિ એટલા માટે પોતે પણ સવારથી સાંજ સુધી કામ કરતાં હતાં. પ્રાતઃ-કાળમાં શય્યાનો ત્યાગ કર્યા પછી પોતાના પ્રાતઃકૃત્યથી પરવારી જઇને ઘર અને ઘરના બીજા બધા પદાર્થો બરોબર સ્વચ્છ છે કે નહિ, તે તપાસી જતાં હતાં. દ્રવ્યનો વ્યર્થ ઉપયોગ કરવાથી ધન સંપત્તિનો વિનાશ થાય છે અને દ્રવ્યથી અનેકાનેક મ્હોટાં મ્હોટાં કાર્યો સિદ્ધ થાય છે; એ સૂત્રનું એમને યથાર્થ જ્ઞાન હોવાથી તેઓ ઘરના સામાન્ય પદાર્થો પણ અતિશય સંભાળથી સાચવી રાખતાં હતાં. ગૃહ—સામગ્રી અસ્તવ્યસ્ત રાખવી એ સંપત્તિની રક્ષા અને વૃદ્ધિને પ્રતિકૂળ છે. ઘર અને ઘરમાંના અન્ય પદાર્થો થોડી મુદતમાં બગડી જવાથી સંપત્તિનો નાશ થાય છે, એટલા માટે ભગવતીદેવી તેને ઘણીજ કાળજી રાખીને સાચવતાં હતાં અને તેની બરોબર વ્યવસ્થા રાખતાં હતાં. આ દરેક કાર્ય કરવામાં તેઓ ઘરનાં બાળકોની પણ મદદ લેતાં હતાં. તેઓ ઘરનાં દરેક બાળક, બાળકીને વારંવાર શીખામણ આપતાં કેઃ “ જો હું ઘરમાં ન હોઉં અને કોઇ કાંઇ માગવા આવે તો તેને કદિ પણ ના કહેવી નહિ. હું જે પ્રમાણે આપું છું તે પ્રમાણે ન અપાય તો થોડું ઘણું પણ આપવું. તેને ખાલી હાથે પાછું ફરવા દેવું નહિ.” ભગવતીદેવી દરરોજ પોતાને હાથે રાંધીને દરેકને સમભાવે જમાડતાં હતાં અને પીરસવામાં તેઓ કોઇનો પણ પંક્તિભેદ કરતાં નહિ. તેમ કોઇમાં ભિન્નભાવ પણ રાખતાં નહિ. રસોઇ કરીને બધાને ભોજન કરાવવામાં બે પ્રહર વીતી જતા હતા અને ત્યાર પછી તેઓ કોઈ અતિથિ આવે છે કે નહિ તેની એક બે કલાક રાહ જોઈને પછી જમી લેતાં હતાં. એટલામાં જો કોઈ અતિથિ આવી ચઢે તો પોતાના મ્હોં-ડાના કોળીઆમાંથી—પોતેજ ખાઇ રહે એટલાજ વધેલા અન્નમાંથી—તે

આવનાર અભ્યાગતની પરિચર્યા કરતાં હતાં અને પાછળથી કાંઇ વધે તો ઠીક, નહિ તો પછી કેવળ જળપાન કરીને આખો દિવસ નિર્ગમન કરતાં હતાં. તેઓ આખો દિવસ પોતાના પરિવારના મંગળ કાર્યમાં ગુંથાયલાં રહેતાં; એટલુંજ નહિ પણ પડોશીની પણ સંભાળ લેતાં જતાં હતાં. પડોશમાં કોઈ માંદુ હોય અને તેને દવા વગેરે લાવી આપવાને તેમજ રાંધી ખવડાવવાને કોઇ માણસ ન હોય તો તેઓ પોતે તેની પાસે જઈને તેની તન, મન અને ધનથી બરદાસ કરતાં હતાં અને પોતાને ઘેર ખાવાનું તૈયાર કરી પ્રસન્ન ચિત્તે તેને આપી આવતાં હતાં. તેઓ હમ્મેશાં કોઇને કોઇ કાર્યમાં ગુંથાયલાં રહેતાં હતાં. રાત્રિના બે પહોર પછી જ્યારે ઘરનાં બીજાં બધાં માણસો જમી-ખાઇને સુઈ જતાં હતાં ત્યારે ભગવતીદેવી પોતાના ચરખા-રેંટીયાની સંભાળ લેતાં હતાં. આ પ્રમાણે તેમણે સંસારને એક ખરેખરા કર્મ-ક્ષેત્રના રૂપમાં ફેરવી નાંખ્યો હતો. તેમણે હિંસા, દ્વેષ અને નિંદા વગેરે માનસિક દુર્ગુણો પોતાની ઉપર તેમજ પોતાના પરિવાર ઉપર આક્રમણ ન કરી શકે એવા ઉપાયો પહેલેથીજ યોજી રાખ્યા હતા. પારકી નિંદા-કુથળી કરનાર તરફ તે પોતાનો અણગમો બતાવતાં હતાં. જ્યારે જ્યારે કોઈ એમની પાસે એવી વાતો કરતું ત્યારે ત્યારે તેઓ કહેતાં કે: “ **જો તમે પોતે નીચ ન થાવ તો બીજાઓ તમને કદિ પણ નુકશાન કરી શકવાના નથી. બીજાના સદ્‌ગુણોની પ્રસંશા ન કરતાં તેમના દુર્ગુણોની વાતો કર-વાથી તમેજ કાળાંતરે હૃદયશૂન્ય થઈ જશો. તમારા સિવાય બીજો કોઈ પણ તમને નુકશાન કરી શકનાર નથી. તમારા પોતાના દોષ સિવાય તમે કદિ પણ દુઃખી થવાના નથી,** માટે બીજામાં જે કાંઈ ગુણ હોય તેનેજ જોઇને તેની વારં-વાર પ્રસંશા કરો. દોષ તરફ બીલકુલ નજર કરશો નહિ. બીજા તરફ

હિંસા કે દ્વેષ બતાવશો નહિ, બીજાનું ભલું થતુ જોઇનેજ ખુશી થજો."

જ્યાં સુધી દુર્ગાદેવી જીવતાં હતાં ત્યાં સુધી ભગવતીદેવી સંસારનાં દરેક કાર્ય તેમની આજ્ઞા લઈનેજ કરતાં હતાં. દુર્ગાદેવીને તે ગમતું નહિ, તેથી એક વખત તેમણે ભગવતીદેવીને કહ્યુંઃ "વહુ, હવે તમે મોટાં થયાં છો—છોકરાંની મા થયાં છો અને ગૃહિણીપદ પ્રાપ્ત કર્યું છે, તમે બધું સમજો છો છતાં મને શા માટે વારંવાર પૂછ્યા કરો છો ?" એના ઉત્તરમાં ભગવતીદેવીએ કહ્યુંઃ "મા, માબાપો પાસે સન્તાનો ચિરકાળ શિક્ષા મેળવે છે. બાલ્યકાળમાં મોસાળમાં ઉછરીને હું અહિં આવી છું ત્યારથી તમેજ મ્હારૂં લાલનપાલન કરીને દરેક વિષયમાં શિક્ષા આપી છે. આ સંસારમાં તમારા સિવાય "મા" કહીને બોલાવવાને મ્હારે કોઈ નથી. સાંસારિક વિષયમાં મ્હારા કરતાં તમારો અનુભવ વધારે છે, માટે જ્યાં સુધી આપ જીવશો ત્યાં સુધી તો આપને પૂછીનેજ—આપની આજ્ઞા લઈનેજ દરેક કાર્ય કરીશ." ભગવતીદેવીનો આ જવાબ સાંભળીને દુર્ગાદેવીની આંખમાં આનંદાશ્રુ આવી ગયાં અને તેમણે ભગવતીદેવીને આશીર્વાદ આપ્યો. ભગવતીદેવી દુર્ગાદેવી ઉપર માતૃવત્ શ્રદ્ધા અને ભક્તિ રાખતાં હતાં. દુર્ગાદેવીનો સ્વર્ગવાસ થવાથી ભગવતીદેવીને એટલો બધો શોક થયો હતો કે ત્યાર પછી પણ કેટલીકવાર તેમનું નામ સાંભળતાંજ એક માતૃહીન બાળકની પેઠે તેઓ વિલાપ અને રૂદન કરતાં હતાં.

અવિભક્ત કુટુંબમાં રહેનાર માણસોમાં એક બીજાની ઇચ્છા, રૂચિ અને સ્વચ્છંદતાથી વિરોધ થવાના ઘણા સંભવ હોય છે; એટલા માટે કોઇનું પણ મન દુઃખાય એવું કારણ ન બને તે માટે જેમ સાવધાન રહેવાની જરૂર છે, તેવીજ રીતે ક્ષમાશીલ બનવાનો પ્રયત્ન કરવાની પણ ખાસ આવશ્યકતા છે. ઉગ્ર સ્વભાવનું મુળ કારણ અસહનશિલતા છે. અગ્નિનો તણખો જેમ ફુંક મારવાથી પ્રજવલિત થઇ

આખું ગામ બાળી નાંખવાને સમર્થ થાય છે, તેજ પ્રમાણે સામાન્ય ક્રોધાગ્નિથી પૃથ્વી ઉપર અસહ્ય વિપત્તિ આવી પડે છે. ક્રોધાવેશમાં એક ક્ષણમાં જે નુકશાન થાય છે તેનો બદલો આખા જીવનમાં પણ વળી શકતો નથી. કેટલાક લોકો એવા તો ધીરજ વિનાના હોય છે કે માંહોમાંહીની સહેજસાજ લડાઇમાં એક બીજાનાં છિદ્રો ઉઘાડાં પાડે છે, પરંતુ કાળક્રમે બીજાઓથી નિંદિત થઇ અને તિરસ્કૃત થઇને તેઓને પોતાના અવિચારીપણા માટે પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. પોતાના પરિવારમાં બધા સહનશીળ અને ક્ષમાવાન થાય એવા શુભ હેતુથી ભગવતીદેવી સર્વ પ્રયત્ને પોતાનું પણ તેવુંજ આ-ચરણ રાખતાં હતાં. પોતાની દીકરી કોઇ વહુના ગુન્હાની ફરિયાદ કરતી અને તેના દોષો કાઢતી દેવી પાસે આવતી ત્યારે તેઓ તેને કહેતાં કેઃ “ સંસારના એક સામાન્ય વિષયમાં આવી દૃષ્ટિ કેમ ? આહા ! નાની નાની બાલિકાઓ, તેમનાં માબાપના ખોળામાંથી પુત્રવધૂ તરીકે મ્હારે ઘેર આવે છે. હું જો તેમની સામું નહિ જોઉં તો કોણ જોશે ? મ્હારે મન તો જેવાં તમે તેવી તે–બન્ને સરખાં. હું પ્રતિદિન તમારા હજારો ગુન્હાઓ માફ કરૂં છું ત્યારે શું એને માફ ન કરૂં ? એ તો ત્હારે માટે કાંઇ ફરિયાદ કરતી નથી અને ઉલટી તને જોઇને ખુશ થાય છે. ” મોટા ભાઇ અથવા તો બહેન કોઈ નાના ભાઈ અથવા તો બહેનને મારે અથવા તો તેમનો તિરસ્કાર કરે અને તેની ફરિયાદ જો દેવીની પાસે આવે તો તે કહેતાં કેઃ “ ત્હેં કાંઈ અન્યાય કર્યો હશે ત્યારેજ માર્યું હશે. જા હવેથી એવું કાંઈ કરીશ નહિ, જોઇએ કેવો ડાહ્યો થાય છે જે ! ” નાના-ભાઇને આ પ્રમાણે કહીને વિદાય કર્યા પછી મોટાભાઇ કે બહેનને બોલાવીને શીખામણ આપતાં કેઃ “આહા ! નાના ભાઇ બહેનોને એમ મરાય કે ? તે બિચારાંઓનું તો ‘ ભાઇ ભાઇ ને બહેન બહેન ’ કહેતાં

મ્હોડું સુકાય અને તમે તેને માર મારો એ કેવું ખોટું ? શું તમારામાં તમારાં નાનાં ભાઈ બહેનોને વશ કરી લેવા જેટલી માયા-મમતા નથી ? તેમનો વાંક પડે તોપણ ધીમે રહીને સમજાવી પટાવીને તેમને શીખામણ આપીએ. ” આ પ્રમાણે દરેકમાં ધૈર્ય અને સહનશીલતા વધારવાને ભગવતીદેવી બહુજ પ્રયત્ન કરતાં હતાં. પરસ્પર એક બીજાને પ્રીતિ થાય એવા ઉપાયો તે દરરોજ યોજતાં હતાં. ભગવતીદેવી પુત્ર અને પુત્રવધૂઓના હૃદયમાં નૈસર્ગિક પ્રેમ ઉત્પન્ન થાય એવા વિશેષ યત્ન કરતાં હતાં.

નવી વહુઓ ભગવતીદેવીના સ્નેહ અને મમતાથી એવી તો મુગ્ધ થઇ જતી કે તેઓને, પોતે સાસરામાં હોવા છતાં પણ પોતાનું પિયેર કદિ પણ યાદ આવતું નહિ અને પિયેરની પેઠે સાસરામાં પણ તેઓ સુખમાં દિવસ ગાળતી હતી. ભગવતીદેવી તેમને પોતાની પુત્રીઓ જેવી ગણતાં હતાં અને તેમને હમ્મેશાં ખુશી રાખતાં હતાં.

ભગવતીદેવી પોતાના પરિવારમાંથી-મોજશોખ અને સ્વાર્થ વૃત્તિ દુર કરવાને પોતાનાં પુત્ર, પુત્રિઓને સતત ઉપદેશ આપતાં હતાં. તેઓ પોતાની કન્યાઓને વારંવાર કહેતાં કે: “ તમારાં લગ્ન થયા પછી સ્વામી પાસે ઘરેણાં અને સારાં સારાં કપડાં માગશો નહિ, તમે હમ્મેશાં સાદું જીવન ગાળજો અને જે પૈસા વધે તેનો દુઃખીનું દુઃખ દૂર કરવામાં ઉપયોગ કરજો. ” ભગવતીદેવી અને ઠાકુરદાસને સોના-રૂપાનાં ઘરેણાં ઉપર બહુજ તિરસ્કાર હતો. તેઓ વારંવાર કહેતાં કે: “ ઘરમાં સ્ત્રીઓને અલંકારો કરાવવાથી ચોર અને લૂંટારાનો ભય રહે છે, સ્ત્રીઓના હૃદયમાં અહંકાર થાય છે અને ખોટા ગુમાનમાં તણાઇ જઇને ઘરકામમાં બરોબર લક્ષ આપતી નથી. તેઓ દીન દરિદ્રિ તરફ અપ્રીતિ રાખતાં શીખે છે અને તેમના હૃદયમાંથી દયાનો નાશ થાય છે. વળી જે રૂપીઆ ઘરેણામાં ખર્ચવાના હોય તેનાથી બીજાં

અનેક શુભ કર્મો કરી શકાય છે. એવી રીતે પૈસા બચાવીને ગરીબ નિરાધાર બાળકોને આપણે ઘેર રાખીને તેમનું લાલનપાલન કરી લખતાં વાંચતાં શીખવી શકાય છે.” તેઓ ઘરમાં કોઈ પણ સ્ત્રીને બારીક વસ્ત્રો પહેરવા દેતાં નહિ. કોઇ કોઈ વખત વિદ્યાસાગર મહાશય કલકત્તેથી ઝીણાં વસ્ત્રો મોકલતા, તો તેને માટે તેઓ પોતાનો સખ્ત અણગમો બતાવતાં હતાં અને ફરીથી એવાં વસ્ત્રો ન મોકલવાનું લખી દેતાં હતાં. ભગવતીદેવી પોતાના કુટુંબની સ્ત્રીઓને હમ્મેશાં જાડાં વસ્ત્રો પહેરવા અને રાંધવા કરવાનાં દરેક સાંસારિક કાર્યો સ્વહસ્તે કરવાનો ઉપદેશ આપતાં હતાં.

ભગવતીદેવી પોતે ઘરનું દરેક કાર્ય શ્રદ્ધાથી કરતાં હતાં. ઘરમાં કોઇ અતિથિ આવે તેને, જો તે પોતે રસોઈ આદિ તૈયાર કરીને જમાડી ન શકે તો તેમને અતિશય દુઃખ થતું હતું. ઘરમાં કોઇપણ માણસની સાથે કોઇ પણ દિવસ ક્લેશ, કજીઓ કે કંકાસ ન થાય એને માટે તેઓ બહુજ સંભાળ રાખતાં હતાં. શરીર નાદુરસ્ત હોય તોપણ તેઓ અતિથિને જમાડ્યા સિવાય જમી લેતાં નહિ. અનેક કુટુંબમાં એવું જોવામાં આવે છે કે તેઓ જે ભોજન કરે છે તે ભોજન કોઈ અભ્યાગત અથવા તો ઘરના નોકર ચાકરને મળતું નથી. તેમને માટે ખાસ જૂદી રસોઇ થાય છે, પરંતુ ભગવતીદેવીના ઘરમાં એ પ્રમાણે લેશ માત્ર પણ ભિન્નભાવ થતો નહિ. તેઓ સર્વ ઉપર સમાન દૃષ્ટિ રાખતાં હતાં અને અતિત અભ્યાગતનો વિશેષ સમાદર કરતાં હતાં. એક સમયે બંગાળાના કેળવણી ખાતાના ઇન્સ્પેકટર પ્રતાપનારાયણ સિંહ ભગવતીદેવીને ઘેર મેમાન–અતિથિ તરીકે આવ્યા. ભગવતીદેવીએ તેમની સારી રીતે યોગ્ય સેવાસુશ્રુષા કરી. જમતી વખતે ભગવતીદેવી, સિંહ મહાશયને માટે એક થાળ પીરસીને લાવ્યાં. ઘરના બીજાં બધાંઓને બાજ પડિયામાં ખાતાં જોઇને

અને પોતાને માટે પિતળનો થાળ આવેલો જોઇને સિંહ મહાશયે ભગવતીદેવીને અતિશય વિનયપૂર્વક થાળને પાછો લઇ જવા અને ઘરનાં બીજાં બધાંઓની પેઠે પોતાને પણ બાજપડિયામાંજ પીરસવા કહેવા લાગ્યાં. ભગવતીદેવી સિંહ મહાશયની વાત સાંભળીને અને તેમની સાદાઇ અને નિરભિમાનપણું જોઇને આનંદિત થઇને બોલ્યાં: “ તમે મોટા ઘરના પુત્ર છો. તમને આમજ કરવું છાજે છે. બીજાઓની સાથે તમે પણ બાજપડિયામાં ભોજન કરવામાં માન સમજો છો એ બહુજ હર્ષની વાત છે. મ્હારા ધારવા પ્રમાણે તમે યથાર્થ જ્ઞાન સંપાદન કર્યું છે. ”

ભગવતીદેવી બહારગામના માંદા મનુષ્યોની સેવા સુશ્રુષા કરવાને હમ્મેશાં તૈયાર રહેતાં હતાં. તેમને રાંધીને ખવડાવવામાં અને યથા સમયે ઔષધ વગેરે આપવામાં તેઓ કોઈ પણ દિવસ કંટાળતાં નહિ. ઘરની બીજી સ્ત્રીઓ તેમનું અનુકરણ કરતી હતી અને તેઓ પણ તેમને તેમના શુભ કાર્યમાં યથાશક્તિ મદદ કરતી હતી. કોઇ પણ વિધવા સ્ત્રી માંદી પડીને સલાહ લેવાને અગર ઔષધાદિને સારૂ તેમની પાસે આવતી, તો દેવી તેને પોતાને ઘેર રાખીને તેની સારી રીતે બરદાસ લેતાં હતાં અને તેમનાં મળમૂત્રાદિ સ્વહસ્તે કાઢવામાં પણ કંટાળતાં નહિ.

ભગવતીદેવી દરરોજ બપોરે રાંધી પરવારીને કોઇ અતિત અભ્યાગતને ભોજન કરાવવા માટે પોતાના બારણા આગળ ઉભાં રહેતાં હતાં. હાટને દિવસે (બજાર ભરાવાને દિવસે) જ્યારે પરગામથી આવેલાં માણસો પાછાં ફરતાં હતાં ત્યારે દેવી તેમના ટોળામાં ઘુમતાં હતાં અને જેનું મ્હોંડું સુકાઇ ગયેલું માલૂમ પડે—જે ક્ષુધા તૃષાથી પિડાતો જણાય—તેની પાસે જઇને કહેતાં: “ભાઈ, આજે તને ખાવાનું મળ્યું હોય એમ લાગતું નથી. ત્હારૂં મ્હોંડું તદન લેવાઇ ગયું છે.

માટે આવ, આવ, મ્હારા જેવી ગરીબ બહેનને ઘેર જરા દાળભાત ખાતો જા.” એમ કહીને તે ભૂખ્યા માણસોને આગ્રહપૂર્વક પોતાને ઘેર તેડી લાવી ખવડાવતાં હતાં.

એક દિવસ ભગવતીદેવીને ઘેર કાંઇ કાર્ય હતું અને તે નિમિત્તે બ્રાહ્મણભોજન પણ કરાવવાનું હતું. ભોજનની સઘળી સામગ્રી તૈયાર થઇ ગઇ હતી. બજારમાંથી શાક માટેની વસ્તુઓ લાવી રાખવામાં આવી હતી, એટલામાં ગામની કેટલીક ગરીબ સ્ત્રીઓ માગવા આવી તેથી ભગવતીદેવીએ તેમાંથી વસ્તુઓ તે સ્ત્રીઓને આપવા માંડી. આ જોઇ ઠાકુરદાસ બોલી ઉઠયા કે: “ તમે એ પ્રમાણે વ્હેંચી દેશો તો બ્રાહ્મણ ભોજનમાં ખૂટશે.” તેના ઉત્તરમાં ભગવતીદેવીએ કહ્યું કે: “ તમે બ્રાહ્મણ ભોજન કરાવો છો તો તેવે પ્રસંગે પણ આ બિચારા ગરીબ લોકો સારૂં સારૂં ન ખાય કે ? ” તે દિવસ પછી તેવે પ્રસંગે ગરીબોને આપવા માટે જૂદીજ વ્યવસ્થા કરી લેવામાં આવતી હતી.

ભગવતીદેવી સંસારનાં દરેક કાર્યો ધર્મપૂર્વક કરતાં હતાં. તેમના ધર્મજ્ઞાને તેમને અનેક પ્રકારના ક્લેશો સહન કરીને શુભ કાર્ય કરવામાં સતત યત્નશીળ બનાવ્યાં હતાં તેમણે દયા અને પરોપકારને મનુષ્ય-જીવનનાં બે મહાન વ્રત તરીકે સ્વીકાર્યા હતાં. તેમના દરેક કાર્યમાં પવિત્ર દેવભાવ જણાતો હતો. કોઇ સારૂ કાર્ય કરીને તેઓ કદિ પણ ગર્વ કરતાં નહિ. તેમનું મુખમંડળ સદા સર્વદા વિનય અને શીળની પ્રભાથી શોભતું હતું. તેમની કોમળ પ્રકૃતિને કોઇ પણ દિવસ અકૃતજ્ઞતાનો કાળો ડાઘ લાગ્યો નહોતો અને તેમની દયા અસામાન્ય અને પક્ષપાતરહિત હતી. તેઓ સદા નિષ્પાપ અને નિષ્કલંક હતાં. તેમની ઇશ્વિર ઉપરની અડગ શ્રદ્ધા, તેમને દરેક વખતે દૃઢ પ્રતિજ્ઞાવાળાં અને કાર્યદક્ષ બનાવતી હતી. તેઓ એમ સમજતાં કે “આ જગતમાં એક મહાન સર્વશક્તિમાન પરમાત્મા સર્વત્ર વિદ્યમાન છે

અને તે મનુષ્યની સાથે રહીને તેના મિત્રની ગરજ સારે છે. એ સત્ય આત્મા કોઈ અમુક કાળ અથવા તો સ્થાનમાં ઉત્પન્ન થતો નથી, પરંતુ તે સમસ્ત સંસારના આધાર સ્વરૂપ છે. તે વિદ્યમાન હોય છે તેથીજ સૃષ્ટિની સ્થિતિ થાય છે." આવી રીતના ધર્મભાવથી ઉત્તેજીત થઇને તેઓ સંસાર વ્યવહારમાં વિચરતાં હોવાથી તેમનો સંસાર એક શાંતિ નિકેતન—શાંતિ સ્થાનમાં ફેરવાઈ જઇને ઐશ્વર્યથી ગૌરવવાળો થયો હતો.

બંગાળી શક ૧૨૭૫ ના શ્રાવણ માસની આખરે વિદ્યાસાગર મહાશયે ભગવતીદેવીને કાશી—નિવાસ કરવા માટે પોતાના પિતા પાસે મોકલી આપ્યાં. કાશીમાં તે ઠાકુરદાસની પાસે થોડો વખત રહ્યાં અને ત્યાર પછી અન્યાન્ય તીર્થ સ્થાનોમાં પર્યટન કરી આવીને પાછાં કાશીમાં આવ્યાં. તે વખતે ભગવતીદેવીએ ઠાકુરદાસને કહ્યું: " હવે હું અહિંયાં રહેવા કરતાં દેશમાં જઇને અનેક નિર્બળ ગરીબોને ભોજન કરાવીશ. દેશમાં રહીને આસપાસના **અનાથ બાળક બાળકીઓને આશ્રય આપી તેમને ભણાવવા ગણાવવાથી મ્હારા મનમાં બહુજ સુખ થશે. તેજ મ્હારી કાશી—પુરી થશે અને ત્યાંજ મ્હારા વિશ્વેશ્વર બિરાજશે."**

વાચક ! ભગવતીદેવીએ ઠાકુરદાસને કહેલાં વચન ઉપરથીજ તેમણે કેવા ધર્મભાવથી સંસારયાત્રા કરી હતી તેનો વિચાર કરી લેજો. તેમના એ ધર્મભાવ અને સંસાર સાધના વિષે યથાર્થ વિચાર કરીએ તો આપણને દિનભાવે એટલુંજ કહેવું પડશે કે, " હે સર્વશક્તિમાન પરમેશ્વર ! તમારા અખંડ પ્રતાપને આધિન થઇને તે અમને એવો ઉપદેશ આપે છે કે આ વિશ્વમાં ધર્મ, એજ કેવળ મહત્વ અને ઐશ્વર્યને આપવા તથા વધારવા સમર્થ છે."

ભગવતીદેવી, **ઘરમાં ઘરડાં સાસુને દેવતુલ્ય માનતાં હતાં**

અને તેમની ઉપર અગાધ પ્રીતિ રાખી તેમની સેવા સુશ્રુષા કરતાં હતાં. દરરોજ પોતાને હાથે તેમનું માંથુ દબાવી તેમની કૃપા-પ્રસાદી સંપાદન કરતાં હતાં. એ પ્રમાણે તેઓ ઘરનાં અન્યાન્ય કાર્યોની પેઠે તેમની-દુર્ગાદેવીની સેવા સુશ્રુષા પણ પોતાના નિત્ય નૈમિતિક ધર્મ કાર્યોમાં ગણી લેતાં હતાં.

ભગવતીદેવીએ પોતાના સમસ્ત જીવનમાં ઠાકુરદાસના સુખદુઃખમાં યથાર્થ ભાગ લીધો હતો. દુઃખના દિવસમાં-પ્રથમાવસ્થામાં જ્યારે ભગવતીદેવી ઠાકુરદાસની પાસે બેસીને તેમને પોતાનાં મધુર વાક્યથી શાન્ત્વન કરતાં હતાં ત્યારે ઠાકુરદાસના મનમાં એમજ થતું કે "આ વખતે હું આ જગતનો ક્ષુદ્ર જીવ નથી પણ કોઈ દેવાંશી છું અને મ્હારી પાસે કોઈ દિવ્ય દેવીમૂર્તિએ બેસીને મને આનંદ સાગરમાં ગરકાવી મૂક્યો છે." આંગ્લ ભોમનીવાસી સુવિખ્યાત કવિ સ્કોટને પણ જાણે એવોજ અનુભવ થયો હોય એમ તે પોતાના એક કાવ્યમાં લખે છે કેઃ—

O woman! in our hours of ease,
Uncertain, coy and hard to please.
When pain and anguish wring the brow,
A ministering angel thou,

ભગવતીદેવી અને ઠાકુરદાસનો દાંપત્ય પ્રેમ ઘણોજ મધુર હતો. એવો દાંપત્ય પ્રેમ જગતમાં બહુજ દુર્લભ છે અને તે બહુજ પુણ્યના ફળથીજ મળે છે. એ સંબંધમાં મહાકવિ ભવભૂતિનો એક ગંભીર ભાવપૂર્ણ શ્લોક યાદ આવે છે કેઃ—

"अद्वैतं सुखदुखयो रनुगुणं सर्व्वास्ववस्था सूषत्
विश्रामो हृदयस्य यत्रजरसा यस्मिन्न हार्योरसः

काले नावरणात्ययात् परिणते यत्स्नेह सारेस्थितं
भद्रं प्रेम सुमानुषस्य कथमप्येकं हि तत् प्राप्यते ॥"

જે પ્રેમ સુખ તેમજ દુઃખમાં એકરૂપ, સકળ અવસ્થાને અનુરૂપ, જેનું અવલંબન કરીને સાંસારિક દુઃખ દાવાનળથી દગ્ધ હ્રદય વિશ્રામ સુખ મેળવે, વૃદ્ધાવસ્થામાં પણ જેનું માધુર્ય ઓછું અને વિલુપ્ત થાય નહિ તથા કાળના આવર્તનમાં લજ્જાદિના પ્રતિબંધનના વિચ્છેદથી પરિપકવ થઇને સ્નેહ રસમાં બદલાઇ જાય, અકપટ સજ્જનનો તેવો પ્રેમજ બહુ પુણ્ય અને ફળદાયક છે.

સાંસારિક ધર્મમાં સ્ત્રીજાતિનો સતીધર્મ સર્વથી શ્રેષ્ઠ છે. જેમ સુગંધ વિનાનું પુષ્પ, વિનય શૂન્ય ધાર્મિક મનુષ્ય, મત્સ્ય વિનાનું સરોવર અને વૃક્ષ રહિત જંગલને ધિક્કાર છે તેજ પ્રમાણે સતીત્વ વિહીન રમણી તેથી પણ વધારે ધિક્કારને પાત્ર છે. બધાં વ્રતો કરતાં પાતિવ્રત્ય વ્રત બહુજ કઠોર છે. એ વ્રત કેવળ બહારની ચેષ્ટાઓમાં રહેલું નથી. અંતઃકરણની ઐક્યતા અને તેજ ઐક્યતાની બાહ્યક્રિયા, એ બન્ને તેનાં અંગ છે. સ્થૂલદર્શીઓ ધર્મના બહારના આડંબરથી છેતરાય છે; પરંતુ ધર્મ એ કાંઇ બહારની વસ્તુ નથી. એતો હ્રદયની—પ્રાણની વસ્તુ છે, અને તે અંતઃકરણના ઉંડામાં ઉંડા ભાગમાં ઉદ્દ્ભવે છે. એ ખરેખરા ધર્મનો આસ્વાદ ચાખવાને ભાગ્યશાળી થાય છે તેજ ધન્યભાગ્ય—કૃતકૃત્ય થાય છે અને તેજ અમરત્વના અધિકારી થાય છે. જ્યારે આર્યભૂમિમાં સ્વયંવરનો પ્રથા ચાલતો હતો—સ્ત્રી જાતિને પોતાને માટે યોગ્ય આદર્શપતિ શોધી કાઢી પસંદ કરવાનો અને તેની સાથે લગ્નની ગાંઠથી બંધાવાનો અધિકાર હતો, ત્યારે પવિત્ર, સરળ, સત્યનિષ્ઠ પૂર્વકાળના ભારતવર્ષમાં સતી ધર્મનો સંપૂર્ણ રીતે વિકાસ થયો હતો. આર્ય રમણીઓની પેઠે સતીત્વ ગુણથી

પતિની દેવભાવે પૂજા બીજા કોઇ પણ દેશની સ્ત્રીઓએ કરી હોય એમ જણાયું નથી. એ સતીત્વગુણ ધારણ કરવાથીજ ભારત લલનાઓ ઘણા લાંબા સમયથી જગતમાં આદર્શરૂપ ગણાઇ છે.

માણસની બહારની ઇંદ્રિયો કરતાં અંતરિંદ્રિયોના વિચાર વધારે આનંદજનક છે. મનુષ્ય દેહ જેમ હાડ, ચામ, મેદ અને માંસથી બનેલો છે તેજ પ્રમણે મનુષ્યનો આત્મા પણ કેટલાક ઉપકરણોથી બનેલો છે. જ્ઞાન, ભાવ અને ઇચ્છા એ ત્રણ પ્રકારની ચિત્તવૃત્તિને અવલંબીનેજ અંતરાત્મા કામ કરે છે. ચિંતા, કલ્પના અને ધારણા વગેરે અદ્‌ભુત શક્તિઓએ મનુષ્ય હૃદયમાં બેહદ વિચિત્રતા ભરી દીધી છે. મનુષ્યની ઇચ્છા શક્તિ કેવી અજાયબ રીતે કાર્ય કરે જાય છે ? જે માણસ સ્થિર ચિત્તે મનની ચિંતા-પ્રણાલી, હૃદયની વિચિત્ર તરંગમાળા અને મનુષ્યની ઇચ્છા શક્તિના અકથનિય પરાક્રમનો યથાર્થ રીતે વિચાર કરે છે, તે પૃથ્વીમાં સ્વર્ગની શોભાનું નિરીક્ષણ કરી અલૌકિક સુખ ભોગવવાને શક્તિમાન થાય છે.

અમે પહેલાંજ કહી ગયા છીએ કે ભગવતીદેવી સંસાર સાધનને ધર્મ સાધન માનતાં હતાં, પરંતુ પાતિવ્રત્ય ધર્મનું પાલન કરવામાં તેમનો બાહ્યાડંબર કોઇ પણ રીતે જણાતો નહિ. તેમાં “ **धर्मस्य तत्वं निहितं गुहायां महाजनो येनगतः सपंथाः** ” એ ભાવ રહેલો જણાતો હતો. વસ્તુતઃ ઠાકુરદાસ અને ભગવતીદેવીનો દાંપત્ય પ્રેમ, જે કાળના આવર્તનમાં પરિપકવ થઇ સ્નેહ રસમાં પરિણત થયો હતો તેણે તેમને પરસ્પર પ્રીતિવાળાં બનાવ્યાં હતાં તેમાં લેશ માત્રપણ સંશય નથી; કારણ કે પરસ્પર પ્રીતિ રાખવાવાળાં દંપતિઓ દરેક રીતે પરસ્પર અભિન્ન હૃદયનાં થવાની ઇચ્છા કરે છે. આ જગતમાં સંપૂર્ણ અભિન્ન હૃદયતા પ્રાપ્ત થતી નથી તેથી માણસોમાં મતમતાંતર માલૂમ પડે છે; એક માણસ રૂપ, આવક અને શિષ્ટાચાર

આદિ બાહ્ય ગુણોને અનુલક્ષીને દરેક વસ્તુ ગોઠવે છે ત્યારે બીજો માણસ સ્વભાવ, સાદૃષ્ય અને આંતરિક કાર્ય કારણના સંબંધનો નિર્ણય કરીને દરેક પદાર્થની જાતિ વગેરે નક્કી કરે છે.

ભગવતીદેવીની મોટી કન્યાને વિવાહકાળ પ્રાપ્ત થયો ત્યારે ઠાકુરદાસનો વિચાર તેનાં લગ્ન કોઇ સારા કુળવાન વર સાથે કરવાનો હતો. ત્યારે ભગવતીદેવીનો વિચાર કોઈ સારા ધનવાન વર સાથે લગ્ન કરવાનો હતો. આમ એકજ વિષયમાં બન્નેના મત જૂદા પડયા. ભગવતીદેવીએ કહ્યું: “ મ્હારે તો એને કોઇ સારા ધનવાન વર જોડે પરરણાવવી છે. મ્હારી મનોમોહિનીને એવી શિક્ષા મળેલી છે કે જો તે કોઇ મોટા ઘરમાં જશે તો તે પોતાના સ્વામીની મદદથી અનેક મંગળ કાર્યો કરવાને શક્તિમાન થશે.” પરંતુ ઠાકુરદાસને તેમ કરવું ઉચિત લાગ્યું નહિ. વળી તેઓ દૃઢ પ્રતિજ્ઞાવાળા હતા, તેથી જે કાર્ય કરવાનો તે નિશ્ચય કરતા તે કરે ત્યારેજ જંપતા હતા. ભગવતીદેવીનું કહેવું તેમને બીલકુલ રૂચ્યું નહિ, તેથી તેમણે ભગવતીદેવીને સ્પષ્ટતાથી સમજાવ્યું કે: “ કેવળ ધનવાન હોવાથીજ તે પરોપકાર અને લોકહિતનાં કાર્યો કરશે એવું તું કદિ પણ ધારીશ નહિ. સારા કુળમાં જન્મેલા ઘણાખરા પુરૂષો સદ્ગુણી હોય છે, માટે તેમનામાં સત્પ્રવૃત્તિ પણ હોવાનો સંભવ છે. જો સત્પ્રવૃત્તિ હોય અને ધન ન હોય તોપણ તે સદ્કર્મો કરવાને ભાગ્યશાળી થાય છે. ” આખરે ભગવતીદેવી ઠાકુરદાસના મતને મળતાં થયાં અને સારા કુળવાન જમાઇ સાથે મનોમોહિનીનું લગ્ન કર્યું. આ બનાવ બન્યા પછી ઠાકુરદાસ ભગવતીદેવીને “મનસા” કહીને બોલાવતા હતા.

પ્રબળ સંકટના સમય પછી જેમ શાંતિ, અને કાર્ય પછી વિરામ એ જેમ મનુષ્ય સમાજમાં દૃઢતર અધિકાર સંપાદન કરે છે; તેજ પ્રમાણે દંપતિ કલહનું છેવટનું ફળ પણ બહુ મધુર હોય છે.

સારાં મનુષ્યો એ ફળ જલદીથી મળે એવા પ્રયત્નો કરે છે. કુટુંબના બીજા વિષયોમાં પણ કોઇ કોઈ વખત ઠાકુરદાસ અને ભગવતીદેવી વચ્ચે મતભેદ પડી જતો હતો અને નજીવા કલહનું રૂપ ધારણ કરતો હતો. કોઇ કોઇ વખત આવા કલહનું પરિણામ એવું આવતું કે દેવીની આંખોમાંથી ચોધારે આંસુઓ નીકળી પડતાં હતાં અને તેઓ ક્રોધથી રીસાઇને ઓરડાનાં બારણાં બંધ કરીને સૂઇ જતાં હતાં; પરંતુ તે કલહ વધારે વાર પહોંચતો નહિ. ભગવતીદેવીને મોટું મત્સ્ય બહુ પ્રિય લાગતું હતું, માટે જ્યારે જ્યારે ભગવતીદેવી રીસાઇને ઓરડામાં ભરાઇ જતાં ત્યારે ત્યારે ઠાકુરદાસ તેજ વખતે બજારમાં જઇને એક સારૂ મોટું મત્સ્ય લઇ આવી દેવીના ઓરડાના બારણા આગળ જોરથી નાંખતા હતા. માછલાંનો અવાજ સાંભળતાંજ ભગવતીદેવી એકદમ મધુર હાસ્ય કરતાં કરતાં અને અશ્રુ બિંદુઓને લુછતાં લુછતાં બહાર નીકળતાં હતાં અને પાછાં ઠાકુરદાસ સાથે પ્રેમપૂર્વક વાર્તાલાપ કરતાં હતાં. આ પ્રમાણે કલહના અંતમાં તે દંપતિનું મધુર મિલન થતું હતું.

આ પ્રમાણે પારિવારિક સુખ ભોગવવામાં લાંબો કાળ વીતી ગયો. એક દિવસ ઠાકુરદાસ ને તેઓ રાત્રિના સૂતા હતા તે વખતે સ્વપ્ન થયું. સ્વપ્નમાં તેમણે પોતાનું વીરસિંહપુરનું ઘર બળીને સ્મશાનવત્ અને સમસ્ત કુટુંબને ઘોર વિપત્તિમાં આવી પડેલું જોયું. આ સ્વપ્ન થયા પછી ઠાકુરદાસને બેહદ માનસિક અશાંતિ ઉપસ્થિત થઇ. તેમણે વીરસિંહપુરનો ત્યાગ કરીને કોઇ તીર્થસ્થાનમાં જઇને રહેવાનો સંકલ્પ કર્યો. બધા તેમને બહુ બહુ સમજાવવા લાગ્યા, પરંતુ એમણે કોઇનું પણ કહેવું માન્યું નહિ અને કાશી જવાને નીકળી પડ્યા. ભગવતીદેવી, દરિદ્રપાલન અને સેવાધર્મ બજાવવાને વીરસિંહપુરમાંજ રહ્યાં. ઠાકુરદાસનું સ્વપ્ન ભવિષ્યમાં ખરૂં પડ્યું. તેમનું વીરસિંહપુરનું ઘર

બળીને ભસ્મ થઇ ગયું અને ભાઇઓ ભાઇમાં કલહ થયો. ઠાકુરદાસના ગયા પછી તેમના સંસાર ઉપર ઘોર વિટંબનાઓ આવી પડી, છતાં ભગવતીદેવીએ પોતાના સ્વીકારેલા સેવાધર્મનું પાલન કરવાને મરણપર્યંત મહેનત કરી હતી. ઠાકુરદાસનો વિયોગ ભગવતીદેવીને બહુજ સાલતો હતો. તેમના જવાથી તેમનું મન બહુજ અશાંત થઈ ગયું હતું અને ઠાકુરદાસની સાથે સાથે તેમના મનની સુખશાંતિ પણ વિસર્જન થઈ ગઇ હતી.

૧૨૭૫ ના શ્રાવણ માસમાં ભગવતીદેવી, ઠાકુરદાસને મળવાને કાશી ગયાં. ત્યાં કેટલાક દિવસ રહ્યા પછી એક વખત તેમણે ઠાકુરદાસને કહ્યું: "આપને અહિં આવ્યાને ઘણો વખત થઈ ગયો, તેમાં તમને અનેક કષ્ટો પણ ભોગવવાં પડયાં હશે. તમારી વૃદ્ધાવસ્થા થઇ છે તો હવે તીર્થ–સ્થાનમાં એકલા નિવાસ કરવો યોગ્ય નથી. દેશમાં ચાલો. ત્યાં આગળ આપણે આપણા દેશી ભાઇઓ ઉપર અનેક ઉપકાર કરી શકીશું અને થોડો સમય ત્યાંજ રહીને પાછાં તીર્થવાસ કરીશું." પરંતુ ઠાકુરદાસને એવો દૃઢ વૈરાગ્ય પ્રાપ્ત થયો હતો કે, ભગવતીદેવીના આગ્રહ છતાં પણ તેઓ તીર્થવાસનો ત્યાગ કરીને દેશમાં જવાને સંમત થયા નહિ.

ભગતીદેવીના વિવિધ સદ્દ્ગુણોનાં ઉજ્જવળ દૃષ્ટાંતો આ પુસ્તકના હવે પછીના પરિચ્છેદોમાં ગોઠવવામાં આવ્યાં છે. વાચક, તે દરેકને દેવીના કુટુંબ જીવનના અંતર્ભૂત ગણી લેશે.

सप्तम परिच्छेद.

મહાનુભાવતા અને પરોપકાર.

દરેક માણસ પોતાનો સ્વાર્થ સાધવામાં તત્પર હોય છે અને જો કે તેમ કરવું કોઈ પણ પ્રકારે દોષરૂપ નથી; તથાપિ સ્વાર્થી માણસો કરતાં પરમાર્થી મનુષ્યોને વધારે માન ઘટે છે એમાં લેશ માત્ર સંદેહ નથી. મનુષ્યો પોતાની જીવનયાત્રાનો નિર્વાહ કરવાને માટે પરસ્પર અનુકૂળ પડતાં કાર્યો કરે છે. આજ પ્રમાણે જો સર્વ-કોઇ પરમાર્થ સાધવામાં પરસ્પર અનુકૂળ પડતાં આચરણો રાખે તો કાંઇ હાનિ થાય એમ નથી; એમ કરવાથી જનસમાજ સારી રીતે નિયમમાં રહીને અનંત ઉન્નતિનો માર્ગ ગ્રહણ કરે છે. પરમાર્થી મનુષ્યોનો અભ્યુદય ઘણા લાંબા વખત સુધી સ્થાયી રહે છે કારણકે આત્મ-પ્રસાદ એજ તેમનું સમસ્ત જીંદગીમાં સંપાદન કરેલું ધન છે. વસ્તુતઃ **જેઓ પોતાના સ્વાર્થને બીજાના સ્વાર્થ સાથે જોડી દે છે, તેજ આ જગતમાં ખરેખરા મહાન અને ઉત્તમ પુરૂષો છે.** તેઓ જે જે સ્થાનમાં જાય છે અથવા નિવાસ કરે છે તે તે સ્થાન તેમના શુભ આવાગમનથી શાંતિદાયક તપોવન જેવું બની જાય છે.

વિદ્યાસાગર મહાશયને જ્યારે સંસ્કૃત કૉલેજના પ્રિન્સિપાલ તરીકે ૩૦૦ રૂપિયાનો પગાર મળતો હતો અને તે સિવાય તેમના પોતાના રચેલા ગ્રંથોના વેચાણમાંથી તેમને સારી આવદાની થતી હતી; ત્યારે એક સમયે તેઓ વીરસિંહપુર આવ્યા હતા. એક વખત પ્રસંગો-પાત વાતચિત કરતાં તેમણે ભગવતીદેવીને પૂછ્યુંઃ “ મા, તમારે કયાં કયાં ઘરેણાં પહેરવાની ઇચ્છા છે? ” તેના જવાબમાં ભગવતી-

દેવીએ કહ્યું: "ભાઈ, આજકાલ કરતાં ઘણા લાંબા વખતથી મને ત્રણ પ્રકારનાં ઘરેણાંઓ ઘડાવવાનું મન થયું છે, પરંતુ જ્યાં સુધી તે પાર પડે એવો સમય આવે નહિ ત્યાં સુધી મ્હેં કોઈને કહ્યુંજ નથી. હવે ઈશ્વર કૃપાથી આપણી સ્થિતિ સુધરી છે અને હું તને તે કહેવાનીજ હતી તે પહેલાં ત્હેંજ પુછ્યું એ બહુજ સારૂ થયું. જો ભાઈ, આપણા દેશનાં બાળકો દિવસે દિવસે મૂર્ખ થતાં જાય છે, એમને ભણાવવાને માટે તું એક વિદ્યાલયની સ્થાપના કર. મ્હારે ત્હારી પાસેથી પ્રથમ એજ ઘરેણું જોઈએ છે. બીજું એ કે દેશની ગરીબાઈને લીધે આપણા લોકો માંદગીમાં યોગ્ય દવાદારૂ કરી સકતાં નથી, તેમને માટે એક ઔષધાલયની સ્થાપના કરી ગરીબ લોકોને મફત દવા મળે એવો બંદોબસ્ત કર. ત્રીજું એ કે ભણી શકે એવા પણ દરિદ્રાવસ્થાની જાળમાં ફસાયલા અનેક વિદ્યાર્થીઓને બહુજ હાડમારી ભોગવવી પડે છે. તે બિચારાઓ શું ખાઈને અભ્યાસ કરે? માટે એવા ગરીબ વિદ્યાર્થીઓ રહી શકે અને ખાઈપીને સુખેથી વિદ્યાભ્યાસ કરી શકે એવા એક અન્નક્ષેત્ર—બૉર્ડિંગની સ્થાપના કર. ભાઈ! આજે કેટલાક દિવસથી આ ત્રણ ઘરેણાંઓ વસાવવાની મને તીવ્ર લાલસા હતી. માતા પિતાની ઈચ્છાઓ પૂર્ણ કરવી એ દરેક સત્પુત્રનું કર્ત્તવ્ય છે. તું મ્હારો સત્પુત્ર છે. માટે એ ઘરણાં પહેરાવી મ્હારી લાંબા વખતની લાલસાને તૃપ્ત કર."

વિદ્યાસાગર મહાશયને, જન્મભૂમિ વીરસિંહપુર અને તેની આસપાસનાં ગામડાંઓમાં રહેનાર લોકો અને બાળકોના અજ્ઞાનાંધકારનું નિવારણ કરવાને એક વિદ્યાલય સ્થાપવાના મૂળથીજ વિચારો થતા હતા, પરંતુ દ્રવ્ય સંકોચને લીધે તેમને પોતાના તે વિચારો મનમાં ને મનમાંજ દબાવી રાખવા પડયા હતા.

આ વખતે તેમની તે વાસનારૂપ પ્રબળ અગ્નિમાં માતાના

આશીર્વાદરૂપ ઘૃતની આહુતિ પડતાંજ તે બમણો પ્રજ્વલિત થઇ ઉઠયો અને માતાની આજ્ઞાનું પાલન કરવાને અને પોતાના વિચારોને કર્મના રૂપમાં મૂકવાને તેમણે વિદ્યાલય સ્થાપવાનો નિશ્ચય કર્યો. **धर्मस्य त्वरिता गतिः** એ સૂત્રનું વિદ્યાસાગર મહાશયને યથાર્થ જ્ઞાન હોવાથી હવે તેમણે તે શુભકાર્ય કરવામાં વિલંબ કરવાનું યોગ્ય ધાર્યું નહિ અને બીજેજ દિવસે વિદ્યાલયની સ્થાપના કરવાનો સંકલ્પ કર્યો. વિદ્યાલય બાંધવાને માટે રાધામોહન ચક્રવર્તી પાસે તેમના કબજા–ભોગવટાની કેટલીક જમીન ખરીદ કરી; તેનાં ખત વગેરે લખાવી લીધાં. તે પછી બીજેજ દિવસે મજુરો મળ્યા નહિ તેથી વિદ્યાસાગર મહાશયે પોતે કોદાળી લઇને પોતાના ભાઇઓ સાથે જમીન ખોદવાનો આરંભ કર્યો. થોડા દિવસ પછી વિદ્યાલયનું મકાન જલદીથી તૈયાર કરાવવાને પોતાના પિતા ઠાકુરદાસને એક હજાર રૂપિયા આપીને પોતે કલકત્તે ચાલ્યા ગયા.

ઇ. સ. ૧૮૫૩ ના ચૈત્ર માસમાં પોતાના બે નાના ભાઈ–દીનબંધુ અને શંભુચંદ્ર–અને બીજા જે જે મિત્રો સંસ્કૃત કૉલેજની ઉચ્ચ શ્રેણીમાં અભ્યાસ કરતા હતા તેઓને પોતાના દેશી ભાઇઓને શિક્ષણ આપવા માટે વીરસિંહપુર મોકલી આપ્યા. વિદ્યાલયનું મકાન સંપૂર્ણ બંધાઇ રહેવાને હજુ પ્રાયઃ ચાર પાંચ માસ લાગે એમ હતું, તેથી તે દરમ્યાન તેમણે પોતાના અને બીજા પાડોશીના મકાનમાં ફાગણ માસથી વિદ્યાલયની સ્થાપના કરી હતી. આ પહેલાં વીરસિંહપુરમાં તેમજ આસપાસનાં ફરતાં ગામોમાં એક પણ સ્કૂલ સ્થપાઈ નહોતી. તે વખતના લોકોને એવો વહેમ હતો કે ભણવાથી યુવાનો ક્રિશ્ચિયન થઇ જાય છે, વળી વિદ્યાભ્યાસ કરવાથી યુવાનો નાસ્તિક થઈ જાય છે એવો આક્ષેપ પણ કોઇ મૂકતા હતા. આ પ્રમાણે લોકો, ગમે તેમ અભિપ્રાયો બાંધી લઇને વિદ્યાભ્યાસનું મૂળ બાળી નાખતા હતા. તે વખતે વીરસિંહપુર નિવાસી લોકોની સ્થિતિ અતિશય દયાજનક હતી.

દેશનો મોટો ભાગ અભણ અને વહેમી ખેડુતોનો હતો. બાળકો ગાયો ચરાવતાં હતાં અથવા તો બીજાના ખેતરોમાં મજુરી કરવા જતાં હતાં. આટલી બધી—સવારથી સાંજ સુધી—મહેનત કરવા છતાં પણ કેટલાકને પેટપુર ખાવાનું પણ મળતું નહિ. આવી દુઃખમય સ્થિતિ હોવાથી વિદ્યાલયની સ્થાપના થતાંજ થોડા વખતમાં લગભગ સો વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં દાખલ થયા. ધીમે ધીમે આસપાસનાં ગામડાઓમાંથી અનેક બાળકો વિદ્યાલયમાં દાખલ થવા લાગ્યાં. શાળામાં—વિદ્યાલયમાં ચાલતાં પુસ્તકો ખરીદ કરવાની પણ કેટલાકની શક્તિ નહોતી, તેથી વિદ્યાસાગર મહાશયે કલકત્તેથી લગભગ ૩૦૦ થી વધારે બાળકોને માટે ભણવાનાં પુસ્તકો, સ્લેટ, કાગળ વગેરે મોકલાવી આપ્યાં. વિદ્યાલયમાં કોઇની પણ પાસે ફી લેવામાં આવતી નહિ. વળી જે વિદ્યાર્થીઓ બહુજ ગરીબાવસ્થાના માલૂમ પડે તેઓને રહેવાનો, ખાવાનો અને વસ્ત્રોનો પણ બંદોબસ્ત કરી આપવાનું વિદ્યાસાગર મહાશયે શંભુચંદ્ર ઉપર લખી દીધું હતું અને શંભુચંદ્ર તેનો યથાસ્થિત અમલ પણ કરતા હતા. વીરસિંહપુરનું વિદ્યાલય સારી રીતે વ્યવસ્થાપૂર્વક ચાલવા માંડયું અને ધીમે ધીમે દૂર દૂરના અનેક અધ્યાપકોના બાળકો પણ અધ્યયન કરવાને ત્યાં આવવા લાગ્યા.

જેઓ દિવસના વિદ્યાલયનો લાભ ન લઇ શકે તેઓને માટે વિદ્યાસાગર મહાશયે રાત્રિ શાળા (Night school) ઉઘાડી અને તેમાં સંધ્યા વખતથી રાત્રિના બે પહોર સુધી અભ્યાસ કરાવવાને માટે બે શિક્ષકોને રોકયા હતા તથા તેમાં લાભ લેનાર વિદ્યાર્થીઓને પુસ્તકો મફત આપવામાં આવતાં હતાં. આ બધાં કાર્યોમાં જે કાંઈ ખર્ચ થતો તે વિદ્યાસાગર મહાશય દરમહિને મોકલાવી આપતા હતા.

ત્યાર પછી વિદ્યાસાગર મહાશયે એક ઔષધાલયની સ્થાપના

કરી, તેમાં સર્વને મફત ઔષધ આપવામાં આવતું હતું. વીરસિંહપુર સિવાય વોયાલિયા, પાથરા, મામુદપુર વગેરે પાસેના ગામડાંઓમાં કોઇને પણ ત્યાં માંદા માણસને જોવા જવું પડે તો ફક્ત ગાડી ભાડાના પૈસા લઇને જવાનો બંદોબસ્ત કર્યો હતો. તેમ ગરીબ અને નિરાધાર રોગીઓને તેમજ ગંભીર મંદવાડવાળાઓને ઔષધાલયમાંજ રાખીને તેમની યોગ્ય સારવાર થઇ શકે એવી વ્યવસ્થા રાખી હતી.

તે સમયે આપણા દેશમાં સ્ત્રીઓને ભણાવવાનો રીવાજ નહોતો, તેથી પરિણામ એ આવ્યું કે દિવસે દિવસે સ્ત્રી જાતિ અજ્ઞાનાંધકારમાં ગરક થઇ ગઇ અને તેમના ધર્મનું જ્ઞાન વિલુપ્ત થઇ ગયું. વિદ્યાસાગર મહાશયે, સ્ત્રીજાતિના આ અજ્ઞાનાંધકારનો નાશ કરવાને અને તેમને તેમના ધર્મનો બોધ આપવાને વીરસિંહપુરમાં એક કન્યાશાળા સ્થાપી, તેમાં પણ સઘળી બાળિકાઓને પુસ્તકો વિના મૂલ્યે પૂરાં પાડવામાં આવતાં હતાં. વીરસિંહપુરમાં કન્યાશાળાની સ્થાપના થયા પછી ઘણા ખરા લોકો પોતાની બાળિકાઓને ખુશીથી ભણવા મોકલવા લાગ્યા, તેમ આસપાસનાં ગામોમાંથી પણ કોઇએ વાંધો ઉઠાવ્યો નહિ. વિદ્યાલયમાં બાળકોને પહેલાં બંગાળી, સંસ્કૃત કાવ્ય અને અલંકાર વગેરેનું શિક્ષણ આપવામાં આવતું હતું. થોડા વખત પછી સંસ્કૃત વગેરેનું વધારે અધ્યયન ન કરાવતાં વ્યવસ્થાપૂર્વક ઇંગ્રેજી અને સંસ્કૃત ભણાવવા માંડયું. વિદ્યાસાગર મહાશય, ઉપર્યુક્ત વિદ્યાલયના માસ્તર અને પંડિતોને કુલે ૩૦૦ રૂપિયા પગાર આપતા હતા. એ ઉપરાંત પુસ્તક વગેરેમાં તેઓ મહિને લગભગ ૧૦૦ રૂપિયા ખર્ચતા હતા. વિદ્યાસાગર મહાશયના પરમ મિત્ર બાબુ પ્યારીચરણ સરકાર પોતાની ફર્સ્ટબુક, સેકન્ડબુક અને થર્ડબુક (ઇંગ્રેજી પહેલી, બીજી ને ત્રીજી ચોપડીઓ) બાળકોને મફત આપતા હતા. વિદ્યાસાગર મહાશય વીરસિંહપુરની કન્યાશાળામાં દરમાસે ૩૦ રૂપિયા, ઔષધાલયમાં ડૉક્ટર

અને કંપાઉન્ડરનો પગાર અને ઔષધો બનાવવા તથા બીજા ઉપયોગી કાર્યમાં દરમાસે ૧૦૦ રૂપિયા અને રાત્રિ–શાળા (Night school) માં દરમાસે ૧૫ રૂપિયા ખર્ચતા હતા.

વિદ્યાસાગર મહાશયે, વીરસિંહપુરના વિદ્યાલયમાં અને રાત્રિ–શાળામાં અનેક દરિદ્ર બાળકો પોતાને ઘેર જમીને ભણી શકે એવો બંદોબસ્ત કર્યો હતો. એ ઉપરાંત તેઓ બહારના પણ અનેક બ્રાહ્મણ–બાળકોને પોતાને ઘેર જમાડીને અભ્યાસ કરાવતા હતા. ઓછામાં ઓછા પચાસેક છોકરા દરરોજ વિદ્યાસાગર મહાશયને ઘેર જમીને વિદ્યાલયનો લાભ લેતા હતા. તેમના આ કાર્યમાં ઠાકુરદાસ અને ભગવતીદેવી પણ ઉત્સાહ ભર્યો ભાગ લેતાં હતાં. ઠાકુરદાસ ઘણી વખત કહેતા કે: “ મ્હેં બાલ્યાવસ્થામાં અતિશય ભુખ–મરો વેઠયો છે. હવે ઇશ્વિરે આપણી સામે જોયું છે ને આપણી સ્થિતિ સુધારી છે, માટે **આવતે જન્મે પાછો ભુખમરો વેઠવો ન પડે તેથી અન્નદાન કરવું એજ આપણું પરમ કર્ત્તવ્ય છે.** ” તેઓ કુમારગંજના બજારમાં જઇને દરેક જોઇતી વસ્તુઓ લઇ આવતા હતા અને બધા વિદ્યાર્થીઓ, પુત્ર, પૌત્ર અને બહેન ભાણજાઓને સાથે બેસાડીને ભોજન કરાવતા હતા. ભગવતીદેવી સંતુષ્ટ ચિત્તે સ્વહસ્તે રાંધીને બધાને પ્રેમપૂર્વક પીરસતાં હતાં.

વિદ્યાસાગર મહાશયને જ્યારે મહિને ૫૦૦ રૂપિયાનો પગાર મળવા લાગ્યો ત્યારે તેમણે ફરીથી દેશમાં આવીને માતા ભગવતીદેવીને પુછ્યું: “ મા, હવે તમારે બીજું કાંઇ કરવાની ઇચ્છા છે ? ” તે સાંભળી દેવી બોલ્યાં: “ ભાઇ, આપણાં સગાંવહાલાંઓમાં કેટલાક બહુજ નિર્ધન છે માટે તેમને સુખે જાર બાજરી મળે એવું કાંઇ થાય તો સારૂં. ” વિદ્યાસાગર મહાશયે માતાની ઇચ્છા પ્રમાણે પોતાનાં સગાંવહાલાંઓમાં જે કોઇ હીન અવસ્થામાં હતા અને જેમને પોતાનું

ઉદરપોષણ કરવું પણ કઠિન થઈ પડ્યું હતું, તેમને યોગ્ય માસિક વૃત્તિ મળે એવો બંદોબસ્ત કરી આપ્યો.

૭૩ ની સાલના દુકાળ વખતે બહુ લોકો અન્નક્ષેત્રમાં ભોજન કરીને અનેક પ્રકારનાં કષ્ટોમાં દિવસો ગુજારતાં હતાં. આ સમયે વિદ્યાસાગર મહાશયનું હૃદય પોતાના દરિદ્ર દેશી ભાઇઓની સ્થિતિ જોવાને બહુજ વ્યગ્ર થઈ ગયું. આખરે તપાસ કરતાં માલૂમ પડ્યું કે તેમાંના ઘણા ખરાને અતિ કષ્ટે એકટંક સાંજના વાળુ કરી શકે એટલું અન્ન પણ ભાગ્યેજ પ્રાપ્ત થતું હતું. આ સમાચાર સાંભળીને તેમનું હૃદય વિદીર્ણ થઈ ગયું અને તેમણે દેવીને પુછ્યું કે: “મા, વર્ષમાં એક બે વખત ખુબ ધામધુમથી પૂજા કરી પાંચસો, સાતસો રૂપિયા ખર્ચવા સારા કે ગામના નિરૂપાય અનાથોને યથાશક્તિ મદદ કરીએ તે સારૂં?” એ સાંભળીને ભગવતીદેવીએ ઉત્તર આપ્યો: “ ભાઈ, ગામના દરિદ્ર નિરાધાર લોકોને દરરોજ ખવાડાય તો પૂજાની કાંઈ આવશ્યકતા નથી. જો તું પણ નિરાધારોને બનતી મદદ કરીશ તો હું બહુજ ખુશી થઇશ.” જનનીના મ્હોંમાંથી આવી વાત નીકળેલી સાંભળીને તેમને બહુજ હર્ષ થયો, કારણ કે આવાં ઘરડાં માણસો પોતાની પૂજાને ભોગે લોકસેવા માટે આટલી બધી ઉત્કંઠા બતાવશે એવો તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. બીજે દિવસે તેમણે ગામના કેટલાક પ્રતિષ્ઠિત માણસોને બોલાવીને કહ્યું: “ ભાઇઓ, તમે બધા એકમતના થઇને ગામમાં જેટલા જેટલા નિરાશ્રિતો હોય અને જેમને ખાવા પીવાનું બહુ કષ્ટ પડતું હોય એવા માણસોનાં નામ લખાવો. હું તેમને દર મહિને યથાશક્તિ મદદ કરીશ.” ગામના લોકોએ જે યાદી તેમને ઉતરાવી તે વિદ્યાસાગર મહાશયે પોતાને હાથે ઉતારી લઈ પોતાના ભાઈ શંભુચંદ્રને કહ્યું: “ ભાઈ, નિરૂપાય સગાંવહાલાંઓને અને વિધવા–વિવાહ કરનાર નિર્ધન મનુષ્યોને જે પ્રમાણે તું રૂપિયા વ્હેંચે

છે, તેજ પ્રમાણે આ યાદી પ્રમાણે આપણા ગામના નિરૂપાય, નિરાશ્રિત અને દુઃખી લોકોમાં દરમાસે વ્હેંચજે અને સમયે સમયે તે લોકોની અવસ્થાની મને સવિસ્તર ખબર આપ્યા કરજે." સાધારણ મનુષ્ય આ પ્રમાણે દાન કરે એ કાંઈ થોડું હર્ષ ઉપજાવનારૂં નથી ! મોટા મોટા ગર્ભશ્રીમંતો પણ પોતાના દ્રવ્યનો આવો સદુપયોગ કરી શકતા નથી તો વિદ્યાસાગર મહાશયના જેવા અત્યંત દરિદ્રાવસ્થામાં ઉછ-રેલા માણસ આ પ્રમાણે દાન કરે એ કાંઈ જેવું તેવું કામ નથી. ધન્ય માતા ! ધન્ય પુત્ર ! અન્નપૂર્ણા ભગવતીદેવીની કુખમાં એવાજ રત્નનો જન્મ થવો ઘટે છે.

अष्टम परिच्छेद.

લોક પ્રીતિ અને સેવાધર્મ.

બંગાળી સન ૧૨૭૨ની સાલમાં બંગાળામાં તદ્દન અનાવૃષ્ટિ હોવાથી બીલકુલ અનાજ પાકયું નહિ અને તેથી સાધારણ લોકોને પણ પોતાના દિવસો કાઢવા બહુજ કઠિન પડી ગયા. એ સાલના પોષ મહિનામાં કોઈ કોઈ ખેડુત પાસે જે કાંઈ થોડું ઘણું પણ અનાજ હતું તે સઘળું વેપારીઓ આવીને સારો ભાવ આપી ખરીદ કરી ગયા અને પરિણામે ખેડુતોના ઘરમાં પણ બિલકુલ અનાજ રહ્યું નહિ: આવા સંકટના સમયમાં મજુરીઆત લોકોને કામ મળતું નહિ. આ પ્રમાણે ખેડુત વર્ગ અને મજુર વર્ગ બન્ને ભુખમરાથી પીડાવા લાગ્યા. અનાજના ભાવ એકદમ ચઢી ગયા હતા અને એવો બારીક સમય આવી પહોંચ્યો કે એક રૂપિયાના પાંચ શેર ચોખા વેચાયા. વળી કોઈ

કોઈ વખત આવો મોંઘો ભાવ આપવા છતાં પણ અનાજ મળી શકતું નહિ. માહ, ફાગણ અને ચૈત્ર માસ તો લોકોએ પોતાનાં ઘરેણાં ગાંઠાં જે કાંઈ પોતાની પાસે સુકાળમાં સંઘરી રાખ્યાં હતાં તે વેચીને કાઢ્યા; પરતું જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ વધારે મોંઘવારી અને અનાજની અછત થતી ગઈ. લોકો બહુજ હાડમારી ભોગવવા લાગ્યા અને નાના પ્રકારનાં કષ્ટો ભોગવીને ભૂખમરાથી મરવા લાગ્યાં. દુકાળને લીધે અનેક માબાપો પોતાનાં છોકરાંઓને રસ્તામાં રવડતાં મૂકીને પોતાનું પેટ ભરવાને ગમે ત્યાં નાસી જવા લાગ્યાં. વળી હજારે. લોકો પોતાનું જે કાંઈ હતું તે વેચી સાટીને, ક્ષુધાની જ્વાળાથી પીડાઈને કલકત્તે નાસી ગયા અને ત્યાં રસ્તાઓમાં ભીખ માગીને પેટ ભરવા લાગ્યા. ૭૩ ની સાલના વૈશાખ, જ્યેષ્ઠ અને અષાડ માસમાં જહાનાબાદ જીલ્લામાંથી પ્રાયઃ એંસી હજાર દુકાળીઆંઓ કલકત્તે આવીને ત્યાંના અન્નક્ષેત્રમાં ભોજન કરતાં હતાં. તે વખતે કોઈ પણ પોતાની ન્યાત જાતનો વિચાર કરતું નહિ. માતા, પોતાનાં બાળકોનો ત્યાગ કરીને નાસી છુટતી અથવા તો પોતાના એક બે દિવસના ખોરાક માટે વેચી દેતી હતી. અનેક કુળવાન સ્ત્રીઓ, પોતાની લજ્જા મર્યાદાને કોરે મૂકીને, જાત્યાભિમાનને તિલાંજલિ આપી વટલી જતી હતી. જ્યાં જોઇએ ત્યાં હાહાકાર વર્તી રહ્યો હતો. કોઈ, કોઈની દયા ખાતું નહિ. સૌને પોતપોતાના નિર્વાહનોજ વિચાર થઈ પડયો હતો.

વીરસિંહપુર નિવાસી ઘણાખરા લોકો વિદ્યાસાગર મહાશયના બારણા આગળ, પ્રાતઃકાળથી તે રાત્રિના દસ વાગ્યા સુધી ભરાઇને હાહાકાર મચાવી મૂકતા હતા અને ખાવાનું આપવા માટે ભગવતીદેવીને કાલા-વાલા કરતા હતા. તેમને બહાર ટળવળતા મૂકીને ભગવતીદેવી, તેમજ ઘરનાં બીજાં માણસો પણ ખાઈ શકતાં નહિ. કોઈ કોઈ દિવસ તો રાત્રિના પણ આસપાસનાં ગામોના માણસો આવીને ખાવાને માટે ઘુમરાણ

કરી મૂકતા હતા, તેથી તેમને રાત્રિના પણ ભોજન કરવાનો સમય મળતો નહિ. આ પ્રમાણે વૈશાખ, જ્યેષ્ટ અને અષાડ માસમાં હજારો ભુખમરાથી પીડાતા લોકો વિદ્યાસાગર મહાશયના બારણા આગળ ગુમરાણ કરી મૂકતા હતા. તેમની દુઃખીઆરી બુમો ભગવતીદેવી, તેમ ઘરના બીજા કોઇથી પણ સાંભળી શકાતી નહિ.

ધીમે ધીમે વિદ્યાસાગર મહાશયના ઘરની ચારે તરફ દેશપરદેશના પીડાતા અસંખ્ય નિરાશ્રિત ગરીબ લોકો એકઠા થઇ ગયા. કરૂણામયી, દીનજનની, સાક્ષાત્ અન્નપૂર્ણા ભગવતીદેવી હવે આ દુઃખ કેમ સહન કરી શકે? ભુખે મરતાં દીનહીન સંતાનોનાં મર્મભેદી શબ્દોથી કોમળ હૃદયની દીનજનનીનું હૃદય વિદીર્ણ થઈ ગયું. સાક્ષાત્ અન્નપૂર્ણા ભગવતીદેવીએ ભુખે મરતા લોકોને આશ્રય આપવાને એક અન્નક્ષેત્રની સ્થાપના કરી. પહેલાં પહેલાં તો તેઓ પોતેજ રાંધીને તેમને જમાડતાં હતાં. દુકાળીઆંઓ ઉપર તેઓ માતૃવત્ સ્નેહ રાખતાં હતાં અને તેઓ પણ તેમના સ્નેહથી મુગ્ધ થઈ ગયા હતા. ભગવતીદેવી પોતાના હૃદયના પ્રબળ આવેગને રોકી શકતાં નહિ. તેમની આંખોમાંથી બીજાનું દુઃખ જોઇને ચોધારે આંસુ નીકળી પડતાં હતાં. અહા! કેવું મધુર અને હૃદયસ્પર્શી દૃશ્ય? ભગવતીદેવીએ ઠાકુરદાસને યથાર્થજ કહ્યું હતું કે: "સ્વદેશ એજ મ્હારી કાશી છે અને ત્યાંજ મ્હારા વિશ્વેશ્વર બિરાજે છે." વાચક! ચક્ષુ હોય તો નિરીક્ષણ કરી જો, હૃદય હોય તો અનુભવ કરી જો કે દેવીના કહેવા પ્રમાણે ક્ષુદ્ર વીરસિંહપુર આજે પ્રકૃત કાશી બની ગયું છે કે નહિ! કાશીપુરીની અન્નદાત્રી અન્નપૂર્ણા દેવીની મૂર્ત્તિમતી પ્રતિમા આપણી સન્મુખ ઉભી છે કે નહિ! અન્નદાન કરીને પણ માતા આજે શાંત થતી નથી. વાચક! આજે દીન સંતાનોના વીખરાયલા કેશપાશને જોઇને માતાને કેટલું દુઃખ થાય છે? ગરીબ લોકોને ભોજન કરાવ્યા પછી ભગવતી-

દેવી અને તેમની ત્રણે કન્યાઓ તેમને પોતાના આશ્વાસનથી શાંત કરતાં હતાં. માતાના સ્નેહનો ફુવારો આજે કેવો જોસબંધ ફૂટી રહ્યો છે? તેમના હૃદયમાં પ્રેમનો પ્રબળ પ્રવાહ આજે પ્રબળ ગતિથી વહી રહ્યો છે. તે પ્રબળ પ્રવાહમાં ભીલ, કોળી વગેરેના–ઉચ્ચ નીચના–વિચારો પણ ઘસડાઈ જાય છે. ભગવતીદેવીની કન્યાઓ દરેક જાતની સ્ત્રીઓના માથામાં તેલ અને હલદ ઘાલે છે અને દેવી પોતે તેમનાં કપાળમાં સિંદુરની આડ કરે છે. ધન્ય પુણ્યની લીલાક્ષેત્ર ભારતભૂમિ! આ દૃશ્ય તો ત્હારામાંજ સંભવિત છે!

હિંદુ પેટ્રિયટ (Hindoo Patriot)ના ખબર પત્રીએ ૧૨૭૩ ની સાલના શ્રાવણ સુદ ૧૫ ના અંકના દેવીના આ હૃદય સ્પર્શી સેવાવ્રતની પ્રશંસા કરતાં લખ્યું છે કેઃ–"વીરસિંહપુર ગામમાં વિદ્યાસાગર મહાશયનાં માતુશ્રી દરરોજ ૪૦૦–૫૦૦ ભુખમરાથી પીડાતા માણસોને વગર સંકોચે છુટથી અન્નદાન આપે છે."

દિનપ્રતિદિન દુકાળથી પીડાતા માણસોની સંખ્યા વધવા માંડી, અને તે સર્વનું પોષણ કરવામાં ભગવતીદેવીનો હાથ ખેંચાવા લાગ્યો. તેમણે તે સમાચાર વિદ્યાસાગર મહાશયને લખી જણાવ્યા. વિદ્યાસાગર મહાશયે તેના જવાબમાં લખ્યું કેઃ "આપણે આપણા ગામ વીરસિંહપુર અને તેની આસપાસનાં પાંચ સાત ગામોના ગરીબોનું ભરણ પોષણ કરી શકીશું. બીજાં બધાં ગામોના લોકોનું આપણાથી કેવી રીતે પુરૂં થાય? એમ કરવાને મ્હારી પાસે જોઇએ તેટલું ધન નથી. બીજા ગામના ગરીબોને જમાડવામાં બહુ ખર્ચ થાય એમ છે. તમે આ પત્ર વાંચી જાહાનાબાદ જીલ્લાના ડેપ્યુટી માજીસ્ટ્રેટ બાબુ ઇશ્વરચંદ્ર મિત્રને મ્હારૂં નામ દઇને જાહાનાબાદ જીલ્લાના દુકાળીઆંઓની સ્થિતિનો સરકારમાં રિપોર્ટ કરવાને કહેજો, હું અહિંથી લેફ્ટેનેન્ટ ગવર્નર મી. સિસિલબિડનને કહીને મદદ કરાવી શકીશ."

વિદ્યાસાગર મહાશયે પોતાની જન્મભૂમિ વીરસિંહપુર તથા તેને લગતાં નાનાં નાનાં ગામડાંઓના નિરૂપાય લોકો તરફ દયા કરીને વીરસિંહપુરમાં અન્નક્ષેત્રની સ્થાપના કરી. શરૂઆતમાં તો ફક્ત ગામના લોકોને માટેજ વ્યવસ્થા કરવામાં આવી. સારા આબરૂદાર ઘરના લોકો, અન્નક્ષેત્રમાં આવીને ભોજન કરતાં લજવાય તેથી તેમને માટે માણસના પ્રમાણમાં ઘરએઠાં અનાજ મોકલી આપવાનો યોગ્ય બંદોબસ્ત કરી વિદ્યાસાગર મહાશય કલકત્તે આવ્યા. શ્રાવણ માસમાં અન્નક્ષેત્રને માટે એક અલાયદું મકાન રાખવામાં આવ્યું અને ભાદરવા મહિનામાં રાધાનગર, કૅાંચે, અર્જુનઆડી વગેરે ગામના ચારે તરફના લોકો અન્નક્ષેત્રમાં આવવા લાગ્યા. ધીમે ધીમે માણસોની સંખ્યા વધી પડી. આ સમાચાર જ્યારે વિદ્યાસાગર મહાશયને કલકત્તે લખી મોકલવામાં આવ્યા ત્યારે તેના જવાબમાં તેમણે લખ્યું કેઃ “ માણસની સંખ્યાથી ગભરાશો નહિ. જેટલાં ભૂખ્યાં માણસો આવે તેટલાં બધાંને આદરપૂર્વક ભોજન કરાવજો. એક પણ માણસ ભૂખ્યો જાય નહિ. જલદીથી રૂપિયા મોકલી આપું છું અને હું પણ ઘેર આવું છું.” ત્યાર પછી જેટલા માસ સુધી અન્નક્ષેત્ર રહ્યું ત્યાં સુધી દર મહિને એક વાર તેઓ ઘેર આવી જતા હતા અને સઘળાં દુકાળીઆંઓને પોતાનાં મધુર વચનોથી શાંત્વન આપી તેમની ખબર અંતર લઈ જતા હતા.

અનેક નિરૂપાય લોકો, પોતાનાં નાનાં નાનાં બાળકોને આ અન્નક્ષેત્રમાં મૂકીને બહારગામ ચાલ્યા જતા હતા. એ બાળક અને બાળિકાઓના રક્ષણને માટે પણ કેટલાંક માણસો રાખવામાં આવ્યાં હતાં. વળી અન્નક્ષેત્રમાં કેટલીક નિરાધાર સગર્ભા સ્ત્રીઓ પણ દરરોજ ભોજન કરતી હતી. તેમાંથી જો કોઇને પ્રસવ થતો, તો તેની સુવાવડને માટે અને બાળકની સંભાળ લેવાને માટે યોગ્ય બંદોબસ્ત કરવામાં

આવતો હતો. એક સમયે એક સગર્ભા સ્ત્રીનો પ્રસવ થતાંજ, દેહાંત થયો. તેના મરણ પછી તેના બાળકની સંભાળ લેવાને ખાસ માણસો રાખવામાં આવ્યાં હતાં અને તે ૧૭ વર્ષનો થયો ત્યાં સુધી તેના લાલન પાલન અને અભ્યાસ વગેરેનો સર્વ ખર્ચ આપવામાં આવ્યો હતો. અન્નક્ષેત્રની સ્થાપના થતાંજ દેવીના જોવામાં આવ્યું કે, દુકાળથી પિડાતાં કેટલાંક માબાપો પોતાનાં પ્રાણપ્રિય બાળકોને મૂકીને, પોતે જે મળતું તે ખાઈ જતાં હતાં. તે વખતે કોઈ કોઈના ઉપર માયા મમતા રાખતું નહિ. સઘળાં સતત પોતપોતાના ઉદરાગ્નિની જ્વાળાથી વિહ્વલ થઈ ગયાં હતાં. થોડા દિવસ પછી આ ભાવ નષ્ટ થયો. અન્નક્ષેત્રમાં ભોજન કરતી કેટલીક સ્ત્રીઓના કેશ તેલને અભાવે વિખરાયલા અને ગુંચવાઈ ગયા હતા. વિદ્યાસાગર મહાશયને તેમની એવી સ્થિતિ જોઇને બહુજ લાગી આવ્યું અને તેમને માટે તેલનો બંદોબસ્ત કરી આપ્યો. દરેક સ્ત્રીને દરરોજ એ પળી તેલ 'આપવાનું ઠરાવ્યું. પણ જેઓને તૈલ વ્હેંચવાનું સોંપ્યું હતું તેઓ ભીલ, કોળી, ચમાર વગેરે નીચ જાતિની સ્ત્રીઓને સ્પર્શ થવાની બીકથી ઉંચેથી તેલ આપતા હતા. તે જોઇને વિદ્યાસાગર મહાશયે પોતે તે નીચ જાતિની સ્ત્રીને તેલ આપવા માંડયું. નીચ યોનિમાં જન્મેલી સ્ત્રીઓ પ્રતિ વિદ્યાસાગર મહાશયની આવા પ્રકારની અસીમ દયા જોઇને તે સ્ત્રીઓને બહુજ આનંદ થયો અને કર્મચારિઓ પણ તેમના વર્તનથી ચકિત થઇને ભવિષ્યમાં કોઇ પણ દિવસ તેમને સ્પર્શ કરતાં અચકાયા નહિ. ભોજન પીરસતી વખતે પણ વિદ્યાસાગર મહાશય પોતે તૈયાર થઈ જતા. તેમને જોઇને પાસે ઉભેલા સારા સારા માણસો પણ ઉત્સાહિત થઇ જતા હતા અને તેઓ પણ તેમનું અનુકરણ કરતા હતા.

અન્નક્ષેત્રમાં જેઓ ભોજન કરતા હતા તેઓએ એક દિવસ વિદ્યાસાગર મહાશયને કહ્યું કે "મહારાજ! દરરોજ આ પ્રમાણે ફક્ત

અન્ન ખાવાથી અરૂચી થાય છે. અઠવાડિયામાં ફક્ત એક વાર પણ જો અમને અન્ન સાથે સારૂં શાક મળે તો બહુ સારૂં થાય.” તેમનાં આ વચનો સાંભળીને વિદ્યાસાગર મહાશયને બહુજ દયા આવી, તેથી તેમણે દર અઠવાડિયે એક વખત દરેક માણસને ભોજન સાથે કેટલુંક શાક અને દહિં ખવડાવવાનો બંદોબસ્ત કર્યો. આમ કરવાથી ખરચમાં જે વધારો થયો તે વિદ્યાસાગર કલકત્તેથી મોકલી આપતા હતા. શરૂઆતમાં દેશના લોકો એમ જાણતા હતા કે વિદ્યાસાગર પોતે વિદ્યોત્સાહી હોવાથીજ ગામના બાળકોને માટે વિદ્યાલય, બાળિકાઓને માટે કન્યાશાળા અને મજુર વર્ગને માટે રાત્રિશાળા વગેરેની સ્થાપના કરી છે. તેમનો ગરીબો પ્રતિ આવો દયાભાવ કોઇના પણ જાણવામાં નહોતો. અન્નક્ષેત્રની સ્થાપના થયા પછી સર્વ કોઈ એમ કહેવા લાગ્યા કે “વિદ્યાસાગર સંપૂર્ણ દયામય—દયાના સાગર અને ગરીબોના બેલી છે. નીચ જાતિની સ્ત્રીઓના માથામાં વગર સંકોચે તેલ ઘાલનાર તે મનુષ્ય નહિ પણ સાક્ષાત્ દેવતા છે.” થોડા સમયમાંજ તેમની ખ્યાતિ દેશમાં સર્વ સ્થળે પ્રસરી ગઈ.

સરકારી અન્નક્ષેત્રોમાં ગરીબો પાસે સખ્ત મજુરી કરાવીને તેમને ખાવાનું આપવામાં આવતું હતું માટે કેટલાક લોકો ત્યાંથી ત્રાસીને વિદ્યાસાગર મહાશયના અન્નક્ષેત્રમાં આવતા હતા. અન્નક્ષેત્રની સાથે માંદા માણસોની સારવાર પણ કરવામાં આવતી હતી અને તેવા માણસોના ખાનપાન તથા ઔષધાદિને માટે જૂદીજ વ્યવસ્થા રાખવામાં આવી હતી. ગામના સારા આબરૂદાર કુટુંબમાં જેઓની સ્થિતિ ખરાબ હોય તેમને દરરોજ સવારમાં દસ વાગ્યા સુધી અન્ન આપવામાં આવતું હતું. વળી તે ઉપરાંત ૨૦ કુટુંબો અન્નક્ષેત્રમાં અન્ન લેવા આવવાને પણ સંકોચાતાં હતાં તેમને છુપી રીતે નાણાની મદદ કરવામાં આવતી હતી. વળી સાંજની વખતે પણ કેટલાક માણસો ગુપ્ત રીતે આવીને અન્નક્ષેત્ર-

માંથી, દાળ, ચોખા ને મશાલો લઇ જતા હતા. વિદ્યાસાગર મહાશયે તેમનાં નામ ઠામ પણ પૂછવાની સખ્ત મનાઇ કરી હતી. વળી જે જે આબરૂદાર કુટુંબોનાં માણસોનાં વસ્ત્રો ફાટી ગયાં હતાં અને જેઓ પ્રકટ રીતે તે લેવા આવતાં શરમાતા હતા, તેઓને માટે આશરે ૨૦૦ રૂપિયાનાં કપડાં તૈયાર કરાવી છુપી રીતે-કોઈને પણ માલૂમ ન પડે એવી રીતે-વ્હેંચી દેવામાં આવ્યાં હતાં. સંધ્યાકાળ પછી રાત્રિના છેક નવ વાગે વિદ્યાસાગર મહાશય પોતે મોટી ચાદર ઓઢીને તે કપડાં વહેંચવા માટે સારા સારા આબરૂદાર માણસોને ઘેર જતા હતા અને કહેતા કે: "આ વાત કોઈ જાણવાનું નથી, કોઇને તે જણાવવાની જરૂર પણ નથી" એ પ્રમાણે અત્યંત આગ્રહ કરીને આબરૂદાર કુટુંબોમાં ગુપ્ત રીતે વસ્ત્ર આપી આવતા હતા.

નવમ પરિચ્છેદ.

ધૈર્ય અને સત્સાહસ.

જન્મ ગ્રહણ કરતાંની સાથેજ મનુષ્યને વિપદ્, કષ્ટ, અભાવ, યંત્રણા, સુખ, દુઃખ વગેરે સહન કરવાં પડે છે, માટે સાહસ અને ધૈર્યથી ચિત્તને દૃઢ કરવાની માણસ માત્રને આવશ્યકતા છે; કારણકે તેમ કરવાથી માણસમાં દુઃખ સહન કરવાની શક્તિ આવે છે, જેમ ઊંટ રેતાળ જમીનમાં લાંબો વખત સુધી ભુખ, તરસ, શ્રમ, તાપ વગેરે સહન કરે છે અને આકુળવ્યાકુળ થઈ જતું નથી તેજ પ્રમાણે ધૈર્યશાળી મનુષ્ય પણ વિપદ્ અને કષ્ટમાં આવી પડવા છતાં પણ

હિંમત હારી જતો નથી ઉલટો એવા સમયમાં તે પોતાના સત્સાહસનો પરિચય કરાવે છે. મોટા મનના તેજસ્વી મનુષ્યો ભાવિ પ્રતિકૂળતાને માન આપતા નથી. તેમના માહાત્મ્યને કોઇ પણ ઓછું કરી શકતું નથી. તેઓ સમુદ્રના ખડકોની પેઠે સંસાર સાગરમાં સ્થિતિ કરે છે અને ધૈર્ય તેમને પોતાના પ્રવાહમાં ઘસડી જઇને તેમના ઉદ્ધારનાં સાધનો બતાવે છે. બહાદુર યોદ્ધાઓની પેઠે તેઓ વિપદ્‌ની સામે થાય છે અને વિજય મેળવીનેજ પાછા ફરે છે.

વિદ્યાસાગર મહાશય જ્યારે સંસ્કૃત કૉલેજના પ્રિન્સિપાલ હતા અને તેમનાં પોતાનાં રચેલાં પુસ્તકોના વેચાણમાંથી સારી પેદાશ થતી હતી, ત્યારે તેઓ વારંવાર વીરસિંહપુર આવતા અને ત્યાંના તથા આસપાસનાં ગામોના દીન, દરિદ્ર અને નિરાધાર મનુષ્યોને યથાશક્તિ મદદ કરતા હતા. સંધ્યાકાળ પછી તેઓ ચાદરને છેડે રૂપિયા બાંધીને ઘેર ઘેર ફરી વળતા હતા અને ગુપ્તરીતે લોકોને સહાય કરતા હતા. આવી રીતે ગુપ્ત મદદ કરવાનું કારણ એજ કે, તે સકળ લોકો દીન, અવસ્થાહીન અને નિરાધાર હોવા છતાં પણ પોતાના કુટુંબની પ્રતિષ્ઠા જાળવી રાખવાને માટે તેઓ પ્રકટ રીતે મદદ માગવાને શરમાતા હતા. વિદ્યાસાગર મહાશય તેમનું દુઃખ સારી રીતે જાણતા હતા. ગરીબ મજુર વર્ગ ગમે તેમ કરીને પોતાનું પેટ ભરી શકે; પરંતુ સાધારણ માણસને આપત્તિ વખતે બહુજ દુઃખ પડે છે. તેઓ મજુરી અથવા તો બીજો કોઈપણ હલકો ધંધો કરી શકતા નથી, તેમ બીજા પાસે મદદ માગવાને શરમાય છે અને બહુજ દુઃખ ભોગવે છે. વિદ્યાસાગર મહાશય આ સારી રીતે જાણતા હતા અને તેથીજ તેઓ ગરીબ મજુર વર્ગને મદદ કરવા ઉપરાંત સાધારણ સ્થિતિના આબરૂદાર ગણાતા કુટુંબોની પણ સંભાળ લેતા હતા.

બંગાળી સન ૧૨૫૯ની ગ્રીષ્મ ઋતુની આખરે વિદ્યાસાગર મહાશય

કલકત્તેથી વીરસિંહપુર આવવા નીકળ્યા. કલકત્તેથી નીકળી પાંચ કોશ ઉપર આવેલા 'ચંડીતલા' ગામમાં એક રાત્રિ વિસામો લઇને બીજે દિવસે ત્યાંથી વીસ કોશ ચાલીને વીરસિંહપુર આવી પહોંચ્યા અને પોતાના માતાપિતા, ભાઇબ્હેન તથા બીજા આપ્તજનોને જઇ મળ્યા. બીજા દિવસથીજ તેમણે ગામના નિરૂપાય દરિદ્ર લોકોને યથાશક્તિ અર્થ-સાહાય કરવા માંડી. હજારો ગરીબોને સહાય મળી અને વિદ્યા-સાગર મહાશયની કીર્ત્તિ આસપાસનાં ગામોમાં પણ પ્રસરી ગઈ. તેમનાં આવાં કાર્યોથી લોકો તેમને પૈસાદાર ગણુવા લાગ્યા. એક વખત વૈસાખ વદ અમાસને દિવસે કેટલાક માણસોએ વિદ્યાસાગર મહાશયના ઘર ઉપર ધાડ પાડી. તે દિવસે ઘરમાં, આશરે નવેક વાગ્યાને શુમારે વાળુ કરી રહ્યા પછી બધાં સૂઈ ગયાં હતાં. બહાર બીજાં ત્રીશેક માણસો નિદ્રા લેતાં હતાં અને તે ઉપરાંત બે ચોકીદારો જાગતા બેઠા હતા. મધ્યરાત્રિને સમયે ઘર પાસે આસરે ૪૦ માણસોની ભયાનક ચીચીયારી સંભળાઇ. એ હૃદયભેદક અવાજ સાંભળતાંજ બધાં જાગી ઉઠ્યાં અને શું છે તેની તપાસ કરવા લાગ્યાં. ધાડપાડુઓને હાથમાં મસાલ લઇને વચલું બારણું ભાગતા જોઇને, વિદ્યાસાગર મહાશય ભયભીત થઈ ગયા; પરંતુ ધૈર્ય રાખીને, સર્વ ગુપ્તરીતે પાછલે બારણે થઇને સટકી ગયાં. બારણું તોડીને ધાડપાડુઓ ઘરમાં આવ્યા અને વિદ્યાસાગરને શોધવા લાગ્યા. જો વિદ્યાસાગર પકડાય તો તેમનું કામ થાય એવું તેમનું ધારવું હતું, તેથી મસાલ લઇને-ઉઘાડી તરવારે આખા ઘરમાં ફરી ફરીને તેમની તપાસ કરવા લાગ્યા; પરંતુ તેમનો પત્તો લાગ્યો નહિ. આ વખતે ભગવતીદેવી ઘરમાં રહી ગયાં હતાં, તેઓ લાગ મેળવીને માળીઆ ઉપર ચઢી ગયાં. આ વર્ષમાંજ ઇશાનચંદ્રનું લગ્ન થયું હતું. લગ્ન ગયાને ઘણા દિવસો થયા નહોતા, તેથી સઘળું ઘરેણું ગાંઠું પણ

ઘરમાંજ પડી રહ્યું હતું. ભગવતીદેવી એ સર્વ ઘરેણાંની પેટી લઇને નાસી જવાનો લાગ શોધતાં હતાં, એટલામાંજ સદ્‌ભાગ્યે પવનના સુસવાટથી મસાલ હોલવાઇ ગઇ. ભગવતીદેવી સમયનો લાભ લઇને અંધારામાં નીચે ઉતરી પડયાં અને સાવચેતીથી ખડકીને રસ્તે ઘરેણાંની પેટી લઇને સહીસલામત બહાર નીકળી ગયાં. વિદ્યાસાગર હાથમાં નહિ આવવાથી ધાડપાડુઓ નિરાશ થઇ ગયા અને જે કાંઈ હાથમાં આવ્યું તે લઇને નાસી ગયા. વિદ્યાસાગર મહાશયે તેજ સમયે પોલીસ અધિકારીને આ વાત જાહેર કરી દીધી હતી, તેથી તે બીજેજ દિવસે વીરસિંહપુર આવ્યો અને પોલીસ અમલદારના રીતિ રિવાજ પ્રમાણે ધાલમેલ કરવા માંડી. કાર્યદક્ષ ઠાકુરદાસ તેનો ભાવ સમજી ગયા. તેથી તેમણે દરોગા સાહેબને જરા આઘે બોલાવીને કહ્યું કે: "સાહેબ! આપ કુલીન બ્રાહ્મણના પુત્ર છો એટલે અમે આપની મર્યાદા રાખીશું, પરંતુ આ કામમાં અમે તમને એક પાઈ પણ આપવાના નથી." દરોગા સાહેબ સાથે વાતચિત કરીને ઠાકુરદાસ ઉદયગંજ ચાલ્યા ગયા. ધાડપાડુઓએ ઘરમાં કાંઇ પણ રહેવા દીધું નહોતું તેથી તેઓને તરતજ બધો સરસામન નવેસરથી વસાવવાની ફરજ પડી હતી. ઠાકુરદાસના ગયા પછી દરોગા સાહેબે પોતાની તપાસ શરૂ કરી અને વિદ્યાસાગરને પોતાનું ઘર બતાવવા કહ્યું. વિદ્યાસાગર મહાશયે; પોતાના બે મિત્રોને મદદે બોલાવી ઘરનાં ભંડારીઆં, ગોખ, કબાટો વગેરે દરોગા સાહેબને બતાવવા માંડયાં. વિદ્યાસાગર મહાશયની આવી સ્વતંત્ર ચેષ્ટાઓ જોઇને દરોગા સાહેબ ચકિત થઇ ગયા અને ફોજદારને કહેવા લાગ્યા કે: " આહ ! પેલો બુઢ્ઢો (ઠાકુરદાસ) કેવો હિંમતવાન છે કે તે મને એક પૈસો પણ આપીશ નહિ એવું કહેવાની છાતી ચલાવે છે. વળી આ જુવાન પણ કેવો માણુસ છે? ગઈ કાલે તો લૂંટ થઈ છે અને આજેજ પાછો બધાના દેખતાં ઘરનાં કબાટ વગેરે ઉઘાડે

છે.” એ સાંભળી ફોજદારે કહ્યું: “હજુર ! એ કાંઈ જેવા તેવા માણસો નથી. આ યુવાન જ્યારે દેશમાં આવે છે, ત્યારે જાહાનાબાદના ડેપ્યુટી મૅજીસ્ટ્રેટ બાબુ ઈશ્વિરચંદ્ર પણ એમને મળવાને આવે છે અને એમની પાસે બે ત્રણ દિવસ રહીને પોતાને કૃતાર્થ થયેલા માને છે. વળી સાંભળવા પ્રમાણે નાના, મોટા બન્ને લૉર્ડ સાહેબો સાથે પણ એમને મિત્રાચારી છે અને તેઓ અનેક કાર્યોમાં એમની સલાહ પૂછે છે.” ફોજદારનું આ કથન સાંભળીને દરોગા સાહેબ તો સ્તબ્ધજ થઇ ગયા અને શાંતિથી કામ કરવા લાગ્યા; પરંતુ ગયેલા માલનો કાંઈ પણ પત્તો લાગ્યો નહિ.

સન ૧૨૭૫ ની સાલના ચૈત્રમાસમાં એક બીજી ભયાનક દુર્ઘટના બની. વિદ્યાસાગરના વીરસિંહપુરના મકાનમાં મધ્ય રાત્રિએ આગ લાગી. ઘરનાં સર્વ ગાઢ નિદ્રામાં ઉંઘતાં હતાં. જ્યારે અગ્નિ ચોગરદમ ફરી વળ્યો અને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા, ત્યારે સર્વ જાગી ઉઠયાં અને પોતાના જીવ બચાવવાને જેના હાથમાં જે આવ્યું તે લઇને બહાર નાસી છુટયાં. ગામના બધા લોકો પણ આવી પહોંચ્યા અને બહુ જ કોલાહલ થઈ ગયો. બહાર આવ્યા પછી ભગવતીદેવીને સાંભરી આવ્યું કે તેમનો નાનો પુત્ર ભુતનાથ ઘરમાં ઉંઘે છે; તેથી તેઓ એક ભીના ગોદડાને શરીર ઉપર લપેટીને એકદમ બળતા ઘરમાં પેસી ગયાં અને ભુતનાથને જગાડીને તેને તથા તે જ ઓરડામાં ઘરેણાનો દાબડો હતો તેને લઇને જલદીથી બહાર નીકળી આવ્યાં. તેઓ પોતે કહેતાં હતાં કે: “આવતી વખતે કોઈએ મ્હારો રસ્તો મોકળો કરીને મને જોરથી બહાર કાઢી હોય એવો મને અનુભવ થયો.” આ દુઃખદાયક આગમાં, બધાના જીવતો બચ્યા પરંતુ બીજું કાંઈ પણ બચ્યું નહિ. વિદ્યાસાગર મહાશયને આ વાતની ખબર પડતાં જ તેઓ દેશમાં આવ્યા અને

પોતાનાં માતુશ્રીને આશ્વાસન આપીને તેમને કલકત્તે લઇ જવાનો પ્રયત્ન કર્યો; પરંતુ ભગવતીદેવીએ કહ્યું કેઃ "હું કલકત્તે આવીશ નહિ, કારણ કે આ બધા વિદ્યાર્થીઓ આપણે ઘેર જમીને વિદ્યાલયમાં ભણવા જાય છે. હું કલકત્તે આવું તો તે બિચારાઓ શું કરે? તેઓ ક્યાં ખાઇને અભ્યાસ કરશે? વળી એ બિચારાઓની માતાઓ દૂર હોવાથી તેમને સ્નેહથી કોણ બોલાવશે? બપોરના બાર વાગે કોઈ ક્ષુધાતુર અતિથિ આપણે ઘેર ભોજન કરવાની ઇચ્છાથી આવે તો તેની કોણ પરિચર્યા કરશે? તે બધાને સ્નેહપૂર્વક કોણ ભોજન કરાવશે?" ભગવતીદેવી કલકત્તે જવાને સંમત થયાં નહિ, તેથી વિદ્યાસાગર મહાશયે તેમને માટે જૂદી જ વ્યવસ્થા કરી આપી. વર્ષા ઋતુ આવી પહોંચી હતી એટલે મોટું ઘર બંધાવવું અશક્ય હતું. આથી વિદ્યાસાગર મહાશય ભગવતીદેવીને રહેવાને એક સાધારણ ઘર બંધાવી આપી પાછા કલકત્તે ચાલ્યા ગયા. ઠાકુરદાસ આ દુર્ઘટના જોવાને હાજર નહોતા. તેઓને પહેલાંથી જ સ્વપ્ન થયું હતું તેથી તેઓ કાશીપુરીમાં પોતાનું શેષ જીવન ભગવદ્‌ભજનમાં વ્યતીત કરવાના હેતુથી વિદ્યાસાગર મહાશયને કહીને ચાલ્યા ગયા હતા.

દશમ પરિચ્છેદ.

સૌજન્ય અને સદ્‌વ્યવહાર.

સત્યાસત્યનો વિચાર કરવો એ જ નૈતિક કેળવણીનું ફળ છે. એ નૈતિક કેળવણી મેળવવાથી વિનય, સૌજન્ય અને શિષ્ટાચાર વગેરે સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે. વિનય અને શિષ્ટાચાર સિવાયની

કોઈ પણ કેળવણી સર્વાંગ સુંદર હોઈ શકતી નથી. જે માણસ વ્યવહારમાં અને બોલવા ચાલવામાં વિનય, સૌજન્ય તથા શિષ્ટાચાર બતાવી શકે નહિ—અને જે માણસ કેળવણી પામીને પણ સત્યાસત્યનો વિચાર કરી શકે નહિ; તેઓ આદરસત્કાર મેળવી શકતા નથી. તેમનું જ્ઞાન તેમને ભારરૂપ, વિદ્યા વિટંબના રૂપ અને ઇલ્કાબો કે ડીગ્રીઓ ઉપાધિ સ્વરૂપ છે.

મહાત્મા ઇશુખ્રીસ્તે કહ્યું છે કેઃ “**તમે બીજા પાસેથી જેવા વ્યવહારની ઇચ્છા કરો તેવાજ પ્રકારનો વ્યવહાર બીજા તરફ પણ તમે રાખો.**” ભગવાન વેદવ્યાસજીએ પણ કહ્યું છે કેઃ “**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्**” અર્થાત્ **જે આચરણ આપણને પ્રતિકૂળ હોય તે બીજા પ્રત્યે આચરવું નહિ.** આ મહા વાક્યોથી મનને જાગૃત રાખવું ઉચિત છે. જો તમે માતાપિતાનો સ્નેહ, સ્વજનોની પ્રીતિ, નાનાં ભાઈ બ્હેનોની ભક્તિ, મિત્ર વર્ગનો પ્રેમ અને અનુરાગ મેળવવાની ઇચ્છા રાખતા હો તો પછી તમે તેમની પ્રતિ યથાયોગ્ય ભક્તિ, પ્રીતિ, સ્નેહ અને અનુરાગ શા માટે બતાવતા નથી? **જે બીજા ઉપર દયા કરતો નથી, અપરાધીને ક્ષમા કરતો નથી અને જે અન્ય લોક ઉપર પ્રીતિ રાખતો નથી, તે પરમપિતા પરમેશ્વરની દયા, ક્ષમા અને સ્નેહની કેવી રીતે આશા રાખી શકે!**

પ્રિયવાક્યોથી આખું જગત રાજી થાય છે. જેની જીભમાં અમૃત છે, તેને માટે સમસ્ત સંસાર અમૃતમયજ છે. તે સંસારના દરેક પદાર્થોમાં અમૃતનો આસ્વાદ કરી શકે છે. તે આ જગતમાં રહીને સ્વર્ગીય સુખનો ઉપભોગ કરે છે. પ્રિયવાદીથી કોઈ જૂદું નથી. વિનય, સૌજન્ય અને શિષ્ટાચારથી શત્રુ પણ મિત્ર થઇ જાય છે. દરેક બાબતમાં ઉદારતા બતાવવી એ પ્રત્યેક મનુષ્યનું કર્ત્તવ્ય છે. ચિત્ત

ઉદ્ધાર થતાં જ પૃથ્વી ઉપર વસતા સર્વ જીવો પોતાના થઈ જાય છે. સંસારમાં કોઈ કોઈનો શત્રુ કે મિત્ર જન્મથી જ નથી. વ્યવહારથી અને વચનથી જ શત્રુતા કે મિત્રાચારી થાય છે. જે મનુષ્ય દરેક જીવને પોતાના જેવો ધારે છે, જે "**आत्मवत् सर्वभूतेषु**" એ ન્યાયને અનુસરીને દરેક માણસ સાથે વ્યવહાર રાખે છે તેજ સાધુ પુરૂષ છે. જે પ્રમાણે પોતાનો પ્રાણ વહાલો છે તેજ પ્રમાણે બીજાનો પ્રાણ પણ છે, એમ વિચાર કરીને–જે પોતાની તુલના કરીને–બીજા સાથે સદ્વ્યવહાર રાખે છે તે જ "મનુષ્ય" નામને યોગ્ય છે.

ઈ. સ. ૧૮૬૮માં હેરિસન સાહેબ 'આવક વેરો' (Income tax) નક્કી કરવાના કામમાં રોકાયા. તેઓ ફરતા ફરતા વીરસિંહ-પુર આવી પહોંચ્યા. ત્યારે વિદ્યાસાગર મહાશયે તેમને ભોજનને માટે નિમંત્રણ કર્યું, પણ હૅરિસન સાહેબે તે માન્ય કર્યું નહિ અને કહ્યું કે: "અમારા રીવાજ પ્રમાણે જ્યાં સુધી ઘરનાં સ્ત્રી અને પુરૂષ બન્ને નિમંત્રણ ન કરે ત્યાં સુધી તે ગ્રહણ કરી શકાય નહિ." આ વાત ભગવતીદેવીના જાણવામાં આવી, તેથી તેમણે પણ હેરિસન સાહેબને નિમંત્રણ મોકલ્યું અને સાહેબે તેનો માનસહિત સ્વીકાર કર્યો. ત્યાર પછી હેરિસન સાહેબ વિદ્યાસાગર મહાશયને ઘેર આવ્યા અને દેવીને એક હિંદુની માફક જમીન ઉપર લાંબા થઈને દંડવતપ્રણામ કર્યા અને ભગવતીદેવીએ તેમને આશીર્વાદ આપ્યો. તે પછી ભોજન તૈયાર થયું અને સાહેબે હિંદુની પેઠે જમીન ઉપર બેસીને ભોજન કર્યું. સાહેબ ભોજન કરતા હતા, ત્યારે ભગવતીદેવી તેમની પાસે બેસીને આગ્રહપૂર્વક પીરસાવતાં હતાં. હેરિસન સાહેબ દેવીનો આવો સદ્વ્યવહાર જોઈને આશ્ચર્યથી ચકિત થઈ ગયા. આટલી વયોવૃદ્ધ દશાએ પહોંચેલી હિંદુ સ્ત્રીને સાહેબની પાસે ખુરશી ઉપર બેસી નિઃશંકપણે વાતચિત કરતાં જોઈને સાહેબ પોતે, તેમજ ત્યાં આગળ

ઉભેલાં સઘળાં બહુજ આશ્ચર્ય પામ્યાં. ભગવતીદેવી પ્રવીણ હિંદુ સ્ત્રી હોવા છતાં પણ તેમનો સ્વભાવ ઘણો ઉદાર હતો. તેમનું મન અતિશય ઉદાર અને કોઇ પણ જાતના કુસંસ્કાર વગરનું હતું. ધનવાન કે દરિદ્ર, વિદ્વાન કે મૂર્ખ, ઉંચ કે નીચ, પુરૂષ કે સ્ત્રી, સ્વધર્મી કે પરધર્મી, ગમે તે અને ગમે તેવો હોય તેની ઉપર તેઓ સમાન દૃષ્ટિ રાખતાં હતાં.

ભોજન થઈ રહ્યા પછી હેરિસન સાહેબે દેવીને પુછ્યું કે: "તમારી પાસે કેટલું ધન છે ?" તેના ઉત્તરમાં દેવીએ મ્હોં મલકાવીને જવાબ દીધો કે: "મ્હારી પાસે ચાર ચરૂ ધનથી ભરેલા છે." ભગવતીદેવીની વાત સાંભળી સાહેબ દિઙ્મૂઢ થઇ ગયા. તેઓ કહેવા લાગ્યા કે: "શું તમારી પાસે એટલું બધું ધન છે ?" ભગવતીદેવીએ ત્યાર પછી સહાસ્ય વદને પોતાના જ્યેષ્ટ પુત્ર વિદ્યાસાગર અને બીજા ત્રણ પુત્રો તરફ આંગળી કરીને કહ્યું: "આ મ્હારા ચાર ચરૂ તમારી સમક્ષ ઉભા છે. અમારા હિંદુ લોકો પુત્રનેજ ધનરૂપ ગણે છે અને હું પણ તેમજ માનું છું." સાહેબે વિસ્મિત થઇને વિદ્યાસાગરને, અને પાસે ઉભેલા અન્ય સદ્ગૃહસ્થોને સંબોધીને કહ્યું કે: "આ તો બીજાં રોમન રમણી કર્નિલિયા છે."

ત્યાર પછી પ્રસંગોપાત વાતચિત નીકળતાં દેવીએ હેરિસન સાહેબને કહ્યું કે: "જુઓ ભાઇ, તમે એક મોટા જવાબદારી ભરેલા કાર્યનો ભાર લઇને આ જીલ્લામાં આવ્યા છો. તપાસજો કે ગરીબ અને દુઃખી માણસોનું કાંઇ અનિષ્ટ થાય નહિ. તમે એવી રીતે કામ કરજો કે જ્યારે તમે આ જીલ્લાનો ત્યાગ કરી બીજા જીલ્લામાં જાઓ—જ્યારે તમારી બદલી થાય—ત્યારે લોકો તમારી પ્રશંસા કરે અને તમારા વિયોગથી દુઃખી થઇ. પોતાનો આંતરિક શોક પ્રદર્શિત કરે." હેરિસન સાહેબ ભગવતીદેવીનો આ ઉપદેશ સાંભળીને બહુજ ખુશ થયા અને હિંદુ પરિવારની આદર્શ સ્ત્રીઓના સ્વભાવ, નમ્રતા, લોક પ્રીતિ અને સદ્-

વ્યવહારની સાથે પોતાની વીલાયતી સ્ત્રીઓને સરખાવવા લાગ્યા તથા ભગવતીદેવીને વારંવાર ધન્યવાદ આપવા લાગ્યા. તેઓએ વિદ્યાસાગર મહાશયને કહ્યું કે: “ જો આવી મા ન હોત તો તમે આવા થાતજ નહિ. માતાના સદ્‌ગુણના પ્રતાપથીજ તમે સ્વભાવતઃ ઉન્નત મનના થયા છો.”

ત્યાર પછી સાહેબે વિદ્યાસાગર મહાશયના રહેવાના ઘરની ચારે તરફ ફરીને બારીક અવલોકન કર્યું અને તેની સર્વાંગ સુંદર નિર્મળતાને જોઇને બહુજ ખુશ થયા. પોતાની ખુશાલી દર્શાવતા તે વિદ્યાસાગર મહાશયને કહેવા લાગ્યા કે: “ હું અનેક ઘરમાં ગયો છું પણ આવી સ્વચ્છતા કોઈ પણ ઘરમાં મ્હારા જોવામાં આવી નથી. ખરેખર આપનાં માતુશ્રી સર્વગુણસંપન્ન છે. એમની તુલના થઇ શકે એમ નથી.”

ત્યાર પછી હેરિસન સાહેબ દેવીની આજ્ઞા લઈને વિદાય થયા. કેટલાક વખત પછી તેમણે કાંઇક કાર્ય પ્રસંગે વિદ્યાસાગર મહાશયને પત્ર લખ્યો તેમાં તેમણે એક સ્થાને ભગવતીદેવીનો ઉપકાર માનતાં એવું લખ્યું હતું કે: “ આપનાં માતુશ્રીના ઉપદેશ પ્રમાણે જ હું મ્હારી ફરજ બજાવવાનો સતત પ્રયત્ન કરૂં છું. તેમને કહેજો કે ‘તમારા મ્હોંમાંથી નીકળેલાં શીખામણનાં અમૃતમય વચનો’ હમ્મેશાં મને યાદ આવીને મને સત્કાર્ય કરવાનું ઉત્તેજન આપે છે. ”

ભગવતીદેવીએ પોતાના સૌજન્ય અને સદ્‌વ્યવહાર વગેરે સદ્‌ગુણોથી કેવળ વીરસિંહપુર અને તેની આસપાસના ગામોના લોકોની અને સ્વજનોની પ્રીતિ સંપાદન કરી તેમને મુગ્ધ કરી નાંખ્યા હતા, એટલુંજ નહિ પણ તેમના સદ્‌ગુણોથી એક વિદેશી, પરધર્મી, ઉચ્ચ રાજ–કર્મચારી પણ ગાંડો ઘેલો–થઈ ગયો હતો. વાચક બંધુઓ અને બ્હેનો, વિચાર કરી જૂઓ કે તેમના સદ્‌વ્યવહારનું ઉપર્યુક્ત દૃષ્ટાંતજ તેની જ્વલંત સાક્ષી પુરે છે કે નહિ !

एकादश परिच्छेद.

દયા અને પરોપકાર.

દુ:ખના ભારથી દબાઇ ગયેલા અને શોકથી તપ્ત થયેલા હૃદયમાં શાંતિરૂપી જળનું સિંચન કરવાને માટે કરૂણામય પરમેશ્વરે માનવ--હૃદયમાં દયાનો ગુણ આપ્યો છે. દયાળુ માણસો પૃથ્વીના ભૂષણ સ્વરૂપ છે. સમગ્ર પૃથ્વી તેમના દાનનું ક્ષેત્ર છે. પૃથ્વીના સઘળા દેશમાં, સઘળી જાતિમાં અને સઘળાં શાસ્ત્રોમાં દયાની અતિશય પ્રશંસા થયેલી માલૂમ પડે છે. દયાને માટે કોઇ પણ શાસ્ત્રમાં મતભેદ નથી. દયા કરવા માટે જાતિ, ધર્મ, કૂળ અને શીળનો વિચાર કરવાનો નથી. જેમ જળનો પ્રવાહ પોતાની મેળેજ નીચાણ પ્રદેશ તરફ દોડે છે તેમ દીન દુ:ખીને જોતાં જ દયાશીલ માણસોની દયાનો પ્રવાહ તેમના પ્રત્યે વહેવા માંડે છે. હજારો કૃપાવાન મહાત્માઓ દયાને વશ થઇને, પરોપકાર કરવામાં ધન અને પ્રાણનો ઉત્સર્ગ કરી ગયા છે. ગરીબ તવંગર, ઉચ્ચ નીચ, બ્રાહ્મણ અબ્રાહ્મણ, વગેરેમાં કોઇ પણ જાતનો ભિન્નભાવ ન રાખતાં દરેક માણસ ઉપર ઉપકાર કરવો એ દરેક મનુષ્યની ફરજ છે. **ધન હોય તો જ બીજા ઉપર ઉપકાર થઇ શકે એમ કાંઇ નથી.** શરીર, મન, વાણી અને કર્મથી પણ અનેક ઉપકારો થઇ શકે એમ છે. જેની જે વિષયમાં જેટલી શક્તિ તે તેટલા પ્રમાણમાં બીજા ઉપર ઉપકાર કરી શકે છે. દયાળુ માણસો કેવળ માણસો ઉપર જ ઉપકાર કરીને બેસી રહેતા નથી, જીવ માત્ર તેમની દયાને પાત્ર છે. અશક્ત, દુ:ખી, દુર્બળ અને વૃદ્ધ વગેરેને જોતાં જ તેમની કૃપાનો સાગર ઉભરાઇ જાય છે.

દુઃખીના દુઃખનું નિવારણ કરવું, વિપત્તિમાં ફસાઇ ગયેલાઓનો ઉદ્ધાર કરવો, શોકાતુરને શાંત્વના આપી તેના શોકનું નિવારણ કરવું, એ સકળ તેમની દયાનાં કાર્યો છે.

મનુષ્ય જાતિમાં સ્ત્રીઓના હૃદયમાં દયાવૃત્તિ વધારે સ્ફુટ થયેલી જોવામાં આવે છે. સ્ત્રી જાતિ દયારૂપી—પૂર્ણિમાનો નિષ્કલંક પૂર્ણચંદ્ર છે. તેમની દયામાં સ્વાર્થરૂપ મલિનતાનો લેશ માત્ર પણ આભાસ હોતો નથી. વિદ્યાસાગર મહાશયનાં માતુશ્રી ભગવતીદેવીની દયા, અન્ય સાધારણ સ્ત્રીઓ કરતાં બહુ જ જૂદા પ્રકારનાં હતાં. તેમની દયા અલૌકિક હતી. તે કોઇ પણ પ્રકારના શાસ્ત્રથી તેમજ લોકાચારથી જકડાઈ ગઈ નહોતી. વીરસિંહપુર અને તેની આસપાસનાં ગામડાંઓમાં રહેનારાઓ ઉપર તેમના દયાપૂર્ણ હૃદયનું કરૂણાજળ અસ્ખલિત રીતે વર્ષતું હતું. તેમનું ઉન્નતહૃદય રોગીઓની સેવા, ક્ષુધાતુરને અન્નદાન અને શોકાતુરને સહાનુભુતિ આપવાને સદા તત્પર રહેતું હતું.

ભગવતીદેવી હમ્મેશાં ગામના ભુખ્યા લોકોને ભોજન કરાવતાં હતાં. તેમ ગામમાં કોઈ વિપત્તિમાં આવી પડતું તો તેમને આશ્વાસન આપવા જતાં હતાં. પરગામથી જે માણસો માંદા થઇને દવા કરવાને વીરસિંહપુરના ઔષધાલયમાં આવતા હતા તેમને પોતાના ઘરમાં રાખીને સઘળી વાતનો બંદોબસ્ત કરી આપતાં હતાં, અને જરૂર પડે તો તેમને રાંધી ખવડાવવામાં અથવા તેમની વિષ્ટા દૂર કરવામાં પણ સંકોચ રાખતાં નહિ. જે કોઇ ગરીબ આડોશી પાડોશીનાં વસ્ત્રો ફાટી ગયાં હોય તેમને વખતો વખત આણી આપતાં હતાં અને કોઈ કોઇ વખતે તેમની આપત્તિ વિપત્તિમાં દ્રવ્યની પણ સહાય કરતાં હતાં. ભગવતીદેવીને દાન આપવામાં જે જે વસ્તુઓની જરૂર પડતી તે તે વસ્તુઓ વિદ્યાસાગર મહાશય વગર વિલંબે

કલકત્તેથી મોકલી આપતા હતા. તેઓ, દેવી જેનાથી સંતુષ્ટ રહે તેવાંજ કાર્યો કરતા હતા અને તેમની ઇચ્છા પૂર્ણ કરવામાં લેશ માત્ર પણ ઢીલ કરતા નહિ. ભગવતીદેવી દર વર્ષે વિદ્યાસાગર મહાશયને ભલામણ કરીને અનેક દીન દરિદ્રનાં કામ કરાવી આપતાં હતાં. વર્ષમાં કેટલીક વાર તેઓ ગામનાં જૂદાં જૂદાં કુટુંબોને અને અનાથોને મિષ્ટાન્ન ભોજન કરાવતાં હતાં. વીરસિંહપુરમાં વિદ્યાલયની સ્થાપના થઇ તે પહેલાં પ્રાયઃ સઘળા લોકો મૂર્ખ અને દરિદ્રી હતા અને સામાન્ય ખેતીવાડી ઉપર પોતાનું ગુજરાન ચલાવતા હતા. ખેડુતોના અગણિત પરિશ્રમથી સમસ્ત વર્ષમાં જે અનાજ પાકતું તે વેપારી લોકો પોષ માસમાં આવીને બળાત્કારે લઇ જતા હતા અને તેથી ગામના લોકોને બહુ જ હાડમારી ભોગવવી પડતી હતી. વેપારી લોકો પહેલાં ખેડુતોને પૈસા ધીરતા હતા અને ફસલમાં તેમની પાસેથી અમુક ભાવે અનાજ લેવું એવી સરત કરી લેતા હતા. તેમ વ્યાજનો દર પણ વધારે રાખતા હતા. ખેડુતોની સ્થિતિ સારી નહિ હોવાથી ભીડને લીધે તેઓ વેપારીઓ પાસેથી રૂપિયા લઇ આવતા હતા અને તેના બદલામાં આવી કપરી સરતો કબૂલ રાખતા હતા. આવી રીતે બધું અનાજ બહારગામ તણાઇ જવાથી આખરે ખેડુતોને જ દુઃખ પડતું હતું. કમનસીબે જો કોઈ વર્ષે દુકાળ પડે તો તે બિચારાઓની તો કમબખ્તી જ સમજવી. પાસે પૈસા ન હોય તેમ અનાજ પણ ભરી રાખેલું ન હોય તેથી તેમના બચાવને માટે કોઇ પણ ઉપાય રહેતો નહિ અને તેવા દુઃખદાયક સમયનો લાભ લઇને લુચ્ચા અને સ્વાર્થી વેપારીઓ થોડા રૂપિયામાં તેમની જમીન–જાગીર જે કાંઇ હોય તે પડાવી લઇ તેમને રવડતા કરી મૂકતા હતા. ભગવતીદેવીને આવા ખેડુતોની બહુ જ દયા આવતી અને પ્રસંગ જોઇને તેમને નાણાની યથાશક્તિ મદદ કરતાં હતાં, પરંતુ કોઈ પણ પાસે પાછા લેવાની આશા રાખતાં નહિ.

જો કોઈ મનુષ્ય ભગવતીદેવીની પાસેથી લીધેલા પૈસા પાછા આપી ન શકે એવી કફોડી સ્થિતિમાં આવી પડે તો ભગવતીદેવી તેની પાસે કાંઇ ન લેતાં ઉલટું તેને આશ્વાસન આપતાં હતાં. તેઓ મનમાં ને મનમાં જ કહેતાં કેઃ "તેની ભીડ કાઢવાને માટે જ મ્હેં તો એને રૂપિયા આપ્યા છે. ધન એકઠું કરવું એ મ્હારો ઉદ્દેશ જ નથી." તેઓ એટલાં બધાં દયાળુ હતાં કે તેઓ પોતાના કોઈ દેવાદારને રડતો જોતાં તો તેમનો જીવ કપાઇ જતો હતો અને ગમે તે પ્રકારે તેને છાનો રાખવાનો પ્રયત્ન કરતાં હતાં. જો તેમને એમ લાગતું કે તે તેમનું દેવું આપવાને અશક્ત હોવાથી પશ્ચાતાપ કરે છે તો તેઓ તેને આશ્વાસન આપીને કહેતાં કેઃ "ભાઇ, શા માટે રડે છે? હું ક્યાં ત્હારી પાસે ઉઘરાણી કરૂં છું? ત્હારી સ્થિતિ સુધરે ત્યારે આપજે નહિ તો ન આપતો. એટલા માટે તે આટલું બધું રડવાનું હોય?"

કોઈ કોઈ દિવસ જ્યારે રૂપિયાની બહુજ ભીડ પડતી અને વિદ્યાસાગર મહાશય પાસેથી રૂપિયા આવતાં ઢીલ થતી ત્યારે દેવી, જેઓને નાણાં ધીર્યાં હોય તેની પાસે રૂપિયા લેવાને જતાં હતાં. આ વખતે કોઈ તેમના છેડામાં રૂપિયા અથવા તો સન્માન દાખલ કોઈ બીજો ખાદ્ય પદાર્થ બાંધી આપતું, તો કોઇ પોતાના દુઃખની વાતો કહીને દેવીને પાછાં કાઢતું હતું. જ્યારે દેવી આવાં દુઃખી માણસને ઘેર જઈ પહોંચતાં ત્યારે તેઓ તેમનાં દુઃખની વાત સાંભળીને પૈસા માંગવાની વાત તદન ભૂલી જતાં હતાં અને લાંબા વખત સુધી તેની પાસે–બેસીને તેમનાં દુઃખો સાંભળી તેમને આશ્વાસન આપતાં હતાં. ઉઠતી વખતે તેઓ તેને જમવાનું નિમંત્રણ કરતાં કહેતાં કેઃ "ભાઇ, આજ તમે મ્હારે ઘેરજ વાળુ કરજો. વારૂ! આપણે બન્ને ભાઇ બ્હેન સાથે બેસીને ભોજન કરીશું." આ પ્રમાણે **દેવી, પૈસા**

લેવાને બદલે જમવાનાં નોતરાં દઇને પાછાં ફરતાં હતાં. જો કોઇ દિવસ એવું બને કે ઘરમાં સર્વના જમી રહ્યા પછી કોઇ ભૂખ્યો તરસ્યો જમવાની આશાથી તેમને ઘેર આવી પહોંચતો, તો દેવી તેને જોઇને બહુજ દયાથી બોલતાં કેઃ "ભાઇ, તું તો મને બીલકુલ સાંભર્યોજ નહિ. એક જરા વાર બેસ. હું હમણાંજ ત્હારે માટે ભાત રાંધી નાખું છું." એમ કહીને ભગવતીદેવી તેને માટે રાંધવાને તૈયાર થઈ જતાં હતાં અને તે માણસને સારી રીતે તૃપ્ત કરીને ખુશી થતાં હતાં.

એક દિવસ વિદ્યાસાગર મહાશયે કલકત્તેથી કેટલીક ઓઢવાની જાડી ચાદરો ખાસ ઘરને માટે તૈયાર કરાવીને વીરસિંહપુર મોકલાવી. ભગવતીદેવીએ ગામમાં કેટલાક ગરીબ લોકોને ટાઢથી થરથરતાં જોયાં અને તેથી તેમની ઉપર દયા આવવાથી તે બધી ચાદરો તેમને વ્હેંચી દીધી. ત્યાર પછી વિદ્યાસાગર મહાશયને લખી મોકલ્યું કેઃ " તમે જે ચાદરો મોકલી હતી તે બધી ગામના ગરીબ લોકોને આપી દીધી છે, માટે ઘરને માટે થોડી કામળો મોકલી આપજો." વિદ્યાસાગર મહાશય પોતાની માતુશ્રીના આ કૃત્યથી બહુજ ખુશ થયા અને બીજી કેટલીક ચાદરો અને કામળો મોકલીને દેવીને લખી મોકલ્યું કેઃ " આ ચાદરો આપી દઇને પણ જો બીજી વધારે ચાદરોની જરૂર પડે તો વગરસંકોચે મને લખી જણાવશો, હું અહિંથી સત્વર મોકલી આપીશ." એ પ્રમાણે ભગવતીદેવીની દયા અને પરોપકાર પ્રવૃત્તિ જોઇને એમજ થાય છે કે **તેઓએ બીજાઓ ઉપર ઉપકાર કરવાનેજ જન્મ લીધો હતો અને પોતાના જીવનનો તે હેતુ સાર્થક કરીનેજ તેમણે આ સંસારનો ત્યાગ કર્યો હતો.**

દ્વાદશ પરિચ્છેદ.

સરલતા અને પવિત્રતા.

જ્યાં સરલતા હોય ત્યાંજ પવિત્રતા નિવાસ કરે છે. કુટિલતા અને સ્વાર્થપરાયણતા સરલ માણસના હૃદયને કદિ પણ કલંકિત કરી શકતી નથી. પ્રકાશ અને અંધકારમાં જેટલો ભેદ છે તેટલોજ ભેદ સરલતા અને કપટમાં છે. ચંદ્રના વિમલ અને શાંતિદાયક પ્રકાશની પેઠે સરલતા માનવચરિત્રને ઉજ્વલ કરે છે. સરલતા સાથે સત્યતાનો બહુજ નિકટ અને ગાઢો સંબંધ છે. વાસ્તવિક સરલતા સત્યની દીવાલ જેવી છે. મુસલમાન ધર્મના પ્રવર્તક પેગંબર મહંમદ સાહેબનો જ્યારે દૃઢ વિશ્વાસ થયો કે ઇશ્વર એક અને નિરાકાર છે, ત્યારે તે પોતાના મતનો પ્રચાર કરવા લાગ્યા. એમનો આ નવો મત તે સમયના પ્રચલિત મતથી વિરૂદ્ધ હોવાથી ચારે તરફ હાહાકાર થઇ રહ્યો અને તેમના શત્રુઓ તેમનો નાશ કરવાની તૈયારી કરવા લાગ્યા. મહંમદના કાકા આબુતાલાકને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે પોતાના ભત્રિજાનો પ્રાણ બચાવવાને માટે તેમ (મહંમદ સાહેબ) ને કાંઇક ઉપદેશ આપવાનો વિચાર થયો અને તેથી તેમણે મહંમદ સાહેબને બોલાવીને કહ્યું કે: "હું તમને મ્હારા પુત્ર જેવા ગણું છું અને તમને કોઇ પણ નુકશાન થાય અથવા તો કોઇ તમારો વાળ વાંકો કરે એ અમને બીલકુલ ગમે નહિ એ સ્વાભાવિકજ છે. માટે હે વત્સ, શાંત થાઓ અને તમારા હૃદયના વિશ્વાસને ગુપ્ત રાખી લોકમત પ્રમાણે કાર્ય કરો."

આબુતાલાકની આ વાત સાંભળીને મહંમદ સાહેબે બહુજ વિનય પૂર્વક જવાબ દીધો કે: "કાકાજી, આપ સ્નેહને વશ થઇને મને જે

પ્રમાણે વર્તવાની આજ્ઞા કરો છો, તેમાં સંપૂર્ણ કપટતા છે. વિશ્વાસનું બલિદાન આપીને હું કદિ પણ કપટાચરણ કરી આત્મઘાત કરીશ નહિ. જો કોઇ મ્હારો એક હાથ સૂર્યને અને બીજો હાથ ચંદ્રને આપી દેશે અર્થાત્ મ્હારા બન્ને હાથો કાપી નાંખશે તોપણ મ્હારા હૃદયનો વિશ્વાસ નષ્ટ કરી શકશે નહિ. **મ્હારા એ વિશ્વાસ પ્રમાણે કામ કરવામાં મ્હારો પ્રાણ જાય તોપણ મને લેશ માત્ર દુઃખ થવાનું નથી.** ”

એક સમયે ખ્રિસ્ત ધર્મ સુધારક (Reformer) માર્ટીન લ્યુથરને તેના સંબંધીઓએ કહ્યું કેઃ “ લ્યુથર ! સાવચેત રહેજે ! દેશનો મોટો ભાગ ત્હારો શત્રુ છે. માટે જો જીવવાની ઈચ્છા હોય તો ત્હારા ધર્મ-સંસ્કારનો ત્યાગ કરી ત્હારા જીવનની રક્ષા કર. ” સંબંધીઓનું આવું કથન સાંભળીને લ્યુથર કિંચિત પણ ગભરાયો નહિ. તેણે શાંત ચિત્તે નિડરતાથી જવાબ આપ્યો કેઃ “હું મ્હારા હૃદયના દૃઢ વિશ્વાસનો સરલ ચિત્તથી પ્રસાર કરૂં છું. હું મ્હારા કર્તવ્ય-પથમાં ચાલું છું. એ કરવામાં જો આ મહા નગરમાં **જેટલાં સંકટો હોય તે સર્વનો મ્હારી ઉપર વર્ષાદ વર્ષે તો પણ હું મ્હારા કર્તવ્ય કર્મથી વિમુખ થઇશ નહિ.** મ્હારા અદષ્ટમાં એમજ થવાનું કેમ નહિ લખાયું હોય ? હું **સરલતાના ક્ષેત્રનો ત્યાગ કરીને કદિ પણ કપટના કંટક પૂર્ણના પથમાં પગ મૂકવાનો નથી.**”

ઉપરનાં દૃષ્ટાંતોથી એમ સિદ્ધ થાય છે કે સરલતા અને પવિત્રતા એ સાધુ હૃદયના શણગારો છે મહાન્ પુરૂષોનાં હૃદય એ અમૂલ્ય અલંકારોથી શણગારાયલાં હોય છે. તેઓ કોઇની પણ સ્પૃહા રાખતા નથી; તેમ ગમે તેટલાં વિઘ્નો આવી પડે તોપણ પોતાના કર્તવ્ય-પથમાંથી ચ્યુત થતા નથી અને પોતાનું માથે લીધેલું કાર્ય જીવ

માટે પણ પાર પાડે છે. મહાત્મા પુરૂષોનાં ચરિત્રો, પવિત્ર અને નિષ્કલંક હોવાથી, તેમનાં અંતઃકરણ હમ્મેશાં ચંદ્રનાં નિર્મળ કિરણની પેઠે સુસ્નિગ્ધ અને આનંદ પૂર્ણ રહે છે. સૂર્ય જેમ પૃથ્વીના અંધકારનો નાશ કરી તેને પોતાના દિવ્ય પ્રકાશથી પ્રકાશિત અને ઉજ્જવળ કરે છે, તેજ પ્રમાણે સરલ અને પવિત્ર હૃદયના સાધુ પુરૂષો પૃથ્વીમાં વ્યાપી રહેલાં પાપાચરણોનો વિનાશ કરી ધર્મની વિમલ અને પવિત્ર જ્યોતિથી વસુંધરાને પ્રકાશિત કરે છે. સરલ હૃદયના મહાત્માઓ જગતમાં દરેકના વિશ્વાસ, ભક્તિ અને સન્માન મેળવે છે.

ભગવતીદેવીએ પોતાના સરલતા અને પવિત્રતાના ગુણોથી અંગપ્રદેશમાં સર્વની આંતરિક શ્રદ્ધા અને સન્માન પ્રાપ્ત કર્યાં હતાં. તેઓ પોતાના મનના વિશ્વાસ પ્રમાણેજ કામ કરતાં હતાં. અંતઃકરણના ભાવ દબાવી દઇને અથવા તો ગુપ્ત રાખીને કોઈ પણ અન્યાય કરવો એ તેમની પ્રકૃતિ વિરૂદ્ધ હતું. વસ્તુતઃ તેઓ પ્રાણાન્તે પણ મનનો એક પ્રકારનો અને કાર્યનો બીજા પ્રકારનો વ્યવહાર રાખી લોકોમાં નિંદિત થતાં નહિ અને તેમ કરવામાં તેઓ આત્મઘાત થયેલો સમજતાં હતાં. વળી **તેઓ બીજાના ભયથી ડરી જઇને પોતાના દૃઢ વિશ્વાસથી વિપરીત કાર્ય કરીને પોતાના આત્માનો દ્રોહ કરતાં નહિ.** જેને તેઓ એકવાર સત્ય તરીકે ગ્રહણ કરતાં તોપછી પ્રાણાંતે પણ તેનાથી વિરૂદ્ધ વર્તતાં નહિ. તેઓ **કોઈ પણ વિચારને સત્ય માની લેવા પહેલાં તેની બહુજ તપાસ કરતાં હતાં** અને જ્યારે તેમની સંપૂર્ણ ખાત્રી થતી કેઃ 'સત્ય આજ છે' ત્યારે તેઓ તેને સત્ય તરીકે ગ્રહણ કરતાં હતાં. આમ કરવાથી તેમને પોતાના વિચારો —ગ્રહણ કરેલા સત્યને—કદિ પણ ફેરવવા પડતા નહિ. તેઓ વારંવાર કહેતાં કેઃ **"સંસારનો પંથ બહુજ સરલ છે, પણ લોકોના બુદ્ધિ દોષથી જ તે કુટિલ થઇ ગયો છે.** તમે જે કાંઇ કર્મ કરો છો

તેના તમેજ જવાબદાર છો; **તમે પોતેજ રાત્રિ દિવસ તમારૂં પોતાનું જેટલું અનિષ્ટ કરો છો તેટલું અનિષ્ટ બીજો કોઇ પણ કરી શકે એમ નથી.** ” અમે આ સ્થળે ભગવતી-દેવીના સરલતા, પવિત્રતા અને સાધુતાનું એક જ્વલંત દૃષ્ટાંત આલેખીને આ પ્રકરણની પરિસમાપ્તિ કરીશું.

વીરસિંહપુર ગામમાં “ વામૂગિપુષ્કરિણી ” નામનું એક જળાશય છે. વારતહેવારને દિવસે ગામના બધા લોકો ત્યાં સ્નાન કરવાને જતા હતા. એક દિવસ ભગવતીદેવી પણ ત્યાં સ્નાન કરવાને ગયાં હતાં. તેઓ સ્નાન કરતાં હતાં તેજ વખતે એક વૃદ્ધ બ્રાહ્મણ પણ ત્યાં સ્નાન કરવાને આવ્યો હતો. તે બ્રાહ્મણના હાથમાં એક પોટલી હતી, તે પોટલીને તે બહુજ સાચવતો હતો તેથી તેમાં કાંઈ જોખમ હોવું જોઈએ એમ અનુમાન થતું હતું. વૃદ્ધ બ્રાહ્મણ થોડી વાર પાળ ઉપર હેરાફેરા ખાઈને, પોતાની પોટલીમાંથી એક સૂકું વસ્ત્ર કાઢીને, પાછી પોટલી બરોબર બાંધી તળાવના એક પગથીયાના ખુણામાં મૂકીને સ્નાન કરવાને નીચે ઉતર્યો. સ્નાન કરી રહ્યા પછી બહાર કાઢેલું સૂકું વસ્ત્ર પહેરી, અંગુછાને માથે નાખી પાછો ધોતીયું ધોવાને નીચે ઉતર્યો અને ધોતીયું ધોઈને તથા ઉતાવળથી ઝટપટ પોતાની સંધ્યા કરી લઈને તેણે એકદમ ચાલવા માંડયું. જતી વખતે તે પેલી પગથીયાના ખુણામાં મૂકેલી પોટલી લેવાની ભૂલી ગયો. ભગવતીદેવી સ્નાન કરીને ઉપર આવ્યાં અને તેમની દૃષ્ટિ એ પોટલી ઉપર પડી. તેમણે વિચાર કર્યો કે નિશ્ચય પેલો બ્રાહ્મણ ઉતાવળમાં પોટલી લેવાની ભૂલી ગયો છે. દેવીએ તે વૃદ્ધ બ્રાહ્મણને બરોબર જોયો હતો અને તેથી તેમને પણ વહેમ પડયો હતો. તેમણે વિચાર્યું કે પોટલીમાં કાંઈ જોખમ હોવું જોઈએ; તેથી તેમણે એ પોટલી લીધી અને છોડીને જોયું તો તેમાં કેટલાંક નવાં વસ્ત્રો, બે સોનાના અલંકારો અને ચાળીસ રૂપિયા

રોકડા નજરે પડયા. ભગવતીદેવી મહા વિપદ્‌માં આવી પડયાં. પોટલીને પાછી જયાંની ત્યાં મૂકીને ઘેર જવાનું તેમને યોગ્ય લાગ્યું નહિ, કારણકે તેમ કરવાથી જો કોઈ લુચ્ચા માણસના હાથમાં તે આવી જાય તો, જ્યારે તે મૂળ ધણી પાછો આવે ત્યારે રડતો કકળતો નિરાશ થઈને પાછો જાય. તેમજ જો દેવી પોતે પોતાને ઘેર લઈ જાય તો પણ વૃદ્ધ બ્રાહ્મણને તેની કાંઈ ખબર નહિ હોવાથી નિરાશ થવું પડે. આ પ્રમાણે તેમની દશા સુડી વચ્ચે સોપારીના જેવી થઈ પડી. ન મૂકીને જવાય કે ન ઘેર લઈ જવાય. તેથી તેઓ આખો દિવસ ભૂખ્યાં તરસ્યાં ત્યાંજ બેસી રહ્યાં. સાંજના છેક પાંચેક વાગ્યાને શુમારે પેલો વૃદ્ધ બ્રાહ્મણ હાંફલો ફાંફલો ત્યાં આગળ આવ્યો અને પોતાની પોટલી શોધવા લાગ્યો. પોટલી જડી નહિ અને ભગવતીદેવીને ત્યાં બેઠેલાં જોઈને તે ક્ષીણ કંઠે બોલ્યો: "મા, મ્હારૂં બધું નાશ પામ્યું છે. મ્હારે કન્યાદાન દેવાનું હતું. કાલે સવારે તો લગ્નનું મૂહુર્ત છે. આજે બપોરે હું આ તળાવમાં સ્નાન કરવાને આવ્યો હતો ત્યારે મ્હારી પાસે એક પોટલી હતી. ભીખ માગીને જે કાંઈ મેળવ્યું હતું તે બધું એ પોટલીમાંજ હતું. મા, આજે બપોરે હું તે પોટલી અહિંયાં ભૂલી ગયો છું. હાય ! હવે હું શું કરીશ ?" એટલું કહેતામાં તો તે વૃદ્ધ બ્રાહ્મણ છુટે મ્હોડે રડી પડયો. ભગવતીદેવીએ તેને શાન્તવન આપીને પૂછ્યું: "ભાઈ, એ પોટલીમાં તમે શું શું બાંધ્યું હતું ?" વૃદ્ધ બ્રાહ્મણે તે પોટલીમાં જે કાંઈ બાંધ્યું હતું તે બધું ગણી બતાવ્યું.

ભગવતીદેવીએ કહ્યું: "ભાઈ, તમારે કન્યાદાન દેવાનું છે તે હું પહેલાંથીજ જાણી ગઈ છું. કારણ કે તેમ ન હોય તો તમે આમ ગાંડા જેવા બનોજ કેમ ? વળી તમારી પોટલી મ્હેં છોડી જોઈ હતી. તે ઉપરથી પણ મને એમ જ લાગ્યું હતું." એમ કહીને પેલી પોટલી બ્રાહ્મણના હાથમાં આપતાં કહ્યું; "તમારૂં બધું તપાસી જૂઓ ! હું તમારા

ગયા પછી અત્યાર સુધી અહિયાંજ બેસી રહી છું. માટે તપાસ કરીને મને નિશ્ચિંત કરો!" વૃદ્ધ બ્રાહ્મણની આંખમાં આંસુ આવી ગયાં. તેણે બહુજ નમ્રતાથી કહ્યું: "મા, તમે મ્હારા કુળની લાજ રાખી છે. મા, મ્હેં હજી સુધી પાણી પણ પીધું નથી. હું મ્હારા ઇષ્ટદેવ પાસે એજ માગું છું કે તે તમારાં પુત્ર, પૌત્ર, ધન્ય, ધાન્ય અને ઐશ્વર્યમાં વૃદ્ધિ કરો!" વૃદ્ધ બ્રાહ્મણે હજુ સુધી પાણી પણ પીધું નથી એ સાંભળીને ભગવતીદેવીને બહુ દયા આવી. તેઓ તેને અત્યંત આગ્રહ કરીને પોતાને ઘેર તેડી ગયાં અને તેનો યોગ્ય આદરસત્કાર કરીને પૂછ્યું કે: "ભાઈ, આટલામાં કન્યાદાન દેવાઈ રહેશે?" બ્રાહ્મણે ઉત્તર દીધો: "ના મા, હજુ બીજા ૧૦–૨૦ રૂપિયા ખૂટે છે." એ સાંભળી ભગવતીદેવીએ કબાટમાંથી ૨૦ રૂપિયા કાઢી તે વૃદ્ધ બ્રાહ્મણને આપતાં આપતાં કહ્યું કે: "આ ગરીબ બ્રાહ્મણ પુત્રી પણ આપને કેટલાક રૂપિયા આપે છે, તે ગ્રહણ કરો." બ્રાહ્મણે જરા આનાકાની તો કરી પણ ભગવતીદેવીના આગ્રહ આગળ તેનું કાંઈ ચાલ્યું નહિ. ભગવતીદેવી પાસેથી રૂપિયા લેતાં લેતાં તે વિસ્મત થઇને, આંખમાં આંસુ લાવીને ગદ્‌ગદ્ કંઠે બોલ્યો કે: "**મા, તમે દેવી છો કે સ્ત્રી!** મ્હારો ભ્રમજ–(દેવી હોવાનો)–મ્હારે માટે પરમ મંગળકારક છે, કારણ કે આજે હું સાક્ષાત્ જગદંબા–અન્નપૂર્ણા દેવીનાં દર્શન કરવાને ભાગ્યશાળી થયો છું." એમ કહીને ભગવતીદેવીનો ઉપકાર માનીને વૃદ્ધ બ્રાહ્મણે ત્યાંથી ચાલવા માંડયું.

त्रयोदश परिच्छेद.

વખતનો સદુપયોગ.

એક યૂરોપીયન પંડિતે કહ્યું છે કે: " લોકો અમને વખત નથી! અમને વખત નથી! એવી વાતો કર્યા કરે છે; પરંતુ ખરી રીતે જોતાં તેમના કાર્યોની તુલનામાં એટલો બધો સમય બાકી રહે છે કે તેનો કેમ ઉપયોગ કરવો તે પણ તેઓ જાણતા નથી. તેઓમાં કેટલાક માત્ર આળસમાંજ સમય વ્યતિત કરે છે, તો કેટલાક કાંઇ પણ ચોક્કસ ઉદ્દેશ વિનાનાં કાર્યો કરવામાં સમય ગુમાવે છે. લોકો પોતાના જીવનકાળને બહુજ ટુંકો માનીને અત્યંત ક્ષોભ કરે છે, પરંતુ કાર્યક્ષેત્રમાં તેઓ સમય તરફ એટલી બધી અવજ્ઞા, અનાદર અને બેદરકારી બતાવે છે કે તે જોતાં તો એમજ થાય છે કે તેમનો જીવિતકાળ અનંત અને નિત્ય સ્થાયી છે."

દીર્ઘાયુષી થવાની આકાંક્ષા રાખવી એ માનવ જાતિનો સાધારણ ધર્મ છે. દરેક મનુષ્ય ઘણા વર્ષ જીવવાને માટે તીવ્ર ઇચ્છા બતાવે છે, પરંતુ સમયના જે સર્વ અંશો મળીને જીવિતકાળ પૂર્ણ થાય છે તેને તેઓ બહુજ બેદરકારીથી નષ્ટ કરી નાંખે છે. ઘડી, પળ, પ્રહર વગેરે સમયના નાના નાના અંશો એકત્ર થઇને દિવસ, માસ, વર્ષ વગેરે બને છે અને એજ દિવસ, માસ અને વર્ષથી મનુષ્યના જીવિતકાળની ગણત્રી થાય છે. એટલા માટે જે માણસો પળ, ઘડી અને પ્રહર વગેરેનો દુરૂપયોગ કરે છે—બેદરકારીથી તેનો લાભ લીધા વગર તેને નકામો ગુમાવે છે—તેઓ વર્ષ, યુગ અને આયુષ્યનો દુરૂપયોગ કરનારા થઇ પડે છે. અર્થાત્ પોતાના અમુલ્ય જીવનને વૃથા નષ્ટ કરે છે.

એક વટેમાર્ગુ જેમ પોતાની મુસાફરીમાં વિશ્રામસ્થાનની આશામાં વિકટ નિર્જન પ્રદેશને ઉલ્લંઘે છે, તેજ પ્રમાણે મનુષ્યો પણ સુખ સંભોગના લોભની આશામાં સમયના નાના નાના અંશો અને આખરે વર્ષોને પણ ગુમાવી નાંખે છે. જીવિતકાળના નાના નાના અંશોને બેદરકારીથી નષ્ટ કરી દીર્ઘજીવન ભોગવવાની ઇચ્છા કરવી અને સમય ગયા પછી કાર્યનો આરંભ કરવો એ બન્ને એકજ સરખાં બુદ્ધિરહિત કાર્યો છે.

આ વિશ્વરૂપ સંસારમાં મનુષ્યજાતિનાં જેટલા પ્રકારનાં કર્ત્તવ્ય કર્મો છે તેમાં નિસ્વાર્થ પરોપકારરૂપ પુણ્ય કાર્ય સર્વથી શ્રેષ્ટ છે. માનવ સમાજમાં આવાં પુણ્યવૃત્તોનો અભાવ નથી. અજ્ઞાનીને જ્ઞાનનું દાન કરવું, દરિદ્રીને ધન આપી તેની દરિદ્રતા દૂર કરવી, વિપત્તિમાં આવી પડેલાનો ઉદ્ધાર કરવો, શોકાતુરનો શોક દૂર કરવો, રોગી અને માંદા માણસોની સેવા સુશ્રુષા કરવી ઇત્યાદિ પવિત્ર કર્મો ભગવતીદેવીના જીવનમાં દિનપ્રતિદિન થયાજ કરતાં હતાં. પરસ્પર વિરૂદ્ધ પક્ષની તકરારો સાંભળીને તેનો નીકાલ કરી બન્ને પક્ષમાં સૌહાર્દ–પ્રેમ સ્થાપન કરવો, સદ્દગુણી મનુષ્યો તરફ પૂજ્યભાવ અને શ્રદ્ધા બતાવવી, ક્રોધીનો ક્રોધ દૂર કરવો અને કુસંસ્કારી અને દુષ્ટ લોકોના વિચારોનું સંશોધન કરી તેમને સંસ્કારી અને સદાચારી બનાવવા ઇત્યાદિ અનેક પ્રકારનાં સત્કાર્યોમાં કાળક્ષેપ કરીને મનમાં ને મનમાં અપરિસીમ આનંદ ભોગવવાના સુયોગો તેમના જીવનમાં સદા સર્વદા મળી આવતા હતા. આવાં સામાજિક પુણ્ય કાર્યોમાં જે મનુષ્ય કાળક્ષેપ કરે તેનો સમય કેવી રીતે આળસમાં વ્યતિત થઇ શકે ?

ભગવતીદેવી નિત્ય પરોઢીએ વહેલાં શય્યાનો ત્યાગ કરીને સાંસારિક કાર્યમાં લક્ષ્ય આપતાં હતાં અને પોતાનો સમસ્ત દિવસ કોઇ ને કોઇ પારિવારિક સત્કાર્યમાં વ્યતિત કરતાં હતાં. તેઓ હમ્મેશાં બની

શકે ત્યાં સુધી પોતાને હાથેજ રાંધતાં હતાં અને બધાંને સમભાવે પોતાને હાથેજ પીરસીને જમાડવામાં આનંદ માનતાં હતાં. વળી તે ઉપરાંત અતિથિ, કુટુંબ અને સ્વજનોની પરિચર્યા, એ સર્વ તેમનાં નૈમિત્તિક કાર્યો હતાં. રાત્રિની દોઢ ઘટિકા સુધી તેઓ વિવિધ ગૃહસ્થાશ્રમના ધર્માનુષ્ઠાનમાં રોકાયલાં રહેતાં હતાં અને ત્યાર પછી બે કલાક એકલાં બેસીને ચરખાથી સુતર કાઢતાં હતાં તથા મોડી રાત્રે સૂઈ જતાં હતાં. આ પ્રમાણે તેઓ રાત્રિ દિવસમાં ફક્ત ત્રણ ચાર કલાકજ નિદ્રાદેવીના ખોળામાં વિશ્રામ સુખનો અનુભવ લેતાં હતાં.

વખતનો સદુપયોગ કરવા માટે અન્યાન્ય ધર્મ કર્મ આચરવાની પરમ આવશ્યકતા છે. તેટલા માટે પોતાના સંસારના કોલાહલમાંથી દૂર રહી, વિષયી કર્મક્ષેત્રમાંથી થોડો વખત કાઢી, એક એકાંત નિર્જન સ્થાનમાં બેસીને પરમ દેવતા, વિશ્વ વિધાતા, અનાદિ પુરૂષની ઉપાસના કરવી એ દરેકની ફરજ છે. સરજનહારની આરાધનામાં થોડો પણ સમય ગાળવો એ દરેકનું મ્હોટામાં મ્હોટું કર્ત્તવ્ય છે. તે પરમ પિતાની આરાધના કરી, તેની કૃપા પ્રસાદી મેળવ્યા સિવાય, આ અખિલ દુસ્તર સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ વિટંબનાઓ છિન્નભિન્ન કરવાની અને દુઃખના ડુંગરમાં દબાઇ ગયેલાં હૃદયને શાન્ત્વન કરી ઠેકાણે લાવવાની ઇચ્છા કરવી એ કેવળ વ્યર્થ છે. જે મંગળમય વિશ્વપિતાના ચરણકમળમાં મસ્તક નમાવી, તેની પાસે પોતાના શુદ્ધ અંતઃકરણની સવિનય પ્રાર્થના કરે છે; તે મનમાં ને મનમાંજ અનિર્વચનીય આનંદનો ઉપભોગ કરવાને ભાગ્યશાળી થાય છે. જ્યારે તે માણસ પરમપિતા પરમેશ્વરની આરાધના કરવા બેસે છે ત્યારે તેનો અંતરાત્મા ભગવદ્‌ભક્તિથી ઉભરાઈ જાય છે, હૃદયમાં નવિન આશાનો સંચાર થાય છે અને જે મહાન્ શક્તિ તેને આવૃત્ત કરી રહી છે તેનું તેને જ્ઞાન થાય છે. તે માણસ

પોતાના સકળ ભય, ભાવના, શોક અને દુઃખને એ રક્ષણકર્ત્તાના ચરણકમળમાં સમર્પણ કરીને, પોતે નિર્વિઘ્ને અને સુખશાંતિથી કાળ-ક્ષેપ કરે છે. આ દુસ્તર જીવન-સમુદ્રમાં વાયુથી ઉછળતા ફીણવાળા તરંગોના આઘાત પ્રત્યાઘાત, કેવળ તેના ઉપલા માર્ગમાંજ જોવામાં આવે છે; પરંતુ જેઓ સમુદ્રમાંથી મોતી કાઢનાર માણસોની પેઠે તે જીવન-સમુદ્રના ઉંડામાં ઉંડા પ્રદેશમાં પ્રવેશીને પોતાના કંઠમાં પરમ રમણિય મોતીની માળા પહેરવાનો પ્રયત્ન કરે છે તેમને સંસારની તુચ્છ વિચાર-માળાનો પ્રબળ વેગ સ્પર્શ પણ કરી શકતો નથી. પરંતુ આવા પ્રકારનું જ્ઞાન સંપાદન કરવું અને જીવન-સમુદ્રના ઉંડામાં ઉંડા પ્રદેશમાં ડુબકી મારી અખંડ અને ચિરકાળની શાંતિ મેળવી, જ્ઞાનની ગંભીરતા અને હૃદયની પૂર્ણતા સંપાદન કરવી એ બહુજ દુસ્તર છે, સંસારના કોલાહલ વચ્ચે તે પ્રાપ્ત થવાં બહુજ દુર્લભ છે. એને માટે તો નિસ્તબ્ધ શાંતિ-આવાસમાં ધૈર્યયુક્ત વિચારોના પ્રવાહોનીજ આવશ્યકતા છે.

ભગવતીદેવી, સવારમાં તેમજ સંધ્યા સમયે નિષ્ઠાવાન હિંદુના ગૃહસ્થાશ્રમ ધર્મને યોગ્ય સંધ્યા, વંદના અને પૂજા વગેરે કરતાં હતાં. વળી જ્યારે તેઓ પોતાના સ્વીકારેલા સેવા-ધર્માનુષ્ઠાનમાં જોડાતાં હતાં ત્યારે તેમને જોઇને એમજ થતું કે તેઓ જાણે આ જગતનાં માનવી નથી, પરંતુ સ્વર્ગનો કોઇ મહાન આત્મા છે. તે સમયે તેમને બહારનું બીલકુલ ભાન રહેતું નહિ. જાણે પોતે ભગવત્સેવા કરતાં હોય એવીજ ભાવનાથી પ્રેરાઇને તેઓ જીવ સેવા કરતાં હતાં. દેવીનાં સમસ્ત શુભ કાર્યોની સમાલોચના કરતાં એમજ જણાય છે કે તેઓ અહર્નિશ પોતાના સમયના ઘણાખરા ભાગમાં એકાંત વાસની શાંતિનો ઉપભોગ કરી શકતાં હતાં. તેઓએ પોતાના વખતનો એટલો બધો સદુપયોગ કર્યો છે કે અદ્યાપિ પણ વીરસિંહપુર અને તેની આસપાસનાં ગામોમાં

વસનાર મનુષ્યો પાસે તેમનું નામ દેતાંજ તેઓ અશ્રુ વિસર્જન કરતાં કરતાં જુસ્સાદાર ભાષામાં તેમના ઉત્તમ ગુણોનું કીર્તન કરે છે. દેવીનો જો કે સ્વર્ગવાસ થયો છે છતાં પણ તેઓ પોતાની પાછળ પોતાનું નામ અમર કરી ગયાં છે એમાં લેશ માત્ર શંકા નથી.

चतुर्दश परिच्छेद.

મહત્વ અને મિતાચાર.

આપણા હિંદુ શાસ્ત્રમાં કહ્યું છે કેઃ "**अति सर्वत्र वर्जयेत्**" અર્થાત્ અતિશયપણાનો—સદા સર્વદા ત્યાગ કરવો. કોઈ પણ બાબતમાં અતિશયપણું રાખવું એ આવકારદાયક નથી. યોગ્ય ઉન્નતિ સાધવી એ માનવ જીવનનું લક્ષ્ય—બિંદુ હોવાની જરૂર છે. સુપ્રસિદ્ધ પ્રાચીન ગ્રીક વિજ્ઞાનવેત્તા એરિસ્ટોટલે મિતાચારનેજ ધર્મ કહ્યો છે. તેના મત પ્રમાણે દરેક બાબતમાં મધ્યમ ભાવ રાખવો—મિતાચાર રાખવો—એજ ધર્મ છે. વાસ્તવિક રીતે શરીરની તંદુરસ્તી અથવા ધર્મોપાર્જન, કીર્તિ અથવા ન્યાયપરાયણતા, ગમે તે વિષય મિતાચાર સિવાય સંપૂર્ણ થતો નથી. જે માણસ મિતાચારી હોય છે તેને ક્ષોભ કરવાનાં કારણો બહુજ થોડાં મળી આવે છે અને તેવા માણસનું હૃદય શાંતિ રસથી અભિષિક્ત, મન સર્વદા પ્રફુલ્લ અને શરીર સ્વસ્થ અને કાર્યક્ષમ હોય છે.

ઉચ્ચાભિલાષ, મનસ્વીતા, સાહસ, શૌર્ય અને દયા વગેરે મનના ઉચ્ચ ભાવો, મહત્તાના કારણરૂપ ગણાય છે. જ્યાં આગળ મહત્વની

ઉપાસના થાય છે ત્યાં પ્રીતિ અને ભક્તિ સદૈવ નિવાસ કરી રહે છે. એ પ્રીતિ અને ભક્તિજ બીજાને, માટે સ્વાર્થ અને આત્મ સુખનું વિસર્જન કરવાનો મનુષ્યને બોધ આપે છે. મહત્તા મેળવવાના આ બે મૂળ મંત્રોના મૂળમાંજ મિતાચાર વિદ્યમાન હોય છે માટે મહત્વ અને મિતાચાર જો કે સાધારણ દૃષ્ટિથી જૂદાં માલૂમ પડે છે; પરંતુ વાસ્તવિક રીતે તે બન્ને વચ્ચે બહુજ ગાઢો સંબંધ છે. ભગવતીદેવીના જીવનમાં આપણને જે મહત્વ લાગે છે તેના મૂળમાં મિતાચાર કેટલે અંશે વિદ્યમાન હતો તેજ આપણે આ પરિચ્છેદમાં જોવાનું છે.

ભગવતીદેવી જે જે અન્નદાન કરતાં હતાં તે દરેકને આપણે એમનાં નિત્ય નૈમિત્તિક કાર્યોમાં ગણી ચૂક્યા છીએજ. ભગવતીદેવી અનેક માણસોને અન્નદાન આપી સંતુષ્ટ કરતાં હતાં; પરંતુ તેમની દાન આપવાની પદ્ધતિ બહુજ જૂદા પ્રકારની હતી. **તેઓ વિધિપૂર્વક બ્રાહ્મ ભોજન કરાવવું એનેજ અન્નદાન માનતાં નહોતાં.** દેવીની ખાત્રી થઇ હતી કે વિધિપૂર્વક બ્રાહ્મણ ભોજન કરતાં જે ખર્ચ થાય તેટલાજ ખર્ચમાં એથી વધારે ગરીબોને જમાડી શકાય છે અને **ભૂખે મરતાને અન્ન આપવું એજ અન્નદાનનો ખરો સદુપયોગ છે.**

કોઇ કોઇ વખત ભગવતીદેવીને ઘેર સવાર સાંજ ભોજન કરનારાઓની સંખ્યા ૧૦૦ ઉપરની થઇ જતી હતી, તે છતાં પણ તેમને માટે ભોજન–સામગ્રી તૈયાર કરવાને અને પીરસવાને રસોઇઓ રાખવાની તેઓ બહુજ વિરૂદ્ધ હતાં. તેઓ દરેક બાબતમાં કરકસર કરતાં હતાં અને તેથી રસોઇઆની બાબતમાં પણ એમજ વિચાર કરતાં કે જે ખર્ચથી રસોઇઓ રાખી શકાય તેટલોજ ખર્ચ કરવાથી બીજા બે વધારે ગરીબોનું પાલનપોષણ થઇ શકે. એમ વિચાર કરીને તેઓ પોતેજ રાંધતાં હતાં અને પીરસતાં હતાં. ઘરનાં બીજાં બધાં પણ તેમને તે કાર્યમાં મદદ કરતાં હતાં.

પોતાના તેમજ પોતાના પરિવારના ભોગવિલાસ અને એશઆરામ માટે વધારે ખરચ કરવો એ તેમના સ્વભાવ વિરૂદ્ધ હતું. તેને બદલે તેઓ બીજાનું સુખ સંપાદન કરીને પોતાને કૃતાર્થ થયેલાં માનતાં હતાં. તેઓ પોતે ચરખાથી સુતર કાંતીને તેનાં વસ્ત્રો તૈયાર કરાવી ઘરનાં બધાને પહેરાવતાં અને પોતે પણ તેજ જાડાં કપડાં પહેરતાં હતાં. એક વખત વિદ્યાસાગર મહાશયે કલકત્તેથી કેટલાંક બારીક વસ્ત્રો મોકલ્યાં હતાં. ભગવતીદેવીએ તે વસ્ત્રો પોતાના તેમજ પોતાના પરિવારના ઉપયોગમાં ન લેતાં ગામના બીજા માણસોને આપી દીધાં. અમે પહેલાંજ લખી ગયા છીએ કે તેઓ ઘરેણાં પહેરવાની તદ્દન વિરૂદ્ધ હતાં અને તેથી તેઓ વારંવાર કહેતાં કેઃ "અલંકાર પહેરવાથી કુટુંબની સ્ત્રીઓમાં મોજશોખ વધે છે અને ઘરકામમાં તેઓ જોઈએ તેવું લક્ષ્ય આપતી નથી. વળી ઘરેણાં વગેરે વસાવવાથી ઘરમાં ચોર વગેરે આવવાનો પણ ભય રહે છે, માટે ઘરેણાં નજ કરાવવાં એ ઉત્તમ છે. વળી ઘરેણાં પાછળ જેટલા પૈસા ખરચીએ તેટલાજ જો દેશના નિરાધાર મનુષ્યોને અન્નદાન આપવામાં વાપરીએ તો દેશ ઉપર મ્હોટો ઉપકાર થાય અને ઈશ્વરને ત્યાંથી પણ આપણને ધન્યવાદ મળે."

દ્રવ્યનો વગર વિચારે વ્યર્થ ઉપયોગ કરવાથી સંપત્તિનો નાશ થાય છે અને સંપત્તિનો નાશ થવાથી કોઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી. દરેક કાર્યમાં—પછી તે શુભ હોય યા અશુભ હોય—પણ તેમાં દ્રવ્યનો ખપ પડે છે અને દ્રવ્ય ન હોય તો ખાસ કરવા જેવાં કાર્યો પણ થઈ શકતાં નથી. ભગવતીદેવીને આ બાબતનું બહુજ સારૂં જ્ઞાન હતું અને તેથી તેઓ એક સામાન્ય દ્રવ્યની પણ સંપૂર્ણ રક્ષા કરતાં હતાં. ગૃહસામગ્રીઓ—ઘરની વસ્તુઓ અને રાચરચીલાં અવ્યવસ્થ રાખવાં એ પણ સંપત્તિની રક્ષા અને વૃદ્ધિ થવામાં અંતરાયરૂપ છે. ઘરનાં

રાચરચીલાંનો બેદરકારીથી નાશ થવા દેવાથી જલદીથી ધનનોજ નાશ થાય છે, એટલા માટે દેવી ઘરની સઘળી વસ્તુઓની બરોબર સંભાળ રાખતાં હતાં. ભગવતીદેવીના કુટુંબજીવનમાં આ વાત અમે પહેલાંજ લખી ગયા છીએ તે વાચકોને સુવિદિતજ હશે. ભગવતીદેવી એક ફાટેલા વસ્ત્રની, દોરડાના ટુકડાની અને માટીનાં ભાંગેલાં વાસણ વગેરેની ટુંકામાં ઘરના ન્હાના મ્હોટા, ભારે હલકા દરેક પદાર્થોનું સંરક્ષણ કરતાં હતાં. તેઓ વારંવાર કહેતાં કે: **"જો આપણે તેમને સાચવીએ તોજ તેઓ આપણને સાચવશે."** વસ્તુતઃ મિતાચારનો આ અમુલ્ય નીતિ–મંત્ર દરેક નારી રત્નના જીવન–ચરિત્રમાં જોવામાં આવે છે. કરૂણાની મૂર્તિ પુણ્યવતી મહારાણી વિક્ટોરિયાના જીવનમાં પણ આપણને એજ મહા નીતિ–મંત્રનો પરિચય થાય છે. ભગવતીદેવીની પેઠે મહારાણી પણ એક સામાન્ય પદાર્થને પણ બહુજ પ્રયત્નથી સાચવી રાખતાં હતાં. મહારાણી વિક્ટોરિયા ઉપર અનેક ઠેકાણેથી જૂદા જૂદા પ્રકારની ભેટો મોકલવામાં આવતી હતી અને તે ભેટો સાક્ષાત્ મહારાણીના હસ્તમાંજ જવાની હોવાથી મોકલનાર તેને સારી ફીત અથવા તો રેશમ દોરીથી બરોબર બાંધીને મોકલતા હતા. મહારાણી આ સઘળી ભેટો સ્વિકારતી વખતે ઉપરની ફીત અને રેશમની દોરીઓ નાખી દેતાં નહિ, પરંતુ તેને સંભાળપૂર્વક એકઠી કરી રાખતાં હતાં. આ પ્રમાણે એ મહાન રાણીશ્રીએ એટલી બધી ફીત અને રેશમની દોરીઓ એકઠી કરી રાખી હતી કે તેમના મરણ પછી તે દોરીઓ અને ફીતના ૧૧ લાખ અને ૨૫ હજાર રૂપિયા ઉત્પન્ન થયા હતા. જેના રાજ્યમાં કદિ પણ સૂર્યાસ્ત થતો નથી એવાં પ્રબળ પ્રતાપવાળાં ઇંગ્લાંડનાં રાજરાજેશ્વરી વિક્ટોરિયા પણ જ્યારે મિતાચારિણી હતાં, ત્યારે આપણા સામાન્ય ગૃહસ્થના ઘરમાં પણ મિતાચારની કેટલી બધી આવશ્યકતા છે, તેનો સુજ્ઞ વાચકો પોતાની મેળેજ વિચાર કરી લેશે.

જે બાળકો ભગવતીદેવીને ઘેર ભોજન કરીને વીરસિંહપુરના વિદ્યાલયમાં વિદ્યાભ્યાસ કરતાં હતાં તેમના જમી રહ્યા પછી તેમની થાળીમાં જે કાંઇ ઉચ્છિષ્ટ અન્ન પડયું રહેતું હતું તેને ભગવતીદેવી પોતાની કન્યાઓ પાસે એકઠું કરાવી લેતાં હતાં અને છેવટે પરમ સંતોષપૂર્વક તેજ અન્નનું પોતે ભોજન કરતાં હતાં. એ પ્રમાણે ઘણા દિવસ સુધી બાળકોનું ઉચ્છિષ્ટ—ખાધેલું અન્ન ખાઇનેજ તેમણે દિવસ ગુજાર્યા હતા. તેમના દૈવી ચરિત્રની અનેકાનેક ઘટનાઓની જેમ જેમ વધારે પર્યાલોચના કરીએ છીએ તેમ તેમ આપણને એમજ લાગે છે કે તેમના બીજાને માટે સ્વાર્થ ત્યાગ અને આત્મ સુખના ત્યાગના મૂળમાં મિતાચાર વિદ્યમાન હતો.

पंचदश परिच्छेद.

સન્તાન વાત્સલ્ય.

ભગવતીદેવીના જેવી ઉન્નત હૃદયની અને ઉદાર સ્વભાવની ગુણવંતી રમણીઓ સર્વ સ્થળે જોવામાં આવતી નથી. દેવી જેવી માતા ન હોય તો વિદ્યાસાગર જેવા મહાત્માઓ જન્મેજ કેમ? માતાનાજ ઉન્નત ભાવો વિદ્યાસાગર મહાશયના હૃદયમાં સંપૂર્ણરૂપે ઉતરી આવ્યા હતા. તેમના જેવાં માતૃભક્ત પુત્ર પણ થવા વિરલ છે. વૃદ્ધાવસ્થામાં પણ તેમના આગળ માતાનું નામ દેતાંજ તેમની આંખોમાં પાણી આવી જતાં હતાં. જો કોઈ એમની પાસે ભીક્ષા માગતી વખતે એમ કહેતું કે: “મ્હારે મા નથી!” તો અશ્રુધારાથી તેમનું વક્ષઃસ્થળ ભિંજાઇ જતું હતું. “મા” શબ્દ સાંભળતાંજ

વિદ્યાસાગર મહાશય મંત્રમુગ્ધ માણસ જેવા થઈ જતા હતા. "મા" શબ્દ તેમના જીવનનો સાધન-મંત્ર હતો. તેઓ સંગીતવિદ્યા જાણતા નહોતા, પરંતુ જે સંગીતમાં "મા" શબ્દ આવે તે સંગીત સાંભળવાનું તેમને બહુજ ગમતું હતું. "મા" શબ્દવાળું સંગીત સાંભળતાંજ તેમના ભક્તિપૂર્ણ હૃદયમાંથી ભક્તિરસ ઉભરાઇ જતો હતો અને આંખોમાંથી અશ્રુની પ્રબળ ધારાઓ બહાર નીકળી પડતી હતી. આવા માતાપિતૃભક્ત ઇશ્વરચંદ્ર, એક દિવસે કાશીના બ્રાહ્મણ પંડિતોની સાથે વાતચિત કરતાં માતા પિતા વિષે બોલ્યા છે કેઃ "મહારાજ! તમારા વિશ્વેશ્વર અને અન્નપૂર્ણા કેવાં છે તે હું જાણતો નથી. મ્હારા વિશ્વેશ્વર આ મ્હારા પિતાજી અને અન્નપૂર્ણા આ મ્હારાં માતુશ્રી છે." વિદ્યાસાગર મહાશય પરોઢિયે શય્યાનો ત્યાગ કરી, માતાપિતાની છબીને પ્રણામ કર્યા વિના ઘરમાંથી બહાર નીકળતા નહિ.

વિદ્યાસાગર મહાશયને તેમના ત્રીજા ભાઇ શંભુચંદ્ર વિદ્યારત્નના લગ્ન પ્રસંગે ઘેર આવવાનો તેમની માતાનો બહુજ આગ્રહ હતો. તે વખતે વિદ્યાસાગર મહાશય ફૉર્ટ વિલિયમ કૉલેજમાં કામ કરતા હતા. માતાની આજ્ઞા પ્રમાણે શંભુચંદ્રના લગ્ન વખતે વીરસિંહપુર જવાને તેમણે પોતાના ઉપરી અમલદાર મી. માર્સલ સાહેબની રજા માગી, પરંતુ રજા મળી નહિ. સાહેબે રજા આપવાની ના કહી અને જો તે પ્રમાણે વીરસિંહપુર નહિ જવાય તો માતાની આજ્ઞાનું ઉલ્લંઘન થશે, એમ વિચારીને માતૃભક્ત વિદ્યાસાગર થોડીવાર સુધી તો છાનામાના ખૂબ રડયા. ત્યાર પછી માતાની આજ્ઞા પાળવાનો નિશ્ચય કરીને રાજી-નામું લખીને ફરીથી સાહેબ પાસે ગયા અને સાહેબને કહ્યું કેઃ "આપ મને રજા આપો, અગર મ્હારૂં આ રાજીનામું લઇ લો." સાહેબ આ જોઇને બહુજ વિસ્મય થઈ ગયા અને હવે તેઓ વિદ્યાસાગરને રજા આપવામાં આનાકાની કરી શક્યા નહિ. સાહેબે રજા આપી

અને વિદ્યાસાગર ખુશી થતા થતા ઘેર ગયા. આ વખતે વરસાદ જોસબંધ વરસતો હતો. આકાશ વાદળાંઓથી ઘનઘોર થઇ ગયું હતું અને તે ઉપરાંત દામોદર નદીમાં પુષ્કળ પૂર આવ્યું હતું. વિદ્યાસાગર મહાશયે આ કશાની ગણના કરી નહિ. તેઓ એકદમ વીરસિંહપુર જવાને નીકળ્યા અને દામોદર નદીના તટ ઉપર આવી પહોંચ્યા. નદીમાં પૂર ચઢયું હતું તેથી પેલે પાર જવાનો કાંઇ પણ ઉપાય નહોતો, પરંતુ દૃઢ પ્રતિજ્ઞ માતૃભક્ત ઇશ્વરચંદ્ર માતાનાં પવિત્ર ચરણનું સ્મરણ કરીને પ્રબળ વેગથી વ્હેતી દામોદર નદીમાં કૂદી પડયા અને જોરશોર તરતા તરતા ઝપાટાબંધ પેલે પાર નીકળી ગયા. એજ પ્રમાણે રસ્તામાં દારૂકેશ્વર નદને પણ તરી જઇને ભીંજાઇ ગયેલે વસ્ત્રે દોડતા દોડતા ઘેર જઇ પહોંચ્યા. વિદ્યાસાગર મહાશય ઘેર જઈ પહોંચ્યા ત્યારે વર અને જાનૈયા વગેરે ઘરનાં સર્વ મનુષ્યો તો ચાલ્યાં ગયાં હતાં. કેવળ તેમનાં માતુશ્રી ભગવતીદેવીજ તેમના (ઇશ્વરચંદ્રના)નહિ આવવાથી દુઃખી થઇ, બારણાં વાસીને ખાધા પીધા વિના બેઠાં બેઠાં રડતાં હતાં. આ વખતે ઘરના બારણા આગળ જઇને વિદ્યાસાગર મહાશયે ઉચ્ચ સ્વરે “મા” “મા” કરીને બૂમો પાડી અને બારણાં ખખડાવ્યાં. પુત્રવત્સલાજનની ભગવતીદેવીએ, વિદ્યાસાગરનો અવાજ સાંભળતાંજ એબાકળાં ઉઠીને બારણાં ઉઘાડયાં અને વિદ્યાસાગરને ભેટીને ખૂબ રડયાં. વિદ્યાસાગર મહાશય પણ પોતાના અશ્રુબિંદુઓને રોકી શકયા નહિ, તેથી માતા અને પુત્ર બન્ને પરસ્પર ભેટીને રૂદન કરવા લાગ્યાં. રૂદન કેમે કર્યું બંધ થતું નથી ! મા તેમજ પુત્ર એમાંથી એકે છાનાં પડતાં નથી. આહા ! કેવું અપૂર્વ સ્વર્ગીય દૃશ્ય ! કેવું મનોહર સંમિલન !

આપણે અનેક વિદેશી માતૃભક્ત મહા–પુરૂષોની વાતો સાંભળીએ છીએ, પરંતુ તેમની સાથે માતૃભક્ત વિદ્યાસાગરની તુલના સંભવતી

નથી. ઇતિહાસપ્રેમી વાચકોને સુવિદિતજ હશે કે રોમનો પ્રસિદ્ધ સેનાપતિ અને સમ્રાટ્ જુલિયસ સીઝર, જ્યારે ઇંગ્લૈંડ સર કરવાની ઇચ્છાથી સાગર પાર જવાને સારૂ પોતાના સમસ્ત સૈન્ય સાથે સમુદ્ર કિનારે આવી પહોંચ્યો ત્યારે અતિશય ભયાનક વૃષ્ટિ થવા માંડી. પવન જોરથી ફુંકાવા લાગ્યો અને સમુદ્ર પ્રલયકાળની ભયંકર મૂર્ત્તિનું દર્શન કરાવવા લાગ્યો. આ જોઇને સઘળા નાવિકો ભયભીત થઇ ગયા. ત્યારે સીઝરે ગર્વથી કહ્યું છે કે: "મ્હારા વીરાઓ ! ગભરાઓ નહિ. ભયને દૂર કરો. એ ઉંચે ઉછળતા તોફાની તરંગોજ સીઝરના સૌભાગ્યને વહન કરે છે." એમ કહીને સૌથી પહેલાં પોતેજ અગાડી થયો અને સમુદ્રને પાર કરી ઇંગ્લૈંડ જીતવાને ભાગ્યશાળી થયો. પરંતુ વાચક ! સ્થિર ચિત્તે વિચાર કર કે એ બન્ને વીર પુત્રોમાં—વિદ્યાસાગરમાં અને સીઝરમાં શ્રેષ્ઠ કોણ ? એક તરફ સીઝરનું વિજયેચ્છાજન્ય સાહસ અને બીજી તરફ માતૃભક્ત વીર વિદ્યાસાગરનું કેવળ માતૃપૂજાને માટે—માતાની આજ્ઞાનું પાલન કરવાને માટે—આત્મબલિદાન ! એ બન્નેની તુલના કરીને વિચાર કર કે એમાંથી અધિક કોણ પૂજ્યને યોગ્ય છે ? કોને વધારે માન ઘટે છે ? કયો વીર પ્રશંસનીય છે ? કયો વીર પ્રાતઃ સ્મરણીય છે ?

વાચક ! ધર્મ જગતમાં પણ એવી એક ઘટના બનેલી છે. ભગવાન શ્રીકૃષ્ણે ભૂમિનો ભાર ઉતારવા માટે હરિદ્વેષી દુષ્ટ કંસના કારાગારમાં જન્મ ગ્રહણ કર્યો અને પિતા વાસુદેવ જ્યારે પાપાત્માના હાથમાંથી સંતાનની રક્ષા કરવાને માટે તરતના જન્મેલા બાળક શ્રીકૃષ્ણને એક કંડિયામાં ઘાલી નાસતી વખતે યમુનાજીના તટ ઉપર આવી પહોંચ્યા, ત્યારે તેમની પણ એવીજ અવસ્થા હતી. ચારે તરફ આકાશ વાદળાંઓથી છવાઇ ગયું હતું. મેઘ ઘોર ગર્જના કરતો હતો. મુશળધાર વરસાદ વરસતો હતો અને યમુનાજીમાં પુર

આવેલું હતું. પુત્રવત્સલ પિતાએ સામે પાર જવાની ઇચ્છાથી, યમુનાના પ્રબળ વેગવાળા પ્રવાહમાં ઝંપલાવી દીધું. પ્રેમ–ભક્તિની પરીક્ષાનો અન્ત આવ્યો. વાસુદેવ તે પરીક્ષા ઉત્તીર્ણ કરી ગયા. આધ્યાત્મિક જગતમાં બન્ને વ્યાપારો એક રૂપ છે. એક તરફ પ્રેમની પરીક્ષા ! અને બીજી તરફ ભક્તિની પરીક્ષા ! પરંતુ ભક્તિ, પ્રેમ, પ્રણય, સ્નેહ ઇત્યાદિ સર્વે તે એકજ " અનુરાગ " મહાસાગરના જૂદા જૂદા તરંગો છે. એટલા માટે એમજ થાય છે કે વિદ્યાસાગર મહાશય જે દામોદર નદીના પુરને તરી ગયા, તે પુર–રેલ દામોદર નદીનું નહિ પણ સાક્ષાત્ યમુનાજીનુંજ હતું. વળી તે પુર નહિ પણ પ્રેમ અને ભક્તિની કઠોર પરીક્ષા હતી. માતૃભક્ત વીર વિદ્યાસાગર તે કઠોર પરીક્ષાને ઉત્તીર્ણ કરવાને બાહ્ય જ્ઞાન–શૂન્ય થઇને કેવળ માતૃચરણનુંજ સ્મરણ કરતા કરતા પ્રબળ વેગવાળા પુરમાં કૂદી પડયા, તે વખતે માતૃરૂપિણી આદ્યશક્તિ ગંગાજીએ–દામોદરે તેમને પોતાના વક્ષઃસ્થળમાં ધારણ કરીને પેલે પાર ઉતારી દીધા. ભક્ત જીવનની પરીક્ષા પણ આવાજ પ્રકારની હોય છે. સૃષ્ટિનો વિનાશ થાય છે પરંતુ ભક્તનો વિનાશ થતો નથી. ભક્ત હમ્મેશાં અમર છે. ભક્તની રક્ષા કરવાને પરમકૃપાળુ પરમેશ્વરનો સુકોમળ પવિત્ર હસ્ત સર્વ સ્થાનમાં અને સર્વ કાળમાં સતત લંબાયલો છે. ભક્ત અક્ષય, અવ્યય અને અવિનશ્વર છે. !

વાચક ! ફક્ત એકજ વાર હૃદય સાથે વિચાર કર કે સ્નેહ અને ભક્તિના કેવા પ્રકારના મિલનમાં–વિનિમયમાં આવાં માતૃભક્ત વીર સંતાનોની સૃષ્ટિ થઇ શકે છે! **ધન્ય, સંતાન વાત્સલ્ય ભગવતીદેવી તમારૂં સઘળુંજ વિચિત્ર છે ! તમારી તુલના એક માત્ર તમારી સાથેજ સંભવે છે !**

ષોડશ પરિચ્છેદ.

નૈતિક પ્રતિબંધો અને કર્ત્તવ્યબુદ્ધિ.

કોઈ પણ બાલિકાને વૈધવ્ય પ્રાપ્ત થયાના સમાચાર સાંભળીને વિદ્યાસાગર મહાશયનું કોમળ હૃદય એટલું બધું દુઃખિત થઇ જતું કે તેઓ એકદમ ઉચ્ચ સ્વરે રડી પડતા હતા અને તેમના હૃદયનો વેગ કોઇ પણ રીતે રોકી શકાતો નહિ. તેઓ નાનપણથીજ વિધવા વિવાહના–પુનર્લગ્નના હિમાયતી હતા. સમય જતાં વિદ્યાસાગર મહાશયને માલૂમ પડયું કે શાસ્ત્રના પ્રમાણ સિવાય પુનર્લગ્નનો રીવાજ પ્રચલિત થવો અસંભવિત છે અને આપણા દયાળુ આર્ય ઋષિ મુનિયો કોઇને કોઈ પણ સ્થાને તેને માટે કાંઇ પણ લખી ગયેલા હોવા જોઇએજ. આમ વિચાર કરીને તેમણે શાસ્ત્રનાં પ્રમાણો શોધવા માંડયાં. શાસ્ત્રના વચનથી વિધવા વિવાહને સશાસ્ત્ર સિદ્ધ કરવાનો વિદ્યાસાગર મહાશયનો વિચાર હતો, તેથી તેમણે અનેકાનેક આર્યશાસ્ત્રોનું સંશોધન કરવા માંડયું. પહેલાં તો તેમને વિધવા વિવાહ માટે શાસ્ત્રનું એક પણ પ્રમાણ મળી શકયું નહિ, છતાં તેઓએ હિંમત ન હારતાં પોતાનું કાર્ય ચાલુજ રાખ્યું. આખરે એક દિવસ રાત્રિના એક પુસ્તક વાંચતાં વાંચતાં તેઓ એકાએક આનંદાવેશમાં આવી જઇને “ મળ્યું છે! મળ્યું છે!” એમ બૂમ પાડી ઉઠયા. એ જોઇને પાસે બેઠેલા સઘળા માણસો ચકિત થઇ ગયા અને તેઓએ પૂછ્યું કે, “ મહાશય ! શું મળ્યું છે ?” ત્યારે વિદ્યાસાગરે પારાશર સંહિતાનો નીચે પ્રમાણેનો એક શ્લોક કહી સંભળાવ્યો:—

नष्टे मृते प्रव्रजिते क्लीबेच पतिते पतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधियते ॥

પરાશર ઋષિના ઉપર્યુક્ત વચનથી જ્યારે એમની ખાત્રી થઇ કે વિધવાવિવાહ સશાસ્ત્ર છે અને આપણા આર્ય ઋષિ મુનિયો પણ એને માટે રજા આપી ગયા છે ત્યારે તેઓ તે રીવાજ ચાલુ કરવાને માટે તન, મન અને ધન–સર્વસ્વ–સમર્પણ કરવા લાગ્યા. વિધવાવિવાહના વિષયમાં તેઓ કાંઈ પણ કરે તે પહેલાં માતા–પિતાની આજ્ઞા મેળવવી ઉચિત ધારી તેમનો આશીર્વાદ લેવાને તેઓ વીરસિંહપુર ગયા. વીરસિંહપુર આવીને જ્યારે તેમણે ભગવતીદેવીને સમસ્ત વાત્ત નિવેદન કરી, ત્યારે તેમણે પ્રસન્ન ચિત્તે કહ્યું કેઃ–"ભાઈ, ત્હેં જ્યારે વિધવાવિવાહને સશાસ્ત્ર સિદ્ધ કર્યો છે, તો હું તને પ્રસન્ન ચિત્તથી તેનો પ્રચાર કરવાની રજા આપું છું. આહા ! જો ત્હારાથી જન્મદુઃખિની બાળવિધવા બ્હેનોનો કાંઈ પણ ઉદ્ધાર થઇ શકે એમ હોય તો તે તું સત્વરજ કર; પરંતુ ભાઈ, **કાર્ય હાથપર લીધા પછી સમાજના ભયથી અથવા હું કે ત્હારા પિતાજી પણ તને તેમ કરતાં રોકવા આવીએ તોપણ તું તેને છોડી દેતો નહિ.**"

ત્યાર પછી વિદ્યાસાગર પોતાના પિતાજીની પાસે ગયા અને તેમને બધું સમજાવ્યું. વિદ્યાસાગરના વચનોથી ઠાકુરદાસ બહુજ પ્રસન્ન થયા અને તેમણે તે કાર્યમાં સહાનુભૂતિ દર્શાવી. વળી તે ઉપરાંત છુટા પડતી વખતે કહ્યું કેઃ " ભાઈ, કાર્ય હાથપર લેતા પહેલાં તું એક વાર ફરીથી શાસ્ત્રના પ્રમાણોનું બહુજ સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરી જજે."

મહાશય વિદ્યાસાગર માતાપિતાની આજ્ઞાને પોતાના જીવન કરતાં વધારે મૂલ્યવાન ગણતા હતા. દેશના કલ્યાણને માટે સંતાનને પ્રાણથી પણ વધારે પ્રિય વસ્તુનો ભોગ આપવાનો ઉપદેશ આપવો એ જગતમાં એક વિચિત્ર વ્યાપાર છે. ધન્ય ભગવતીદેવી ! ધન્ય તમારી કર્ત્તવ્યબુદ્ધિ ! ધન્ય તમારી શિક્ષા ! બાળ વિધવાના દુઃખથી

વિદ્યાસાગરનું હૃદય બળતું હતું, તે બળતા હૃદયમાં માતાપિતાના આશીર્વાદ અને સહાનુભૂતિરૂપ આહુતિ પડવાથી તેમના હૃદયમાં બળતો અગ્નિ બમણો પ્રજ્વલિત થઇ ઉઠયો. કર્મવીર વિદ્યાસાગર કર્ત્તવ્યબુદ્ધિરૂપ યુદ્ધમાં સજ્જ થઇને અપ્રતિહત ગતિથી કર્મક્ષેત્રમાં આગળ આવ્યા. જગત તેમનાથી પ્રતિકૂળ હોવા છતાં પણ તેમના ઉગ્ર સંકલ્પનો ત્યાગ કરાવી શક્યું નહિ. આહા! કર્ત્તવ્યબુદ્ધિમાં કેવી પ્રબળ શક્તિ છે? જે કર્ત્તવ્યજ્ઞાનથી પ્રેરાઇને મહાજ્ઞાની સૉક્રેટીસે, પોતાના પ્રિય શિષ્યને કહ્યું છે કેઃ “ક્રિટો! હું દરેક માણસને પ્રાપ્ત થયેલા દઢ પ્રારબ્ધને ફેરવવાને ક્યાં જાઉં?” જે દિવ્ય બળથી પ્રેરાઈને ધર્મવીર ઇશુએ અસહ્ય ક્રૉસની યંત્રણા સહન કરી છે; મહાત્મા સેંટપાલે રોમનગરના કેદખાનામાં પોતાને સિંહના મ્હોમાં નાખતી વખતે પોતાના નિર્ભય હૃદયની પ્રતીતિ કરાવી છે; વીર હૃદયવાળો માર્ટિન લ્યૂથર પોપના ધર્મ મતની વિરૂદ્ધ ઉભો રહી શક્યો છે; ધર્મ વીર પાર્કરે માર્કિણ પ્રદેશમાં વિશુદ્ધ ધર્મમત ફેલાવવાની અને હબસીઓને દાસત્વની બેડીમાંથી મુક્ત કરવાની પ્રતિજ્ઞા લઇને મૃત્યુને પણ થોભાવી રાખ્યું છે; ચિર-સ્મરણીય ગેલિલિયો પોતાના ન્યાયાધીશો પાસે રક્તમાંસથી દુર્બળ થઇને પોતે શોધી કહાડેલા સત્યનો સ્વીકાર ન કરતાં, તેજ સ્થાને પૃથ્વીપર પગ પછાડીને એવા નિડર શબ્દો બોલ્યો છે કેઃ “તે અહિં-યાજ છે;” જે કર્ત્તવ્યબુદ્ધિથી પ્રેરાઇને ગુરૂ નાનક પંજાબમાં એકેશ્વર-વાદનો પ્રચાર કરવાને સમર્થ થયા છે; શ્રી ચૈતન્ય શાંતિપુરમાં માથાપર ઇંટોના વરસાદ વરસવા છતાં પણ હરિકીર્તન કરતા કરતા ચાલ્યા ગયા છે; રાજા રામમોહનરાય પોતાના જીવનની પણ દરકાર ન કરતાં અકું-ઠિત ચિત્તે પોતાના ઉદ્દેશ પંથમાં અગ્રેસર થયા હતા; તેજ કર્ત્તવ્ય જ્ઞાનથી પ્રેરાઇને કર્મવીર વિદ્યાસાગર પોતાનું કર્ત્તવ્ય કાર્ય સંપાદન કર-વામાં તન, મન અને ધન સર્વસ્વનો ત્યાગ કરે તેમાં શું નવાઇ?

વિધવા વિવાહના કામમાં તેમનો અસાધારણ પરિશ્રમ, આત્માર્પણ, અવિશ્રાંત પ્રયત્ન અને વિશાળ કરૂણ હૃદયને માટે તેમની કોણ પ્રશંસા નહિ કરે? વિધવા વિવાહને ઉત્તેજન આપવામાં અને ગરીબ નિરાધાર વિધવાઓનું પુનર્લગ્ન કરાવી આપવામાં તેમને એટલો બધો ખર્ચ થયો હતો કે તેમને માથે દેવું પણ થઈ ગયું હતું. જ્યારે આ વાત તેમના ભાઈબંધ દોસ્તદારોના જાણવામાં આવી ત્યારે પ્યારીચરણ સરકારની આગેવાની હેઠળ કેટલાક દેશવિખ્યાત માણસોએ, વિદ્યાસાગર મહાશયની અજાણમાં તેમનું દેવું આપવાને માટે એક ફંડ એકઠું કર્યું હતું; પરંતુ જ્યારે વિદ્યાસાગર મહાશયને પોતાને માટે એકઠા કરેલા ફંડની ખબર પડી ત્યારે તેમણે કહ્યું કે: "ના, ના, તેમ નહિજ બને, મ્હારૂં દેવું હુંજ આપીશ. મ્હારે માટે હું બીજા કોઈને પણ ખાડામાં ઉતારવા માંગતો નથી."

વિધવા વિવાહના કાર્યમાં વિદ્યાસાગર મહાશયને જે અસંખ્ય વિટંબનાઓ સહન કરવી પડી હતી તેની ગણના થઈ શકે એમ નથી, પરંતુ તેમણે સઘળી વિટંબનાઓ ધૈર્યથી સહન કરી હતી. વિરૂદ્ધ પક્ષના વિદ્વત્સમાજની અપ્રીતિનો ભાર વહન કરવો એ દૃઢ ચિત્તના માણસને માટે બહુ અઘરૂં નથી, કારણ કે તેમનો ક્રોધ કોઈ પણ દિવસ વિવેક અથવા તો વ્યવહારની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી. વળી તેવા મહાન પુરૂષો દેશ, કાળ અને પાત્રનો વિચાર કરતા હોવાથી બીજા ઉપર ક્રોધ કરતાં પણ બ્હીએ છે, અર્થાત્ તેઓ ક્રોધ કરતાજ નથી; પરંતુ વિરૂદ્ધ પક્ષ જે કાંઈ કહે તેનું ન્યાયપૂર્વક સમાધાન કરવાનો યત્ન કરે છે. કેટલીક વાર જ્યારે મહાન પુરૂષો આ પ્રમાણે ગાંભીર્ય જાળવી રાખે છે ત્યારે વિરૂદ્ધ પક્ષના પક્ષમાં લોકોનાં ટોળે ટોળાં આવીને મળે છે. મૂર્ખ અને નીચ માણસોનો ક્રોધાગ્નિ પ્રદિપ્ત થાય છે અને સમાજની દબાઈ ગયેલી અજ્ઞાનમય પશુવૃત્તિ

ઉત્તેજીત થઇને ભીષણ ગંભીર નાદ કરે છે. આવે પ્રસંગે શ્રેષ્ઠ પુરૂષમાં રહેલું કેવળ મહત્ ઔદાર્ય અને ધર્મપરાયણતાજ, તે સર્વને તુચ્છ માનીને તેમની તરફ અવ્યાકુળ ચિત્તે દૃષ્ટિપાત કરવાને તેમને સમર્થ કરે છે.

સપ્તદશ પરિચ્છેદ.

ક્ષમા અને સહનશીલતા.

ક્ષમા અને સહનશીલતા એ સાધુ જીવનનાં મુખ્ય લક્ષણો છે. એ બે સદ્ગુણોથી લોકોનું મન જેવું આકર્ષાય છે તેવું બીજા કશાથી આકર્ષાતું નથી. જો કોઇ આપણું કોઇ પણ પ્રકારે અનિષ્ટ કરવાના ઉપાયો લે અથવા આપણને નાના પ્રકારે દુઃખી કરવાનો પ્રયાસ કરે, ત્યારે જેઓ સહનશીલતાનો ત્યાગ કરીને એકદમ ક્રોધથી ઉશ્કેરાઈ જાય છે તેઓ આત્મસંયમ કરવાની શક્તિના અભાવે અતિશય નિંદિત થાય છે. આત્મસંયમ એજ મનુષ્યને મોટાઈ પ્રાપ્ત કરાવે છે. કોઈ આપણી નિંદા કરે તો તેની ઉપર આપણે ગુસ્સે થઇએ છીએ; કોઇએ આપણી ઉપર અત્યાચાર કર્યો હોય તો તેને દુઃખી થતો જોઇને આપણે ખુશી થઇએ છીએ; પરંતુ એ સકળ વ્યાપાર આપણી હલકાઈ પ્રદર્શિત કરે છે. સામાન્ય પવનના ઝપાટાથી કેવળ તૃણ જેવા હલકા પદાર્થોજ ઉડી જાય છે. મોટા મોટા પર્વતો અને કિલ્લાઓ, તો ભયંકર તોફાનમાં પણ પોતાના પૂર્વસ્થાનથી એક તસુ પણ ચલિત થતા નથી; એવી રીતે સામાન્ય કારણોથી લઘુ હૃદયજ ચલાયમાન અને અસહનશીલ બની જાય છે, મહત્ હૃદય ક્રોધ અને વૈરની

વાસનાઓથી ચંચળ અથવા તો વિકૃત થતું નથી.

દરેક માણસે ક્ષમાશીળ અને સહનશીળ થવું જોઇએ. ક્ષમાથી એક તરફ જેમ હૃદયની ઉદારતા પ્રકાશિત થાય છે, તેવીજ રીતે બીજી તરફ દયા અને લોક—પ્રીતિ પ્રદર્શિત થાય છે. આપણે જો આપણા શત્રુઓ તરફ ક્ષમા અને સહનશીલતા બતાવતા રહીએ તો કોઇને કોઇ દિવસ પણ તેમનું હૃદય પ્રીતિથી ભીંજાવાનુંજ, એમ નક્કી સમજવું. શત્રુને જીતી લેવાનો અને મિત્ર બનાવી લેવાનો આવો સહેલો અને સુંદર માર્ગ બીજો કોઈ પણ જણાતો નથી.

ગામના જે લોકો વિધવા વિવાહની વિરૂદ્ધ હતા તેઓ લાગ ફાવે ત્યારે ઠાકુરદાસને પજવવામાં લેશ માત્ર પણ બાકી રાખતા નહિ. તેઓ ઠાકુરદાસ અને ભગવતીદેવીને અનેક પ્રકારે હેરાન કરતા હતા; પરંતુ ઠાકુરદાસ અને દેવી બન્ને તે બધું સહન કરતાં હતાં. જેમ જેમ ઠાકુરદાસ અને ભગવતીદેવી આમ શાંત ભાવ ધારણ કરતાં હતાં, તેમ તેમ પ્રતિપક્ષીઓનું જોર વધતું હતું અને તેઓ ભારે ઉધમાત કરી મૂકતા હતા. એક દિવસ પરોઢિયે ઉઠીને ઠાકુરદાસ અને દેવીએ જોયું તો રાત્રિના વિરૂદ્ધ પક્ષના માણસોએ તેમના ઘર આગળ બાવળીયા અને થોરીયા વગેરે કાંટાનાં ઝાડોનો મોટો ઢગલો કરીને ઠાકુરદાસના ઘરનું દ્વાર પુરી દીધું હતું. દેવી તેમ ઠાકુરદાસ, ગામના લોકોનો આ અત્યાચાર જોઇને બીલકુલ બોલ્યાં નહિ અને વગર બોલે પોતાને જોઇએ તેટલો માર્ગ સાફ કરી લઇને પોતાનો વ્યવહાર ચાલુ કર્યો. વળી એક દિવસ સવારે ઉઠીને જોયું તો કેટલાંક મરેલાં પશુપક્ષીઓનાં મુરદાં તેમના બારણા વચ્ચે નાખ્યાં હતાં. આ વખતે પણ ઠાકુરદાસે કાંઈ ન બોલતાં તેમને કઢાવી નાંખી, જાણે તે વાત બનીજ નથી એમ વિસારે પાડી દીધી. ઠાકુરદાસે આ અરસામાં એક ઘર બાંધવા માંડયું હતું. એક દિવસ લાગ સાધીને

શત્રુઓ તે નવા બંધાતા ઘરનો સઘળો કાટ તથા અન્ય સરસામાન લઈ ગયા. એ પ્રમાણે ગામલોકોએ ભગવતીદેવી અને ઠાકુરદાસને અતિશય દુઃખ દેવા માંડયું. ઠાકુરદાસ અને ભગવતીદેવી એક અક્ષર પણ ન બોલતાં તે બધું સહન કરતાં હતાં, પરંતુ મૂર્ખ લોકો આથી કાંઇ નરમ પડયા નહિ. તેઓનો અત્યાચાર દિવસે દિવસે વધતો ગયો અને વખતના પ્રવાહની સાથે તેઓ વધારે વધારે ઉશ્કેરાવા લાગ્યા તથા તેમનો અત્યાચાર અસહ્ય થઇ પડયો. આ વાત વિદ્યાસાગર મહાશયના સસરા ક્ષીરપાઈ નિવાસી શત્રુઘ્ન ભટ્ટાચાર્યના જાણવામાં આવી, તેથી તેઓ એકદમ વીરસિંહપુર આવવાને નીકળી પડયા. શત્રુઘ્ન મહાશય અતિશય તેજસ્વી, ક્રોધી અને બળવાન હતા. તે વખતે તેમના પોતાના ગામમાં તેમજ આસપાસનાં ગામોમાં એમના જેવો બીજો કોઇ પણ બળવાન માણસ નહોતો. વળી તેમણે પોતાના સહૃદયતા અને ઉદારતાના ગુણથી સઘળાની ભક્તિ અને પ્રીતિ પણ સંપાદન કરી હતી. બંગાળામાં તે સમયે ચોર અને ધાડપાડુઓનું જોર વિશેષ હતું, પરંતુ તેઓ પણ ભટ્ટાચાર્ય મહાશયનું નામ સાંભળીને થરથર ધ્રૂજતા હતા અને ભટ્ટાચાર્યથી નાસતા ફરતા હતા. એ વખતે બંગાળામાં એક બળવાન લૂંટારાએ એક મોટું ટોળું એકઠું કર્યું હતું અને તેનો અત્યાચાર તથા ત્રાસ એટલો બધો વધી ગયો હતો કે લોકો રાત્રિના પણ જંપીને નિદ્રા લઈ શકતા નહિ અને ભયમાં ને ભયમાંજ પોતાના દિવસો નિર્ગમન કરતા હતા. તેમના જાન-માલની સલામતિ નહોતી, તેથી તેઓ હમ્મેશાં સાવચેત રહેતા હતા. એક વખતે ધાડપાડુઓએ ભટ્ટાચાર્ય મહાશયના ગામમાંજ ધાડ પાડી અને તે વખતે તેઓ ભટ્ટાચાર્યના હાથમાં સપડાઇ ગયા. આ વખતે ભટ્ટાચાર્ય મહાશયે તેમને એવી તો શિક્ષા કરી કે ત્યારપછી તેઓ ક્ષીરપાઇ અને તેની આસપાસનાં ગામડાંઓ લૂંટવાનુંજ ભૂલી ગયા.

શત્રુઘ્ન ભટ્ટાચાર્ય મહાશયમાં આવું અતુલ્ય બળ હોવાથી લોકોમાં તેમનો કરબ પડી ગયો હતો અને લોકો તેમને "કલિયુગનો ભીમ" કહેતા હતા.

ભટ્ટાચાર્ય મહાશયે વીરસિંહપુર આવીને બીજેજ દિવસે ઠાકુરદાસના સઘળા પ્રતિપક્ષીઓને બોલાવીને કહ્યું કેઃ "જુઓ, અમારા વેવાઈ ઠાકુરદાસ અતિશય શાંત પ્રકૃતિના અને સદ્‌ગુણી છે. એમણે તમારૂં કાંઇ પણ બગાડયું નથી. તેઓ હમ્મેશાં તમારૂં કલ્યાણ કરવામાંજ પોતાને કૃતાર્થ માને છે. આવા હિતેચ્છુ અને શાંત ગ્રામવાસી ઉપર અત્યાચાર કરવો એ લોકરીતથી તેમ આપણા આર્યધર્મથી પણ વિરૂદ્ધ અને બહુજ નિંદિત છે. હવે હું તમને ચેતવણી આપું છું કે, હવે પછી તમારામાંથી કોઇએ પણ એમના ઉપર કોઈ પણ પ્રકારનો અત્યાચાર કરવો નહિ અને કરશો તો જોયા જેવું થશે એ નક્કી સમજજો. જ્યાં સુધી એમનું ઘર બંધાઈ રહેશે ત્યાં સુધી હું અહિંયાં જ રહેવાનો છું. મ્હારા બળ-પરાક્રમની વાત કોઇનાથી પણ અજાણી નથી. ઘર પુરૂં થયેજ હું પાછો જઇશ અને ત્યાર પછી પણ 'તમે એમની ઉપર અત્યાચાર કર્યો છે' એમ સાંભળીશ તો હું તમને એવી શિક્ષા કરીશ કે તમારે સર્વને તમારા ગામમાં રહેવું પણ ભારી પડી જશે અને ઘરબાર છોડી નાસી જવું પડશે." આ પ્રમાણે ભટ્ટાચાર્ય મહાશયની તેજ અને સહૃદયતા ભરેલી વાણી સાંભળીને પ્રતિપક્ષીઓ નરમ થઈ ગયા અને ભટ્ટાચાર્ય મહાશયના ભયથી ઠાકુરદાસ ઉપર અત્યાચાર કરતા બંધ થઈ ગયા.

તે વખતે ઇશ્વરચંદ્ર ઘોષાળ કરીને જાહાનાબાદ જીલ્લાના ડેપ્યુટી મૅજીસ્ટ્રેટ હતા. વિદ્યાસાગર મહાશયે એક વખતે પ્રસંગાનુસાર પોતાના પિતાજીને ગામ લોકો તરફથી થતા અત્યાચારો વિષે લખી જણાવ્યું હતું. ઘોષાળ મહાશય ગામડાંઓમાં ફરતા ફરતા એક

વખત વીરસિંહપુર આવી પહોંચ્યા. ઠાકુરદાસે તેમનો સારી રીતે આદરસત્કાર કર્યો અને તેમને પોતાને ઘેર જમવા તેડીને તેમની સારી પરિચર્યા કરી. તેઓ જાણતા હતા કે ઘોષાળ મહાશયને એક શબ્દ કહેવાથી પોતાની ગામ લોક તરફની પીડા મટી જાય એમ હતું, છતાં ઠાકુરદાસ પોતાના દુઃખનો એક પણ શબ્દ બોલ્યા નહિ. ઘોષાળ મહાશય સઘળું જાણતા હતા અને ઠાકુરદાસ તેમને એ વિષે કાંઇક કહેશે એમ ધારીનેજ છાનામાના બેસી રહ્યા હતા, પરંતુ જ્યારે ઠાકુ-રદાસે તેમને કાંઇ પણ કહ્યું નહિ ત્યારે તેઓજ પોતાની મેળે બોલ્યા કેઃ “ ઠાકુરદાસ ! હું અહિંયા શા માટે આવ્યો છું તે તમે જાણો છો ? ” ઠાકુરદાસે કહ્યુંઃ “ ના સાહેબ ! હું કાંઇ પણ જાણતો નથી. ” ત્યારે ઘોષાળ મહાશયે કહ્યું કેઃ “ મને વિદ્યાસાગર મહાશય તરફથી એવી ખબર મળી છે કે આ ગામના વિધવા વિવાહના વિરોધીઓ તમારી ઉપર બહુજ અત્યાચાર કરે છે, માટે આપ તે સઘળાનાં નામ લખાવો. હું તે દુષ્ટોને સિદ્ધાદોર બનાવી દઇશ.” એ સાંભળીને ઠાકુ-રદાસ વિષાદયુક્ત વદને બોલ્યાઃ “ સાહેબ ! ઈશ્વર તો નાદાન છે. એ બહારગામ રહે છે, એટલે એને અહિંની ખબર ક્યાંથી ? એણે વળી કોઇને મ્હોડેથી સાંભળ્યું હશે તેથી આપને લખી જણાવ્યું હશે, પરંતુ આ ગામમાં અમારે કોઇની પણ સાથે વિરોધ નથી. માટે ઈશ્વ-રની સાંભળેલી વાત ઉપરથી ગામના શાંત મનુષ્યોને શિક્ષા કરવી એ આપના જેવા ન્યાયી અને બુદ્ધિમાન પુરૂષને યોગ્ય નથી.” ઠાકુરદાસનું કથન સાંભળીને ઘોષાળ મહાશય જરા મ્હોં મલકાવીને બોલ્યા કેઃ “ ઠાકુરદાસ ! હું બધું જાણું છું. આપના જેવા મહાન દયાળુ પિતાના ઔરસથી પેદા થયેલા હોવાથીજ વિદ્યાસાગર મહાશય દયાના સાગર થવાને ભાગ્યશાળી થયા છે, પરંતુ તમે જે કાંઇ કહો છો તેની સત્યતાની જ્યાં સુધી મ્હારી ખાત્રી નહિ થાય ત્યાં સુધી હું તેમને જવા દઇશ નહિ.”

ત્યાર પછી ઠાકુરદાસ એકદમ ઘરમાં ગયા અને ભગવતીદેવીને કહ્યું કેઃ "મનસા! ગામલોકો આપણી ઉપર જે અત્યાચાર કરે છે તેની હાકેમ સાહેબને ખબર પડી છે." આ સાંભળીને ભગવતીદેવીએ સજળ નેત્રે કહ્યુંઃ "ત્યારે તો એ બિચારાઓના ભોગજ મળ્યા. આહા! હવે એમનું શું થશે? હવે ગામલોકોની રક્ષા કરવાનો શું ઉપાય? હાય! જ્યારે હાકેમ સાહેબને તેમના અત્યાચારની ખબર પડી છે ત્યારે તો તેઓ હવે બચવાનાજ નહિ. **તેઓ તો વગર વિચારે આપણી ઉપર ગમે તેટલો અત્યાચાર કરે પરંતુ આપણાથી તેમને દુઃખી થતા કેમ જોવાય?** તમે હાકેમને શું કહ્યું?" તેના ઉત્તરમાં ઠાકુરદાસ બોલ્યાઃ "મનસા! મ્હેં હાકેમ સાહેબને કહ્યું છે કે મ્હારે તો બધા ગામવાળા સાથે બનાવ છે, પરંતુ હાકેમ સાહેબે તે માન્યું નહિ. તેઓ તો જ્યાં સુધી તેમની ખાત્રી થાય નહિ ત્યાં સુધી આપણી ઉપર ભરોંસો રાખી તેમને છોડી દેવા ના પાડે છે. માટે હવે જો તું એ લોકોને મળી બધું સમજાવે અને એ લોકો સાંજના આપણે ઘેર આવીને હાકેમ સાહેબને મળે ત્યારેજ કાંઇ બચે, માટે તું તેવું થાય એવો બંદોબસ્ત કર."

ભગવતીદેવી આ વાત સાંભળીને તરતજ ઉઠયાં અને વિરોધીઓને ઘેરે ઘેર જઇને કહી આવ્યાં કેઃ "જુઓ ભાઈ! હાકેમ સાહેબ, તમારા બધાના અત્યાચારની વાત સાંભળીને તેની તપાસ કરવાને આવ્યા છે. અમારી પાસે તમારા બધાનાં નામ માગ્યાં હતાં પણ અમે તે આપ્યાં નથી. અમે કહ્યું છે કેઃ 'ગામના બધા લોક સાથે અમારે બનાવ છે,' માટે તમે બધા આજે સાંજના મ્હારે ઘેર આવીને હાકેમ સાહેબને મળી જજો એટલે સઘળો ઘોટાળો નીકળી જશે. વળી આજે તમને બધાને જમવાનું નોતરૂં છે. રાત્રિના બધા મ્હારે ઘેરજ જમજો." આ ઉપરથી ગામના લોકો ભગવતીદેવીના ઉપદેશ

પ્રમાણે વર્તીને ઘોષાળ મહાશયના હાથમાંથી બચી ગયા. ઇતિહાસોનાં પૃષ્ઠોમાંથી આવાં દૃષ્ટાંતો ક્વચિતજ મળી આવે છે.

ખરી રીતે વિધવા વિવાહના સંબંધમાં, વિરોધીઓએ ઠાકુરદાસ ઉપર એટલો બધો અમાનુષિક અત્યાચાર કર્યો હતો કે તેનાથી પર્વત પણ ડગી જાય અને હિમશિળાઓ પણ અગ્નિમય થઈ જાય; પરંતુ ઠાકુરદાસે અને ભગવતીદેવીએ એ સકળ અત્યાચારો જેવી રીતે સહન કર્યા છે અને અત્યાચારીઓ તરફ શક્તિ હોવા છતાં પણ જે અપરિસીમ દયા બતાવી છે, તેનું નિરીક્ષણ કરતાં એમજ થાય છે કે સાક્ષાત ઇશ્વિરી દયાએજ ઠાકુરદાસ અને ભગવતીદેવીરૂપ યુગલમૂર્ત્તિ ધારણ કરીને વીરસિંહપુરમાં નિવાસ કર્યો હતો.

अष्टादश परिच्छेद.

જીવસેવા અને વિશ્વપ્રેમ.

પ્રેમ એ આ દુનિયામાં એક મહાન વસ્તુ છે અને ઇશ્વિરની દૈવી બક્ષીસ છે. દરેક મનુષ્યના હૃદયમાં એક સરખો પ્રેમ નિવાસ કરતો નથી. પ્રેમનો સંચાર થતાંજ મનોભાવ પ્રશસ્ત થાય છે, અશાંત હૃદય મૃદુ ભાવ ધારણ કરે છે અને દુર્બળ તથા બાયલાઓ પણ સાહસિક થાય છે. ઘણાજ હલકા હૃદયમાં પણ શૌર્યાદિ ગુણોનો એટલો બધો સમાવેશ થયેલો માલૂમ પડે છે કે, તેઓ સ્નેહીનું હિત અને સુખ સંપાદન કરવાની ઇચ્છાથી સમસ્ત જગતને તુચ્છ માનીને, સાહસ કરતાં જરાએ બીતા નથી. પ્રેમના પ્રભાવથી મનુષ્ય

જાય છે અને નવું જીવન પ્રાપ્ત કરે છે. તેની ઇંદ્રિયોમાં નૂતન શક્તિનો વિકાસ થાય છે. હૃદયમાં નવીન વાસના પ્રબળ વેગથી ઉત્પન્ન થાય છે અને ધર્મનો પવિત્ર ભાવ હૃદયમાં પ્રવેશ કરે છે. આ સ્થિતિમાં તે કોઈ પણ પરિવારમાં અથવા સમાજમાં બંધાઇ રહેતો નથી. તે પોતાની મેળે સ્વતંત્રપણેજ વહે છે અને પૃથ્વીના જીવોનું કલ્યાણ કરવામાં આત્મભોગ આપે છે. આનુંજ નામ "વિશ્વપ્રેમ" છે અને જીવ–સમુહનું કલ્યાણ કરવામાં નિરત થવું એજ સેવાધર્મ છે.

ઉપનિષદ્કારે કહ્યું છે કેઃ—

"एतत्त्रयं शिक्षेत दमं दानं दयामिति ॥"

અર્થાત્ મનુષ્ય માત્રને દમ, દાન અને દયા એ ત્રણ સદ્ગુણો સંપૂર્ણ રીતે સંપાદન કરવાને શિક્ષા આપવી જોઇએ. શ્રી ચૈતન્યદેવે સનાતન પ્રભુને શિક્ષા આપતાં કહ્યું છે કેઃ–

"જીવે દયા, નામે રૂચિ, સાધુર સેવન;
એઈ તિન ધર્મ ભિન્ન નાહિ સનાતન."

શ્રી ચૈતન્ય પ્રભુની શિક્ષા ઉપનિષદ્કારને અનુસરીનેજ છે. ટુંકામાં સકળ જીવ ઉપર દયા, પ્રભુનું નામ સ્મરણ કરવામાં રૂચિ અને સાધુસેવા એ ત્રણ ધર્મનાં મુખ્ય લક્ષણો છે તથા એજ વિશ્વપ્રેમ સંપાદન કરવાના કારણભૂત છે.

આ સંસારમાં દરેક મનુષ્યને પોતાના આત્મા જેટલી પ્રિય બીજી કોઈ વસ્તુ હોતી નથી. સ્ત્રી, પુત્ર, ધન, બંધુ વગેરે સર્વ આત્માની પ્રીતિને માટેજ છે. માટે **"आत्मवत् सर्व भूतेषु"** એવું જ્ઞાન જ્યારે માણસને પ્રાપ્ત થાય છે ત્યારે તે સર્વે જીવોનાં કલ્યાણનેજ પોતાનું કલ્યાણ માને છે અને બીજા જીવોને સુખી કરીનેજ પોતે સુખી થાય છે. આ અવસ્થામાં મનુષ્ય–હૃદયમાં સેવાધર્મ જાગૃત થઈ આવે છે. વાચકને આગળના પરિચ્છેદોમાં ભગવતીદેવીના સેવાધર્મ

અને વિશ્વપ્રેમનો આભાસ દૃષ્ટિગોચર થયોજ હશે, પરંતુ તે ઉપરાંત આ સ્થળે બીજાં કેટલાંક દૃષ્ટાંતોનો ઉલ્લેખ કરવો ઉચિત થઈ પડશે.

વિદ્યાસાગર મહાશયને નારાયણચંદ્ર નામનો એક પુત્રરત્ન પ્રાપ્ત થયો હતો. તે વિદ્યાસાગરની જોડે કલકત્તેજ રહેતો હતો. કેટલીક વખત તે વીરસિંહપુર પણ આવતો હતો. બનતાં સુધી તો ગ્રીષ્મ ઋતુમાં ત્યાં આવતો હતો અને ગ્રીષ્મના અવસાન કાળમાં પાછો કલકત્તે જતો હતો. તે કદિ પણ એકલો કલકત્તે જતો નહિ. તે સાથે કાસદ અથવા રક્ષકને લઇ જતો હતો. કોઇ કોઇ વખત પિતામહ ઠાકુરદાસ પણ તેની સાથે જતા હતા તો કોઇક વખત ભગવતીદેવી પણ તેની સાથે કલકત્તે જતાં હતાં. એક વખતે તે ભગવતીદેવી સાથે કલકત્તે આવ્યો, તે વખતે વીરસિંહપુરથી કલકત્તે આવવાનો રસ્તો સારો નહોતો. પિતામહી સાથે આવતી વખતે રસ્તામાં એક ગામ પાસે થઇને જતાં પાસેના ઘરમાંથી કેટલાક માણસો રડતાં હોય એવો અવાજ તેમના સાંભળવામાં આવ્યો. રડવાનો અવાજ સાંભળીને દયા અને કરૂણાની મૂર્ત્તિ ભગવતીદેવીએ નારાયણચંદ્રને કહ્યું: "બેટા, આ ઘરમાં કોઈ રડે છે. જરા અહિં ઉભો રહે. હું જોઇને તરતજ પાછી આવું છું." એમ કહીને ભગવતીદેવી બાળક નારાયણચંદ્રને ત્યાં આગળ સાવધાનતાથી ઉભા રહેવાનું કહીને પાસેના ઘરમાં ગયાં. બાળક નારાયણચંદ્ર થોડી વાર સુધી રસ્તામાં ભગવતીદેવીની રાહ જોતો બેઠો, પરંતુ દેવીને બહુજ વિલંબ થયો; તેથી તે અધીરો થઇ ગયો અને વિલંબ થવાનું કારણ જાણવાને તે પણ ઘરમાં ગયો. ઘરમાં પ્રવેશ કરતાંજ તેણે જોયું કે ભગવતીદેવી પણ તે અજાણ્યાં મનુષ્યોની સાથે રડયા કરે છે. નારાયણચંદ્ર દેવીને બોલાવવા આવ્યો છે. તે પણ પોતે તે ઘરમાં શા માટે આવ્યો છે તે ભૂલી ગયો અને ભગવતીદેવીની પાસે બેસીને તેણે પણ રડવા માંડયું. ધન્ય વિશ્વપ્રેમ! તુંજ

મનુષ્યને આત્મ–ભાન ભૂલાવીને બીજાની સેવા કરવામાં નિયોજીત કરી શકે છે ! તુંજ મનુષ્યને, મનુષ્ય બનાવીને તેને પોતાના ભાઇઓ બ્હેનોના દુઃખે દુઃખી અને સુખે સુખી થતાં શીખવે છે ! વિશ્વપ્રેમ ! ત્હારો પ્રભાવ બહુજ મોટો છે !

આવી પ્રકારના અસીમ વિશ્વપ્રેમ અને સેવાગુણથી ભગવતીદેવીએ વીરસિંહપુર અને તેની આસપાસના ગામડાંના મનુષ્યોને મુગ્ધ કરી નાખ્યાં હતાં. તે બીજાના દુઃખને પોતાનું દુઃખ ગણી લેતાં હતાં. કોઇના આપત્તિમાં આવી પડયાના સમાચાર સાંભળતાંજ તેઓ તેની પાસે જતાં અને તેમાંથી તેનો ઉદ્ધાર કરવાને બનતો પ્રયત્ન કરતાં હતાં. માંદા માણસની પાસે બેસીને તેઓ માતાની પેઠે તેની માવજત કરતાં હતાં. રોગીના મળ મૂત્રને ચંદન જેવું માનતાં હતાં અને તેને સ્વહસ્તે કાઢી નાખવામાં બીલકુલ સુગ ચઢાવતાં નહિ, તેમજ તેમ કરતાં તેઓ કદિ પણ કંટાળતાં નહિ. રોગીની માવજત કરવામાં તેઓ પારકું પોતાનું ગણતાં નહિ, તેમ ન્યાત જાત અને ધર્મનો પણ વિચાર કરતાં નહિ. કોઇના માંદા પડયાના સમાચાર મળે એટલે તરતજ તેઓ તેની પાસે જઇ પહોંચતાં હતાં અને તેવા માણસોમાંથી કોઇને રાંધી ખવાડતાં હતાં, તો કોઇને દવા તૈયાર કરી આપતાં હતાં. આ પ્રમાણે ભગવતીદેવી માંદા માણસની પાસે માતૃમૂર્ત્તિરૂપે બિરાજીને તેમને વારંવાર આશ્વાસન અને ધૈર્ય આપતાં હતાં. 'કોઈ બાળિકાનો પતિ અથવા તો પુત્ર મરી ગયાના અશુભ સમાચાર સાંભળતાંજ તેઓ તે શોકાતુર પરિવારમાં જઇને જાણે તેમને પોતાને માથેજ કાંઈ દુઃખ આવી પડ્યું હોય તેમ ઉચ્ચસ્વરે વિલાપ કરતાં હતાં. કોઈ કોઈ વખત તેઓ શોકથી એટલાં બધાં આકુળ વ્યાકુળ અને અધીરાં થઈ જતાં કે, તે વખતે તેઓ ધૂળમાં પણ આળોટી પડતાં હતાં, માથું પછાડી નાખતાં હતાં અને વાળ પીખી નાંખતાં

હતાં. એક વખતે દેવીના એક પાડોશીનો એકનો એક પુત્ર માંદો પડયો. ભગવતીદેવી તે બાળકની પોતાના માતા-પિતાની પેઠે, આહાર નિદ્રાનો ત્યાગ કરી માવજત કરવા લાગ્યાં. એ વખતે એક પછી એક એમ દશ બાર રાત્રિ સુધી ઉજાગરો થવા છતાં પણ તેઓ જરા પણ કંટાળ્યાં નહિ. બાળકને મૂકીને તેઓ જરા પણ આઘાં ખસતાં નહિ. આખરે અનહદ માવજત કરવા છતાં પણ બાળક બચ્યો નહિ અને ભગવતીદેવીના ખોળામાંજ એનું મૃત્યુ થયું. તે વખતે પુત્રના મરણથી શોકાતુર થયેલી માતાની પેઠે તે મૃત-દેહને ખોળામાં લઇને ઉન્મત્તની પેઠે દેવીએ એવો તો કરૂણાજનક વિલાપ કર્યો હતો કે પાષાણુ જેવા કઠિન હૃદયના મનુષ્યની આંખમાં પણ આંસુ આવ્યા વિના રહે નહિ. જેવી રીતે પુત્રના મરણુ પછી વિલાપ કરતી માતાના ખોળામાંથી પુત્રના મૃત-દેહને લેવો કઠિન પડે છે તેવીજ રીતે ભગવતીદેવીના ખોળામાંથી તે બાળકને લેવાનું બહુજ કઠિન થઇ પડયું હતું. આવું કોમળ હૃદય આવી લોકલાગણી ખરેખર જગતમાં મળી આવવી બહુજ દુર્લભ છે. ભગવતીદેવી જીવસેવાને શિવસેવા માનતાં હતાં. લોકસેવાથી તેમને ભગવતસેવા જેટલો હર્ષ થતો હતો. ધન્ય ભગવતીદેવી ! તમારી સઘળી લીલા વિચિત્ર છે !

રસ્તામાં કોઇ પશુ પક્ષીનો મૃત-દેહ જોતાંજ તેમનાં નેત્ર આંસુની ધારાઓથી પલળી જતાં હતાં. ઘરનું કોઇ પણ પશુ પક્ષી દુઃખી થઇ પડેલું જોઇને તેની માવજત કરવામાં રોકાતાં હતાં અને જો એમ કરતાં કોઇનો વાળ વાંકો થતો તો તેઓ બહુજ શોક કરતાં હતાં. જ્યારે છેલ્લી વખત તેઓ કાશી ગયાં ત્યારે 'એક એંસી વર્ષની ડોસી માંદી પડેલી છે અને તેની માવજત કરવાને તેની પાસે કોઇ નથી' એવી ખબર મળતાંજ ભગવતીદેવી તે વૃદ્ધ નિરાધાર ડોસીની સેવા ચાકરી કરવાને તેની પાસે જઇ પહોંચ્યાં તથા ડોસી જ્યાં

સુધી બરોબર સ્વસ્થ થયાં ત્યાં સુધી તેમની પાસે રહીને તેમની સારી રીતે સેવા ચાકરી કરી. દેવી તે વૃદ્ધ ડોસીનું મળમૂત્ર પણ પોતાને હાથેજ કાઢી નાખતાં હતાં; તેથી ડોસી મનમાં ને મનમાં બહુજ શરમાતી હતી અને આવી ભલી સ્ત્રીને આવું હલકું કામ કરવા દેવું પડે એ ઠીક નહિ, એમ વિચારીને બહુજ દુઃખી થતી હતી. ડોસીના મુખ ઉપરથી ભગવતીદેવી તેનો આ મનોભાવ જાણી ગયાં; તેથી તેમણે ડોસીને કહ્યું કેઃ "મા, આપ શામાટે શરમાઓ છો? તમે માંદાં છો, તો તમારી બરદાસ કરવી એ મ્હારી ફરજ છે. તમારા જેવાં **વૃદ્ધની સેવાપૂજામાં અને સાક્ષાત્ અન્નપૂર્ણાની સેવામાં શું ફેર છે?** હું આપનું મળમૂત્ર કાઢું છું, તે આપને ઠીક લાગતું નહિ હોય પણ **એ મળમૂત્ર નથી, એ તો ચંદન છે.** મ્હારા મનમાં એ કામ કરતાં લેશ માત્ર પણ ઘૃણા થતી નથી." ભગવતીદેવીનું આ કથન સાંભળીને ડોસીએ તેમને પોતાના અંતઃકરણનો ઉંડો આશીર્વાદ આપ્યો. ધીમે ધીમે ડોસી સ્વસ્થ થઇ. ભગવતીદેવીએ વિદ્યાસાગરને કહીને તેને અને તેના જેવી બીજી બે ચાર નિરાધાર વૃદ્ધ સ્ત્રીઓને કાંઇક માસિક મદદ મળે એવો બંદોબસ્ત કરાવી આપ્યો.

વહુ અને કન્યાઓ યોગ્ય ઉમ્મરે પહોંચ્યા પછી ભગવતીદેવી ઘરનું બધું કામકાજ તેમને સોંપી દઇને પોતાનો સઘળો વખત લોકસેવામાં વ્યતીત કરવા લાગ્યાં. તેઓ દિવસે સંધ્યાવંદનાદિથી પરવારી જમીને, દરરોજ વીરસિંહપુર અને તેની આસપાસનાં ગામડાંઓમાં ઘેરે ઘેર ભ્રમણ કરતાં હતાં. કોઇનું પણ મુખ દીલગીર જોઇને તેમનું હૃદય વિદીર્ણ થઈ જતું હતું અને તેમની આંખોમાંથી આંસુની ધારાઓ નીકળી પડતી હતી. તેઓ તેજ વખતે તેને પૂછતાં કેઃ ભાઇ, ત્હારૂં મ્હોં કેમ ઉતરી ગયું છે? ત્હારી પાસે ખાવાનું નથી?

કે શું તને પૈસા સંબંધી દુઃખ આવી પડયું છે?" એ પ્રમાણે તેઓ પૂછી પૂછીને તેના દુઃખનું કારણ જાણી લેતાં હતાં અને તે દૂર કરવાનો પ્રયત્ન કરતાં હતાં. આજ તેમનું નિત્ય નૈમિત્તિક કાર્ય હતું.

ભગવતીદેવી જ્યારે છેલ્લી વખત કાશી યાત્રા કરવાને ગયાં, ત્યારે વિદ્યાસાગર મહાશયે તેઓ કાશીમાં એકાદ મહિનો સુખશાંતિથી રહી શકે એવી ગોઠવણ કરી આપી હતી. જ્યારે તેઓ વીરસિંહપુરથી કાશી જવાને નીકળ્યાં અને ગામ લોકોને ખબર પડી કે દેવી ત્યાં આગળ એકાદ મહિનો રહેવાનાં છે ત્યારે તેઓ બધાં શોકસાગરમાં ડૂબી ગયાં. ભગવતીદેવી નિરાધારનાં આધાર અને ગરીબનાં બેલી હતાં, તેથી તે લોકો બહુજ શોકાતુર થઇ ગયાં. દેવીએ ગરીબ લોકોને એક માસથી પણ વધારે ખોરાક મળે એવી વ્યવસ્થા કરી દીધી હતી તે છતાં જ્યારે તેઓ કાશી જવાને નીકળ્યાં; ત્યારે આબાલવૃદ્ધ, સઘળી વનિતાઓ, અનેક ગૃહસ્થોની કુળવધૂઓ પણ વ્યાકુળ ચિત્તે રડતી રડતી વીરસિંહપુરના સીમાડા સુધી તેમને વળાવવા ગઇ હતી. આગળ દેવી અને પાછળ વીરસિંહપુરની વનિતાઓનું વૃંદ એ દૃશ્ય, જેઓએ નજરેનજર જોયું છે તેઓની ખાત્રીજ થઇ છે કે **વિશ્વપ્રેમનો બદલો આ વિશ્વમાં પણ રહેલો છે. જે જગતને માટે રડે છે તેને માટે જગત પણ અવશ્યમેવ રડે છે.**

ખરેખર ભગવતી માતા આનંદમયી રૂપે વીરસિંહપુરમાં વિરાજી રહ્યાં હતાં. શોકની છાયા વિશ્વમાંથી લુપ્ત થાય અને અખિલ વિશ્વ આનંદસાગરમાં ડૂબકાં ખાય, એ આકાંક્ષા વિશ્વમાતાના હૃદયમાંજ સંભવે છે. ભગવતીદેવી! તમને, તમારા વિશ્વપ્રેમને અને તમારી જીવસેવા અને લોકપ્રીતિને ધન્યવાદ છે!

उनविंश परिच्छेद.

ચારિત્ર મહાત્મ્ય.

ચારિત્ર (સદ્વર્તન) એ માનવ–જીવનના મુકુટ સ્વરૂપ છે. વિદ્યાબળ અને ધનબળથી પણ ચારિત્રબળ વધારે શ્રેષ્ઠ છે. ચારિત્રવાન વ્યક્તિનો નીચ કુળમાં જન્મ થયો હોય તોપણ તે ઉચ્ચ કુળની મર્યાદા પ્રાપ્ત કરી શકે છે. તે ગરીબ હોય તોપણ તેના નશીબમાં લોકપ્રીતિની અપૂર્વ સંપત્તિ લખાયલીજ હોય છે. **ધન અને માન કરતાં ચારિત્રની મહત્તા ઘણીજ** વધારે છે.

માણસની પ્રવૃત્તિ, સંસર્ગ અને વ્યવહાર વગેરેનું નિરીક્ષણ કરીને તેના ચારિત્રનો નિર્ણય થાય છે. અમુક માણસનું ચારિત્ર કેવું છે તે જાણવાને તેનાં કાર્યોનું બારીકાઈથી અવલોકન કરવાની જરૂર છે. જનસમાજની ઉન્નતિ કરવાના જે ઉપાયો છે અને હોઈ શકે, તેમાં ચારિત્રબળ મુખ્ય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે જ્ઞાન એજ બળ છે અને એ વાત પણ સત્ય છે; પરંતુ જ્ઞાનબળ કરતાં ચારિત્રબળ પણ કોઈ રીતે ઉતરે એમ નથી. જેમનામાં હૃદય હોય પણ પ્રેમ ન હોય, પ્રતિભા હોય પણ સરલતા ન હોય; કાર્ય–દક્ષતા હોય પણ સાધુતા ન હોય અને જ્ઞાન હોય છતાં પણ તે પ્રમાણે વર્તન ન હોય તો તેમનાં તેવાં હૃદય, પ્રતિભા, કાર્યદક્ષતા અને જ્ઞાનથી જનસમાજનું શું કલ્યાણ થઈ શકે એમ છે? જેને ચિત્તમાં સરલતા, ધર્મમાં અનુરાગ, ગુરૂજનમાં ભક્તિ, આચરણમાં વિનય, પરનિંદાપર તિરસ્કાર, પરોપકારમાં પ્રીતિ, મિથ્યા અને દુષ્ટ આચરણમાં અશ્રદ્ધા અને સર્વ મનુષ્યોમાં સદ્ભાવ

હોય, તેજ સચ્ચરિત્રવાળો છે. સચ્ચરિત્ર ઉપર પ્રીતિ થવી અને કુચરિત્ર ઉપર તિરસ્કાર થવો એ મનુષ્યનો સ્વાભાવિક ધર્મ છે.

ચારિત્રની પવિત્રતાની રક્ષા કરવી એ દરેક મનુષ્યનું કર્ત્તવ્ય છે. સાધુ લોકો પ્રશંસનીય કાર્યનેજ કર્તવ્ય-કર્મ કહે છે. કર્ત્તવ્ય પાલન કરવાથીજ ચારિત્રની પવિત્રતાનું રક્ષણ થાય છે. કર્ત્તવ્ય પાલન કરવામાં આત્મ-સંયમની આવસ્યકતા છે. સત્યમાં પ્રીતિ, ન્યાયપરતા અને અનુરક્તિ રાખવાથી આત્મ-સંયમ કરી શકાય છે, એટલામાટે ચારિત્ર બાંધવામાં સત્ય ઉપર પ્રીતિ હોવાની પણ જરૂર છે. સત્ય ઉપર પ્રીતિ હોય તો મનમાં કપટનો પ્રવેશ થતો નથી અને કપટની ગેરહાજરીમાં કદિ પણ દુષ્કાર્યમાં પ્રવૃત્તિ થતી નથી.

સચ્ચરિત્રની મહત્તા સૌ કરતાં વધારે છે. લોકો સદ્દગુણોનું સન્માન કરે છે, પરંતુ સદાચારની તો પૂજા કરે છે. સદાચારી માણસ જે કાર્યમાં જોડાય છે તે કાર્યમાં તે ઉન્નતિ પ્રાપ્ત કરી શકે છે અને તેના સમાગમમાં આવનારાં સઘળાં તેની તરફ વિશ્વાસ અને સન્માન પ્રદર્શિત કરે છે, માટે જેઓ ખરા સુખથી સુખી થવાની ઇચ્છા રાખતા હોય તેમણે પોતાના ચારિત્રની નિર્મળતાની સંપૂર્ણ રીતે રક્ષા કરવી જોઇએ; કારણ કે ચારિત્રવાન માણસજ આત્મ-પ્રસાદ પ્રાપ્ત કરવાને સમર્થ થાય છે. તેના ચિત્તમાં પ્રીતિ, સુખ અને શાંતિ સદા સર્વદા નિવાસ કરે છે.

ભગવતીદેવીના વિવિધ સદ્દગુણોનું કીર્તન અમે આગલા પરિચ્છેદોમાં કરી ગયા છીએ અને એ બધા સદ્દગુણોને એકઠા કરવાથી એમનું ચારિત્ર માલૂમ પડે છે. જેથી આ પરિચ્છેદ નિષ્પ્રયોજનીય-નકામો દેખાશે; પરંતુ ભગવતીદેવીના સર્વ સદ્દગુણ-સમુહમાં જે કાંઇ વિશેષ લક્ષણો માલૂમ પડી આવે છે તેની પ્રતીતિ કરાવવાને માટે આ "ચારિત્ર મહાત્મ્ય" નામનો જૂદો પરિચ્છેદ લખવો પડ્યો છે.

ભગવતીદેવી દયાની મૂર્તિ હતાં. તેમની એ દયા અને પરોપકાર વૃત્તિયેજ તેમને અત્યાર સુધી અમર રાખ્યાં છે અને ભવિષ્યમાં પણ રાખશે. તેમની એ બે પ્રવૃત્તિયો, સાધારણ માણુસની એવીજ પ્રવૃત્તિયો કરતાં અતિશય ઉંચા પ્રકારની હતી.

સંસારમાં ઐશ્વર્યવાન અને વિપુલ વૈભવશાળી નરનારીઓની ખોટ નથી, પરંતુ અનેક અંતરાયો અને અધિકાધિક તૃષ્ણાના કઠોર આઘાતથી કરીને તે અતુલ વિભવ સંભોગનું યથાર્થ સુખ પ્રાપ્ત થતું નથી. એવી અવસ્થામાં જ્યારે અતુલ ઐશ્વર્ય અને વિપુલ વૈભવ તેમના મનથી શાંતિ ભોગવી શકવાને તદ્દન અસમર્થ થાય છે, ત્યારે તેઓ બીજાઓનું કલ્યાણ કરવાને છુટે હાથે દાન કરીને બીજાનાં દુઃખોનું નિવારણ કરવાને પ્રવૃત્ત થાય છે. તેમની આવા પ્રકારની દયા અને પરોપકાર પ્રવૃત્તિ પ્રશંસાને પાત્ર છે, તથાપિ તે વૈરાગ્યમાંથી ઉત્પન્ન થયેલી હોય છે. ભગવતીદેવીના સંબંધમાં એથી ઉલટીજ બીના હતી. તેમનાં—સંસારબંધનો તેમની સમસ્ત જીંદગી સુધી સંપૂર્ણ રીતે વિદ્યમાન હતાં. પુત્ર, કન્યા, પૌત્ર, પૌત્રી, ભાણેજ, ભાણેજી વગેરેનું બહોળું કુટુંબ હોવા ઉપરાંત તેમને બીજાં ઘણાં નજદિકનાં સગાંઓ પણ હતાં. એ ઉપરાંત તેમણે પૃથ્વીના દરેક માણસને પોતાના માનીને તેમને પોતાના વિશ્વવ્યાપી વિશાળ હૃદયમાં સ્થાન આપ્યું હતું; એજ તેમની દયામાં વિશેષત્વ હતું—એજ પૂજનીય હતું. આ પણ એમની દયાની એક વિશેષતા છે, કે દુઃખી માણુસને જોતાં જ તેમનું હૃદય પીગળી જતું હતું અને તેઓ પારકે દુઃખે દુઃખી થઇને અશ્રુવિસર્જન કરતાં કરતાં તેનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરતાં હતાં. તેમની એ દયાના મૂળમાં સહાનુભૂતિ વિદ્યમાન હતી. બીજાના દુઃખને પોતાનું દુઃખ માની અને પોતાનેજ દુઃખ થતું હોય એવો અનુભવ કરીને, દુઃખી માણુસની સાથે એક પ્રાણ થઇને દેવીએ

પોતાની દયા-પ્રવૃત્તિને ચારિતાર્થ કરી છે. તેમની સમસ્ત જીંદગીમાં તેમની દયા કદિ પણ સ્વાર્થના ગંધથી અથવા તો પક્ષપાતના દોષથી અપવિત્ર અથવા કલંકિત થઇ નથી. તેમ દાન કરીને કહી બતાવ-વાની-ગર્વ કરવાની પણ તેમને મૂળથીજ ટેવ નહોતી. તેઓએ બીજા ઉપર ઉપકાર કરવાનેજ જન્મ લીધો હતો અને તે પ્રમાણે સકળ પ્રાણી માત્ર ઉપર ઉપકાર કરવામાંજ પોતાનું સમસ્ત જીવન વ્યતીત કર્યું હતું. તેમના ચરિત્રનું બીજું એક મહાત્મ્ય એ છે કે, તેઓએ વિલાસવૃત્તિરૂપ વ્યાધિને પોતાના કુટુંબમાં પેસવા દીધો નહોતો અને તેને સ્થાને મિતાચારનો ઉપયોગ કરીને પરાર્થપરતા પ્રાપ્ત કરી હતી.

તેમના ચારિત્રનું બીજું એક મહાત્મ્ય એ છે કે તેઓ પોતાની પૂર્વાવસ્થાની સઘળી વાતો બરોબર યાદ રાખતાં હતાં અને બીજાનો ઇન્સાફ કરતી વખતે તેની સાથે સરખામણી કરીને ન્યાયાન્યાયનો વિચાર કરતાં હતાં. તેઓ પોતાને યૌવનાવસ્થા પ્રાપ્ત થવા પહેલાંજ સાસરે આવ્યાં હતાં અને ત્યાં એક દરિદ્ર સંસારમાં ઉછર્યાં હતાં. એ દરિદ્રાવસ્થા તેઓ કદિ પણ ભૂલી ગયાં નહોતાં. વિદ્યાસાગર મહા-શયની ઉન્નતિ સાથે તેમનું ભાગ્ય પણ ફેરવાયું હતું, પરંતુ સૌભા-ગ્યની પરાકાષ્ટા વખતે પણ તેમની માનસિક અવસ્થામાં લેશ માત્ર ફેરફાર થયો નહોતો. તેમણે દીન-ભાવમાં આ સંસારમાં જન્મ લીધો હતો અને તેવાજ દીનભાવમાં તેનો ત્યાગ પણ કર્યો હતો. તેમના ચારિત્રનું એક બીજું મહાત્મ્ય એ છે કે તેમણે મરણપર્યંત તેમના દુઃખના દિવસના પ્રિય સંગાથીનો ત્યાગ કર્યો નહોતો. તેમની દરિદ્રાવસ્થામાં જે ચરખા ઉપર સુતર કાઢી, તેને વેચી, તેમનાં સાસુ દુર્ગાદેવી ઘણાજ કષ્ટથી સંસારનો નિર્વાહ કરતાં હતાં; તે ચરખાનું ભગવતીદેવીએ પણ પોતાના છેલ્લા દિવસો સુધી સેવન કર્યું હતું. વિદ્યાસાગર મહાશયની જ્યારે અગિયારમા બૃહસ્પતિની દશા થઇ

હતી—જ્યારે વિદ્યાસાગર સૌભાગ્યના સર્વોત્તમ શિખરે પહોંચ્યા હતા ત્યારે પણ તેઓ દરરોજ રાત્રિના બે કલાક સુધી એકલાં બેઠાં બેઠાં સુતર કાંતતાં હતાં. હેરિસન સાહેબ જ્યારે વીરસિંહપુર આવ્યા ત્યારે આસપાસ નજર કરતાં તેઓની નજર આ ચરખા ઉપર પડી અને તેમણે શંભુ બાબુને પૂછ્યું કેઃ "આ શું છે?" ત્યારે શંભુ બાબુને જરા શરમ લાગી અને સાહેબને ચરખા વિષે કાંઇ પણ ન કહેતાં ચાલાકીથી વિષયાંતર કરીને વાત ભૂલાવી દીધી. સાહેબના ગયા પછી શંભુ બાબુએ ક્રોધથી પરવશ થઇને ચરખાને ભાંગી નાખ્યો અને દેવીને ભવિષ્યમાં કદિ પણ ચરખાને બહાર કાઢવા મના કરી. ભગવતીદેવીને તેમના આ કાર્યથી એટલું બધું તો ખોટું લાગ્યું કે તે દિવસે તેમણે બિલકુલ ખાધું નહિ. આખરે જ્યારે શંભુ બાબુએ ચરખો બરોબર બનાવી આપ્યો, ત્યારેજ દેવીનો રોષ ઉતર્યો અને ત્યાર પછીજ અન્નજળ લીધું. બંગાળાના બીજા એક મહાત્મા રામદુલાલ સરકારના ચારિત્રમાં પણ એવીજ ઘટના દૃષ્ટિગોચર થાય છે. રામદુલાલ, હાટખોલાના જાગીરદાર મદનમોહન દત્તને ત્યાં નોકર હતા. તેમની વૃદ્ધાવસ્થામાં તેમની સાધુતા અને પ્રમાણિકપણાથી પ્રસન્ન થઇને મદનમોહન દત્તે તેમને એક લાખ રૂપિયા ઇનામમાં આપ્યા હતા. એક લાખ રૂપિયા મળ્યા પછી પણ તેઓ મહિને દશ રૂપિયાની પોતાની નોકરી બજાવતા હતા અને દરરોજ મદનમોહન દત્તની પાસે જોડા કાઢી નાખી હાથ જોડીને ઉભા રહેતા હતા.

અહંકાર તો ભગવતીદેવીના હૃદયને સ્પર્શ સરખો પણ કરી શક્યો નહોતો. ધનના મદથી તેઓ લેશ માત્ર પણ ગર્વિત થયાં નહોતાં. દયા એ તેમનો સ્વભાવ—સિદ્ધ ધર્મ હતો. શરણાંગતના પ્રતિપાલન અને આશ્રિતો ઉપર વાત્સલ્યભાવથી તેમનો સ્વભાવ મધુમય થઇ ગયો હતો.

તેમના ચારિત્રનું બીજું એક મહાત્મ્ય તેમનો પ્રફુલ્લ સ્વભાવ છે. વસ્તુતઃ પ્રફુલ્લ સ્વભાવ સૂર્યના પ્રકાશ જેવો છે. એ પ્રકાશથી ચિત્ત પ્રકાશિત થાય છે અને તેમ થવાથી આપણા માનવ-જીવનનો જેવી સાર્થકતાથી ઉપભોગ કરી શકાય છે તેવો બીજા કશાની સહાચ્યથી કરી શકાતો નથી. આનંદી-માણસને જગતના સર્વે સામાન્ય પદાર્થો પણ સુંદર અને સુખકર લાગે છે. હમ્મેશાં આનંદમાં રહેનારો માણસ જેવા ઉત્સાહથી જીવનનાં કર્ત્તવ્ય સંપાદન કરી શકે છે, તેવા ઉત્સાહથી વિરક્ત મનવાળો અને બ્હીકણ સ્વભાવનો માણસ કદિ પણ કરી શકતો નથી. પ્રફુલ્લ ચિત્તવાળા માણસો જેવી રીતે પોતે સદા સર્વદા સુખમાં રહે છે તેવીજ રીતે બીજાને પણ તેવાજ સુખમાં રાખે છે અને બીજા માણસો પણ તેને જોઇને આનંદિત થાય છે.

એ અમુલ્ય પ્રસન્ન ચિત્તતા સંપાદન કરવા માટે ધર્મ એજ ખરેખરો ઉપાય છે. પૃથ્વી ઉપર ખરેખરો ધાર્મિક માણસજ આનંદમાં રહી શકે છે. પ્રફુલ્લ ચિત્તતા એજ જીવનની પવિત્રતા અને ઈશ્વર પ્રત્યેના અટલ વિશ્વાસનું ફળ છે. જેઓ પોતાના સઘળા શત્રુઓને વશ કરીને શાંત ચિત્તવાળા થયા છે-જે વિશુદ્ધાચરણ કરીને શુદ્ધ અંતઃકરણવાળા થઇને જીવનના કર્ત્તવ્ય કર્મનું પાલન કરે છે-તેમનેજ પોતાનાં કરેલાં કાર્યો માટે ભય થતો નથી અને **જેણે ઈશ્વર ઉપર દૃઢ વિશ્વાસ સ્થાપિત કર્યો છે, તેજ સાધુહૃદયમાં પ્રફુલ્લતાના તરંગો નિરંતર નિવાસ કરે છે.**

विंश परिच्छेद.

મૃત્યુ.

એક કવિએ મૃત્યુને " શયન–સુંદર " કહ્યું છે. વાસ્તવિક રીતે જીવન–સંગ્રામમાં શ્રમિત થયેલો મનુષ્ય જ્યારે અશ્રુ પૂર્ણ નયનોથી–અસાધ્ય વેદનાથી દુઃખી થઇને વિશ્રામ લેવાની ઇચ્છા કરે છે, ત્યારે માત્ર એક મૃત્યુજ, તેની સર્વ શ્રેષ્ઠ ઇચ્છવા યોગ્ય વસ્તુ થઈ પડે છે; અને તેમ થતાં મૃત્યુ પણ સત્વરજ તેની પાસે હસ્તે મુખે આવીને ઉભું રહે છે તથા તે પીડાતા શ્રમિત મનુષ્યને પોતાના ખોળામાં લઇ વિશ્રામ આપે છે. આ પ્રમાણે જ્યારે જીવ શરીરાસક્તિથી મુક્ત થાય છે ત્યારે પછી આ અનિત્ય દેહ–પિંજર તેને તૃપ્ત કરી શકતું નથી. જીવ, તે સમયે છોડી મૂકેલા પક્ષીની પેઠે ઉર્ધ્વ ગતિએ ઉડવા માંડે છે અને ઉડતાં ઉડતાં મૃત્યુને સંબોધીને સૂક્ષ્મ સ્વરે કહે છે કે: " હે મૃત્યુ ! તું મને શું ભય દેખાડે છે ? ખુદ મ્હારા (જીવાત્મા) પર ત્હારો કશોજ કાબુ હોય એમ જણાતું નથી ! "

એમાં પણ ઉન્નત સંસ્કારી જીવને માટે તો મૃત્યુ એ ઉલટું આ સ્થૂળ વિશ્વની પેલી પારના શ્રેષ્ઠ જગતમાં જવાના સેતુ–bridge રૂપજ છે.

મનુષ્યોને " મૃત્યુ " એ નામ સાંભળતાંજ હૃદયમાં મોટો ધ્રાસકો પડે છે, પરંતુ એમ થવામાં પણ કુદરતનો ઉચ્ચ હેતુ જણાય છે. જો મૃત્યુ આપણને આટલું બધું અપ્રિય ન હોય તો આપણે આપણા સમસ્ત જીવનમાં ઉન્નતિના પ્રયાસનો અને સુખનો આસ્વાદ લઈ શકીએજ નહિ. ગ્રીષ્મના પ્રચંડ તાપથી તૃપ્ત થઇ રહેલા એકાદ

મહા અરણ્યમાં જેમ એકાદ પણ શીતળ વૃક્ષની છાયા અથવા સુકોમળ તૃણ–શય્યા પણ આપણને સુખદાયક થઈ પડે છે; જેમ અંધારી રાત્રે ઘરમાંનો ધ્રૂજતો સામાન્ય દીપક પણ આપણને પ્રિય લાગે છે તેજ પ્રમાણે "મૃત્યુ છે અને આપણે વહેલા યા મોડા મરવાનાજ છીએ" એવી ચોક્કસ ખબર હોવાથીજ આપણે બનતો યત્ન કરીને યશ અને ગૌરવ સંપાદન કરવાની પ્રબળ ઇચ્છા રાખીએ છીએ અને મૃત્યુ નક્કી હોવાથીજ આપણે અમરત્વ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરીએ છીએ. વિસર્જનનું જ્ઞાન હોવાથીજ આવાગમન સુખકર લાગે છે. જીવન સાથે મરણ જડાયલું હોવાથીજ જીવન આટલું બધું પ્રિય લાગે છે અને તેથીજ આપણે જીવવાને માટે આટલો બધો પ્રયાસ કરીએ છીએ, મોટી મોટી ઇચ્છા રાખીએ છીએ તથા મોટાં મોટાં સંકટો સહન કરીએ છીએ.

બંગાળી સન ૧૨૭૭ ની સાલના ફાગણ મહિનાને પહેલેજ દિવસે કાશીથી ઠાકુરદાસના સખ્ત મંદવાડના સમાચાર આવ્યા. એ સમાચાર મળતાંજ વિદ્યાસાગર પોતાનાં સર્વ કાર્યો પડતાં મૂકીને પિતાની સેવા ચાકરી કરવાને કાશી જઈ પહોંચ્યા. સારી રીતની સેવા સુશ્રુષાથી અને ઔષધાદિની સુવ્યવસ્થાથી ઠાકુરદાસને થોડી મુદતમાં આરામ થઈ ગયો. ફાગણ શુદ ૧૫ ને દિવસે વિદ્યાસાગર પોતાની માતા ભગવતીદેવીને અને બીજાં સગા વહાલાંઓને પિતૃસેવા કરવા માટે કાશીમાંજ રાખીને પાછા કલકત્તે ગયા. ભગવતીદેવી ફાગણ અને ચૈત્ર એ બે મહિના કાશીમાંજ રહ્યાં.

દિવસ પછી દિવસ વીતવા માંડયા અને ક્રમે ચૈત્ર સંક્રાંતિ આવી પહોંચી. કાશીમાં તે દિવસે મોટો મહોત્સવ હતો. વિશ્વેશ્વર અને અન્નપૂર્ણાના મંદિરોમાં મનુષ્યો માતાં નહોતાં. વિવિધ વાદ્ય ધ્વનિથી દિશાઓ ગાજી રહી હતી. પવિત્ર હોમ ગંધ દશે દિશામાં

પ્રસરી રહ્યો હતો અને "હર" "હર" તથા "બમ્" "બમ્" ના શબ્દોથી સમસ્ત દિશાઓ કંપી ઉઠી હતી. કાશીપુરીમાં તે દિવસે સઘળે ઉત્સવનો આનંદ વ્યાપી રહ્યો છે. ભગવતીદેવી તે દિવસે પ્રાતઃકાળમાં શય્યાનો ત્યાગ કરી, સ્નાન કરી, સંધ્યાવંદનાદિથી પરવારી ગયાં અને કાશીનાં સઘળાં પવિત્ર મંદિરોમાં શ્રદ્ધા અને ભક્તિપૂર્વક દેવદર્શન, પ્રદક્ષિણા તથા દાન વગેરે કરીને પાછાં ઘેર આવ્યાં અને સ્વહસ્તે રાંધીને સર્વને ભોજન કરાવી પોતે જમ્યાં.

સંધ્યાકાળ થયો. ભગવતીદેવી ફરીથી સંધ્યા–આરતિનાં દર્શન કરવાને બહાર નીકળ્યાં અને દેવદર્શન તથા પ્રણામાદિ કરીને પુનઃ ઘેર આવ્યાં. ત્યાર પછી રસોઇ કરી સર્વને વાળુ કરાવી પોતે પણ જમી લીધું. ભોજન કરીને તરતજ સૂઈ જવું એ તેમના સ્વભાવ વિરૂદ્ધ હતું. જમ્યા પછી તેઓ થોડી વાર વિશ્રામ લેતાં હતાં અને સર્વની સાથે વિવિધ વાર્તાલાપ કરતાં હતાં; એટલામાં તેમને સહેજ કૉલેરાની અસર જણાઈ, ઉલટી ઉપર ઉલટીઓ થવા માંડી. દીનબંધુ એકદમ વૈદ્યને તેડવા ગયો અને થોડીજ વારમાં વૈદ્યને તેડીને આવી પહોંચ્યો. સર્વ તેમની યત્નપૂર્વક સેવા સુશ્રુષા કરવા લાગ્યાં; પરંતુ રોગે ધીમે ધીમે ભયંકર રૂપ ધારણ કર્યું. વળી બીજા પણ બે વૈદ્યો આવી ગયા, પણ તેમની દવાની કાંઈ પણ ટીકી લાગી નહિ. સવાર થતાં વૈદ્યોએ આશા મૂકાવતાં કહ્યું કે, "જીવનની હવે કોઇ પણ જાતની આશા નથી."

સવાર થયું. પુનઃ કાશીમાં ચારે દિશાઓ વાદ્યધ્વનિથી ગાજી ઉઠી. ફરીથી હોમગંધથી ચારે દિશાઓ સુગંધ અને આનંદમય થવા લાગી. ફરીથી 'હર' 'હર' અને 'બમ્' 'બમ્' ના શબ્દોએ દશે દિશાઓ કંપાવી નાખી ! શું આ સર્વ કાશીપુરીના વિશ્વેશ્વર કે મહામાયા અન્નપૂર્ણાના પૂજનની તૈયારીઓ હતી ! ના—ના—એ તો સાધ્વી

સતી ભગવતીદેવીના સ્વર્ગારોહણ વખતનાં સ્વર્ગીય વાદ્યધ્વનિ હતાં. સાધુ વાચક બંધુ! સાધ્વી બ્હેન! હૃદય હોય તો એકવાર વિચાર કર–વિચાર કરીને છાનોમાનો દેવીના પવિત્ર નામનું સ્મરણ કરીને અશ્રુવિસર્જન કર. આ સંસારમાં સ્વર્ગ અને નરકને કોઇએ નજરોનજર જોયું નથી, પરંતુ આ મૃત્યુજ સ્વર્ગ અને નરકનો પરિચય કરાવે છે! પૃથ્વી ઉપર કોણ કેવાં આચરણ કરે છે, તે કોઇ જાણી શકતું નથી; પરંતુ મૃત્યુજ તેનો પરિચય કરાવે છે. મનુષ્યના સરલ અથવા કપટી હૃદયની કોઇને પણ ખબર પડતી નથી પણ મૃત્યુ તેનો સ્પષ્ટ રીતે પરિચય કરાવે છે; એટલા માટેજ મહાત્માઓ મૃત્યુને શિરસાવંદ્ય ગણે છે અને તેને પ્રેમથી ભેટે છે. તેમને માટે મૃત્યુ એ મૃત્યુજ નથી. એ તો એક વિશુદ્ધ પવિત્ર વહ્નિ છે! કે જે મનુષ્યના આત્માને વિશ્વની પેલે પાર પહોંચવા માટે મળમૂત્રના શરીરથી મુક્ત અને વિશુદ્ધ કરે છે.

ક્રમે ક્રમે દેવીનાં સર્વ ગાત્રો શિથિલ થતાં ગયાં, ભાન જતું રહ્યું અને ગળે પાણી ઉતરતું બંધ થયું. મૃત્યુને સમીપ જોઇને સર્વ રૂદન કરવા લાગ્યાં, એટલામાં એકાએક દેવીમાં કાંઇક નવીન ચૈતન્ય આવ્યું. તેઓ સર્વને ક્ષીણ સ્વરે શાંત્વન કરવા લાગ્યાં અને મરતી વખતે પતિના ચરણની રજ માગી. શાંત, દાંત અને ધૈર્યશીળ મહાત્મા ઠાકુરદાસ અત્યાર સુધી સ્થિર ભાવે બેસી રહ્યા હતા, પરંતુ હવે તેમને ધીરજ રહી નહિ. તેમની આંખોમાંથી ચોધારે આંસુ વહેવા લાગ્યાં. રડતાં રડતાં ઠાકુરદાસે ગદ્‌ગદ્‌ સ્વરે દેવીના કાનમાં કહ્યું: "તું સાધ્વી સતી છે! તને હું બીજો કયો આશીર્વાદ આપું? તું ત્હારા પોતાનાજ પુણ્યબળથી આગળ વધી અને તેમાં ત્હારો જય થયો. તું હમ્મેશાં કહેતી કે: '**ગમે તેટલા જપ, તપ કરો પણ મરતાં શીખવું પડશે!**'–**ખરેખર, કેવી રીતે મરવું એ**

ત્હેં યથાર્થ જાણ્યું છે. તને અક્ષય સ્વર્ગ પ્રાપ્ત થજો!"

હવે ભગવતીદેવી ભાન ભૂલી ગયાં અને મ્હોંમાં નાખેલું પાણી નીચે ન ઉતરતાં પાછું નીકળી ગયું. નાભિપ્રદેશ ઉછળવા લાગ્યો. સાધ્વી સતી યોગનિદ્રામાં પોઢવાની તૈયારીઓ કરવા લાગ્યાં! તેમના મુખમંડળ ઉપર અપૂર્વ શાંતિ અને મધુરતા પ્રકાશવા લાગ્યાં! જીવાત્મા, દેહપિંજરનો ત્યાગ કરી ધીમે ધીમે પરમાત્મામાં વિલીન થવા માંડયો! એ મહા સંગમ—એ ગંભીર દૃષ્ય વિચારી મન વિહ્વલ થઇ જાય છે, અને મનમાં આપોઆપ બોલાઈ જાય છે કેઃ "હે મા! હે આનંદમયી! હે જગદંબે! ત્હારી કેવી વિચિત્ર લીલા! સાધ્વી સતી પતિવ્રતા રમણીઓના હૃદયમાં તુંજ આનંદમયી રૂપે સતત બિરાજે છે! મા! તેમના મરણ સમયે પણ તુંજ ત્હારા એ આનંદમયી સ્વરૂપમાં પ્રકાશે છે! ત્હારી કેવી અદ્‌ભૂત લીલા! મા! ત્હારૂં તત્વ કોઇ પણ જાણી શકતું નથી!"

एकविंश परिच्छेद.

ચિતા ભસ્મ.

સ્મશાન! તુંજ સમસ્ત માનવશરીરોની આખરની ગતિનું સ્થાન છે! તુંજ મહા પવિત્ર પુણ્ય તીર્થક્ષેત્ર છે! તને પંડિત કે મૂર્ખ, ધની કે નિર્ધન, સુંદર કે બેડોળ, નાનાં કે મોટાં ઇત્યાદિ વચ્ચે ભેદભાવ નથી. તને સ્વાભાવિક અને કૃત્રિમ પાર્થિવ અને અપાર્થિવ; એવી કશી વિષમતા નથી. ત્હારા જેવું સામ્યસ્થાન જગતમાં બીજે જોવામાં આવતું નથી, માટેજ સ્મશાન! તું એક

પવિત્ર પુણ્ય તીર્થ છે! ત્હારા પેટમાં પ્રવેશ કરવાથીજ મનુષ્યને જીવનની અસારતાનું ભાન થાય છે, દેહાભિમાન સંકુચિત થાય છે, સ્વાર્થપરાયણતા નાસી જાય છે અને અશાંત માનવી ક્ષણવાર શાંત મૂર્તિ ધારણ કરે છે! એટલા માટેજ સ્મશાન! તું એક મહા પવિત્ર તીર્થક્ષેત્ર છે! ત્હારી પાસે આવવાથી મનમાં ઘેર વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. કુળનો અંહકાર, શીળનો અહંકાર, સૌંદર્યતાનો અહંકાર, વિદ્યાનો અહંકાર, ધર્મનો અહંકાર, પ્રભુત્વનો અહંકાર વગેરે સર્વે પ્રકારના અહંકારો ત્હારા પ્રતાપેજ નષ્ટ થઇ જાય છે! ત્હારા પેટમાં પડીને ચિતા ભસ્મમાં ફેરવાઈ જાય છે! માટે હે સ્મશાન! તું મહા પવિત્ર તીર્થક્ષેત્ર છે!

પુણ્યતીર્થ કાશીપુરીમાં, ગંગાજીના પરમ પવિત્ર ખોળામાં, મણિકર્ણિકાના ઘાટ ઉપર એક ચિતા ધક્ ધક્ બળે છે! એ ચિતામાં પરમ સાધ્વી સતી ભગવતીદેવીનો પવિત્ર દેહ બળે છે! સૌંદર્યનું મંદિર બળે છે! વિશ્વપ્રેમના પ્રવાહનું સ્થાન બળે છે! સરલતા, કોમળતા, પવિત્રતા અને પ્રફુલ્લતાનું ગૃહ બળે છે! ઓજસ્વિતા અને તેજસ્વિતા; મનસ્વિતા અને દીનતા; મહાનુભાવતા અને પરાર્થ તથા અનુપમ સહનશીળતાનું શરીર બળે છે! મહત્વ અને મિતાચાર; દયા અને પરોપકાર; સૌજન્ય, સદાચાર તથા શુદ્ધ કર્ત્તવ્યબુદ્ધિની મંજુષા બળે છે! વિદ્યાસાગર મહાશયના જીવનની જન્મદાતા બળે છે! સકળ સદ્‌ગુણોથી વિભૂષિત પુણ્યશાળા દીનજનની ભગવતીદેવીની દેહ બળે છે! બળી બળીને ચિતા ભસ્મમાં પરિણત થઇ જાય છે! માનવ–જીવનનું છેવટનું પરિણામ એજ છે! એવોજ જગતનો સર્વ-માન્ય અલંઘનીય નિયમ છે!

જગત, એટલે જે જાય છે તે–જે ગતિમાન છે તે. મનુષ્ય જન્મે અને મરે! પશુ, પક્ષી, કીટ, પતંગ, એ બધાં પણ જન્મે

તથા બે ત્રણ દિવસ યા મોડાં વહેલાં મરે! વૃક્ષ, લતા, વેલી, સકળ જન્મે અને મરે! નિર્મળ સલિલા, નયન સુંદર ગાંભીર્યમય નીલ પર્વતો, અપૂર્વ વિચિત્રતાવાળી પૃથ્વી, જગતના મધ્યબિંદુરૂપ અને આધારરૂપ સવિતૃદેવ, આકાશમાં પથરાયલા અનંત તારાઓ અને નક્ષત્રો; આદિ અને અંત, જન્મ અને મરણ, પ્રકાશ અને વિનાશ, એ સર્વ પણ ઉત્પત્તિ અને લયનેજ આધીન છે. આ સર્વ પદાર્થ આવે છે અને કેટલાક દિવસ વિશ્વમાં પોતપોતાની લીલા બતાવીને આખરે વિલીન થાય છે.

સઘળું જાય છે, નષ્ટ થાય છે–વિલીન થઈ જાય છે, ત્યારે શું કાંઈ પણ રહેતુંજ નથી? ના, રહે છે; મનુષ્ય મરે છે, પરંતુ તે મરતાં મરતાં મૃત્યુનો પણ ઉપહાસ કરે છે. મૃત્યુ તો માત્ર મનુષ્યના નશ્વર દેહનોજ નાશ કરી શકે છે, પણ તેનાથી તેની કીર્તિને કાંઇ પણ થતું નથી. મનુષ્યની કીર્તિજ એક માત્ર અવિનાશી છે! એ કીર્તિજ તેને સદા સર્વદા અમર કરી રાખે છે! મનુષ્યની આ કીર્તિનુંજ સ્મરણ કરીને અનંતકાળ સુધી જગત તેને કીર્તિને સંપાદન કરનાર મહાત્માને યાદ કરીને તેને માટે શોક પ્રદર્શિત કરે છે! અશ્રુ વિસર્જન કરે છે!

શોક શું છે? 'શું મર્મભેદી કરૂણોત્પાદક વિલાપ' એજ શોક છે? ના, શોકનો અર્થ 'સ્મૃતિની ઉપાસના' છે! એ સ્મૃતિની ઉપાસનામાંજ મનુષ્યનું ગૌરવ છે! અનંતકાળ સુધી એક મનુષ્ય બીજા મનુષ્ય માટે પ્રીતિ પ્રદર્શિત કરે, એનુંજ નામ ખરેખરો શોક છે અને એટલા માટેજ શોકને 'સ્મૃતિની ઉપાસના'નું નામ આપ્યું છે. શોક, એ સ્મૃતિની અનંત સાધના છે!

આર્ય સંતાનો! પુણ્યશીળાં ભગવતીદેવીની **ચિતાભસ્મ** ગ્રહણ કરો–એ આદર્શજનનીની સ્મૃતિની ઉપાસના કરો અને તેની

ચિતાભસ્મ તમારે મસ્તકે ચડાવો. આર્ય માતાઓ ! સતીની **ચિતા-ભસ્મ** ગ્રહણ કરો—જે પુણ્યશીળા હોય તે તેના પુણ્યની પૂજા કરો, જેઓ આદર્શ—જીવન બનાવવાને સતત પ્રયત્નશાળી હોય તે તેના પુણ્યની આરાધના કરો. આપ સર્વ આદર્શમાતાઓ થાઓ એજ આપની પાસે આર્ય સંતાનોની વિનયપૂર્વક પ્રાર્થના છે ! તમેજ આર્યાવર્તનાં ગૃહની ગૃહલક્ષ્મીઓ છો, તમેજ પવિત્ર ભારતવર્ષની પ્રત્યેક પવિત્ર પર્ણકુટિની અધિષ્ઠાત્રિ દેવી છો, તમારાજ અમૃતતુલ્ય સ્તન-પાનથી આર્ય સંતાન શશિકળાની પેઠે વૃદ્ધિ પામશે, તમારાજ સ્નેહ અને મમતાથી આર્ય સંતાન સદા સર્વદા પરિપૂષ્ટ થશે, તમારીજ શિક્ષા દીક્ષાથી આર્ય સંતાન શિક્ષિત અને દીક્ષિત થશે. માતાઓ ! તમારા આશીર્વાદ ઉપરજ તે બધાનો આધાર છે. તમે સુમાતા થાઓ, **અને આર્ય સંતાનો તમારા સુસંતાનો તરીકે જગતમાં પ્રસિદ્ધ થાઓ ! તમારી તપસ્યા અને સાધનાના બળથી પરમ સાધ્વી પ્રાતઃ સ્મરણીય માતંગી ભગવતીદેવી જેવી આદર્શ માતાઓ ઉત્પન્ન થાઓ, અને તમારા અક્ષય પુણ્ય પ્રભાવથી આકર્ષાઈ પરમ પવિત્ર ભારતવર્ષમાં ઘેરે ઘેર દયામર્તિ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવાં આર્ય સંતાન જન્મ ગ્રહણ કરો !!!**

સમાપ્ત

કાપડ બજારની આગમાં

કોણની તીજોરીઓ બળી ગઈ?

લખમીદાસ ખીમજીની કાપડ મારકીટમાં આગ થઈ તે વખતે દુકાનોમાં ગોદરેજની સાત તીજોરીઓ હતી; અને એકેએકમાં મોતીના દાગીના, ચલણી નોટો, ખતપત્રો વગેરે તદન સલામત રહ્યું હતું:—

આગ થઇ રહેવા પછી બીજું એ જોવામાં આવ્યું કે જ્યારે ગોદરેજની સઘળી તીજોરીઓ માંહેલો અવેજ સખત તેમજ નરમ આગમાં સલામત રહ્યો હતો ત્યારે બીજા દેશી અને વિલાયતી મેકરોની તીજોરીમાં જ્યાં આગ સખત હતી ત્યાં સઘળું બળી ગયું હતું યા બળવાની અણી ઉપર હતું અને હજારોની ચલણી નોટનો કોલસો થઈ ગયો હતો અને જ્યાં નરમ હતી ત્યાંજ બચી ગયું હતું.

આ વાતની ખાત્રી થવાથી કેટલાકોએ એ આગમાં પોતાની તીજોરી માંહેલી ચીજો બચી જવાની સર્ટીફીકટો જો કે વિલાયતી અને બીજા ગામઠી મેકરોને આપ્યાં છે, તે છતાં તેઓએજ, આગ પછી નવી તીજોરીઓ ગોદરેજનીજ ખરીદી છે.

ગોદરેજ એન્ડ બોઈસ મેન્યુફેકચરીંગ કું૦.

કારખાનું:—ગેસ કુંપની પાસે, પરેલ, મુંબઈ. દુકાન—શેખ-મેમન સ્ટ્રીટ, મુલજી જેઠા મારકીટની સામે, મુંબઈ. **શાખા—** રીચીરોડ—**અમદાવાદ.**

દેવી અઘોરકામિની

પ્રસ્તાવના

દેવી અઘોરકામિનીના ચરિત્રનો ટુંકો પરિચય, આજથી લગભગ ચાર વર્ષ પૂર્વે તા. ૩૦–૮–૧૯૧૦ ને દિને અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં 'ગુજરાત સાહિત્ય સભા' તરફથી વિદુષી ગ્રેજ્યુએટ બ્હેન સૌ. શારદા સુમન્ત મહેતાના પ્રમુખપણા નીચે ભરાયલી સ્ત્રીપુરૂષોની એક જાહેર સભામાં મ્હેં કરાવ્યો હતો. એ વ્યાખ્યાન એ સમયના 'સુંદરી સુબોધ' ના બે અંકોમાં પ્રગટ થયું હતું, અને ચોપાનીઆના રૂપમાં ત્હેની જૂદી છપાવેલી પાંચસો નકલો ઘણાજ થોડા સમયમાં ખપી જવાથી એજ વર્ષના અન્તમાં અઢી હજાર પ્રતોની બીજી આવૃતિ પ્રગટ કરવામાં આવી હતી. એ આવૃત્તિ સહૃદય વાચકોને ઘણી પસંદ પડી હતી, અને ઘણા સદ્‍ગૃહસ્થો તથા સન્નારીએ મ્હોટી સંખ્યામાં ત્હેની નકલો પડતર કિંમતે ખરીદીને સગા સંબંધી તથા સ્નેહીઓમાં વ્હેંચી હતી. મુંબઈ સરકારના કેળવણી ખાતાના ડાઇરેક્ટર સાહેબે પોતાના તા. ૨૫–૧૦–૧૧ ના હુકમ નં. ૭૩૦૨ થી ગુજરાતી પ્રાથમિક કન્યાશાળાઓમાં ઇનામ અને પુસ્તકાલયોસારૂ મંન્જુર કરીને, એ પુસ્તક વિષેના પોતાના સારા અભિપ્રાયની ખાત્રી આપી છે. એ કૃપા માટે હું એ માનવંતા સાહેબનો તથા ઉપરોક્ત અન્ય સજ્જનોનો ઉપકાર માનું છું.

પ્રથમ આવૃત્તિ વાંચ્યા પછી ગુજરાતના પ્રતિભાશાળી સુકવિ રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિએ મ્હારા ઉપર એક પ્રોત્સાહક પત્ર લખીને જણાવ્યું હતું, કે 'એકાદ સોદોઢસો પાનાનું પુસ્તક એ વિષય ઉપર લખી નાખો તો ગુજરાત ઉપર ઉપકાર થશે.' એ વખતે એમના વિસ્તૃત ચરિત્રની સામગ્રી મ્હારી પાસે કાંઇજ નહોતી, પરન્તુ ત્યહાર પછી થોડા સમયમાં સ્વર્ગસ્થ પ્રકાશચન્દ્ર રાયે 'અઘોર પ્રકાશ'ની એક નકલ કૃપાપૂર્વક મ્હારી ઉપર મોકલી આપ્યાથી એ સાધન પ્રાપ્ત થયું. બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં ભવિષ્યમાં આ સાધ્વીનારીનું વિસ્તૃત ચરિત્ર ગુર્જર પ્રજા આગળ રજુ કરી, આદર્શ દામ્પત્ય જીવનની ઝાંખી કરાવવાની ઇચ્છા મ્હેં જણાવી હતી. વચમાં 'ભારતનાં સ્ત્રીરત્નો'ના ત્રણ ગ્રન્થ, ભારતના સન્તપુરૂષો, આદિ અન્ય પુસ્તકો હાથમાં લેવાની ફરજ પડવાથી એ કામનો આરંભ થઇ શકયો નહીં; પરન્તુ સ્વામી અખંડાનંદજીની કૃપાથી આજ ચાર વર્ષે એ જૂની અભિલાષા ફળિભૂત થવા પામી છે, જહેને માટે જગન્નિયન્તાનો તથા સ્વામીજીનો ઉપકૃત છું.

પત્નીના મૃત્યુ પછી ત્હેમના અવિનાશી આત્માને સંબોધીને લખાયલા 'અઘોર પ્રકાશ' નામક ગ્રન્થમાં સ્વર્ગસ્થ પ્રકાશચન્દ્ર રાયે દેવી અઘોરકામિનીનું ચરિત્ર ઘણી ઉત્તમતાથી આલેખ્યું છે. એ સન્નારીનું ચરિત્ર એમના સિવાય અન્ય કોઇ લેખક એવી સુન્દર, આકર્ષક અને પ્રભાવશાલી શૈલિમાં લખી શકત કે નહીં એ બાબત મ્હને તો સંદેહ છે. આ ગ્રન્થ એજ બંગાળી પુસ્તકના સારરૂપ છે. શ્રદ્ધાસ્પદ બાબુ અમૃતલાલ ગુપ્તે 'ભારત મહિલા' અને 'પ્રવાસી'માં લખેલા બે લેખોમાંથી પણ થોડી ઘણી મદદ લેવામાં આવી છે. મ્હારૂં પોતાનું તો એમાં ઘણું થોડું છે. ઘણીખરી જગ્યાએ તો સ્વ. પ્રકાશચન્દ્ર-રાયનાજ શબ્દોમાં, જરૂર જોગ પારવર્તન સાથે, જીવનની ઘટનાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. એટલે આ ગ્રન્થમાં કાંઈ પણ મધુરતા

આવી હોય તો એનો યશ એમનીજ પ્રભાવશાળી લેખિનીને છે.

મ્હોટા ગ્રન્થના સારરૂપ નવીન ગ્રન્થ લખવામાં, અનુપયોગી અથવા ઓછા ઉપયોગી અંશો ત્યાગવામાં તથા અધિક ઉપયોગી અંશો ગ્રહણ કરવામાં જે વિવેક અને કુશળતાની આવશ્યકતા છે, ત્હેને અભાવે આ ગ્રન્થમાં જે દોષ રહી ગયા હોય ત્હેને માટે વાચક-વર્ગ ઉદાર બુદ્ધિથી ક્ષમા કરશે એવી આશા છે.

અ. સૌ. બ્હેન શારદાગૌરીએ દેવી અઘોરકામિનીના ચરિત્ર સંબંધી પ્રગટ કરેલા ઉદ્દગારોમાંથી થોડાંક વાક્યો ઉતારીને હું લાંબી થઈ પડેલી પ્રસ્તાવનાને સમાપ્ત કરીશ.

"આપણા દેશમાં આવા પ્રકારની પરોપકારી સ્ત્રીઓ ઘણી વિરલ હોય છે, ને તેમની ખરી કદર ક્વચિતજ થાય છે, તો જો કોઈ પ્રસંગે આપણા દેશની સન્નારીઓના ગુણાનુવાદ ગવાતા હોય તો તેવો પ્રસંગ ચૂકવો ન જોઇએ * * * એવા દૃષ્ટાન્તોથીજ આ-પણી કર્તવ્યબુદ્ધિ જાગૃત અને સતેજ રહેવાનો સંભવ છે. યૂરોપ, જાપાન, અમેરિકા વગેરે દેશમાં અનેક પરોપકારી સ્ત્રીઓ થઈ ગઇ છે અને થાય છે; પરન્તુ જો આપણાજ દેશની એકાદ ભગિનીનું આવું ઉચ્ચ વૃત્તાન્ત શ્રવણ કરીએ, અથવા અનુભવીએ ત્યારે કાંઇક જૂદાજ પ્રકારની લાગણી આપણા મનમાં થાય છે; અને થવીજ જોઇએ.

આવાં દૃષ્ટાન્તો સિદ્ધ કરી આપે છે, કે આપણા દેશની સ્ત્રીઓ માનસિક, કે શારીરિક શક્તિમાં અન્ય દેશ કરતાં જરા પણ ઉતરતી નથી. માત્ર પ્રયાસની જરૂર છે. પરાપૂર્વથી ચાલતી આવેલી રૂઢીને લીધે અમે સ્ત્રીઓ એટલાં પછાત પડી ગયાં છીએ—પુરૂષોએ અમારી અવગણના કરીને અધમપંક્તિએ આણી મૂક્યાં છે કે તેમાંથી ઉદ્ધાર થવો ઘણો મુશ્કેલ છે. જો પુરૂષોને વિશ્વાસે બેસી રહીશું તો તો કદી ઉદ્ધાર થવાનોજ નથી. સ્ત્રીઓએ સ્વાત્મબળથી પ્રયાસ કરવાનો છે. એકનિષ્ઠાથી જો પ્રયાસ થશે તો સુફલ પ્રાપ્ત થશે, એ નિઃસંશય છે.

હજી તો સ્ત્રીઓની ફરજો શી છે તેનુંજ અજ્ઞાન છે. પતિસેવા, અને કુટુંબસેવામાંજ સ્ત્રીના કર્તવ્યની પર્યાપ્તિ થઈ મનાય છે, પરન્તુ જનસમાજની સેવા એ પણ સ્ત્રીનું એક મહાન્ કર્તવ્ય છે. જેવીરીતે પુરૂષને સમાજસેવા એ એક કર્તવ્ય છે તેજ રીતે સ્ત્રીને પણ સમાજ (society) તરફનું ઋણ મુક્ત કરવાનું છે. જમાનાનુસાર દૃષ્ટિ મર્યાદા વિશાલ થવાની જરૂર છે. આપણા સાંસારિક જીવનમાં કાલક્રમે કેટલાક ફેરફાર થાય છે તો તે પ્રમાણે સાંસારિક ફરજો પણ વિશાળ થવી જોઇએ. ઇવોલ્યુશન (ઉત્ક્રાન્તિવાદ) પ્રમાણે પુરૂષને પ્રથમ તો માત્ર પોતાના કુટુંબનુંજ રક્ષણ કરવાનું હતું, પણ ઉત્તરોત્તર એક વ્યક્તિમાંથી અનેક વ્યક્તિઓ તરફ ત્હેને દૃષ્ટિ નાખવી પડી, અને socialistic tendency વધતી ગઈ. તેજ પ્રમાણે કુટુંબજનોની સેવા ઉપરાંત મનુષ્ય માત્રની, દુઃખી, રોગી, અશક્ત, નિરાધાર સ્ત્રી પુરૂષ અને બાળકોની ન્યાત જાત ધર્મના ભેદ રાખ્યા સિવાય પ્રભુ પ્રીત્યર્થે સેવા કરવાનું વ્રત હિન્દુસ્તાનની સ્વાભાવિક રીતે દયામય વૃત્તિવાળી સન્નારીઓને શીખવાનું છે. દુઃખી માણસનું દુઃખ નિવારણ કરવું એજ ખરી દયાનું કામ છે, અને એ કાર્યમાં દયા, નમ્રતા, મીઠાશ, ધીરજ, ચંચળતા, દક્ષતા, અને સુશીલતા વગેરે સદ્દગુણો આવશ્યક છે; અને આ સર્વ ગુણો સ્ત્રીજાતિમાં વધારે હોય છે. સ્ત્રીનું સ્ત્રીત્વજ એમાં સમાએલું છે. તો દરેક સ્ત્રીએ તેનો ઉપયોગ સન્માર્ગે શા માટે ન કરવો ? ભૂખે મરતી, પરાધીનપણાનું દુઃખ વેઠતી, અનેક સ્ત્રીઓને આવાં કાર્યને લીધે ઉદ્યમ મળે અને તે ઉપરાંત વિધવા સ્ત્રીઓને તો વખત ગાળવાનું એક અતિ ઉત્તમ સાધન છે. તેમજ જેમને ગૃહકાર્યનો ઘણો બોજો ન હોય તેમનો વખત કેવળ નિરર્થક જાય છે, અને તેના પરિણામે આળસુ પ્રકૃતિ થઇ જાય છે અને અનેક રોગ શરીરમાં પ્રવેશ કરે છે, તો સત્કાર્યમાં વખત જાય તો જીવન ઉપયોગી થાય.

પરન્તુ એટલું સ્મરણમાં રાખવું કે આવા પ્રકારની સેવા એ જેને આપણા પ્રાચીન શિષ્ટો "અધિકાર" કહેતા તેવા અધિકારના વિષયની છે. જેટલી જેટલી વિધવા અથવા દુઃખી સ્ત્રીઓ છે તે બધાંનો આવા પ્રકારની સેવા કરવાનો સર્વ રીતે 'અધિકાર' નથી, જેને જેને કુટુંબની જંજાળ ન હોય, અથવા જે જે નિરાધાર હોય તે સઘળાં 'સેવાસદન' જેવી સંસ્થાઓમાં કાર્ય કરવા યોગ્ય નથી; જેઓને મનુજ બન્ધુઓનાં નાના પ્રકારનાં દુઃખ માટે હૃદયની ખરી અનુકમ્પા હોય, કોઈ પ્રકારની સેવા સુશ્રુષા કરવાની છિટ કે સુગ ન હોય એવી શક્તિ હોય, શાન્ત, ક્ષમાશીલ, સભ્ય, સૌમ્ય જેનો સ્વભાવ અને વર્તન હોય, પારકાંનું દુઃખ પોતાનું દુઃખ સમજવાની ઉદારતા હોય, અને તે ઉપરાંત પ્રભુને આવું કાર્ય પ્રિય છે, સર્વ પ્રભુનાં સંતાન છે, માટે પ્રભુનાં સંતાનની કોઈ પણ પ્રકારની સેવા એજ પ્રભુની ખરી સેવા છે, એવી ધાર્મિકભાવના જેમની હોય એવાંજ સ્ત્રી પુરૂષો શ્રીમતી અઘોરકામિની દેવી જેવી સેવા કરવાને યોગ્ય છે. સુભાગ્યે હિન્દુસ્તાનમાં આવા પ્રકારની વૃત્તિવાળી ધાર્મિક સ્ત્રીઓ યોગ્ય કેળવણી મળેથી મળવી મુસ્કેલ પડે એમ નથી. આવા પ્રકારની ધાર્મિકતા—પૂર્ણ રીતે ધાર્મિક-જીવન હશે તોજ આ જાતની સેવા થઇ શકશે. Sisters of Mercy દયાની ભગિનીઓ, નર્સીસ વગેરે ખ્રિસ્તી સન્નારીઓ, ધાર્મિકતાના બળથીજ અનેક પ્રકારનાં આવાં સત્કાર્ય કરી શકે છે.

બુદ્ધધર્મના વખતમાં હિન્દુસ્તાનમાં આવા પ્રકારની ધાર્મિકતાથી અનેક ધનવાનોની સ્ત્રીઓ અને યુવતીઓ, રાજકન્યાઓ કંથાધારી થઈ સેવિકાનાં વ્રત સ્વીકારી જનસમાજનું કલ્યાણ કરી ગઇ છે. માત્ર કીર્તિ લોભથી અથવા અમુક સંસ્થામાં જોડાવાથી ન્યુસપેપરોમાં નામ આવે એ હેતુથી સેવાસદન કે એવાં બીજાં પરોપકારી ખાતાઓમાં જોડાવા ઇચ્છનાર સ્ત્રી પુરૂષો સેવા કરતાં નથી. ઉલટું એવી સંસ્થા-ઓના મુખ્ય ઉદ્દેશને વિઘ્નરૂપ થાય છે.

પરન્તુ લોકલાજ અથવા લોકનિન્દાને ભયે સાધન હોય તે છતાં તેનો ઉપયોગ ન થાય તો શોકની વાત છે. દરેક નવા કાર્ય માટે લોકમત તો વિરૂદ્ધ હોયજ. આજ કાલ યૂરોપમાં કુળવાન સ્ત્રીઓ નર્સ થાય છે તેથી અસલના વખતમાં એ બાબત માટે કેટલો વિરૂદ્ધ મત હતો તેનો ખ્યાલ ત્યાંની પ્રજાને આવી શકે નહિ, પરન્તુ આપણા લોકના વિચાર હજુ વીસમી સદીમાં પણ આગળ વધેલા નથી તેથી આપણે સમજી શકીશું. કોઇ સારા કુટુંબની હિન્દુકન્યા જન્મપર્યંત કુંવારી તો રહેજ નહિ; પણ કોઇ વિધવા પરોપકાર કરવામાંજ પોતાનું જીવન ગાળે, માંદા મનુષ્યની યોગ્ય સારવાર કરીને તેમના દુઃખમાં ઘટાડો કરવાને નર્સનો ધંધો કરે તો આ સર્વ ખ્યાલ આપણા લોકને અરૂચિકર લાગશે. એ વાત તો બનેજ કેમ. એથી તો સ્ત્રીઓની મર્યાદા ઓછી થઇ જાય, વગેરે અનેક ચર્ચા થાય. ફ્લોરેન્સ નાઇટિંગેલના વખતમાં તેમના દેશની પણ એજ સ્થિતિ હતી, છતાં તે બાબતમાં એ અગ્રેસર થઈ, સર્વ નિન્દાની અવગણના કરીને મહાન્ પ્રકારનું કાર્ય આરંભ્યું અને હજારો લોકોના આશીર્વાદ લીધા.

આશા છે કે આ પુસ્તકના વિષયની પરોપકારી ધાર્મિક સન્નારીના જીવનચરિત્રનું દૃષ્ટાન્ત લઇ આપણે સહુ આપણા જીવનને જનકલ્યાણ તરફ પ્રેરવા પ્રયત્ન કરીશું."

આ લાંબા ઉતારા પછી એટલુંજ ઉમેરવા માગું છું કે આ ગ્રન્થના પુરૂષ વાચકો પણ શ્રીયુત પ્રકાશચન્દ્ર રાયનું અનુકરણ કરીને પોતાની પત્નીઓના હૃદયમાં જ્ઞાનનો ઉજ્વલ પ્રકાશ નાખવા, તેમનામાં સ્વાભાવિક રીતે રહેલા સદ્‌ગુણો ખીલવવા તથા દોષો ધીમે ધીમે નિવારવા, અને કર્મમય જીવનમાં ભાગ લેવાની તેમની અભિલાષાઓને પોષવા યત્ન કરશે તો મ્હારો આ પ્રયાસ સફળ થયો માનીશ.

બારાં—કોટા રાજ્ય,
રાજપુતાના.
તા. ૯ નવેમ્બર ૧૯૧૪ } **શિવપ્રસાદ દલપતરામ પંડિત**

પ્રથમ ખંડ

પ્રકરણ પહેલું—બાલ્યાવસ્થા અને વિવાહ

ઈ. સ. ૧૮૫૯–૧૮૬૬

ઇશ્વરનું વર્ણન કરતાં ઉપનિષદમાં પ્રાચીન ઋષિ કહી ગયા છે કે **રસોવૈસઃ** અર્થાત્ તે રસસ્વરૂપ છે. એ દયાળુ પરમાત્માની સત્તા રાત્રિદિવસ અનુભવ્યાથી તથા ત્હેના પ્રેમમય અમૃતરસનું પાન કર્યાથી મનુષ્યજીવનની અત્યન્ત તૃષ્ણાનું નિવારણ થાય છે, અને પ્રાણી એક અદ્દભૂત સંતોષ પ્રાપ્ત કરે છે.

પરન્તુ વર્તમાન જડવાદના જમાનામાં એવી એવી વાતો ઉપર આપણને એકદમ વિશ્વાસ ઉત્પન્ન થતો નથી. ભ્રમર જે પ્રમાણે મધુ-પાન કરવા સારૂ એક પુષ્પ ઉપરથી બીજા ઉપર, અને બીજાથી ત્રીજા ઉપર ઉડતો રહે છે, તેજ પ્રમાણે આપણે પણ સુખને વાસ્તે સંસારના વિવિધ ભોગો તરફ દોડાદોડ કરી રહ્યા છીએ. આપણી કર્મેન્દ્રિયોને જણાતા રૂપ, રસ, શબ્દ, ગંધ ઉપરાંત કોઇ અદૃશ્ય અનન્ત પુરૂષમાં પણ અસીમરૂપ, અને અમૃતરસ રહેલો છે તથા ત્હેને માટેજ જીવનની અનન્ત તૃષ્ણા હોવી જોઇએ, અને એને માટેજ અન્તરાત્માએ આકુળવ્યાકુળ થવું જોઇએ; પરંતુ એ વાત કેટલાને રૂચે છે? કેટલા મનુષ્યો તે અનન્તપુરૂષ—રસસ્વરૂપ ભગવાનના પ્રેમમાં મત્ત થવા, તથા ત્હેના આદેશને અનુસરવા તત્પર થાય છે? એટલા માટે આ સંશયવાદના યુગમાં જે સહૃદય વ્યક્તિઓ ઈશ્વરનું સદા સાનિધ્ય અનુભવે છે, ત્હેના સુંદર સ્વરૂપથી મુગ્ધ થઈ જાય છે, ત્હેના પ્રેમમાં ડુબકી મારીને જીવનને મધુમય કરે છે અને એ પરમ-

સ્વરૂપ તરફ દુનિયાનાં અન્ય નરનારીઓને આકર્ષિત કરીને ત્હેમને સત્ય, સુન્દર અને મંગળ પરમાત્માની સમીપમાં લઇ જવા પ્રયત્ન કરે છે, તેઓ આપણા પ્રેમ અને આદરને પાત્ર છે. હમારી ચરિત્ર-નાયિકા દેવી અઘોરકામિની તથા એમના સુયોગ્ય પતિ સ્વર્ગસ્થ પ્રકાશચંદ્ર રાયની ગણના પણ એવા પ્રકારની વ્યક્તિઓમાં થઇ શકે છે. તેઓ આપણા જેવાંજ સાધારણ મનુષ્યો હતાં, મનુષ્યમાં સ્વાભાવિક રીતે રહેલી અનેક ન્યૂનતા તથા દુર્બળતા ત્હેમનામાં પણ હતી, પરન્તુ ઇશ્વરનું સાનિધ્ય સર્વદા અનુભવવાથી, સરલ જીવન અને ઉચ્ચ વિચારને જીવનનું સૂત્ર બનાવ્યાથી, તથા નાતજાતનો ભેદ ગણ્યા વગર ભૂતદયાને માટે પોતાના સામાન્ય જીવનનો ઉત્સર્ગ કર્યાથી, ત્હેમનું જીવન ઘણુંજ ઉન્નત બન્યું હતું; અને ત્હેને લીધેજ સાંપ્રદાયિક મતભેદ હોવા છતાં પણ ઉદારચિત્ત વાચકોને ત્હેમના જીવન-માંથી ઘણું બોધપ્રદ અને અનુકરણીય તત્ત્વ મળી આવશે.

આપણા આર્યસંસારમાં પતિ અને પત્નીનું જીવન અભેદ્ય, અવિચ્છિન્ન છે. એકના આચારવિચારની અસર અન્યના ઉપર થયા વગર રહેતી નથી, તોપછી પ્રકાશચન્દ્ર જેવા ભક્તિપરાયણ, અને વિચારશીલ પતિનો પ્રભાવ દેવી અઘોરકામિની જેવી પતિવ્રતા આર્ય-નારી ઉપર પડયા વગર કેવી રીતે રહે ? વળી આર્ય રમણીઓના સદ્‌ગુણો તથા ત્હેમના કર્મમય જીવનનો પાયો ઘણે ભાગે ત્હેમના અનન્ય પતિપ્રેમ ઉપર રચાયલો હોય છે, એટલે આ જીવનચરિત્રમાં, હમારે સ્વર્ગસ્થ પ્રકાશચન્દ્ર રાયનો પણ કાંઇક વિસ્તૃત પરિચય આપવો પડે તો વાચકો ક્ષમા કરશે.

દેવી અઘોરકામિનીનો જન્મ બંગાળી સંવત ૧૨૬૩ ના વૈશાખ માસમાં અથવા અંગ્રેજી સન ૧૮૫૬ ના મે કે જુન માસમાં બંગાળાના ચોવીસ પરગણાના જિલ્લામાં આવેલા માઇહાટી પરગણાના શ્રીપુર નામક ગામડામાં થયો હતો. એક તો આપણામાં જન્મથી નિરાદરને

પ્રાપ્ત થતું કન્યા સંતાન અને ત્હેમાંએ વળી ગામડામાં જન્મ એટલે ત્હેમની જન્મની તીથિ કે તારીખ કોઇએ નોંધી રાખી નહોતી, તેમજ ત્હેમના બાલ્યજીવનનો વિશેષ વૃત્તાંત પણ મળી આવતો નથી. ત્હેમના પિતામહ હરચન્દ્ર બસુ એક વિચિક્ષણ પુરૂષ હતા. ત્હેમના સાહસ તથા દાનશીલતાની વાતો ગામમાં ઘણી સાંભળવામાં આવે છે. દેવદર્શન, પૂજાપાઠ તરફ ત્હેમની ઘણીજ અભિરૂચિ હતી. બંગાળામાં દુર્ગાદેવીની પૂજા ઘણી પ્રચલિત છે, દરેક ઘરમાં ગજા પ્રમાણે ખર્ચ કરીને આનંદપૂર્વક એ ઉત્સવ પળાય છે, શ્રીમાનોને ઘેર તો એ ઉત્સવ નિમિત્તે લખલૂટ ખર્ચ થાય છે. દેવી અઘોરકામિનીના પિયેરમાં પણ દુર્ગોત્સવ ઘણી ધામધુમથી થતો. ત્હેમના કુટુંબને તથા ત્હેમના ભાવીપતિ પ્રકાશચંદ્ર રાયના કુટુંબને સંબંધ હોવાથી ૧૮૬૨ ની સાલના દુર્ગોત્સવમાં પ્રકાશચન્દ્ર ત્હેમને ઘેર ગયા હતા. પણ એ સમયમાં એમને ખબર નહોતી કે ભવિષ્યમાં આ કુટુંબની કન્યા જીવનયાત્રામાં મ્હારી સહધર્મિણી બનવાની છે. દેવી અઘોરકામિનીના પિતાનું નામ વિપિનચન્દ્ર વસુ હતું. કૉન્ટ્રાકટરનો ધંધો કરીને એમણે સારૂં ધન ઉપાર્જન કર્યું હતું અને ગરીબોને મદદ કરવામાં એ ધનનો સદુપયોગ પણ કર્યો હતો.

સ્વર્ગસ્થ પ્રકાશચન્દ્રરાયનો જન્મ ઇ. સ. ૧૮૪૭ ના જુલાઇ માસમાં બહરમપુર ગામમાં થયો હતો, પરન્તુ ત્હેમનો પૈતૃક નિવાસ શ્રીપુર ગામમાંજ હતો. ત્હેમના પિતાનું નામ પ્રાણકાલિરાય હતું. એ બરહમપુરની કલેક્ટરની કચેરીમાં નોકર હતા, તથા પરોપકાર અને શુદ્ધ આચારને માટે પ્રસિદ્ધ હતા. પ્રકાશચન્દ્ર ત્હેમનું આઠમું સંતાન હતા. એમની સોળ વર્ષની વય થઇ ત્હારે ત્હેમના પિતાજીએ સ્વર્ગવાસ કર્યો, અને ત્હેમના શિક્ષણનો ભાર ત્હેમના ત્રીજા મ્હોટા ભાઇ પૂર્ણચન્દ્રરાયઉપર આવી પડયો. બાલ્યાવસ્થામાં એમના શિક્ષણનો સારો બંદોબસ્ત થયો નહોતો. ભણવા કરતાં રમવાનું ત્હેમને

વિશેષ ગમતું. રસ્તામાં રઝળીને ખરાબ છોકરાઓની સોબતમાં ઘણી કુટેવો પણ તેઓ શીખ્યા હતા. બચપણમાં એમની પડોશમાં રઘુનાથજીનું મંદિર હતું. એ ઠાકોરજી ઉપર એમને ઘણી શ્રદ્ધા હતી. એક વખત નિશાળની પરીક્ષામાં સૌથી પહેલે નંબરે પાસ કરવા માટે રઘુનાથજી પ્રત્યે ત્હેમણે ઘણી પ્રાર્થના કરી હતી, પરન્તુ દૈવસંયોગે પરીક્ષાના થોડા દહાડા પહેલાં એઓ માંદા પડી ગયા, અને પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવી શક્યા નહીં. એ દિવસથી રઘુનાથજીના ઉપરથી એમની શ્રદ્ધા ઓછી થઇ ગઇ.

ઇ. સ. ૧૮૬૪ ની સાલમાં પ્રકાશચન્દ્રે કલકત્તાની હેર સ્કૂલમાં પ્રવેશક (Entrance) પરીક્ષા આપી, અને બીજા વર્ગમાં પસાર થયા, પરન્તુ ચરિત્ર એ સમયે પહેલાના જેવુંજ હતું. એ સમયમાં એમણે Tom Payne રચિત age of Reason નામનું પુસ્તક વાંચ્યું હતું. એ પુસ્તકના વાંચનથી ઇશ્વિરના અસ્તિત્વ વિષે ત્હેમને સંદેહ ઉત્પન્ન થયો હતો. ત્યાર પછી એ બરહમપુર કૉલેજમાં દાખલ થયા અને દર્શનશાસ્ત્ર ભણવા લાગ્યા. પાશ્ચાત્ય દર્શનશાસ્ત્રના અભ્યાસથી ત્હેમનો એ સંશય વધી પડયો, અને ધીમે ધીમે તેઓ ધર્મ પ્રત્યે અતિશય દ્વેષી બન્યા. ત્હેમનો જ્હેની ત્હેની સાથે વાદવિવાદ કરવાનો શોખ પણ વધી પડયો.

ઇ. સ. ૧૮૬૬ ના ફેબ્રુઆરી—બંગાળી સંવત ૧૨૭૨ ના ફાલ્ગુન માસમાં ત્હેમનું લગ્ન દેવી અઘોરકામિની સાથે થઇ ગયું. એ લગ્ને ત્હેમના જીવનને નવીન દિશામાં ફેરવ્યું. એમના જીવનના એ મુખ્ય બનાવ વિષે લખતાં સ્વર્ગસ્થ પ્રકાશચન્દ્ર, દેવી અઘોરકામિનીને સંબોધીને લખે છેઃ—" લગ્નની વાત કરવી સારી લાગે છે, કારણ કે એજ દિવસથી મ્હારા જીવનનો પ્રવાહ બદલાઇ ગયો. મ્હને બરોબર યાદ છે, કે લગ્નની રાત્રે આપણો હસ્તમેળાપ થયો ત્યારે મ્હારા મનમાં એક અપૂર્વ ભાવ ઉત્પન્ન થયો હતો. મ્હેં મનમાં ને મનમાં પ્રતિજ્ઞા

કરી, કે આજથી મ્હારા સ્વભાવને સુધારીશ અને આ રમણીને યોગ્ય બનીશ. એ દિવસની પૂર્વે ત્હમને કદી સારી પેઠે દીઠાં નહોતાં. કેવળ એક દિવસ ગામના રસ્તામાં ચાલતાં ચાલતાં ત્હમને દેખી શક્યો હતો. ત્હમે તો ચાલી ગયાં હતાં, અને હું ફક્ત ત્હમારી છાયાજ દેખી શક્યો હતો. જ્યારે આપણા વિવાહની વાતચીત ચાલી રહી હતી ત્યારે એક દિવસ ભાવીવરને જોવા સારૂ ત્હમે ખુલ્લી અગાશી ઉપર ચઢ્યાં હતાં, અને હર્ષઘેલાં થઇને પૂર્વ તરફના બગીચામાં પડી ગયાં હતાં, જો નીચે ઝાડ અને લાકડાંનો ગોઠવેલો ઢગ ન પડ્યો હોત, તો ત્હમે બચત કે નહિ તે પણ શકભરેલું હતું. ત્યાર પછી એકવાર એ લગ્નની રાત્રિએ મ્હારી દૃષ્ટિ ત્હમારા ઉપર પડી, એથીજ પ્રેમનું બીજ એવું ઊંડું રોપાયું, કે બીજું સઘળું હું ભૂલી ગયો. એકજ ધ્યાન, એકજ જ્ઞાન થયું. હું એ વખતે મ્હારા અંતરમાં રહેલા ઇશ્વરને ઓળખતો નહોતો કે એને ચ્હાઉં. હવે મ્હેં ઘોરી (અઘોરકામિનીનું પિયેરનું-લાડનું નામ) ને ઓળખી અને ઘોરીનેજ ચ્હાવા લાગ્યો. આપણું લગ્ન ઘણી ધામધુમથી થયું હતું. એ સમયે આપણા ગામના તેમજ આજુબાજુના ઘણા લોકો હાજર હતા. જમણવાર વગેરેમાં બન્ને પક્ષને પુષ્કળ ખર્ચ થયું હતું. એ વખતે હમારી પાસે જમીન જાગીર હોવાથી ખેડુતો પણ ઘણા આવ્યા હતા. હિન્દુશાસ્ત્રના મંત્રામાં આપણે શું બોલી ગયાં તે તો હું સ્હમજી શક્યો નહિ, પણ લગ્ન હમેશથી ચાલતા આવેલા રિવાજ મુજબ થઇ ગયું, એટલું ખાત્રી-પૂર્વક સ્હમજ્યો. લગ્નની રાત્રે તમારી સાથે વાતચીત કરવાનો યત્ન કર્યો હતો, પરન્તુ જાનીવાસામાં પુષ્કળ લોકો બેઠેલા હોવાથી તેમ બની શક્યું નહીં. ત્હમે બાળક હતાં, ત્હમારૂં વય એ સમયે કેવળ દસ વર્ષનું હતું, મ્હને એ વખતે અઢાર વર્ષ થયાં હતાં, તેથી મ્હને લાગે છે, કે બાળવિવાહમાં જાનીવાસામાં ઘણા માણસો બેઠેલા હોય એ સારૂં છે, કેમકે તેથી બાલિકાનો જીવ બચે છે."

લગ્ન કરીને અઘોરકામિની પતિની સાથે સાસરે ગયાં, અને થોડા દિવસ ત્યાં રહ્યાં. એ અરસામાં પ્રકાશચન્દ્રે પત્નીની સાથે વાર્તાલાપ કરવાનો ઘણોએ પ્રયત્ન કર્યો, પરન્તુ શરમાળ નવોઢા બાળ પત્નીએ એમ થવા દીધું નહીં. ફક્ત જે દિવસે પિયેર જવાનું હતું તેની આગલી રાત્રે પતિને એટલું જણાવ્યું, કે કાલ રાત્રે હું જઈશ. બસ, એટલા શબ્દોથીજ પત્નીપ્રેમમાં મુગ્ધ બની ગયેલા પતિ કૃતાર્થ થઇ ગયા અને ત્હેમણે પત્નીને અનેક આશીર્વાદ દીધા. દેવી અઘોરકામિની એ સમયે પિયેર ચાલી ગયાં, પરન્તુ પ્રકાશચન્દ્રે એજ સમયથી પોતાના મનમાં સંકલ્પ કર્યો, કે "હું આ સ્ત્રીને યોગ્ય બનીશ; ચરિત્રને પવિત્ર કરીશ." ઇશ્વર ઉપર ત્હેમને એ વખતે વિશ્વાસ નહોતો, ધર્મની લાકડી સાહી નહોતી, પરન્તુ આર્યહૃદયમાં સ્વાભાવિકરીતે રહેલી પત્નીપ્રેમની ઉચ્ચભાવનાને લીધે, પત્નીની ખાતરજ પવિત્રતા તેમને વાંછનીય જણાઇ.

પ્રકરણ બીજું—સાસરવાસ

ઇ. સ. ૧૮૬૭

આગળ જણાવી ગયા છીએ તે પ્રમાણે એ સમયમાં ઘણાં અંગ્રેજી દાર્શનિક પુસ્તકો વાંચ્યાથી પ્રકાશચન્દ્રનો ધર્મભાવ શુષ્ક થઇ ગયો હતો. ત્હેમના મનની એ ગતિ ચિરસ્થાયી રહી હોત તો એમની અને એમનાં પત્નીની શી દશા થાત તે કહી શકાતું નથી. પરન્તુ ભગવાને ત્હેમને નાસ્તિકતા અને ધર્મશૂન્યતામાંથી તો બચાવી લીધા. બહરમપુરમાં એ વખતે એસ. જે. હિલ નામના સારા પાદરી રહેતા હતા. ત્હેમનું ચરિત્ર ઘણું શુદ્ધ અને પવિત્ર હતું. ઇસુખ્રિસ્તને ત્હેમણે પોતાના જીવનમાં ઉતાર્યા હતા. ભારતવાસીઓને ઘણા પ્રેમથી ચહાતા

હતા; બંગાળી એવું સરસ બોલતા, કે જાણે કોઇ બંગાળી પુરૂષજ બોલી રહ્યો છે. પ્રકાશચન્દ્ર એ પાદરી સાહેબના સ્વભાવથી મુગ્ધ થયા અને ત્હેમની પાસે બાઇબલનો અભ્યાસ કરવા લાગ્યા.

પ્રકાશચન્દ્ર જે સમયે ખ્રિસ્તીધર્મના ઉપદેશોને હૃદયંગમ કરવામાં મગ્ન હતા તે અરસામાં–ઇ. સ. ૧૮૬૭ માં દેવી અઘોરકામિનીના ઉપર મ્હોટી વિપત્તિ આવી પડી. ત્હેમના સ્નેહાળ પિતાનું શીતળાના રોગથી મૃત્યુ થયું. શોકના આવેશમાં અઘોરકામિનીએ આંગણામાં જઇને પિતાના મૃતદેહને પકડી રાખ્યો હતો, તેથી ત્હેમને પણ એ રોગનો ચેપ લાગ્યો. ધીમે ધીમે એ ચેપની અસર ત્હેમનાં બ્હેન યામિની અને ભાઇ **જ્ઞાન**ને પણ થઈ. બન્ને બ્હેનોને તો આરામ થઇ ગયો પણ ભાઇ જ્ઞાનની સ્થિતિ દયાજનક થઈ પડી. ત્હેની સેવા–ચાકરીનો બધો ભાર અઘોરકામિની ઉપરજ આવી પડ્યો, કારણ કે એમનાં વિધવા માતા બીજાં સંતાનોના કામકાજમાં ગુંથાયલાં રહેતાં. એ વખતે એમનું વય માત્ર દસ વર્ષનું હતું. ઘણા પરિશ્રમ અને સેવા સુશ્રુષાને લીધે **જ્ઞાન** બચી તો ગયો, પણ એની એક આંખ ગઇ.

આવી બાલવયમાંજ દેવી અઘોરકામિનીએ કુલીન સ્ત્રીને છાજે એવા કેટલાક સદ્‌ગુણોનો પરિચય આપવા માંડ્યો હતો. પાકશાસ્ત્રમાં ત્હેમની પ્રવીણતાની ખ્યાતિ સારી ફેલાઇ હતી. ઘરસંસારનાં બીજાં પણ અનેક કામો એ કુશળતાથી કરી શકે છે એવી ખબર એ સમયના લોકોમાં પ્રસરેલી હતી. એક દિવસે કોઇ અવસર પ્રસંગે ત્હેમના એક પાડોશીને ત્યાં એ જમવા ગયાં હતાં. રસોઇ પુરી થઇ રહ્યા પછી આંગણામાં નિમંત્રિત સ્ત્રીઓનો કેવો આદરસત્કાર થાય છે એ જોવાને બાલિકા અઘોરકામિની બહાર ગયાં. ત્યાં તો ત્હેમણે આશ્ચર્યકારક લીલા જોઈ. જે સ્ત્રીઓ સારાં વસ્ત્રાલંકાર પહેરીને આવી હતી ત્હેમનો સારો આદરભાવ થતો હતો અને જે રમણીઓ

સાદાં વસ્ત્ર પહેરીને, તથા અલંકાર ધારણ કર્યા વગર આવી હતી ત્હેમનો કોઇ ભાવ પણ પૂછતું નહોતું. ભોજન સમયે પણ ભેદભાવવાળી વર્તણુક દીઠામાં આવી. અઘોરકામિની એ સમયે બાલિકા હતાં, પણ એ ભેદભાવવાળી વર્તણુકથી ત્હેમના ન્યાયી અને કોમળ હૃદયને ઘણોજ તીવ્ર આઘાત લાગ્યો. ધનનો આટલો બધો સમાદર થતો જોઇને ત્હેમને આશ્ચર્ય લાગ્યું. એ દિવસથીજ ત્હેમણે સંકલ્પ કર્યો, કે **હું યથાસાધ્ય દુઃખીઓની સહાયતા કરીશ.**

ત્હાર પછી થોડાક મહિના ગયા બાદ પ્રકાશચન્દ્ર બહરમપુર છોડીને કલકત્તા અભ્યાસ માટે ગયા. એ વખતમાં હિલ સાહેબના ચરિત્રની છબી ત્હેમના હૃદયમાં અંકાઇ રહી હતી. હિલ સાહેબનું પવિત્ર જીવન તથા ત્હેમના સ્વભાવમાં રહેલા અન્ય સદ્‌ગુણો ત્હેમના ખ્રિસ્તી ધર્મનેજ આભારી છે એવો ખોટો વિશ્વાસ પ્રકાશચન્દ્રના હૃદયમાં ઠસી ગયો હતો, અને તેથી કરીને ઇસુખ્રિસ્તના ધર્મથી મનુષ્ય સાચો અને સદાચારી થઇ શકે છે એવો વિચાર ઉદ્‌ભવ્યો હતો. આથી તેઓ કલકત્તામાં અન્ય ખ્રિસ્તીઓના સમાગમમાં આવવા લાગ્યા તથા ખ્રિસ્તીધર્મપુસ્તકોનો અભ્યાસ કરવા લાગ્યા. આખરે પરિણામ એ આવ્યું કે આર્યધર્મના પવિત્ર સિદ્ધાન્તો સમજવાનો પ્રસંગ પ્રાપ્ત નહીં થવાથી અને આ એક તરફી વાંચનથી નવયુવક પ્રકાશચન્દ્રે ખ્રિસ્તી થવાનો વિચાર કર્યો. અલબત્ત એમ કરીને કોઇ સાંસારિક લાભ પ્રાપ્ત કરવાની એમણે સ્વપ્નમાં પણ આશા રાખી નહતી; એ દુષિત સંકલ્પમાંથી પણ એમની તીવ્રધર્મપિપાસા જણાઇ આવે છે. મનુષ્યને પરિમાણ વગર ચાલે નહિ, અને એ પરિમાણ (મુક્તિ) ખ્રિસ્ત દ્વારાજ મળી શકે છે એવો ભૂલ ભરેલો સંસ્કાર એમના હૃદયમાં ખ્રિસ્તી મિત્રોના સમાગમથી ઉત્પન્ન થયો હતો. એક દિવસે રાત્રે ૧૧ વાગ્યાને સમયે પુસ્તકનો પાઠ સમાપ્ત કર્યા પછી એ બોલી ઉઠયા કેઃ " આવતી કાલે હું ખ્રિસ્તીધર્મની દીક્ષા Baptism લઇશ". એમના ઓરડામાં એ

વખતે ત્હેમનો એક બાલ્યસખા સૂઈ રહ્યો હતો. ત્હેમણે એમને ઘણુંએ વાર્યા, થોડા સમય ઉપર અઘોરકામિની સાથે થયેલા લગ્નનું સ્મરણ કરાવ્યું અને આ ધર્મ પરિવર્તનથી એની.શી દશા થશે ત્હેનું ભાન કરાવ્યું, પણ કશાની અસર થઈ નહિ. પરિમાણ મેળવવાનીજ એમના હૃદયમાં તો ધુન લાગી હતી, પરન્તુ એ સમયે ત્હેમના એક શિક્ષક ઈશાનચન્દ્ર બાબુએ, આપેલી સલાહ ત્હેમને સાંભરી આવી કેઃ "**કોઈ પણ ગંભીર કાર્ય કરવા પહેલાં ૨૪ કલાકની વાટ જોવી**" જેથી આ પ્રસંગે પણ ૨૪ કલાક ખેંચી કહાડવાનો ત્હેમણે નિશ્ચય કર્યો. **અણી ચૂક્યો સો વર્ષ જીવે** એ લોકોક્તિ ત્હેમના પ્રસંગમાં સફળ થઇ. આ આદર્શ આર્યદંપતિ ખ્રિસ્તી ધર્માનુયાયી થાય એ ઈશ્વરને અભિષ્ટ નહોતું, એટલે બીજેજ દિવસે એક એવો બનાવ બન્યો કે જેથી પ્રકાશચન્દ્રનું ચિત્ત બીજી દિશામાં ફર્યું. એ દિવસે એમના એક સહાધ્યાયી ખ્રિસ્તી વિદ્યાર્થીએ પરીક્ષાના પ્રશ્નપત્રની ચોરી કરી અને એ અપરાધ માટે યુનીવર્સિટીના રજીસ્ટ્રાર સાહેબે ત્હેને બહિષ્કૃત કર્યો. આ ઘટનાથી પ્રકાશચન્દ્રને ખાત્રી થઇ કે **ખ્રિસ્તી થયાથી પણ મનુષ્ય ચોરી વગેરે નિંદ્ય કૃત્યોથી બચી શકતો નથી** અને નવજીવન પ્રાપ્ત થતું નથી. આ કારણથી એમણે ખ્રિસ્તીધર્મની દીક્ષા લેવાનું માંડી વાળ્યું.

એ સમયમાં—ઇ. સ. ૧૮૬૭ ની ગ્રીષ્મઋતુમાં દેવી અઘોરકામિનીએ સાસરે રહેવા માંડ્યું હતું. **જે વયમાં બાળકોને સ્વચ્છંદે ખેલવા કૂદવાનું તથા શિક્ષણ, અવલોકન, અને અનુકરણ-દ્વારા માનસિક શક્તિઓનો વિકાસ કરવાનો હોય છે, તેજ બાલવયમાં આપણા દેશમાં વિવાહિત બાલિકાઓ ઉપર કુલવધુની અનેક ગંભીર ફરજો આવી પડે છે.** ક્ષમા, સહનશીલતા આદિ ગુણોની ત્હેમની પાસેથી એકદમ આશા રાખવામાં આવે છે અને તે પણ સ્નેહ અને મમતાથી એ પ્રકારનું શિક્ષણ આપ્યા વગરજ! એમની નજીવી ભૂલચૂકોને પણ ગંભીરરૂપ આપ-

વામાં આવે છે; અને સાસુ તથા નણંદના ઠપકા અને મ્હેણાં-ઓના વરસાદ ત્હેમના સુકુમાર જીવન ઉપર વર્ષે છે. ૧૧ વર્ષની વયમાં અઘોરકામિનીને પણ આ કડવો અનુભવ થયો હતો. ત્હેમના પતિને એ જોઇને ઘણું લાગી આવતું, એમની ખાત્રી હતી, કે **પત્નીમાં રહેલા સામાન્ય દોષો મીઠી વાણીથીજ ઘણી સ્હેલાઈથી સુધરી શકે એમ છે;** પરન્તુ સંયુક્ત કુટુંબમાં જાળવવી પડતી મર્યાદાને લીધે એમનાથી એ બાબતમાં કાંઇ પણ પ્રયત્ન થઈ શકયો નહીં. એ સમયમાં દેવી અઘોરકામિનીનો સ્વભાવ કેવા પ્રકારનો હતો તે નીચેની ઘટના ઉપરથી જણાઇ આવે છે.

એક દિવસે ત્હેમના ઘરની એક દાસી ઘરની પાસેના તળાવમાં કપડાં ધોતી હતી. અઘોરકામિની પણ કાંઈ કામસર એ ઘાટ ઉપર જઈ પહોંચ્યાં. દૈવવશાત્ ત્હેમના હાથના છાંટા એ વૃદ્ધ દાસીને ઉડયા. ન્હાની વયની વહુને ઘરમાં કોઇ પણ ગણકારતું નથી, ઉલટું નોકર ચાકર બધાં એને ધમકાવે છે. એ ડોશીએ પણ એ નિયમાનુસર ત્હેમને ખૂબ ગાળો ભાંડી. એનો ઉત્તર કેવી રીતે આપવો એ ન સ્હમજાયાથી અઘોરકામિનીએ કહ્યું: ‘ તું આટલું બધું બકે છે શાની? તું કાંઇ મ્હારી શોકય છે!’ ‘શોકય’ કરતાં વધારે તીવ્ર શબ્દ એમને જડયો નહિ હોય! એ અપરાધ માટે એમને ઘણો ઠપકો પણ ખાવો પડયો હતો. આ પ્રમાણે બાલ્યાવસ્થામાં અજ્ઞાનને લીધે જ્હેમનો સ્વભાવ આટલો બધો આકળો હતો તેનાં તેજ આગળ જતાં સહનશીલ, ક્ષમાવાન અને બુદ્ધિશાળીજ તરીકે પ્રસિદ્ધ થવા પામ્યાં, એ ઘણે અંશે ત્હેમના સંસ્કારી પતિના સહવાસ અને શિક્ષણનુંજ પરિણામ હતું. અસ્તુ!

હવે ધર્મની બાબતમાં પ્રકાશચંદ્રનું ચિત્ત કઈ દિશામાં વળ્યું તે જોઇશું. ખ્રિસ્તી થવાનો સંકલ્પ તો તેમણે છોડી દીધો હતો, પણ બીજા કોઈ ધર્મ ઉપર એમનું મન ચોટયું નહોતું. ઇ. સ. ૧૮૬૭ ની શિયાળાની રજામાં એ કલકત્તાથી પોતાને ગામ આવ્યા હતા;

એક દિવસ એ પોતાના કેટલાક મિત્રો સાથે બાલિકાવિદ્યાલય સારૂ ભરાયલી સભામાં ગયા હતા. સભાનું કામ પૂરૂં થયા પછી એ બધા મિત્રો નદીકિનારે ફરવા ગયા, અને એક તુટેલા ઘરમાં પેઠા. ત્યાં આગળ ખાટલાઓ ઉપર બેસીને પ્રકાશચન્દ્રના મિત્રોએ બ્રાહ્મસમાજનાં બેએક ભજન ગાયાં. ત્હેમને એ ભજન બહુ ગમ્યાં. ત્યારપછી એ બધા પરબ્રહ્મ પરમાત્માની પ્રાર્થના કરવા લાગ્યા. એ મિત્રમંડળીમાં પ્રકાશચન્દ્ર સૌથી આગલા વર્ગમાં ભણતા હતા. ત્હેમના મનમાં અભિમાન ઉત્પન્ન થયું, કે આ બધા ઈશ્વરની પ્રાર્થના કરી શકે, અને હું ન કરી શકું ? એમણે પણ સરળ હૃદયે પ્રાર્થના કરીને કહ્યું: "હે ઈશ્વર! ત્હમારી આગળ બધાએ પ્રાર્થના કરી છે. હું ત્હમને ઓળખતો નથી. જાણતો પણ નથી. જો ત્હમે હો અને ત્હમારી ઈચ્છા હોય તો મ્હને પણ ત્હમને જોવા તથા ઓળખવા દો." એ પ્રમાણે અજાણ્યા ઈશ્વર આગળ ત્હેમણે પ્રાર્થના કરી. આ પ્રાર્થનાનું કારણ માત્ર આ અભિમાનજ હતું કે: "બધા પ્રાર્થના કરે અને હું ન કરૂં ?" પરન્તુ પ્રાર્થના કરતાંવારજ એ પ્રભુપ્રેમમાં પકડાઈ ગયા. ઈશ્વરઉપર આસ્થા રાખનારા એ મિત્રો તરફ એ દિવસથી ત્હેમનું ચિત્ત વધારે આકર્ષાવા લાગ્યું. એજ સમયમાં ઘરમાં કુટુંબકલેશ ઉભો થયો. બે મ્હોટા ભાઈઓમાં મિલ્કતને લગતી તકરાર ચાલવા માંડી, અને સરકારી કચેરીઓમાં મુકદ્દમાબાજી કરવામાં તથા અવ્યવસ્થામાં સાઠ સીત્તેર હજાર રૂપિયાની મિલ્કત રફેદફે થઈ ગઈ. આ આંતરકલહને પ્રસંગે પ્રકાશચન્દ્રે બન્ને ભાઈઓમાં સુલેહ કરાવવાને ઘણોએ પ્રયત્ન કર્યો હતો, પોતાના વિદ્યાભ્યાસને પણ ઘણું નુકસાન થવા દીધું હતું; પણ એ બધાનું ફળ કાંઈ મળ્યું નહીં. કલેશને પરિણામે ઘરમાં નિર્ધનતા આવી, પરન્તુ એ આપત્તિનું એક શુભ પરિણામ એ આવ્યું, કે ઈશ્વરપ્રત્યે પ્રકાશચન્દ્રનું ચિત્ત વધારે આકર્ષાયું. ગરીબાઈને લીધે દેવી અઘોરકામિનીના ઉપર ઘરકામનો

બોજો વધી પડયો. આખો દિવસ રાંધવા-સીધવાના કામમાં ત્હેમને રોકાઈ રહેવું પડતું.

વાંચકોને હમે જણાવવું ભૂલી ગયા છીએ કે અત્યાર સુધી દેવી અઘોરકામિનીને વાંચવા લખવાનું કાંઈ પણ શિક્ષણ મળ્યું નહોતું. કલકત્તામાં મ્હોટા ભાઇને ઘેર વિદ્યાભ્યાસ કરવા રહેતી વખતે પ્રકાશચન્દ્રના હૃદયમાં ત્હેમને ભણાવવાની તીવ્ર ઉત્કંઠા ઉત્પન્ન થઇ, પરન્તુ સંયુક્તકુટુંબમાં દિવસે લાગ મળતો નહીં. રાત્રે સૂઇ રહેવા પહેલાં વાંચવા લખવાનો અવકાશ મળતો. પતિપત્ની ગુરૂશિષ્યા તરીકે એક બીજાથી છુટાં બેસતાં. દેવી અઘોરકામિનીએ અનુરાગપૂર્વક કક્કો ભણવાનું શરૂ કર્યું. થોડા સમયમાં પ્રથમ ભાગ અને બીજો ભાગ પણ સમાપ્ત કર્યો. જે દેવી અઘોરકામિની પ્રારંભમાં ઘણા સમય સુધી પતિથી શરમાતાં હતાં, પતિ આગળ હૃદય ખોલીને વાર્તાલાપ કરતાં સંકોચાતાં હતાં, ત્હેમણે હવે પતિના હૃદયઉપર પ્રેમનું સામ્રાજ્ય સંપૂર્ણપણે જમાવ્યું હતું. એ સમયમાં પત્નીના પિયેર જવાથી પ્રકાશચન્દ્રને ઘણી તીવ્ર વિયોગવેદના થઇ હતી. વિદ્યાર્થીઓને ભણાવી તેઓ જે કાંઇ કમાતા ત્હેમાંથી પોતાની કૉલેજ-ફી, પુસ્તકો વગેરેનું ખર્ચ કહાડતાં જે કાંઈ બચતું તેમાંથી દર મહિને પાંચ રૂપિયા પત્નીને મોકલતા. આ વિયોગકાળમાં ત્હેમના ચિત્તની શી દશા હતી તે ત્હેમની નીચેની ઉક્તિ ઉપરથી જણાઇ આવશે. "**વિદ્યાર્થી અવસ્થામાં લગ્ન થઇ ગયાથી કેવી દુર્દશા થાય છે?** તે હું વિલક્ષણ રીતે સ્હમજી શકયો હતો. ત્હમારૂં સ્મરણ હમ્મેશાં થયા કરતું. વાંચી રહ્યો હોઉં એટલામાં મનમાં એકદમ ત્હમારો વિચાર ઉત્પન્ન થઇ આવતો, અને વાંચવાનું વાંચવાને ઠેકાણે રહી જઇ ઘણીવાર સુધી તે વિચારનુંજ ચિંતન થયા કરતું; અને ચોપડી ઉઘાડીજ પડી રહેતી. * * એ પ્રમાણે થયા કરવાથી મ્હારો કેટલો બધો સમય નષ્ટ થયો છે ત્હેનું ઠેકાણુંએ નથી." આવી આવી ચિન્તાઓમાં તથા ઘરનાં બીજાં ત્રીજાં કામોમાં ઘણો

સમય વ્યતીત થતો હોવાથી પ્રકાશચન્દ્ર બી. એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શકયા નહીં. પ્રકાશચંદ્રની માફક વિદ્યાર્થી જીવનમાં વિરહ વેદના અને સાંસારિક ચિન્તાઓથી આકુળ વ્યાકુળ થઇને આપણા કેટલા બધા વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસને હાનિ પહોંચાડતા હશે ! ?

પ્રકરણ ત્રીજું-નવજીવન

૧૮૬૮-૧૮૭૧

પ્રકાશચન્દ્રના કેટલાક મિત્રો બ્રાહ્મધર્મી હતા. ત્હેમના ધર્મનો સમાવેશ કેવળ પ્રાચીન સમ્પ્રદાયની નિંદામાં, અને સ્વચ્છંદ વર્તનમાં થતો નહીં, પણ ધર્મને માટે વ્યાકુળતા, ઉત્સાહ, નિઃસ્વાર્થતા, ઈશ્વર ઉપર અગાધ પ્રેમ, સરળજીવન આદિ અનેક સદ્‌ગુણોથી તેઓ વિભૂષિત થયેલા હતા. એકાંત સ્થાનમાં જઇને, સંસારની સર્વ મોહ-માયા ભૂલી જઇને એકાગ્રચિત્તે તેઓ જયારે પરબ્રહ્મનાં ભજન ગાતા, ત્યારે ગમે તેવા પાષાણ હૃદયના નાસ્તિક પુરૂષમાં પણ ઈશ્વર-ભક્તિનો સંચાર થયા વગર રહેતો નહીં. પ્રકાશચન્દ્ર જ્યહારે દેશમાં જતા, ત્યહારે એ બ્રાહ્મબન્ધુઓનાજ સહવાસમાં ઘણો સમય વ્યતીત કરતા. ત્હેમનાં સંકીર્તન સાંભળીને, તથા નિઃસ્વાર્થ, એકાગ્રભક્તિને લીધે ત્હેમને ઇશ્વરપ્રેમમાં પ્રમત્ત થયેલા જોઇને ત્હેમના મનમાં વિચાર આવતો, કે 'ભગવાને આ લોકોને જે સુખ આપ્યું છે તે શું તે મ્હને નહીં આપે ?'

એ પ્રમાણે બ્રાહ્મધર્મ તરફ ત્હેમનું ચિત્ત વધારે ખેંચાવા લાગ્યું. એક તરફ પત્નીનું આકર્ષણ અને બીજી તરફ બ્રાહ્મબન્ધુઓનું આકર્ષણ હતું. એમ બન્ને આકર્ષણ વધવા લાગ્યાં. કલકત્તા જઇને તેઓ

બ્રાહ્મબન્ધુઓની સાથે ધર્મોત્સવમાં સામિલ થયા. ઈ. સ. ૧૮૬૮ ની સાલનો માઘોત્સવ એક સ્મરણીય બનાવ બન્યો હતો. એ સમયે પહેલીજવાર નગરકીર્તન થયું હતું. "આવો રે ભાઇઓ, આવો, આટલા બધા દિવસ પછી દુઃખરૂપી રાત્રિનું અવસાન થયું, નગરમાં બ્રહ્મ નામ જાગી ઉઠ્યું છે." એ મતલબનું ભજન ગવાયું. પ્રકાશચન્દ્ર એ ભજનથી ગાંડા—ઘેલા થઇ ગયા. એ સમયથી એમણે નિયમિતરૂપે ભવાનીપુર બ્રાહ્મસમાજની ઉપાસનામાં જવાનો આરંભ કર્યો.

પરમાત્માનું વર્ણન કરતાં ઉપનિષદ્ કહે છે કેઃ—

तदेतत् प्रेयः पुत्रात् प्रेयो वित्तात प्रेयोऽन्यस्मात् सर्वस्मात् अन्तरतरं यदयमात्मा ॥

એ પરમાત્મા સર્વ કરતાં નિકટનો સગો છે; એ પુત્ર કરતાં પણ પ્રિય છે, ધન વૈભવ કરતાં પણ પ્રિય છે અને બીજી બધી વસ્તુઓ કરતાં પ્રિય છે.

ઈ. સ. ૧૮૬૮ ની સાલના છેવટના ભાગમાં રજાઓના દિવસમાં પ્રકાશચન્દ્ર પોતાને દેશ ગયા હતા. એ સમયમાં ત્હેમના જીવનમાં જે ઘટના બની તે ઉપરથી જણાય છે, કે ત્હેમના હ્રદયમાં ઈશ્વરભક્તિનું ઉપર જણાવેલું સ્વરૂપ સારી પેઠે ઠસી ગયું હતું.

માઘોત્સવ બ્રાહ્મધર્મીઓનો મ્હોટો તહેવાર છે. એ સમયે કલકત્તાના તથા બહારગામનાં બ્રાહ્મ સ્ત્રીપુરૂષો એકત્ર થઈ કેટલાક દિવસ સુધી ગીત વાદ્ય વગેરે સહિત ઈશ્વરની ઉપાસના અને ભજન—કીર્તન કરે છે. ૧૮૬૯ ના માઘોત્સવમાં કલકત્તા જવાનો પ્રકાશચન્દ્રે નિશ્ચય કર્યો હતો, પરન્તુ એ અરસામાં એક દિવસ ઝેરી ફળ ખાવામાં આવવાથી અઘોરકામિની ઘણું પીડાવા લાગ્યાં. બે ત્રણ ડૉકટરોને બોલાવીને દવા કરાવવામાં આવી; તેથી ઝેર અંદર પ્રસરતું તો અટક્યું, પણ પાછળથી ત્હેમને જ્વર આવ્યો. એજ દિવસે પ્રકાશચન્દ્રને કલકત્તે જવાનું હતું. કલકત્તા જાઉં કે આવી ગંભીર બિમારીમાં પત્નીની

સુશ્રુષા કરૂં એ વિચારથી એમનું ચિત્ત ઘણું આકુળ વ્યાકુળ થઈ ગયું. બધાં સૂઈ ગયા પછી તેમણે પત્નીને સ્નેહ અને કાળજીપૂર્વક પલંગમાં સૂવાડયાં. મચ્છરદાની બરોબર ઢાંકી દીધી અને પોતે ધર્મોત્સવમાં ભાગ લેવા ઘર બહાર નીકળ્યા. એમની માતાએ ઘણો નિષેધ કર્યો, પત્નીના મંદવાડનું સ્મરણ કરાવ્યું, પણ એમણે ઉત્તર આપ્યો, કે "નદીમાં ભરતી આવી છે. હવે મ્હારાથી ખોટી થવાય એમ નથી. કલકત્તામાં ઉત્સવ થાય અને હું ઘેર બેસી રહું ?"

અઘોરકામિનીને તો યથાસમયે આરામ થયો, પરન્તુ કેવળ ધર્મની ખાતર આ પ્રમાણે સાંસારિક મોહમમતાનો ત્યાગ કર્યાનું પરિણામ એ આવ્યું, કે પ્રભુની કરૂણાનો ત્હેમણે વિશેષ પ્રમાણમાં ઉપભોગ કર્યો.

આ બનાવ બન્યા પછી થોડા દિવસમાં દેવી અઘોરકામિની પોતાની જેઠાણીની સાથે કલકત્તા ગયાં. આ વખતે પ્રકાશચન્દ્રે ત્હેમને પોતાના ધર્મનું પણ કાંઇક જ્ઞાન આપવાનો પ્રયત્ન કર્યો. દરરોજ સ્હવારે એક ભજન ગાતા તથા ઇશ્વરપ્રાર્થના કરતા.

એ સમયમાં એક દિવસ અઘોરકામિનીનાં સાસુએ ત્હેમને છઠનું વ્રત કરવાનું કહ્યું. બંગાળીઓના એ વ્રતમાં ભાત ખાવાનો નિષેધ હતો. સુધારક પ્રકાશચન્દ્રને એ વ્હેમ રૂચ્યો નહીં, ત્હેમણે પત્નીને આજ્ઞા આપી, કે 'ત્હમારે ભાત ખાવોજ પડશે.' સાસુજીની આજ્ઞા માનવી કે પતિની, એ ઉભય ધર્મસંકટમાં અઘોરકામિની સપડાયાં. પરન્તુ એક વખત ભાત વગરનું ભોજન અને બીજી વખત ભાતવાળું ભોજન કરીને ત્હેમણે બન્ને પક્ષને રાજી રાખવા પ્રયત્ન કર્યો હતો. પતિએ પૂછ્યું કે ભાત ખાધો છે કે નહીં; ત્યારે જણાવ્યું કે, હા, ખાધો છે. અઘોરકામિની એ સમયે બાળક હતાં, એટલે સ્હમજી શકયાં નહીં કે **બન્ને પક્ષને રાજી રાખવા એ મનુષ્યને માટે સંભવિત નથી.**

ત્યારપછી થોડાજ દિવસમાં એમણે કલકત્તાના માણિકતોલા-માંથી મિરજાપુર મહોલ્લામાં ઘર બદલ્યું. બંગાળામાં પડદાનો રિવાજ હોવાથી સ્ત્રીઓને રસ્તામાં ચાલીને જવાનો પ્રસંગ આવે છે તો તેઓ બહુજ શરમાય છે, બીહે છે, અને સંકોચાય છે. આ વખતે દેવી અઘોરકામિની અને ઘરની અન્ય સ્ત્રીઓ પોતાના સાલ્લાનો પાલવ એક બીજાને બાંધીને ચાલતાં હતાં, કે જેથી કોઈ વિખુટું પડીને ખોવાઇ ન જાય! આ નજીવા બનાવનો ઉલ્લેખ એટલાસારૂ કર્યો છે, કે એનાં એ શરમાળ તથા બીકણ અઘોરકામિનીએ પાછલી વયમાં કેટ-લીએવાર રેલગાડીમાં એકલી જાતે મુસાફરી કરી હતી અને જ્યાં જ્યાં નિર્ભયતાનું પ્રયોજન પડયું હશે ત્યાં ત્યાં એમણે કદી પણ પાછી પાની કરી નથી.

કેટલોક સમય વીત્યા પછી એ સુવાવડ કરાવા પિયેર ગયાં. ત્યાં એમને આઠમે મહિને પુષ્કળ જોરમાં તાવ આવવા માંડયો. જ્વરનું બળ દરરોજ વધતુંજ હતું. એમની સ્થિતિ ઘણી ભયજનક હતી. જીવવાની આશા ઓછી થવા માંડી હતી. છેવટે એમના મામા, ડૉકટર શ્રીયુક્ત ગોવિન્દચન્દ્ર દત્તે એમનો જીવ બચાવવા ખાતર ગર્ભ-માંના બાળકને મારીને બહાર કહાડવાનો સંકલ્પ કર્યો. બધી તૈયા-રીઓ રીતસર થઇ ગઇ. એટલો મ્હોટો પ્રયોગ એકલે હાથે કરવો ઠીક નહીં ધારીને પાસેના ટોકી ગામથી ડૉકટર ચંડીચરણ ઘોષને બોલાવવા મોકલ્યા. એ ડૉકટર સ્હવારના પ્હોરમાં આવી પહોંચ્યા અને ઔષ-ધનો પ્રયોગ કરીને ગર્ભમાંના બાળકને મારીને બહાર કહાડવાની બધી સામગ્રી તૈયાર કરી. મનુષ્યોએ તો સંતાનવધ કરવાનાં બધાં ઉપ-કરણ તૈયાર કર્યાં, પણ દયાળુ ભગવાન કાંઈ અલ્પજ્ઞ મનુષ્યોની ઇચ્છા પ્રમાણે ચાલતા નથી. રાત્રેજ અઘોરકામિનીને પ્રસવવેદના શરૂ થઇ, એમણે ખાટલામાં પડયે પડયે ડૉકટરોની બધી ખટપટ સાંભળી હતી, એટલે રાતના બે વાગ્યાને સમયે કોઇને પણ ક્હ્યા કારવ્યા વગર

તેઓ એકલાં નીચેના ઓરડામાં જતાં રહ્યાં; અને ભગવાનની કૃપાથી કાંઈ પણ દુઃખ વગર એમના પ્રથમ સંતાન—સુસારવાસિનીનો જન્મ થયો. જે ઓરડો એ બાલિકાના મૃત્યુગૃહ તરીકે નિર્માણ થયો હતો ત્હેમાંજ ત્હેનો જન્મ થયો. ડૉક્ટરોએ એ સમાચાર જાણ્યા ત્યારે ત્હેમના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. બાળકનો પ્રાણ બચાવવાની પ્રબળ ઇચ્છાશક્તિ ત્હેમને આ પ્રસંગે ઘણી મદદરૂપ થઇ પડી હતી. એ ઇચ્છાશક્તિને એમણે અભ્યાસથી દિનપ્રતિદિન વધારે દૃઢ બનાવી હતી અને એને લીધેજ ઉત્તરાવસ્થામાં અપૂર્વ આત્મસંયમ અને સાંસારિક મોહત્યાગનો પરિચય તેઓ આપી શક્યાં હતાં.

ઇ. સ. ૧૮૭૦ ના શિયાળામાં એક રાત્રીએ વાળુ વગેરેથી પરવારીને પ્રકાશચન્દ્ર સ્વર્ગસ્થ રાજનારાયણ બસુનાં ધાર્મિક વ્યાખ્યાનો ઘણા પ્રેમપૂર્વક વાંચી રહ્યા હતા, એવામાં અઘોરકામિનીએ એ ઓરડામાં પ્રવેશ કર્યો અને પતિને એકાગ્રચિત્તે પુસ્તકપાઠ કરતા જોઇને સ્હેજ મશ્કરી કરી, એથી એમના ચિત્તમાં અત્યંત વેદના ઉપસ્થિત થઈ અને ધર્મની બાબતમાં એ પ્રમાણે મશ્કરી નહીં કરવાનું સ્પષ્ટ સૂચવી દીધું. બસ, એ બનાવે દેવી અઘોરકામિનીના મન ઉપર ઘણી અસર કરી. ત્હેમણે એ દિવસથી એવી બાબતમાં મશ્કરી કરવાનું છોડી દીધું એટલુંજ નહીં પરન્તુ કોઇ દિવસ પતિનો વિરોધ કર્યો નહીં. એ દિવસથી પતિએ એમનું ચરિત્ર સુધારવાનેમાટે જે જે પ્રયત્નો કર્યા ત્હેમાં તેઓ સદાએ પતિને અનુકૂળ બન્યાં. બાલ્યકાળમાં ગામડામાં અશિક્ષિત બાલિકાઓના સહવાસમાં ઉછરવાથી એમને નજીવી બાબતોમાં અસત્ય બોલવાની ટેવ હતી, પણ પતિની શિખામણ માનીને ત્હેમણે એ ટેવ તદ્દન છોડી દીધી હતી. ધીમે ધીમે ત્હેમણે પતિની બધી વિધિઓનો સ્વીકાર કરવા માંડયો. પ્રકાશચન્દ્રના હર્ષનો એથી પાર રહ્યો નહીં. એમનો ઉમંગ ઘણો વધી પડયો. એ દરરોજ રાત્રે ગુપ્ત રીત્યે પત્નીને ભણાવતા તથા ત્હેમની આગળ

બેસીને ઇશ્વરની પ્રાર્થના અને આરાધના કરતા. આ વખત સુધીમાં અઘોરકામિનીને એટલું શિક્ષણ મળ્યું નહોતું; તેમજ બુદ્ધિનો એટલો વિકાસ થયો નહોતો કે બ્રાહ્મધર્મનાં પુસ્તકો તેઓ પોતાની મેળે વાંચીને, ત્હેના સિદ્ધાન્તોની સારાસારતાનો સ્વતંત્રપણે વિચાર કરી શકે; પરન્તુ **પતિનું અનુસરણ કરવું અને ધર્મસાધનમાં તેમને અનુકુળ થવું એજ આર્યપત્નીનું કર્તવ્ય છે** એમ ધારીને એમણે પ્રકાશચન્દ્રનો ધર્મ–બ્રાહ્મધર્મ આનંદપૂર્વક ગ્રહણ કર્યો હતો.

એ ધર્મ ગ્રહણ કર્યાં પછી તરતજ એમને એક કસોટીમાં કસાવું પડયું. ૧૮૭૧ ની સાલમાં પ્રકાશચન્દ્રની ભત્રિજી વસન્તકુમારીના લગ્નની તૈયારી ચાલી રહી હતી. બંગાળામાં લગ્ન પ્રસંગે 'જલસઉઆ' નામનું એક અનુષ્ઠાન થાય છે. પાંચ ઘર ફરીને સ્ત્રીઓ જળ માંગી લાવે છે અને એજ પાણીથી લગ્નને આગલે દિવસે કન્યાને સ્નાન કરાવવામાં આવે છે. એ પ્રસંગે સ્ત્રીઓ વાજતેગાજતે જાય છે, અને પોતાના કુલીનત્વનું ભાન ભૂલી જઇને ફટાણાં પણ ગાતી જાય છે. પ્રકાશચન્દ્રને એ રિવાજ ઘણો દોષ ભરેલો જણાયો. એમણે પત્નીને સ્પષ્ટ કહી દીધું, કે ત્હમારે એ પ્રસંગે સામિલ થવું નહીં. પતિની આજ્ઞા માનતાં એમને ઘરનાં બીજાં માણસોનો ઘણોજ તિરસ્કાર ખમવો પડયો હતો. એમનાં સાસુએ કહ્યું હતું કે "આ છોકરીને મા નથી, અને બીજી કોઇ મ્હોટી વહુ અહિંયા હાજર નથી, માટે સર્વ વિધિ ત્હારેજ કરવો પડશે. જો ન કરવો હોય તો મ્હારા ઘરમાંથી ચાલી જા. છોકરીનો વાંકો વાળ થશે તો ત્હારી ખબર લઇ લઇશ." એટલામાં વળી એક બીજી મુરબ્બી સ્ત્રીએ આવીને કહ્યું: "છિટ ! ત્હને લાજ નથી આવતી ? ઢાંકણીમાં પાણી લઇને ડુબી મર" વગેરે વગેરે. પરન્તુ એવા ઠપકાથી અઘોરકામિની ડગ્યાં નહીં. એ આખો દિવસ એમણે રોઇને તથા અપવાસ કરીને કહાડયો હતો. રાત્રે જ્યારે 'જલસઉઆ'નો સમય થયો ત્યારે બધી સ્ત્રીઓ એમને

બોલાવવા આવી, એમણે જવાની ઘણીએ ના કહી; એટલે એ સ્ત્રીઓ જબરદસ્તીથી ખેંચીને એમને લઈ ગઈ.

એમને એ પ્રમાણે પરાણે ખેંચી ગયાં, તોપણ પ્રકાશચન્દ્રને એમના ઉપર ઘણો ગુસ્સો ચ્હડ્યો અને રાત્રે એમને શયનગૃહમાં આવવા દીધાં નહીં. આ બનાવને ઉદ્દેશીને પ્રકાશબાબુ લખે છે, કે "ત્હમારો કાંઈ વાંક નહોતો. બીજા બધાના ઉપર અસંતોષ પ્રગટ કરી નહીં શકાયાથી ત્હમને મ્હેં વધારે દુઃખ દીધું. અસ્તુ! આ બનાવ પછી ત્હમારે ને મ્હારે સાંસારિક કુસંસ્કારોની વિરૂદ્ધ ઘણીવાર ઉભા રહેવું પડયું હતું. ત્હમે દરેક વખતે મ્હારા કહ્યા પ્રમાણે ચાલીને મ્હારા વિશ્વાસનું રક્ષણ કરવાનો યત્ન કર્યો હતો. એવા સંગ્રામની સ્હામે થવામાં ત્હમારી પાસેથી મ્હેં આ આશ્ચર્યકારક મદદ મેળવી હતી. ત્હમે પૂર્વે કાંઈ પણ શિક્ષણ મેળવ્યું નહોતું, પરન્તુ ખરાબ રિવાજની વિરૂદ્ધ થતી વખતે ત્હમારી જે દૃઢતા જોવામાં આવી, તેથી હું ઘણોજ વિસ્મય પામ્યો. પાછલા જીવનમાં એ સાહસનો એટલો બધો વિકાસ થયો હતો, કે એ જોઇને બહારના લોકો પણ અચંબો પામી જતા."

એ અરસામાં પ્રકાશચન્દ્રના એક ઇષ્ટ મિત્રે બ્રાહ્મવિધિ પ્રમાણે લગ્ન કર્યું: એ વિધિ અનુસાર એ લગ્ન પ્રથમજ હોવાથી એની વિરૂદ્ધ સંરક્ષકદળે ઘોર આન્દોલન મચાવ્યું હતું. એમાં હાજરી આપનારાઓને ન્યાત બહાર મૂકવાની પણ હિલચાલ થઇ હતી, પરન્તુ એ ગામના લગભગ દરેક ઘરમાંથી એકાદ માણસે એ લગ્નમાં હાજરી આપેલી હોવાથી કાંઇ વળ્યું નહોતું. છતાં પણ એ સંસ્કારમાં પ્રકાશચન્દ્રે આગળ પડતો ભાગ લીધેલો હોવાથી, એક મુખ્ય અપરાધીની સ્ત્રી તરીકે દેવી અઘોરકામિનીને ઘણું અપમાન સહન કરવું પડયું હતું. એ આપત્તિના સમયમાં પ્રકાશ બાબુના એક સન્મિત્ર મોહિની મોહન બાબુની સાધ્વી પત્નીના સમાગમમાં આવ્યાથી અઘોરકામિનીને ઘણો લાભ થયો

હતો. એ સન્નારીની સાથે એકાન્તમાં બેસીને ધર્મ સંબંધી વાતચીતમાં તથા ઈશ્વિરારાધનામાં એમનો ઘણો સમય વ્યતીત થતો હતો.

આ સમયમાં પ્રકાશચન્દ્રનો જીવનસંગ્રામ ઘણો વિકટ થઇ પડયો હતો. બી. એ. નો અભ્યાસ બંધ કરવો પડયો હતો, થોડા દિવસ કાયદાનું અધ્યયન કર્યું હતું, પરન્તુ બ્રાહ્મધર્મી થયા પછી વકીલના ધંધા માટે સંદેહ ઉત્પન્ન થયો. એમના ગામના એક નામીચા વકીલે કહ્યું હતું, કે આ ધંધામાં સાચા–ખોટાનો વિવેક કરવાનું પાલવતું નથી. આથી એમણે એ ધંધાનો વિચાર માંડી વાળ્યો, અને પોતાની બધી મહત્વાકાંક્ષાને તિલાંજલિ આપીને કુટુંબ નિર્વાહાર્થે પોસ્ટઑફિસનું કામ શીખવાનો આરંભ કર્યો; સને ૧૮૭૧ ના ડિસેમ્બર માસમાં એ ખાતાની પરીક્ષામાં પાસ થઇને વર્ધમાનના કામચલાઉ પોસ્ટમાસ્તર નીમાયા.

પ્રકરણ ચોથું–પહેલો ઘરસંસાર

૧૮૭૨–૧૮૭૪

૧૮૭૨ ની ૫ મી એપ્રિલે પ્રકાશચંદ્ર વર્ધમાન ગયા. એ વખતે એમની માસિક આવક સાડી સાડત્રીસ રૂપિયાની હતી. ત્યાં ગયા પછી થોડા દિવસમાં એમણે અઘોરકામિનીને ત્યાં બોલાવ્યાં. ઘરસંસારનો બધો વહિવટ એકલે હાથે અને પોતાનીજ બુદ્ધિ અનુસાર ચલાવવાનો એમને માટે આ પ્રથમ પ્રસંગ હતો, અને એમાં એમણે પૂરી કુશળતાનો પરિચય આપ્યો હતો. ઘરનું બધું કામકાજ તેમણે પોતાને હાથે કરવાથી અને સંપૂર્ણ કરકસરથી વહિવટ ચલાવવાથી તેમની સુવ્યવસ્થાને લીધે પ્રકાશચન્દ્ર એટલા ટુંકા પગારમાંથી પણ ત્રણ મહિનામાં પચાસ રૂપિયા બચાવી શક્યા હતા. ત્યાર પછી દેવી અઘોરકામિનીને બીજી

વાર સુવાવડ આવી. સુવાવડ નિમિત્તે પિયેર જતી વખતની સ્થિતિનું વર્ણન કરતાં પ્રકાશચન્દ્ર લખે છેઃ–"જવાને દહાડે ત્હમે આખી રાત્રિ રોદન કર્યું અને મ્હને પણ કરાવ્યું. કોણે કોને રોદન કરાવ્યું એ હું કહી શકતો નથી. * * * એનાં એ ત્હમે પાછલી વયમાં પોતાની ઇચ્છાથી કેટલીએવાર મ્હને એકલો મૂકીને જ્ઞાનશિક્ષા સારૂ દહાડાના દહાડા સુધી બહાર રહ્યાં હતાં. વિદાય થતી વખતે એક બિન્દુ પણ અશ્રુનું પાડતાં નહીં અને આ દુનિયામાંથી છેલ્લી વિદાય લેતી વખતે પણ રડયા વગરજ ચાલ્યાં ગયાં."

પિયેરમાં એમની બીજી કન્યા સરોજિનીનો જન્મ થયો. પણ એ વખતે એમની તબિયત ઘણી લથડી ગઇ. દેહ લગભગ રક્તહીન થઇ જવા આવ્યો ત્યાંસુધી રક્તસ્રાવ બંધ થયો નહીં. બધાંને ચિન્તા થવા માંડી. ડૉકટરે પણ હારી જઇને કહ્યું, કે મ્હારી કોઇ દવા કામ લાગતી નથી. અઘોરકામિનીએ રાત્રે સ્વપ્નમાં જોયું, કે એમના ગામના રામા ધોબી પાસે એ રોગનું ઔષધ છે. રામા ધોબીને બોલાવ્યો તો પહેલાં થોડી ઘણી આનાકાની કર્યા પછી એણે એક જડીબુટ્ટી આપી; જેથી લોહી પડતું તદ્દન બંધ થઇ ગયું.

સરોજિનીના જન્મ પછી પ્રકાશચન્દ્રની કામચલાઉ નોકરી છૂટી ગઇ; અને પત્નીએ કરકસરથી બચાવેલા પચાસ રૂપિયા લઇને તેઓ કલકત્તા ગયા. ત્યાં તેઓ પોતાના એક મિત્રે સ્થાપેલા છાપખાનામાં વહીવટ કરનારા ભાગીદાર તરીકે જોડાયા. એ છાપખાનાને ફતેહમંદ કરવાને એમણે જરા પણ પાછી પાની કરી નહીં. આ વખતે એમને ખાત્રી થઇ ગઇ, કે કર્તવ્યજ્ઞાનપૂર્વક માણસ વ્યવસાય કરે તો એને અવશ્ય લાભ થાય છે. તેઓ છાપખાનામાં જોડાયા તો ખરા, પણ એની આવકમાંથી પોતે એક પાઇ પણ લેતા નહીં. બધું મૂળ ભંડોળમાંજ જમા થવા દેતા; આથી કરીને પત્નીને હાથખર્ચ સારૂ કાંઈ પણ મોકલવાનું એમનાથી બની શકતું નહીં. એને લીધે પિયેરમાં,

કે સાસરામાં પરાધીન રહીને પોતાનું તથા બે પુત્રીઓનું પાલનપોષણ કરવું, મુરબ્બીઓનાં મ્હેણાં સહન કરવાં અને ઘરનું બધું વૈતરૂં કરવું એજ અઘોરકામિનીના ભાગ્યમાં હતું; પરન્તુ એ બધુંએ પ્રસન્નચિત્ત સહન કરતાં. પતિને એ સંબધી લખીને તથા હાથખર્ચના રૂપિયા મોકલવાની તાકીદ કરીને કંટાળો આપતાં નહીં.

એજ અરસામાં પ્રકાશચન્દ્રનો એક પત્ર વાંચ્યાથી એમને એવી શંકા ઉત્પન્ન થઇ કે પતિને સંસાર ઉપર વૈરાગ્ય ઉપજ્યો છે અને એ સંન્યાસી થઇને ચાલ્યા જશે. તરતજ એમણે પોતાના એક જેઠને બોલાવીને કહ્યું, કે 'બાબુજીને બોલાવી લાવો.' એમણે કહ્યું, કે "એ ત્યાં ધંધો કરતા હોવાથી કામકાજ છોડી દઇને અહિંયા કેવી રીતે આવશે ? વળી મ્હારો હાથ પણ ભીડમાં છે. હું કલકત્તા કેવી રીતે જાઉં?" પરન્તુ એમના મનની એ વખતની સ્થિતિને રોકવી એ પર્વતમાંથી વેગપૂર્વક નીકળતા નદીના પ્રવાહને રોકવા સમાન હતું. પૈસાની તંગીની વાત સાંભળતાંવારજ એમણે પોતાના ગળામાંનો હાર ક્હાડીને એમના હાથમાં સોંપતાં કહ્યું: 'આ વેચીને બધું ખર્ચ ચલાવો, પણ બે દિવસની અંદર બાબુજીને બોલાવી લાવો.' એમના જેઠ કલકત્તા જઇને પ્રકાશચન્દ્રને બોલાવી લાવ્યા, ત્હેમણે આ પ્રમાણે ખોટી શંકાની ખાતર એકાએક કામ છોડાવી પોતાને બોલાવી મંગાવવા માટે પત્નીને ઠપકો આપ્યો તથા કહ્યું કે: "વેણીભાઇના પહોંચતાં પહેલાંજ હું સંન્યાસી થઇને ચાલ્યો ગયો હોત તો ત્હમે શું કરત ?" દેવી અઘોરકામિનીએ ઉત્તર આપ્યો: "ઘરબાર છોડીને ભગવાં ધારણ કરત. શરીરે ભસ્મ લેપન કરત, અને જ્યાંસુધી ત્હમારો મેળાપ ન થાત ત્યાં સુધી દેશેદેશ ભટકત." ધન્ય છે એ આર્યપત્નીના અનુરાગને ! બ્રાહ્મસમાજી થાઓ, આર્યસમાજી થાઓ, કે પ્રાર્થના સમાજી થાઓ, પરન્તુ ભારત રમણીઓમાંથી અનન્ય પતિભક્તિની આ દિવ્યભાવના દૂર ન થાય એજ હમે ભગવાન પાસે માંગીએ છીએ.

પ્રકાશચન્દ્ર સ્વતંત્રપણે રોજગાર કરીને ધનવાન થાય એ એમના કુટુંબીઓને રૂચ્યું નહીં, એમના સંયુક્તકુટુંબમાં ક્લેશ અને કુસંપ વધી પડ્યો અને એમણે પણ એથી કંટાળીને લાભપ્રદ ધંધાનો ત્યાગ કરીને બેગુડાના પોસ્ટ માસ્તરની નોકરી સ્વીકારી; પરન્તુ એ ખાતામાં મન નહીં રૂચવાથી એ નોકરીનું રાજીનામું આપીને ઇ. સ. ૧૮૭૩ ના ડિસેમ્બરમાં હરિનાભિ શહેરની હાઇસ્કૂલમાં બીજા શિક્ષકનું પદ સ્વીકાર્યું. સાધારણ બ્રાહ્મસમાજના સ્થાપક અને વિદ્વાન્ આચાર્ય શ્રીયુક્ત પંડિત શિવનાથ શાસ્ત્રી એ સમયે એ નિશાળના હેડમાસ્તર હતા. ૧૮૭૪ ના માર્ચ માસમાં દેવી અઘોરકામિની પણ બે કન્યાઓને લઇને પતિને ગામ ગયાં. ત્યાં જઇને પંડિત શિવનાથ શાસ્ત્રીના સુશિક્ષિત અને સુસંસ્કારી કુટુંબીઓના સમાગમમાં આવ્યાથી એમને અપૂર્વ લાભ થયો. એમના જીવનમાં કેટલાક ઉત્તમ સદ્‌ગુણો ખીલી નીકળ્યા, ત્હેને માટે આ સત્સમાગમજ ઘણે અંશે કારણભૂત હતો. બ્રાહ્મપરિવાર કેટલું ઉન્નત હોય છે, એકઠાં મળીને ઇશ્વરની ઉપાસના કર્યાથી કેટલું સારૂં પરિણામ આવે છે, ત્હેનો અનુભવ કરવાનો આ વખતે ત્હેમને પ્રસંગ મળ્યો. સ્વામીની સાથે, સ્વામીના ધર્મબન્ધુઓની સાથે એકઠી રહીશ, સ્વતંત્રપણે ઘરસંસાર ચલાવીશ, અને એ સંસારમાં પોતાના અંતઃકરણના ધર્મનું રક્ષણ કરીને ચાલીશ, એવી એવી આશાઓ એમણે ઘણા સમયથી પોતાના મનમાં રાખી હતી, આટલા દિવસ પતિ વિદેશમાં હોવાથી એ બધી ઇચ્છાઓ પૂરી થઇ શકી નહોતી, પરન્તુ હવે એ બધા કોડ પૂરા થવા લાગ્યા, એટલે એમના હર્ષનો પાર રહ્યો નહીં. શિવનાથ શાસ્ત્રીના પરિવાર સાથે એમને ગાઢ મિત્રતાનો સંબંધ બંધાયો. એમની પુત્રીઓને એ પુષ્કળ લાડ લડાવતાં.

એજ અરસામાં પ્રકાશચન્દ્રને મતિહારિમાં દુકાળના સંકટ નિવારણ ખાતાના સુપ્રીન્ટેન્ડન્ટની નોકરી મળી. એ નોકરીમાં પગાર વધારે હતો, આગળ ઉન્નતિ થવાની પણ આશા હતી, વળી સરકારી નોકરી હતી, એટલે એમના મિત્રોએ પણ તે પદ સ્વીકારવાની સલાહ આપી હતી.

પ્રકરણ પાંચમું–એકાકિની

૧૮૭૪–૭૫

પ્રકાશચન્દ્ર હરિનાભીથી મતિહારી ગયા, પણ ત્યાંનું કામ દુકાળનું હતું. સ્થાયી રહેવાનું થાય કે નહીં તે નક્કી નહોતું, એટલે પત્નીને સાથે ન લઇ જતાં, પોતાને ગામ મોકલી આપ્યાં. આ વખતનો વિયોગ ઉભયને ઘણો સાલ્યો હતો. ૧૮૭૪ ની ૫ મી એપ્રિલના પત્રમાં અઘોરકામિની પતિને લખે છે, કેઃ “ત્હમારો મત્ર મળ્યો. ત્હમે ક્યાં છો? મ્હને અહિંયાં એકલી મુકીને ક્યાં ચાલ્યા ગયા? ત્હમારા વગર હું અત્રે અંધકાર દેખું છું. મ્હારે ત્હમારા સિવાય બીજું કોઇજ નથી.” એવા એવા કાતરોક્તિ પૂર્ણ પત્રો ઘણા લખતાં. પ્રકાશચન્દ્ર શિખામણ અને આશ્વાસનના પત્રો લખતા, પણ એથી તો પતિદર્શનની અભિલાષા વધારે ઉત્તેજીત થતી. એ સંબંધમાં પ્રકાશચન્દ્ર લખે છેઃ “આગમાં ઘી હોમ્યાથી શું એ કદી બુઝાઇ શકે છે? એ વખતે તો ત્હમે કેવળ શરીરનેજ ઓળખતાં, આત્માને ઓળખતાં એ વખત સુધી શીખ્યાં નહોતાં—ત્હમારો દોષ નહોતો. આ સેવક પણ એ વખતે તો શરીરને માટે આકુળ વ્યાકુળ હતો. ત્હમે તો કાંઈ ઉચ્ચશિક્ષા મેળવી નહોતી. મ્હારા પોતાનામાં પણ એ સમયે કાંઇ ધર્મબળ નહોતું. વિદેશમાં ધર્મબન્ધુઓથી વિખુટો પડીને હું અંધકારમાં ભમતો હતો. એવામાં એક પત્રમાં ત્હમે લખ્યું હતું, કે “સર્વદા ઇશ્વિરને પુકારજો. ત્હેને એક ક્ષણ વાર પણ ભૂલશો નહીં.” મ્હારી એ અવસ્થામાં ત્હમારા એવા પ્રકારના એક વાક્યે મ્હને કેટલો બધો લાભ પહોંચાડયો હતો, તે હું કહી શકતો નથી.” ત્હમે વળી એક પત્રમાં પૂછ્યું હતુંઃ “મતિહારી કેવી જગ્યા છે? મિત્રો કેવા છે? સમાજ છે કે નહીં? ધર્મબન્ધુ છે કે નહીં? શિવનાથ

બાબુની પેઠે ત્હમારા ઉપર સ્નેહ રાખનારા કોઇ મિત્રો છે કે નહીં, એ બધું સાંભળવાની ઘણી ઇચ્છા થાય છે. **ત્હમારૂં જે કષ્ટ હોય તે બધું મ્હને આપજો. હું ત્હેનાથી ઘણીજ સુખી થઇશ."** એ પ્રમાણે ત્હમે મ્હારા મનના બધા ભારનાં ભાગી ના બન્યાં હોત, મ્હારા આત્માના કલ્યાણની ખબર લેતાં રહ્યાં ન હોત તો મ્હારી શી વલે થાત ? દેવી ! ત્હમે પણ એ વખતે ઘણી નીચલી ભૂમિ ઉપર હતાં, હું પણ ઘણો નીચે હતો. શરીરના વિચ્છેદથી બન્ને કાયર થયાં હતાં; પરન્તુ ભગવાને બતાવ્યું કે "પરસ્પરનો પ્રેમ અને સહાનુ-ભૂતિ એ ગુણોને લીધે એ નીચલી ભૂમિના વસનારા આત્માઓ પણ પરસ્પર કેટલી સહાયતા પહોંચાડી શકે છે."

શ્રીપુરમાં દેવી અઘોરકામિનીનું પિયેર તેમજ સાસરૂં હતું, એ હમે આગળ જણાવી ગયા છીએ. ત્યાં આગળ ગયા પછી પાછાં એ ઘરકામમાં પલોટાઇ ગયાં. ઘરસંસારનાં ન્હાનાં મ્હોટાં દરેક કામ કરવામાં તથા સંતાન પાલનમાં એટલો બધો સમય વ્યતીત થતો કે સારાં પુસ્તકો વાંચવાને તથા પતિને પત્ર લખવાને સારૂ મહા મહેનતે ફુરસદ મળતી. સાસરા અને પિયેર બન્ને કુટુંબમાં ત્હેમને પુષ્કળ કામ કરવું પડતું હતું.

આ સમયમાં દેવી અઘોરકામિનીના સમાગમમાં આવનાર તથા ત્હેમના સદ્‌ગુણોથી પરિચિત થનાર કેદારનાથ નામના એક ધાર્મિક બન્ધુએ ત્હેમના પતિને લખ્યું હતુંઃ "પ્રકાશ ! તું જાણતો નથી કે અઘોર કેવું રત્ન છે."

પ્રકાશચન્દ્રની મતિહારીની નોકરી સ્થાયી થવાથી ઇ. સ. ૧૮૭૫ ના વર્ષમાં દેવી અઘોરકામિની બે કન્યા, ભત્રીજી વસન્તકુમારી અને ભત્રીજા જમાઇ રામલાલ દત્તને લઇને મતિહારી પહોંચ્યાં, અને ગૃહિણી તરીકે ઘરનો બધો કાર્યભાર પોતાના હાથમાં લીધો.

દ્વિતીયખંડ (ગૃહિણી)

પ્રકરણ છઠ્ઠું–મતિહારીમાં પ્રથમવાર

૧૮૭૫–૧૮૭૬

મતિહારીમાં પ્રકાશચન્દ્રને ૮૦ રૂપિયાનો મહિનો મળતો. એમાંથી દર મહિને ત્રીસ રૂપિયા ઘર આગળ માની પાસે મોકલી આપતા. બાકીના ૫૦ રૂપિયામાંથી દેવી અઘોરકામિની કુશળતાપૂર્વક ગૃહસ્થાશ્રમ ચલાવતાં.

હવે આ દંપતિએ બ્રાહ્મધર્મી કુટુંબોના જેવું જીવન ગાળવા માંડયું હતું. ઇ. સ. ૧૮૭૬ ની ૨ જી જાન્યુઆરીથી નિત્ય પારિવારિક ઉપાસના કરવાનો આરંભ કર્યો. પોતાનાજ ઘરમાં એક સમાજ સ્થાપી. અન્ય સ્ત્રીઓને એકઠી કરીને દેવી અઘોરકામિની પણ સામાજિક ઉપાસનામાં સામિલ થતાં. આ સમયથી પારકાંઓને માટે ચિન્તા કરવાનું એમણે આરંભ્યું હતું. એ સમયમાં દક્ષિણ પૂર્વ બંગાળામાં પુષ્કળ વરસાદ તથા વાવાઝોડાને લીધે ઘણા લોકો મરી ગયા હતા તથા અન્નનું કષ્ટ ભોગવતા હતા. આચાર્ય કેશવચન્દ્રે એ સંબંધમાં કલકત્તાની સમાજના મંદિરમાં હૃદયભેદી આવેદન કર્યું. એ આવેદન 'ધર્મતત્ત્વ' નામના પત્રમાં છપાયું હતું. ૧૮૭૭ની ૯ મી સપ્ટેમ્બરે સામાજિક ઉપાસના થઇ રહ્યા પછી પ્રકાશચન્દ્રે એ આવેદન શ્રોતાઓ આગળ વાંચી સંભળાવ્યું. એ નિરાધારોની દશાનું વર્ણન સાંભળીને દેવી અઘોરકામિનીનું હૃદય એટલું બધું દ્રવિભૂત થયું, કે એમણે પોતાના હાથની સોનાની બંગડીઓ ખોલીને એ ફંડમાં દાન કરી દીધી.

પિયેરમાં અઘોરકામિનીને સારાં વસ્ત્ર પહેરવાની ઘણી ચીવટ

હતી. પોતાની રૂચિ અનુસાર ખાસ તૈયાર કરાવેલાં વસ્ત્રો પહેરતાં, પરન્તુ ધર્મ તરફ વૃત્તિઓ ઝુકયા પછી એ દિશામાંથી ચિત્ત ઉઠી ગયું; અને ગરીબ લોકોના જેવાં જાડાં લુગડાં એમણે પહેરવા માંડયાં. એવાં વસ્ત્ર ધારણ કરીને મ્હોટા માણસોની સ્ત્રીઓને મળવા જતાં પણ તેઓ સંકોચાતાં નહીં. મતિહારીમાં પતિની કમાઇના પૈસા ત્હેમના હાથમાં આવતા, પણ એમાંથી ત્હેમણે એક પણ અલંકાર કરાવ્યો નહોતો કે પતિને અલંકાર બનાવી આપવા સારૂ પજવ્યા નહોતા. પ્રારંભમાં 'શાંખા' (શંખની બનાવેલી બંગડીઓ) પહેરતાં, પાછળથી સાધારણ બંગડીઓ ધારણ કરતાં અને જીવનનાં છેલ્લાં કેટલાંક વર્ષો તો છેક ઉઘાડે હાથે પણ ફર્યાં હતાં; હાથમાં 'નોયા' (એક પ્રકારની લોઢાની ચુડી) ન હોય તો સ્વામીનું અમંગળ થાય એવો વ્હેમ બીજી બંગાળી સ્ત્રીઓની પેઠે એમને નહોતો, એટલુંજ નહીં, પરન્તુ એવો વ્હેમ ધરાવનારી બ્રાહ્મમહિલા પ્રત્યે તેઓ તિરસ્કાર બતાવતાં હતાં.

મતિહારીમાં ઇ. સ. ૧૮૭૬ ની ૫ મી મેને દિવસે એમના પ્રથમ પુત્ર સુબોધચન્દ્રનો જન્મ થયો. કુટુંબીઓના હર્ષનો પાર રહ્યો નહીં; પરન્તુ પ્રકાશચન્દ્ર તો ઇશ્વરનો ઉપકાર માનીને આજથી પુત્રને સુશિક્ષા આપવાની, ત્હેનામાં ધર્મ, જ્ઞાન અને ઇશ્વરપ્રેમની વૃદ્ધિ કરવાની પોતાને માથે આવી પડેલી મહાન ફરજનો વિચાર કરવામાંજ તલ્લીન થઇ ગયા. ત્યાર પછી—ચારેક મહિના પછી સુપ્રસિદ્ધ બ્રાહ્મસાધુ અઘોરનાથ મતિહારી આવ્યા. એમણે ત્યાં આગળ અનેકવાર ધર્મોપદેશ આપ્યો તથા કીર્તન કર્યું. પ્રકાશચન્દ્ર અને ત્હેમના કુટુંબને એથી ઘણો લાભ થયો. પુત્ર સુબોધનું નામકરણ પણ એજ સાધુએ કર્યું; તથા દેવી અઘોરકામિની અને ત્હેમની ભત્રીજી વસન્તકુમારીને વિધિ પ્રમાણે બ્રાહ્મધર્મની દીક્ષા આપી.

સાધુ અઘોરનાથે એક દિવસ આ દંપતિને ધર્મોપદેશ આપતાં

આપતાં પોતાના એક મિત્રના સંબંધમાં કહ્યું, કે એની એવી દુર્દશા છે કે પત્ની નિકટ ન હોય તો એને નિદ્રાજ આવતી નથી. એ ઉદાહરણ ઉપરથી એમણે ઉપદેશ આપ્યો કે અનાસક્ત થયા વગર આત્માનો ઉદ્ધાર થતો નથી. જે રાત્રે સાધુને મુખેથી એ ઉપદેશ સાંભળ્યો તેજ રાત્રે પોતાની પરીક્ષા કરી જોવાનો પ્રકાશચન્દ્રે વિચાર કર્યો; અને પોતાની પથારી સાધુની પાસે કરવાનો આદેશ આપ્યો. દેવી અઘોરકામિનીએ એમાં જરાયે વાંધો લીધો નહીં. સાધુ તો થોડા સમયમાં ઘોર નિદ્રાવશ થઇ ગયા, પણ જુવાન પ્રકાશચન્દ્રને નિદ્રા આવી નહીં. એ ત્યાંથી નાસીને પત્ની પાસે ગયા તથા પોતાની દુર્બળતા જણાવી દીધી; પરન્તુ એ દિવસથી પતિ પત્ની બન્નેએ વિષયાસક્તિનો ત્યાગ કરવાનો ધીમે ધીમે પણ સચોટ પ્રયત્ન આરંભ્યો. દેવી અઘોરકામિનીની વય એ સમયે લગભગ વીસ વર્ષની હતી, પ્રકાશચન્દ્ર નવ વર્ષે મ્હોટા હતા. એ ભરયૌવનમાં આવો સંકલ્પ કરવો એ કેટલો બધો દુઃસાધ્ય છે, ત્હેની કલ્પના વાંચકોજ કરી લેશે. એમને પણ કેટલીએવાર સંકલ્પભ્રષ્ટ થવું પડ્યું હતું, પરન્તુ **શુદ્ધ નિષ્ઠાથી કરેલો સંકલ્પ આખરે પણ સિદ્ધ થયા વગર રહેતો નથી,** તે પ્રમાણે એમને પણ એમાં અન્તે વિજય મળ્યો હતો.

એ અરસામાં એક ઘડિયાળને સારૂ અઘોરકામિની અને ત્હેમની ભત્રીજી વસન્ત વચ્ચે બોલાબોલી થઈ. પ્રકાશચન્દ્રને એ વાતની ખબર પડતાં ત્હેમણે વસન્તને પગે પડીને માફી માગવાની પત્નીને આજ્ઞા આપી. વયમાં તેમજ માયામાં અઘોરકામિની મ્હોટાં હતાં, વળી વાંક પણ એમનો એકલાંનો નહોતો, એટલે એમને ક્ષમા માગતાં ઘણો ખેદ થાય એ સ્વાભાવિક હતું; પરન્તુ પ્રેમ અને કુટુંબસંપ ચાલુ રાખવા ખાતર એમણે એ આત્મમર્યાદાનું પણ વિસર્જન કર્યું. આ પ્રમાણે રાગ દ્વેષ આદિ વિકારો ઉપર વિજય મેળવતાં પ્રકાશચન્દ્રે પત્નીને શિખવ્યું હતું અને પત્ની શ્રદ્ધાપૂર્વક શિખ્યાં હતાં.

કેટલાક માસ પછી પ્રકાશચન્દ્રની બદલી પટનાના આબકારી ઇન્સપેક્ટર તરીકે થઇ. પત્નીને મતિહારી મુકીને એ બાંકીપુર ગયા. એમના ગયા પછી મતિહારીમાં બ્રાહ્મસમાજનો ઉત્સવ આવ્યો. એમના મ્હોટાભાઇ એ વખતે ઘરમાં હતા. ત્હેમનો મત અઘોરકામિનીને એ ઉત્સવમાં જવા નહીં દેવાનો હતો; પરન્તુ ધર્મનું આવાહન સાંભળીને અઘોરકામિની સ્થિર બેસી શક્યાં નહીં. ઉત્સવમાં ભાગ લઇને પાછાં આવ્યા પછી એમને પોતાનાજ ઘરમાં ન્યાતબહાર રહેવું પડયું. ભત્રીજી વસન્ત પણ એ વખતે ત્હેમની સાથે રહ્યાં હતાં; જેથી બન્ને જણાંઓ મળી પોતાની રસોઇ જુદી રાંધી ખાતાં.

ત્યાર પછી મતિહારીનું ઘર કહાડી નાંખીને દેવી અઘોરકામિની દેશમાં ગયાં, પણ ત્યાં આગળ બધાંની તબિયત ખરાબ રહ્યાથી અને ત્હેમાંએ ખાસ કરીને બાળપુત્ર સુબોધ માંદો થઈ જવાથી પ્રકાશચન્દ્રે બધાંને બાંકીપુર મોકલી આપ્યાં.

પ્રકરણ સાતમું—બાંકીપુરમાં પહેલીવાર

૧૮૭૭ થી ૧૮૭૯

બાંકીપુર આવ્યા પછી એક વર્ષ બાદ મતિહારીનો વાર્ષિક ધર્મોત્સવ આવી પહોંચ્યો. સુબોધચન્દ્રની પ્રકૃતિ એ સમય સુધી સુધરી નહોતી, એટલે ઉત્સવમાં પણ ભાગ લેવાશે અને ડૉક્ટરની સલાહ પ્રમાણે હવાફેર પણ થશે, એમ ધારીને પ્રકાશચન્દ્ર સહકુટુંબ મતિહારી ગયા. ત્યાં ગયા પછી શરૂઆતમાં તો એની તબિયત વધારે ખરાબ થવા લાગી, એટલે સુધી કે એક દિવસ તો એની નાડી એટલી બધી જતી રહી કે પ્રકાશચન્દ્રે ત્હેના જીવવાની આશા છોડી દીધી. પત્નીને એકાન્તમાં બોલાવીને ત્હેમણે પોતાની શંકા જણાવી. એમણે

ધાર્યું હતું કે એકના એક પુત્રની આ સ્થિતિ જાણીને માતા કદાચ ચમકી જશે, પરન્તુ એમની ખાત્રી થઈ કે દેવી અઘોરકામિનીમાં ધૈર્ય અને ઇશ્વર ઉપર વિશ્વાસ એમના પોતાના કરતાં પણ વધારે પ્રમાણમાં હતાં. એમણે પુત્રના જીવનની સંતાપજનક હકિકત એવા સ્થિર ચિત્તે તત્ત્વજ્ઞાનીની માફક સાંભળી કે પ્રકાશચન્દ્ર તો અવાકૂજ થઇ ગયા. એ મંદવાડમાંથી ભગવાનની કૃપાથી સુબોધ તો બચ્યો, પણ દેવી અઘોરકામિની જાતે બિમાર પડયાં. ચિકિત્સકોએ કહ્યું, કે એમના ઉદરમાં ગુલ્મ રોગ છે. એમને મતિહારીથી પાછાં બાંકીપુર અને બાંકીપુરથી કલકત્તા ઇલાજ સારૂ લઇ ગયા. અનેક વૈદ્યરાજો તથા પ્રવીણ ડૉક્ટરો પાસે નિદાન અને ચિકિત્સા કરાવી. કોઇએ બરોળનો રોગ બતાવ્યો, કોઇએ અસાધ્ય ગોળો છે એમ જણાવ્યું, પણ કોઇની દવાથી ફાયદો થયો નહીં. આખરે ડૉક્ટર ચાર્લ્સ નામના પ્રસિદ્ધ સર્જનને શરીર બતાવ્યું; તો એણે પરીક્ષા કરીને કહ્યું, કે શરીરમાં કાંઇ પણ વ્યાધિ નથી. છ માસનો ગર્ભ છે. એ શુભ સમાચાર સાંભળીને બધા આશ્ચર્યચકિત થયા. ડૉક્ટરની અનુમતિથી એમને પાછાં બાંકીપુર લઇ-જવામાં આવ્યાં. ત્યાં આગળ પ્રકાશચન્દ્રના એક સ્નેહી કેદારનાથ રાય મુનસફને ઘેર એમણે આ વખતે મુકામ રાખ્યો હતો. એ મુનસફનાં પત્ની સૌદામિનીદેવી ઘણાં સુશીલ અને વિદુષી સન્નારી હતાં. દેવી અઘોરકામિની અને એમની વચ્ચે અન્યોન્ય ઘણો સારો સ્નેહ બંધાયો હતો, તથા એક બીજાના સદ્ગુણોની પણ ત્હેમના જીવન ઉપર ઊંડી છાપ પડી હતી. એજ ઘરમાં યથાસમયે એમના બીજા પૂત્ર સાધનચન્દ્રે જન્મ ધારણ કર્યો, અને એના જન્મ સાથે એમનો ઉદરવ્યાધિ કે જેને જુદા જુદા ચિકિત્સકોએ ભિન્ન ભિન્ન નામ આપ્યાં હતાં, તે પણ તદ્દન લોપ થઇ ગયો. આ સુવાવડમાં પણ કેદારનાથ અને સૌદામિનીએ ત્હેમને ઘણી મદદ આપી હતી.

તૃતીય ખંડ (ગૃહસ્થ વૈરાગિની)

પ્રકરણ આઠમું-મનનો પ્રસાર

૧૮૮૦ થી ૧૮૮૧

મતિહારીના નિવાસ સમયેજ આ દંપતિ બ્રાહ્મધર્માનુસાર જીવન ગાળતાં શીખ્યાં હતાં. હવે એ જીવનનો ચારે તરફથી વિકાસ થવા માંડયો હતો. બંગાળી સ્ત્રીઓમાં પડદાનો રિવાજ હોવાથી અઘોરકામિનીને બાહ્યજગતનો ઘણોજ થોડો પરિચય મળ્યો હતો; પરન્તુ બ્રાહ્મધર્મનું રહસ્ય જાણ્યા પછી ત્હેમને એમ લાગ્યું, કે બહાર જઇને **જનસમાજની-પ્રભુના સંતાનોની સેવા કર્યા વગર ખરો ધર્મ સધાતો નથી.** વળી બહારના જગતને જોઇને તથા સારાં મનુષ્યોના સમાગમમાં આવીને મનને ઉન્નત-વિશાળ કર્યા વગર પણ બ્રાહ્મધર્મ સધાય એમ નથી. એથી કરીને એમણે પોતાના જીવનને ઘરની સીમામાંજ સંકુચિત ન રાખતાં બાહ્યસૃષ્ટિમાં પણ ધીમે ધીમે વિચરવા માંડયું.

દ્વિતીય પુત્ર સાધનચન્દ્રના જન્મ વખતે શ્રીયુક્ત કેદારનાથરાય અને ત્હેમનાં પત્ની સૌદામિનીએ પોતાની સાથે ન્યાત, જાત કે ગામનો કોઇપણ પ્રકારનો સંબંધ નહીં હોવા છતાં પણ સગાં ભાઇભાંડુની પેઠે જે સ્નેહ અને પરિશ્રમપૂર્વક સેવા-સુશ્રુષા કરી હતી તેથી અઘોરકામિનીના હૃદય ઉપર ઘણી ઊંડી અસર થઈ હતી, અને એવા પ્રકારનાં ઉદારચરિત સ્ત્રીપુરૂષોના અધિક સમાગમમાં આવવાનું ત્હેમણે આરંભ્યું હતું. એમ કરવા માટે બંગાળા પ્રાન્તમાં ચાલતા આવેલા પડદાના ધોરણને વેગળું મુકવાની જરૂર હતી, અને એ કામ ત્હેમણે હિમ્મત-

પૂર્વક ધીમે ધીમે પાર પાડયું હતું. આપણા ગુજરાતમાં સ્ત્રીઓ બંગાળા, ઉત્તર હિંદુસ્તાન તથા પંજાબ આદિ પ્રાન્તોની સ્ત્રીઓ કરતાં ઘણીજ વધારે સ્વતંત્રતા ભોગવે છે, અને ત્હેમનાં મન પણ એને લીધે ઘણાં ઉદાર અને દૃઢ બન્યાં છે. પોતાના મનમાં અપવિત્ર વિચારને જરા પણ સ્થાન આપ્યા વગર તેઓ દેવદર્શને, નદીસ્નાને, સાધારણ ખરીદીઓ કરવા અર્થે બજારમાં જઇ શકે છે; પતિની ગેરહાજરીમાં પતિના સન્મિત્રો તથા સંબંધીઓનો યોગ્ય આદરસત્કાર કરી શકે છે; ત્યારે અન્ય પ્રાન્તવાસી હિન્દુરમણીઓને એ સ્વતંત્રતાનો જરા પણ અનુભવ નથી. પડદાવાળા પ્રાન્તોમાં પુરૂષોનાં ચિત્ત પણ એવાં સંકુચિત થઇ ગયેલાં હોય છે કે સ્ત્રી અને પુરૂષ અપવિત્ર વિચાર લાવ્યા વગર એક ક્ષણ પણ સાથે રહી શકે કે વાર્તાલાપ કરી શકે, એ એમને મન લગભગ અસંભવિત લાગે છે. આવા સંયોગોમાં સફળતાપૂર્વક પડદો છોડી દેવામાં અન્ય પ્રાન્તવાસીઓને અતિ સહિષ્ણુતા, સાહસ અને આત્મબળનો પરિચય આપવો પડે છે. દેવી અઘોરકામિનીમાં એ બધા સદ્‌ગુણો યથાસમયે જણાઇ આવ્યા હતા માટેજ હમે આ બનાવનો ઉલ્લેખ કર્યો છે.

એમના બીજા પુત્ર સાધનચંદ્રનો જાતકર્મ સંસ્કાર કરવા સારૂ બ્રાહ્મસમાજના પ્રસિદ્ધ પ્રસિદ્ધ પંડિતો અને ઉપદેશકો આવ્યા હતા. સુવિખ્યાત આચાર્ય પ્રતાપચન્દ્ર મઝુમદાર પણ ત્યાં પધાર્યા હતા. એમણે પોતાના ઉપદેશનો વિષય ‘બાળક’ રાખ્યો હતો. એમણે જણાવ્યું હતું, કે “બાળક સુખી છે, કારણકે એ દુર્બળ અને નિરાશ્રય છતાં બીજાના ઉપર આધાર રાખતાં જાણે છે. જ્યારે રોગી નિર્બળ છે છતાં સુખી નથી. ગૃહહીન ભિખારી પણ નિરાશ્રય છે ખરો, પરન્તુ તે સુખી નથી. વેચાણ લીધેલો ગુલામ પણ બીજાના ઉપર આધાર રાખનારો છતાં સુખી નથી. એ બધા સુખી નથી તેનું કારણ એ છે કે તેઓ પોતપોતાની સ્થિતિમાંથીજ ઉદ્ધાર કરવા માંગે છે. આપણે પણ

જો જગતજનનીના ઉપર બાળકની પેઠે આધાર રાખી શકીએ, તો સુખી થઇએ." એમનો આ ઉપદેશ પતિપત્નીને ઘણો મધુરો લાગ્યો. એ સંસ્કાર વખતે વાજિંત્રની ગોઠવણ નહીં હોવાથી પ્રતાપચન્દ્રે એમને ઘણો ઠપકો દીધો હતો અને કહ્યું હતું, કે દરેક જાતકર્મ સંસ્કાર ધામધુમથી થવો જોઇએ, કારણ કે એ સંતાન ભવિષ્યમાં કેવા મ્હોટા કાર્યમાં જોડાશે એની કોને ખબર છે!

દેવી સૌદામિનીની સાથે કોઈ કોઈ દિવસ અઘોરકામિનીએ ખુલ્લી ગાડીમાં ફરવા જવા માંડયું હતું. એથી એમના શરીર અને મન બન્નેને ફાયદો થયો હતો. ભિન્ન ભિન્ન દેશમાં પ્રવાસ કરવો એ જ્ઞાન પ્રાપ્ત કરવાનો બીજો ઉપાય છે. એ હેતુથી પ્રકાશચન્દ્ર એમને **ડુમરાવન**નાં જંગલોમાં લઇ ગયા હતા. એ સ્થાનનું પ્રાકૃતિક દ્રસ્ય ઘણું સરસ છે. ઇશ્વરનો મહિમા ત્યાં આગળ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. મન ખોલીને ઉપાસના કરવાને માટે તે યોગ્ય સ્થાન છે. આચાર્ય કેશવચન્દ્ર પણ પોતાના અનુયાયીઓને લઇને આ વનમાં ઉપાસના કરી આવ્યા હતા. આવું જંગલ જોઇને અઘોરકામિનીનું મન ઘણું ઉન્નત થયું, અને પ્રકૃતિમાં પ્રકૃતિનાથનાં દર્શન કરીને પતિપત્ની કૃતાર્થ થયાં.

બહાર નીકળ્યા પછી સ્ત્રીજાતિના અધિકાર અને નારીજીવનનો આદર્શ એ વિષય ઉપર ત્હેમને વિચાર આવવા માંડયા. એમને જણાયું કે આપણા દેશની સ્ત્રીઓની દશા શોકજનક છે, ત્હેમની ઉન્નતિના માર્ગમાં પગલે પગલે વિઘ્ન છે. એ સ્થિતિ જોઇને એમને ઘણો ક્લેશ થવા લાગ્યો. ૧૮૮૧ ની સાલમાં **ગયા**ની બ્રાહ્મસમાજના ઉત્સવમાં એ ગયાં હતાં. ઉત્સવના અન્તમાં શ્યામાચરણ બાબુના ઘરમાં કીર્તન થઇ રહ્યું હતું. દેવી અઘોરકામિનીએ જોયું કે કેવળ પુરૂષોજ કીર્તન ગાઇ રહ્યા છે, બિચારી અબળાઓના ભાગ્યમાં સાથે મળીને ભજન ગાવાનું પણ સુખ અહિં નથી. એમણે ઉપરના ઓટલા ઉપરથી ઊંચે સ્વરે કહ્યું: "હે ભગવાન! ત્હમે પુત્રસંતાનોને સારૂ

આટલું બધું કર્યું એ તો ઠીક થયું, પણ ત્હમારી કન્યાઓને સારૂ શું કર્યું? ત્હેમના મ્હોં સ્હામું કોણ જોશે? ત્હેમની ઉન્નતિ કેવી રીતે થશે?" ઉપાસના, સંકીર્તન, ધર્માલોચના આદિ જે કાંઈ પુરૂષો કરે છે તે સ્ત્રીઓએ પણ કરવુંજ જોઇએ અને ત્હેને માટે ત્હેમને સગવડ કરી આપવાની આવશ્યકતા છે. વિધાતાએ એકજ પદાર્થથી નારી અને પુરૂષના જીવાત્માને ઘડયા છે તો પછી આવી બાબતમાં એમને સારૂ ભિન્ન નિયમ શું કામ હોવા જોઇએ? એવો એમનો અભિપ્રાય હતો. ત્હેમની એ દિવસની કરૂણ પ્રાર્થના સાંભળીને બધાં સ્ત્રી પુરૂષોનું ચિત્ત ત્હેમના તરફ ખેંચાયું હતું, અને પ્રચારક કેદારબાબુએ ત્હેમને મા કહીને બોલાવવા માંડયા હતાં.

એ વર્ષની ૧ લી જૂનથી અઘોરકામિનીએ પોતાના ઘરમાં એક નૂતન રિવાજ ચલાવ્યો. દરમહિને સ્વામીનો જે પગાર આવતો તે ઘરના દેવાલયમાં ઇશ્વરને ચરણે ધરાવીને પછીજ તેઓ તેને ઉપયોગમાં લેવા લાગ્યાં. આથી ઘરનાં બાળકો પણ સમજવા લાગ્યાં, કે ભગવાનના અનુમોદન વગર એક પૈસો પણ ખર્ચી શકાય નહીં. એ વ્રતનું રક્ષણ કરવામાં એમને પાછળથી વિશેષ પરીક્ષામાં પણ પડવું પડયું હતું.

પ્રકરણ નવમું—તપશ્ચર્યાનો આરંભ

૧૮૮૨—૧૮૮૩

૧ લી જુલાઈ ૧૮૮૨ ને દિવસે દેવી અઘોરકામિનીના તૃતીય પુત્ર વિધાનચન્દ્રનો જન્મ થયો. એ એમનું છેલ્લું સંતાન હતું. અનુભવથી એમને જણાયું, કે ઘણાં સંતાન થવાથી સ્ત્રીને ધર્મની સાધના કરવામાં વિઘ્ન નડે છે. જરા સ્હમજણાં છોકરાંઓ હોય તો સમાજ

મંદિરમાં જતી વખતે સાથે લઈ જવાય અથવા ઘેર દાસીને કે કોઈ સંબંધીને સોંપી જવાય, પરન્તુ ધાવણાં બચ્ચાંઓ તો કોઇને સોંપાય પણ નહીં અને સમાજમાં કે મંદિરમાં પણ અંતરાય રૂપ થઇ પડે. એ ઉપરાંત સંતાન ગર્ભમાં હોય છે તે સમયે પણ ચિત્ત સ્થિર રહેતું નથી અને એકાગ્ર ચિત્તે સાધના થઇ શકતી નથી. એટલા માટે દેવી અઘોરકામિની અને પ્રકાશચન્દ્રે પુત્રને ખોળામાં લઇને પ્રતિજ્ઞા કરી કે હવે પછી સંતાન થવા પામશે નહીં. ત્યાર પછી એજ સંતાનના નામકરણ સંસ્કાર પ્રસંગે ત્રૈલોક્યનાથ સન્યાલ નામના ધર્મોપદેશકની સન્મુખ નિઃસંકોચભાવે પોતાના હૃદયનો ભાવ પ્રકટ કરીને બન્ને જણાએ છ મહિના માટે આત્મિકલગ્નવ્રતની પ્રતિજ્ઞા લીધી. પ્રતિજ્ઞા લેતી વખતે એમનું હૃદય કંપતું હતું, કારણકે પહેલાં ઘણી વખત એવો સંકલ્પ કર્યો હતો અને સંસારસુખના મોહમાં તણાઇને છોડી દીધો હતો; પરન્તુ આ વખતે ઈશ્વિરે ત્હેમને સહાય કરીને બતાવ્યું, કે સામાન્ય મનુષ્યો પણ આશ્ચર્યકારક આત્મસંયમનો પરિચય આપે છે.

આત્મિકલગ્ન એ શું, એનો કાંઇક પરિચય આપવો એ અસ્થાને નહીં ગણાય. નવવિધાન બ્રાહ્મસમાજના સ્થાપક આચાર્ય કેશવચન્દ્રસેને પોતાના નવસંહિતા નામક ગ્રન્થના ૨૪ મા અધ્યાયમાં એ વ્રતનો ઉલ્લેખ કર્યો છે. " પોતાનો વિવાહ સંબંધ વધારે આત્મિક કરવાની બાબતમાં જે કોઇ પતિપત્નીને ઈશ્વિરી પ્રેરણા થાય, ત્હેમણેજ માત્ર તે પ્રેરણાને અનુસરીને એ વ્રત કરવા પ્રવૃત્ત થવાનું છે; બીજાંઓએ નહીં. યુવાવસ્થામાં સ્ત્રી પુરૂષો લગ્ન કરે છે ખરાં, પણ પુખ્ત વયમાં આત્મિકલગ્ન થયા વિના બન્નેનો સંબંધ પૂર્ણ થતો નથી. યુવાવસ્થામાં કરેલા સાંસારિક વિવાહથી તો સ્ત્રી પુરૂષ આ લોકમાં એક બીજાનાં સોબતી બને છે, પરન્તુ આ આત્મિકવિવાહથી તો સ્વર્ગલોકમાં પણ પરસ્પરના સાથી બને છે. છોકરાં-

છૈયાં થાય અને સંસારસુખ પ્રાપ્ત થાય એટલા માટેજ લગ્ન કરવું જોઇએ એમ વિષયીજનો માને છે; પરન્તુ એ સર્વ રીતે મિથ્યા છે. વિવાહ એ મરણ પછી પ્રભુના બ્રહ્મરાજ્યમાં શાશ્વતસ્થાન મેળવવાનું ઉત્તમ સાધન છે. માટે વિવાહિત સ્ત્રી પુરૂષોએ પુખ્તવયમાં આ આત્મિકવ્રત ગ્રહણ કરવું. ત્હેના યોગે આ લોકમાં પ્રેમસંબંધ દૃઢ થઇને સ્વર્ગલોકમાં પણ ત્હેનો ચિરકાળ સુધી પરસ્પર સહવાસ રહેશે.” ચાલીસથી પચાસ વર્ષની વય દરમ્યાન અને તે પણ પ્રારંભમાં કેવળ સાત દિવસને સારૂ આ આત્મિકવિવાહવ્રત કરવાનો આચાર્ય કેશવચન્દ્રે આદેશ કર્યો છે; પરન્તુ દેવી અઘોરકામિનીની વય તો આ સમયે કેવળ ૨૬ કે ૨૭ વર્ષની હતી. પતિ પણ યુવાવસ્થામાં હતા, સંસાર ઉપરથી વિરક્તિ ઉત્પન્ન કરે એવો કોઇ ક્લેશ પણ ઉત્પન્ન થયો નહોતો, તો એવા સંયોગોમાં કેવળ સાત દિવસને સારૂજ નહીં પરન્તુ ૭ માસને સારૂ એ વ્રત સ્વીકારવું એ કેવા સાહસનું કાર્ય હતું ત્હેની વાંચકો કલ્પના કરી શકશે. **બ્હારના રિપુઓને જીતવા એ સ્હેલું છે, પણ કામ, મોહ આદિ અંતરના વિકારો ઉપર વિજય મેળવવો એ અતિ દુઃસાધ્ય છે.**

આ વ્રત લીધા પછી પાંચમે મહિને માઘોત્સવ આવી પહોંચ્યો. દેવી અઘોરકામિની ઉત્સવમાં ભાગ લેવા કલકત્તા ગયાં. આ ઉત્સવમાં એમની અગાધ ઇશ્વિરભક્તિ અને આકુળ ચિત્તે ઉપાસના કરવાની પદ્ધતિ જોઇને આચાર્ય કેશવચન્દ્ર ઘણાજ પ્રસન્ન થયા હતા. એમણે બીજાઓને કહ્યું હતું, કે “ આ નવાં આવેલાં બાઈ પાસેથી ત્હમે લોકો ઉપાસના ઉપરનો અનુરાગ શીખો.” એ ઉત્સવમાં એમણે ‘નવ વૃન્દાવન’ નામનો ધાર્મિક નાટ્યપ્રયોગ જોયો હતો. નાટક જોવાનો પ્રસંગ એમની જીંદગીમાં એ પહેલો અને છેલ્લોજ હતો.

કલકત્તામાં બ્રાહ્મસમાજીઓનો માઘોત્સવ ઘણા દહાડાઓ સુધી ચાલે છે. દેવી અઘોરકામિની અને પ્રકાશચન્દ્રની આત્મિકલગ્નની

પ્રતિજ્ઞાની છ માસની અવધિ એજ અરસામાં પૂરી થઈ. એ દિવસે સ્હવારે ઉપાસના પછી એ બે જણાએ સંકલ્પ કર્યો; કે આ પવિત્ર વ્રતને આખી જીંદગી સુધી પાળીશું. કહેવાની જરૂર નથી કે અનેક કઠિનતા અને પ્રલોભનો છતાં પણ એમણે આ વ્રત યથાર્થ રીતે પાળ્યું હતું.

આ પ્રમાણે દેવી અઘોરકામિની એ સંસારસુખની વાસના ઉપર વિજય મેળવ્યા પછી સૃષ્ટિમાં સેવાનું ક્ષેત્ર ત્હેમને ઘણું વિશાળ જણાવા માંડયું. અત્યાર સુધી પોતાના સ્વામી, સાસુ, દિયેર, જેઠ તથા સંતાનાદિની સેવામાંજ જીવન વ્યતીત કર્યું હતું; હવે એ સેવાની સીમાને વધારીને પાડોશી આડોશીઓના ઘરમાં જઇને પોતાની સરલ ભાષામાં ધર્મોપદેશ અને ઈશ્વિરોપાસના કરવાનો તેમણે આરંભ કર્યો. આ વખતમાં એમની ખાત્રી થઇ ગઈ હતી કે જેમ જેમ સંસારમાં પારકાં ગણાતાં મનુષ્યો ઉપર સ્નેહ વધતો જાય છે તેમ તેમ અંતરની શુદ્ધતાનો માર્ગ સરલ થતો જાય છે.

આ પ્રમાણે સંસારમાં રહીને એમણે પ્રભુભક્તિ અને જનસેવાના પ્રશસ્ત માર્ગે જીવનપ્રવાસ આદર્યો હતો. એવામાં એમને એક બીજી કઠિન પરીક્ષામાં કસાવું પડયું. ૧૮૮૩ની સાલના ઑગસ્ટ મહિનામાં ત્હેમની બીજી કન્યા સરોજિનીને સખ્ત મંદવાડ આવ્યો; ડાકટરે પણ આશા મુકી દીધી. સગાં સંબંધીઓએ ત્હેની અન્તકાળની ઇચ્છાઓ પૂરી કરવા માંડી. પ્રકાશચન્દ્રનું હૃદય દ્રવીભૂત થયું અને ત્હેમનાથી રડી દેવાયું. આ વખતે અઘોરકામિનીએ પતિને સંકેત કરીને કહ્યું, કે ત્હમે ઘરના સ્વામી છો. ત્હમે જો આ વખતે દુર્બળતા દેખાડશો તો બધાં હિંમત હારી જશે, અને કન્યા પ્રત્યેનું આપણું કર્તવ્ય આપણે બજાવી નહીં શકીએ. એમ કહીને એ એમને ઉપાસનાગૃહમાં લઈ ગયાં. ત્યાં જઇને એમણે એકાગ્રચિત્તે ખુલ્લે હૃદયે ઈશ્વરની આગળ પ્રાર્થના કરી. એકવાર નહીં પણ અનેકવાર એ ગૃહમાં જઇને સાચા-

દિલથી પ્રાર્થના કરી. નિરાશ થયેલા મનુષ્યોના એક માત્ર અવલંબન-રૂપ પરમાત્મા ત્હેમની વારે ધાયા અને કન્યા સરોજિની ધીમે ધીમે સાજી થવા માંડી. દેવી અઘોરકામિનીનો ભગવાન ઉપરનો વિશ્વાસ જોઇને બધાં આશ્ચર્ય પામી ગયાં.

ત્યાર પછી થોડા દિવસ બાદ પ્રકાશચન્દ્રના સ્નેહી ડૉકટર પરેશનાથના પુત્ર અને કન્યાને કૉલેરાનો રોગ થયો. દેવી અઘોરકામિનીએ એ રોગીઓને પોતાના ઘરમાં સ્થાન આપ્યું હતું, તથા ઘણા જ સ્નેહ અને મમતાપૂર્વક ત્હેમની સેવા સુશ્રુષા કરી હતી. ત્હેમના પરિશ્રમ અને યત્નને લીધે એ બન્ને બાળકો બચવા પામ્યાં હતાં.

આ પ્રમાણે દિનપ્રતિદિન પરસેવામાં ત્હેમનું ચિત્ત વધારે પરોવાતું જતું હતું, ત્હેમના વિશ્વાસની પરીક્ષા પણ કઠણ થયા કરતી હતી; એમણે પોતાનાં બધાં સુખનો પણ ધીમે ધીમે ત્યાગ કર્યો હતો, સુંદર વસ્ત્રાભૂષણનો શોખ છોડી દીધો હતો, મસ્તકના કેશ સુદ્ધાન્તનો ઉત્સર્ગ કર્યો હતો, અને **ઘરમાં જે કાંઈ છે એ જગત્‌ના કલ્યાણ સારૂ છે, પોતાના ઉપભોગને સારૂ કાંઇજ નથી, એમ માનવા લાગ્યાં હતાં.**

પ્રકરણ દસમું–દૈનિકજીવન અને કન્યા સુસારનું લગ્ન

ઇ. સ. ૧૮૮૪

૧૮૮૪ ની ૮ મી જાન્યુઆરીએ પરમ સ્વદેશભક્ત, મહાન વક્તા, ઈશ્વરના દૃઢ ભક્ત આચાર્ય કેશવચન્દ્રે સ્વર્ગવાસ કર્યો. એ મહાત્મા ઉપરની પોતાની ભક્તિ પ્રગટ કરવા સારૂ દેવી અઘોરકામિની ત્હેમના શ્રાદ્ધ પ્રસંગે કલકત્તા ગયાં હતાં, અને ત્યાર પછી ભાગલપુર સમાજના ઉત્સવમાં પણ ઘણા ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

હવે એમનું પ્રથમ સંતાન–કન્યા સુસારવાસિની મ્હોટી થવા આવી હતી. પ્રથમ એને વિદ્યાભ્યાસ સારૂ થોડો સમય કલકત્તા મુકી હતી, પણ ત્યાંનું ખર્ચ ભારે પડવાથી એને પાછી બાંકીપુર બોલાવી લઇને ઘરમાંજ પોતાની દેખરેખ નીચે પ્રકાશચન્દ્રે શિક્ષણ આપવા માંડયું હતું. વૃન્દાવનચન્દ્ર નામના એક ગૃહસ્થને ત્હેના શિક્ષક તરીકે નીમ્યો. એ સદાચારી, અતિશય નમ્ર પ્રકૃતિનો અને પ્રકાશચન્દ્રને હાથેજ ઉછરેલો યુવક હતો. એમણેજ એના શિક્ષણ ઉપર દેખરેખ રાખી હતી. એમના ઘરમાં પ્રાતઃકાળની ઉપાસના વખતે એ દરરોજ હાજર રહેતો. દર અઠવાડીએ ‘ચરિત્ર ગઠિની સભા’ નામની એક સભા ભરાતી, ત્હેનો એ કર્તાહર્તા હતો. બ્રાહ્મધર્મ ઉપર ત્હેની શ્રદ્ધા હતી. દેવી અઘોરકામિની પણ ત્હેને સારીપેઠે ઓળખતાં અને ચ્હાતાં. એવા મનુષ્યના હાથમાં સુસારવાસિનીના શિક્ષણનો ભાર સોંપવામાં એમણે ગેરવ્યાજબી કર્યું હતું એમ કોણ કહી શકશે? વળી શિક્ષણ કાંઇ એકાન્તસ્થાનમાં અપાતું નહોતું. ઓસરીમાં બેસીને વડિલોની સમક્ષ સુસારવાસિનિનું અધ્યયન ચાલતું હતું. શિક્ષક અને છાત્રીની વચ્ચે જે સદ્‌ભાવ હોવાનો સંભવ છે, તે સદ્‌ભાવ એમનામાં ઉત્પન્ન થયો હતો.

આ પ્રમાણે વિદ્યા પ્રાપ્ત કરતાં કરતાં સુસારવાસિની યૌવનને પ્રાપ્ત થઈ અને માતપિતાને ત્હેના લગ્નની ચિન્તા ઉત્પન્ન થઇ. કન્યા પુખ્ત વયની હતી એટલે ત્હેમણે પાત્ર વિષે ત્હેનો અભિપ્રાય પૂછ્યો. શરમાળ કન્યાએ મ્હોંએથી ઉત્તર ન આપતાં માતાની આગળ વૃન્દાવનનું નામ લખીને મુકી દીધું.

વૃન્દાવન માટે ત્હેમને પહેલેથીજ સારો અભિપ્રાય હતો એટલે ત્હેમણે એ પસંદગીને સંમતિ આપી; પરન્તુ એને લીધે ત્હેમને ઘણું સહન કરવું પડયું. ત્હેમના અનેક સગાંસંબંધી અને મિત્રો આ લગ્નની વિરૂદ્ધ હતા; કારણ કે પ્રતાપચન્દ્ર ઊંચા કુળના કાયસ્થ હતા.

બંગાળાના પ્રતાપી રાજા પ્રતાપાદિત્ય ત્હેમના પૂર્વજો હતા. દેવી અઘોરકામિની પણ ઊંચા કુળનાં સંતાન હતાં, એટલે એમની કન્યા એક ઉતરતી ન્યાતમાં પરણે તે લોકોને રૂચ્યું નહીં. તેઓ કહેવા લાગ્યા "કે વૃન્દાવન કાંઇ વિલાયત જઇ આવેલો નથી, ઘણો વિદ્વાન નથી, ધનવાન નથી કે મ્હોટો અમલદાર નથી; એના જેવા વર તો પોતાની ન્યાતમાંથીએ ઘણા મળી આવે." વગેરે, વગેરે. પરન્તુ આ દંપતિએ તો કોઇના પણ અભિપ્રાયની પરવા ન કરતાં, કન્યાના અભિપ્રાય તથા પોતાના અન્તરના આદેશને માન આપીને વૃન્દાવન સાથેજ ઇ. સ. ૧૮૮૪ ની ૨૭ મી મેને દિવસે સુસારવાસિનીનું લગ્ન કરી દીધું. લગ્ન પછી પહેરામણીમાં અઘોરકામિનીએ કન્યા તથા જામાતાને શું આપ્યું? ત્હેમણે એ વર કન્યાને ગેરવાં વસ્ત્ર સજાવીને એક એકતારો ભેટ આપ્યો; કારણ કે એમની દૃષ્ટિમાં ગેરવા રંગનું વસ્ત્ર સૌથી વધારે કિંમતી, અને એકતારો સૌથી મધુરૂં વાજીંત્ર હતું. ત્યાર પછી બધાંની સાથે ઉભાં રહીને વર કન્યાના કલ્યાણને સારૂ પ્રાર્થના કરી. વૈરાગ્ય અને પ્રાર્થના વગર એમનું કાંઇ પણ કામ થતું નહોતું, એટલે આ લગનમાં પણ એના વગર ચાલ્યું નહીં.

આ લગન પછી બાંકીપુરમાં એમને ન્યાત બહાર મુકવામાં આવ્યાં. એમનાં માતુશ્રી અને ન્હાના ભાઇ પ્રબોધચન્દ્ર પણ ગુસ્સે થઇને ચાલ્યાં ગયાં; પરન્તુ એ સર્વ દુઃખ અને તિરસ્કાર શાન્તિથી સહન કરીને એ દંપતિએ પોતાનાં દૈનિકવ્રત અને સાધનમાં જીવન ગાળવા માંડયું. આ સમયમાં તેમનું દૈનિકજીવન કેવા પ્રકારનું હતું તે સંક્ષેપમાં જણાવીશું. દરરોજ પ્રાતઃકાળે પથારીમાંથી ઉઠતાં પહેલાં આ દંપતિ માતૃસ્તોત્રનો સમસ્વરે પાઠ કરતાં. ત્યાર પછી દેવી અઘોરકામિની પોતાને હાથે ઉપાસનાઘર વાળી ઝુડીને તૈયાર કરતાં. એ કાર્ય બીજા કોઇને સોંપતાં નહીં. ત્યાર પછી નિષ્ઠાપૂર્વક આસન બિછાવીને પતિની વાટ જોતાં. પતિ આવ્યા પછી ઉપાસના થતી. ઉપાસના બાદ એક

ન્હાની પ્રાર્થના કરવામાં આવતી. ત્યાર પછી અઘોરકામિની રસોડામાં જતાં. છોકરાંઓને જમાડીને ત્હેમને ભણવાની ગોઠવણ કરી આપતાં. રસોઇ પોતાને હાથે કરતાં. વચગાળામાં ફુરસદ મળતી તો પાડોશમાં એ ત્રણ કુટુંબની ખબર લઇ આવતાં અને ગજા પ્રમાણે ત્હેમના અભાવને પૂર્ણ કરવાનો યત્ન કરતાં. બપોરે થોડુંક વાંચતાં અને કહીં જવાનું હોય તો જઇ આવતાં. સંધ્યાકાળ પહેલાં વાળુની તૈયારી કરતાં, અને સંધ્યા પહેલાંજ બાળકોને જમાડીને ભણવા બેસાડતાં. ત્યાર પછી પતિપત્ની ભજન ગાતાં. ધર્મસંબંધી જે કાંઈ નવું સાધન કરવાનું હોય તે કરતાં. વાળુ પછી થોડીક ધર્મચર્ચા થતી. આ પ્રમાણે ત્હેમનો સંસાર ચાલતો હતો.

સુસારવાસિનીના લગ્નથી નારાજ થઇને જે કુટુંબીઓ અને સ્નેહીઓ ત્હેમનો ત્યાગ કરીને ચાલ્યાં ગયા હતાં, તેઓ હવે ધીમે ધીમે અનુકૂળ થવા માંડયાં. ત્હેમના મ્હોટા ભાઇ દવા કરાવવા સારૂ બાંકીપુર આવ્યા; માતુશ્રી પણ સાથે આવ્યાં. દેવી અઘોરકામિની પૂર્વવત્ બધાંની સેવા–સુશ્રુષામાં ગુંથાયાં.

એક સમયે પ્રકાશચન્દ્ર ઘણા પરિશ્રમપૂર્વક સંસારના માસિક આવક ખર્ચનો અડસટ્ટો તૈયાર કરી રહ્યા હતા. એમનો શ્રમ જોઇને અઘોરકામિની બોલી ઉઠયાં: “ શું આ કામ તમે મ્હને સોંપી ના શકો ? ” એ દિવસથી પ્રકાશચન્દ્રે આવક ખર્ચનો હિસાબ રાખવાનું બધું કામ એમના ઉપર સોંપ્યું અને એમણે એ કાર્ય છેલ્લી ઘડી સુધી નીભાવ્યું. હિસાબમાં કદી પણ ગડબડ થવા દીધી નહોતી તેમજ એક પણ દિવસ બજારમાંથી ઉધાર વસ્તુ મંગાવી નથી. એ ઉપરથી પ્રકાશચન્દ્રની ખાત્રી થઈ કે સ્ત્રીઓના ઉપર વિશ્વાસ રાખીને ત્હેમને જવાબદારીનું કામ સોંપ્યાથી તેઓ એ વિશ્વાસને પાત્ર થઇ શકે છે. સંસારની જંજાળમાંથી પતિને બને તેટલી મુક્તિ આપવા સારૂ આ કામ ત્હેમણે ઉપાડી લીધું હતું. તે સિવાય જ્યારે કોઈ રાજકીય

કાર્યના ભારથી પતિને અમુંઝાયલા જોતાં ત્હારે કહેતાં, કે મ્હારામાં એટલી શક્તિ ક્યારે આવશે કે હું આવી આવી બાબતોમાં પણ ત્હમને સહાયતા આપી શકું ?"

૨૯ મી જુલાઇ સમાચાર આવ્યા કે પ્રકાશચન્દ્ર મતિહારી જિલ્લાના ડેપ્યુટિ કલેક્ટર નીમાયા છે. એટલી જલ્દી એમની એવી ચઢતી થશે એવી એમને પોતાને પણ આશા નહોતી, એટલે આ ખબરથી આખા કુટુંબમાં આનંદ પ્રવર્તી રહ્યો, અને ઇશ્વરનો પુષ્કળ ઉપકાર માનવામાં આવ્યો. ૫ મી ઑગસ્ટે દેવી અઘોરકામિનીએ પતિની સાથે મતિહારી જવા સારૂ બાંકીપુરનો ત્યાગ કર્યો.

પ્રકરણ અગિયારમું-મતિહારીમાં બીજીવાર અને વિશ્વાસની પરીક્ષા

૧૮૮૪ થી ૧૮૮૬

મતિહારીમાં આવ્યા પછી ત્હેમને એક પરીક્ષામાં પડવું પડયું. નવું ઘર માંડવામાં તથા બાંકીપુર અને દેશમાં ખર્ચ સારૂ રૂપિયા મોકલવામાં એમનો વ્યય ઘણો વધી પડયો હતો. મહિનો પુરો થતાં થતાંમાં તો પગારનું તરસાળું દેખાતું પણ ઋણ કરીને કોઇ ચીજ નહીં લાવવાનો ત્હેમનો નિયમ હતો. એથી કરીને ભોજનખર્ચનો આંકડો ઓછો કરવો પડયો. કરકસર કરીને એમણે ઑગસ્ટ માસ પુરો કર્યો. સપ્ટેમ્બરની ૧ લી તારીખ સુધી ચાલે એટલી સામગ્રી હતી, પરન્તુ દૈવસંયોગે ૧ લી તારીખે રવિવાર આવ્યો એટલે પગાર મળ્યો નહીં. ૨જી સપ્ટેમ્બરે સવારનું ભોજન તો ગમે તે પ્રકારે કરી લીધું. સ્હાંજે પગાર પણ આવ્યો, પરન્તુ એમનો નિયમ હતો, કે દેવાલયમાં પ્રભુ આગળ બધો પગાર પ્રાતઃકાળમાં યથાવિધિ સમર્પણ કર્યા

વગર એમાંથી એક પાઈ પણ વાપરવી નહીં. ઘરમાં ચાર સંતાન અને પોતે પતિપત્ની મળી છ જણ હતાં. ઘરમાં ખાદ્ય સામગ્રી ઘણીજ થોડી હતી. ઘરમાંથી દુધ, શાક, વગેરે જે કાંઇ નીકળી આવ્યું તે લોહીલુછીને છોકરાંઓને ખવરાવ્યું. થોડું ઘણું પતિને આપ્યું અને દેવી અઘોરકામિની પોતે તદ્દન ભુખ્યાં રહ્યાં. બીજે દિવસે ઉત્સાહ-પૂર્વક કમળનાં પુષ્પોથી દેવાલયને શણગારીને ઉપાસના કરી, તથા ભગવાનની આગળ બધો પગાર સમર્પણ કર્યા પછી મોદીને ત્યાંથી અનાજ વગેરે સરસામાન મંગાવ્યો. આ પ્રમાણે ગમે તેટલી અડચણ વેઠીને પણ પોતાની પ્રતિજ્ઞા પાળવી એ એમને માટે સ્વાભાવિક થઇ પડયું હતું.

બાંકીપુરમાંથીજ એમણે પર સેવા કરવાનો આરંભ કર્યો હતો. હવે એ સેવાવૃત્તિનો વિકાસ થયો હતો. બીજાંઓના દુઃખમાં સહાનુ-ભૂતિ પ્રકટ કરવાને, બીજાંઓનાં સંકટ યથાસાધ્ય દુર કરવાને, તેમનું મન આતુર રહેતું હતું. ૧૮૮૬ ની સાલમાં હરિગુરૂ રૂદ્ર નામનો એક માણુસ સ્ત્રીવિયોગથી અત્યંત પીડિત અને વ્યાકુલ થઇને ભટકયા કરતો હતો. દેવી અઘોરકામિનીએ તેને પોતાના ઘરમાં લગભગ ત્રણ વર્ષ સુધી આશ્રય આપીને પોતાની વાણી તથા ધર્મોપદેશથી ઘણો શાન્ત કર્યો હતો. ત્હેમના સ્નેહથી મુગ્ધ થઇને એ અપરિચિત યુવક ત્હેમને 'મા' કહીને બોલાવવા લાગ્યો હતો.

એ સમયમાં એક વિલાયત જઈ આવેલા બેરિસ્ટરે દેવી અઘોર-કામિનીની બીજી કન્યા સરોજિનીનું માગું કર્યું. સરોજિની એ વખતે લગ્ન કરવા યોગ્ય વયને પ્રાપ્ત થઈ નહોતી. એ બેરિસ્ટર પણ ત્હેની ખાતર કેટલાક વર્ષ સુધી લગ્ન મુલતવી રાખવા તૈયાર હતો; પરન્તુ દેવી અઘોરકામિનીએ ઉત્તર આપ્યો કેઃ 'સરોજિની સારૂ વાટ જોવાની શી જરૂર છે?...ભાઈની કન્યા સાથે લગ્ન કરોને. એ બન્ને મ્હારે તો પેટની દીકરી બરોબર છે. બલ્કે પહેલાં એનું લગ્ન થશે

અને ત્યાર પછી મ્હારી સરોજિનીનું.' એ ઉત્તર બેરિસ્ટર સાહેબને લખી જણાવવામાં આવ્યો અને યથાસમયે અઘોરકામિનીએ સૂચવેલી કન્યા સાથેજ ત્હેમણે લગ્ન કર્યું. એ કન્યા સાથે એમને કોઇપણ જાતનું સગપણ નહોતું, છતાં પણ આટલો બધો નિઃસ્વાર્થ પ્રેમ ત્હેમણે દર્શાવ્યો હતો. આવો ભણેલો ગણેલો અને મોભાદાર વર હાથમાંથી ખોવા માટે ઘણા વ્યવહારકુશળ મનુષ્યોએ ત્હેમને ઠપકો પણ દીધો હતો. એક વિદ્વાન ગૃહસ્થે એ સંબંધમાં લખ્યું હતું કે 'દેવી અઘોરકામિનીએ ખરેખર સ્વાર્થત્યાગ કર્યો છે. બીજી નારી એ પ્રમાણે કરી શકત નહીં. પોતાનું સાચવીનેજ માણસો બીજાનું ભલું કરવા ધારે છે.'

ઈ. સ. ૧૮૮૬ નું વર્ષ દેવી અઘોરકામિનીના જીવનમાં ઘણું વિષાદમય હતું, અથવા એમ કહો કે ભક્તવત્સલ ભગવાને આ ભક્તિમતી સ્ત્રીની અનેક પ્રકારનાં સંકટદ્વારા કરવા ધારેલી પરીક્ષાઓમાંની એક કઠિન પરીક્ષા એ વર્ષમાં આવી પડી. એ પરીક્ષાનો ઉલ્લેખ કરતાં હમારૂં હૃદય પણ દ્રવે છે; લેખિની કમ્પે છે. દેવી અઘોરકામિનીના ચિત્તને શી વ્યથા થઇ હશે ત્હેની કલ્પના તો વાંચકો જ કરી લેશે. ત્હેમના જમાઈ વૃન્દાવનચન્દ્રના મનનો ભાવ ધીમે ધીમે બદલાવા માંડયો હતો. જૂના વિચારના મિત્રોના સહવાસથી બ્રાહ્મધર્મ ઉપરનો ત્હેનો વિશ્વાસ શિથિલ થઈ ગયો હતો. માણસના ધર્મસંબંધી વિચારોમાં પરિવર્તન થાય એ તો સ્વાભાવિક છે, અને એને માટે હમે વૃન્દાવનચન્દ્રને દુષિત ગણતા નથી; પણ એના જીવનમાં તો ધર્મવિદ્વેષની સાથે સાથે પત્નીવિદ્વેષનો આરંભ પણ થવા માંડયો હતો. જે રમણી સાથે એ પોતાની ઇચ્છાથી પ્રેમપૂર્વક ધર્મની સમસ્ત પવિત્ર ક્રિયાઓ સહિત લગ્નની અવિચ્છેદ્ય ગાંઠથી બંધાયો હતો, ત્હેના ઉપરથી ત્હેનો પ્રેમ ઉઠી ગયો; એટલુંજ નહીં પણ એ નિષ્ઠુર હૃદયના યુવકે ઇ. સ. ૧૮૮૭ ના એપ્રિલ માસમાં પત્ર લખીને જણાવ્યું, કે 'હું સંસારનો પરિત્યાગ કરીશ.' દેવી અઘોરકામિનીએ એ સમયે

પણ ધૈર્ય ન ખોતાં નિરાધારના એક માત્ર અવલંબન રૂપ પરમેશ્વરને શરણે જઇ આકુળ હૃદયે વૃન્દાવનને સન્મતિ આપવા પ્રાર્થના કરી.

વૃન્દાવન ત્યાર પછી એકવાર એમને મળવા સારૂ આવ્યો હતો. એ સમયે એનું મન પાછું કાંઇક ઠેકાણે આવ્યું હતું, પણ મનનો એ ભાવ ઝાઝા દિવસ ટક્યો નહીં. એ રહ્યો તેટલા દિવસ ઘરમાં આનંદોત્સવ થયો હતો. હેના મનને વધારે કોમળ તથા શરીરને વધારે તંદુરસ્ત બનાવવાના હેતુથી હેને લઇને દેવી અઘોરકામિની દાર્જિલિંગના પ્રવાસે ગયાં હતાં. રસ્તામાં શ્રદ્ધાસ્પદ પ્રતાપચંદ્ર મજુમદારના શૈલાશ્રમમાં મિષ્ટ ઉપાસનાનો લાભ બધાંએ લીધો હતો. પહાડ ઉપર ગયાથી વૃન્દાવનને શો લાભ થયો એ તો પ્રભુ જાણે; પરન્તુ દેવી અઘોરકામિનીને તો અવશ્ય લાભ થયો. વનમાં વનદેવીનો વાસ જોઇને એમનું મન ઉઘડી ગયું. એ વખતે મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર પણ ત્યાંજ બીરાજતા હતા. હેમનાં દર્શન કરવા સારૂ એમનું આખું કુટુંબ ગયું હતું અને એ મહાત્મા પ્રત્યે પોતાની ભક્તિ પ્રગટ કરવા સારૂ અઘોરકામિની કુટુંબીઓનો નિષેધ હોવા છતાં પણ, ડાંડીમાંથી ઉતરીને થાકની પરવા રાખ્યા વગર કેટલોક સમય પગે ચાલ્યાં હતાં. મહર્ષિનો ઉજ્વળ ધર્મભાવ, અપૂર્વ ઉત્સાહ તથા પોતાની સાથેનું મમતાપૂર્વક સંભાષણ જોઇને એ મુગ્ધ થઇ ગયાં હતાં. ૨૨ મી જુને એ લોકો દાર્જિલિંગથી પાછાં આવ્યાં, ત્યહાર પછી થોડા સમય સુધી વૃન્દાવન અનુકૂળ રહ્યો; પણ પાછળથી એમને છોડીને ચાલ્યો ગયો તે કદી આવ્યોજ નહીં.

પોતાની બદલી બાંકીપુર થવાથી ૫ મી ઓક્ટોબર ૧૮૮૭ ને દિવસે પ્રકાશચન્દ્ર સહકુટુંબ મતિહારીનો ત્યાગ કરીને બાંકીપુર ગયા.

પ્રકરણ બારમું–બાંકીપુરમાં બીજીવાર

ઇ. સ. ૧૮૮૭—૧૮૮૯

બાંકીપુરમાં જઇને તા. ૧૨ મી અક્ટોબર ૧૮૮૭ના દિવસથી દેવી અઘોરકામિનીએ બ્રાહ્મિકાસમાજનું કાર્ય આરંભ કર્યું. એક તરફ સેવા અને બીજી તરફ સાધના અને ઉપાસના પણ પૂર્ણ ઉત્સાહથી ચાલવા લાગ્યાં. ત્હેમના ઘરની ઉપાસનાપદ્ધતિની ખ્યાતિ પણ ચારે તરફ ફેલાવા લાગી. સ્વર્ગસ્થ પ્રતાપચન્દ્ર મજુમદાર મહાશયે ત્હેમની ધર્મનિષ્ઠા, વૈરાગ્ય અને જ્ઞાન પ્રાપ્ત કરવાની વ્યાકુળતા જોઈને ત્હેમને 'મૈત્રેયી' નામ આપ્યું હતું, અને જ્યારે જ્યારે એમનો ઉલ્લેખ થતો ત્યારે ત્યારે એ નામથીજ બોલાવતા.

હવે દેવી અઘોરકામિનીને જણાયું કે ભગવાનની ખાતર સુખ અને સ્વાર્થનો કેટલોક ત્યાગ કર્યા વગર ત્હેના ઉપર પ્રગાઢ ભક્તિ જામતી નથી, અને શુદ્ધિનો માર્ગ પણ સહજ થતો નથી. એ વિચારને અમલમાં મુકવા ત્હેમણે સ્ત્રીઓના સૌભાગ્ય અને સૌન્દર્યની ઉત્તમોત્તમ વસ્તુ–કેશનો ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો. એક બ્હેનપણીને પોતાના કેશ કાપી નાંખવા કહ્યું. ત્હેણે એ વિનંતિનો સ્પષ્ટ અસ્વીકાર કર્યો. ત્યાર પછી છોકરીને કહ્યું, ત્હેનો પણ જીવ ચાલ્યો નહીં. એટલે છેવટે પોતાનેજ હાથે પોતાના કેશ કાપી નાંખીને વૈરાગિની બન્યાં.

આ પ્રમાણે એકે એકે આસક્તિની બધી વસ્તુઓનો ત્યાગ કરવા માંડયો. અલંકાર અને મૂલ્યવાન વસ્ત્રોનો તો પહેલાંથીજ ત્યાગ કર્યો હતો. હવે કેવળ સ્વામીરૂપી ધન બાકી રહ્યું હતું. એ સ્વામી-ધનને પણ પ્રાર્થનાપૂર્વક ભગવાનના કરકમળમાં અર્પણ કર્યું. સ્વામી પ્રત્યેનો મનોભાવ બદલી નાંખ્યો. હવે એ આસક્તિની વસ્તુ નહીં, પણ ધર્મ-

માર્ગમાં સહાયક બનશે એવી આકાંક્ષા કરવા લાગ્યાં. આસક્તિ હોય તો આ સ્વામીના ધર્મપથમાં સહાયક બનવાને બદલે ભરદરિયે અંતરાયરૂપ થઇ પડે છે, માટે એમણે એ આસક્તિનો પરિત્યાગ કર્યો.

એ સમયમાં એક સદાચારી અને વિદ્વાન્ બંગાળીખ્રિસ્તીપરિવાર સાથે એમને ગાઢો પરિચય બંધાયો હતો. એમના આગ્રહથી એક દિવસ એક નવા આવેલા અંગ્રેજ પાદરીને મળવા સારૂ દેવી અઘોરકામિની ગયાં હતાં. પાદરી સાહેબની આવક ઓછી હોવા છતાં એમનું ઘર કેવું સ્વચ્છ હતું, મડમે પોતાની સુરૂચિ અનુસાર સામાન્ય વસ્તુઓને પણ કેવી સુંદર અને આકર્ષક રીતે ગોઠવી હતી એ જોઇને એ મુગ્ધ થઈ ગયાં હતાં. પાદરી સાહેબ અને ત્હેમનાં પત્ની સાથે વાર્તાલાપ કર્યાથી એમને ઘણો આનંદ થયો; પરન્તુ પાછા ફરતી વખતે એમને એક વિટંબણામાં પડવું પડયું. વિલાયતના નિયમ પ્રમાણે એ ભલો પાદરી દેવી અઘોરકામિનીને ગાડીમાં બેસાડવા આવ્યો અને વિદાય થતી વખતે શેકહેન્ડ સારૂ હાથ લંબાવ્યો. એમણે અત્યાર સૂધી કોઈ પરપુરૂષના હસ્તને સ્પર્શ કર્યો નહોતો, પણ હવે શું કરવું? પાદરી સાહેબ આપણા દેશના આચારવિચાર જાણતા નહોતા, એતો સરલભાવે સન્નારી પ્રત્યે પોતાનું સન્માન પ્રગટ કરવા આવ્યા હતા, એટલે ત્હેમનું અપમાન કરવું અનુચિત ધારીને, ઇશ્વરનું સ્મરણ કરીને, દેવી અઘોરકામિનીએ શેકહેન્ડ કર્યા; પરન્તુ ત્યાર પછીથી એવે પ્રસંગે બહુજ સાવધ રહેતાં હતાં. એવે વખતે પોતે પ્રથમથીજ આઘાં રહીને પ્રણામ કરતાં એટલે હાથ લંબાવવાનો સ્હામા માણસને અવકાશજ રહેતો નહીં.

આ અરસામાં મજુર વર્ગના બાળકો સારૂ એમણે પોતાનાજ ઘરના ઓરડામાં એક દેશીખ્રિસ્તીગૃહસ્થ પાસે રાત્રિશાળા કઢાવી હતી, અને ત્હેને થોડી ઘણી આર્થિક સાહાય્ય પણ કરતાં હતાં.

એવામાં એક બ્રાહ્મબંધુએ એક વિધવા સાથે લગ્ન કરવાની

ઇચ્છા દર્શાવી. દેવી અઘોરકામિની વિધવાવિવાહનાં ઘોર વિરોધી હતાં, પરન્તુ એમના પતિનેજ માથે એ લગ્નમાં આચાર્યનું કાર્ય કરવાનું આવ્યું હતું. પહેલાં તો એમણે સખ્ત વાંધો લીધો, પરન્તુ જ્યારે જોયું કે એ ગૃહસ્થને મદદ કરનાર બીજું કોઇજ નથી, ત્યારે ત્હેમણે પતિને એમાં સામિલ થવાની સંમતિ આપી અને પોતે પણ કામકાજનો બધો ભાર પોતાને માથે લીધો; તથા લગ્ન પછી વરવહુના કલ્યાણ માટે પ્રાર્થના કરીને આશીર્વાદ આપ્યો. વિરૂદ્ધ મત હોવાથી મનુષ્યના ઉપર પ્રેમ રાખી ન શકાય એવો જે મનુષ્યનો વિચાર હોય છે, ત્હેનાથી ઘણા ઉચ્ચ મનોભાવની સ્થિતિએ દેવી અઘોરકામિની આ સમયે પહોંચી ગયાં હતાં.

ત્યાર પછી પ્રકાશચન્દ્રના એક મિત્રની પત્ની તથા કન્યા માંદાં થઇને હવાફેર સારૂ બાંકીપુર આવ્યાં; દેવી અઘોરકામિનીએ ત્હેમને પોતાના ઘરમાં આશ્રય આપ્યો. આર્થિક સાહાય્ય પણ યથાશક્તિ આપી. જાતે ઘણી અગવડો વેઠીને સેવાસુશ્રુષા કરી, એટલુંજ નહીં પણ પોતાને હાથે ત્હેમનાં મળમૂત્ર સાફ કરતાં પણ સંકોચ આણ્યો નહીં. વધારે આશ્ચર્યજનક તો એ હતું કે એમની પોતાની તબીયત એ વખતમાં નરમજ રહેતી હતી; પરન્તુ સેવા કરતી વખતે અમુક કામ તો મ્હારાથી નહીં થાય એવું એમના મુખમાંથી કદી નીકળતું નહીં.

પ્રકરણ તેરમું—રાજગૃહમાં તીર્થયાત્રા

ઈ. સ. ૧૮૮૯

ઈ. સ. ૧૮૮૯ નો માઘોત્સવ પુરો થયા પછી કેટલાંક બ્રાહ્મસમાજી સ્ત્રીપુરૂષોએ તીર્થયાત્રા કરવાનો મનસુબો કર્યો. રાજગૃહ નામના બૌદ્ધતીર્થમાં જવાનો વિચાર સ્થિર થયો. દેવી અઘોરકામિની અને પ્રકાશચન્દ્ર આ યાત્રીમંડળનાં અગ્રેસર હતાં.

બખ્તિયારપુર સ્ટેશનેથી વાહન કરીને એ લોકો રાજગૃહ પહોંચ્યાં. રાજગૃહનું પ્રાકૃતિક દૃશ્ય ઘણું મનોહારી છે. ભગવાન બુદ્ધદેવે અહિંયાં ઘણો સમય નિવાસ કરીને ધર્મોપદેશ આપ્યો હતો. ત્યાં આગળ ૨૨ કુંડ છે; લગભગ દરેક કુંડમાં ગરમ પાણી છે. સ્નાન કરવાથી ઘણો આરામ મળે છે. ધ્યાન ધારણા માટે આ સ્થાન અતિ મનોહર છે. પ્રકાશચન્દ્રના યાત્રીદળે મકદુમકુંડમાં ઉતારો રાખ્યો હતો. એ કુંડમાં પગ ધોયાથીજ બધાનો થાક એકદમ દૂર થઇ ગયો. જમીન ઉપર ઘાસની શય્યામાં બધાંએ શયન કર્યું, પણ નિદ્રા ઘણી મીઠી આવી. સ્હવાર પડતાં પહેલાં મળસ્કે ઉઠીને દેવી અઘોરકામિનીએ અન્ય સ્ત્રીઓ સાથે પહાડની ઉપર ચ્હડીને સુમધુરસ્વરે બ્રહ્મસંગીત ગાવા માંડયું હતું. ત્યાર પછી સૌથી ઊંચી ટોચે ચ્હડીને અનેકવાર પ્રાર્થના કરી. ૩૦ મી જાનેવારીએ બ્રહ્મકુંડમાં ઉપાસના કરી.

રાજગૃહની યાત્રા કરી રહ્યા પછી તેઓ ગયાતીર્થ ગયાં હતાં અને બૌદ્ધધર્મનાં પવિત્ર સ્થાનોનાં દર્શન કર્યાં હતાં.

એ વર્ષની ૬ ઠ્ઠી ઑગસ્ટે પ્રકાશચન્દ્ર અને અઘોરકામિની 'પુનપુત' નામક સ્થાનમાં ગયાં. ત્યાં ગયા પછી ત્હેમને જણાયું કે જીવનમાં હજુ પણ કામ, ક્રોધ અને અભિમાન એ ત્રણ રિપુનું બળ છે. એ બળ ઓછું કરવા માટે ૮ મી ઑગસ્ટે એ દંપતિએ પુનપુત નદીના પવિત્ર જળમાં સ્નાન કર્યું અને શ્વેત વસ્ત્ર ધારણ કરીને નદીને સાક્ષી રાખીને, બન્ને જણાંએ એક બીજાનો હાથ પકડીને પ્રતિજ્ઞા કરી કે હમે એકત્ર થઇને આ ત્રણ શત્રુની સાથે સંગ્રામ કરીશું. શત્રુ તો એક સામટા ત્રણે આવતા નથી, એકે એકે આવે છે; હમે બન્ને જણ એકઠાં થઇને ચેષ્ટા કરીશું, તો એકે એકે એ ત્રણેનો પરાજય થશે. આ પ્રમાણે ધીમે ધીમે પણ દૃઢ પ્રયાસ કર્યાથી તથા રાતદિન એકાગ્રચિત્તે પ્રભુની ઉપાસના કર્યાથી ત્હેમણે કામ અને અભિમાન ઉપર વિજય મેળવ્યો હતો. દેવી અઘોરકામિનીનો ક્રોધ છેલ્લી ઘડી સુધી

થોડો રહ્યો હતો, પરન્તુ પહેલાં કરતાં અતિશય ઓછો થઇ ગયો હતો. પાછલી વયમાં તો ક્રોધ તદ્દન ચાલ્યો ગયો હતો. થોડો ઘણો જે હતો તે પણ અન્યાયની વિરૂદ્ધ થતી વખતેજ જણાઇ આવતો.

પ્રકરણ ચૌદમું—સિમલા પહાડ

૧૮૮૯

ઇ. સ. ૧૮૮૯ ની સાલના સપ્ટેમ્બર માસમાં આ સુખી દંપતિએ સિમલાની યાત્રા આરંભી. રસ્તામાં આગ્રામાં શાહજહાં બાદશાહે પોતાની પ્રિયતમા બેગમ મુમતાજમહલના સ્મરણાર્થે બંધાવેલા તાજમહલનાં દર્શન કર્યાં, તથા યમુનામાં સ્નાન કર્યું. ત્યાર પછી અમ્બાલા ગયાં અને ત્યાંથી એક્કામાં બેસીને સિમલા ગયાં. સિમલાનો નિવાસકાળ એમણે ઘણા આનંદમાં વ્યતીત કર્યો. ત્યાં આગળ કુદરતની શોભા નીરખ્યાથી એમનું મન વિશાળ થવા લાગ્યું, પરન્તુ દૈવસંયોગે તબિયત સારી રહી નહીં, એટલે પાછા દેશમાં જવું પડયું.

આ વખતે દેવી અઘોરકામિની ઘેર પાછાં આવ્યાં ખરાં, પણ ગૃહિણી થવા સારૂ નહીં; હવે એ ગૃહના દાસી બન્યાં. ઘરને કુટીર બનાવ્યું. પ્રકાશચન્દ્રના એક સન્મિત્રે એમના ઘરને “ અઘોર–પ્રકાશ આશ્રમ ” નામ આપ્યું. હિમાલયવાસના ફળસ્વરૂપ વર્ષ પૂરૂં થતાં પૂર્વે ચાર પાંચ દિવસ સુધી કેટલોક વખત મૌન ધારણ કરતાં. ધીમે ધીમે ઉપાસના પણ મનમાં ને મનમાં કરવાનો અભ્યાસ કરવા માંડયો. બહુ બોલ્યાથી પ્રેમ ધાડો થતો નથી માટે એકાન્તમાં શાન્ત ચિત્તે ઉપાસના કરવાનો અભ્યાસ વધાર્યો.

પ્રકરણ પંદરમું—રાજગૃહમાં બીજીવાર

૧૮૯૦

ઈ. સ. ૧૮૯૦ માં માઘોત્સવ પછી દેવી અઘોરકામિની અને પ્રકાશબાબુ ત્હેમના કેટલા બ્રાહ્મ નરનારી મિત્રો સહિત બીજીવાર રાજગૃહની યાત્રાએ ગયાં. આ વખતે ત્યાંથી ચાર ગાઉ દૂર આવેલા અગ્નિધારાકુંડમાં સ્નાન કરવા સર્વે કંટકમય માર્ગમાં પગે ચાલીને ગયાં હતાં.

૨૬ મી જાન્યુઆરીએ મકદુમકુંડ આગળ એક કલાક સુધી ધ્યાનધારણા કરી હતી. એ કુંડમાં સ્નાન કર્યાથી ચામડીનો રોગ મટી જાય છે, પરન્તુ દેવી અઘોરકામિની તો અહિયાં પાપ રોગ દૂર કરવા આવ્યાં હતાં. બીજે દિવસે પ્રાર્થના કરતાં કહ્યું: "મા* જનની! શા સારૂ કસોટીદ્વારા મ્હારૂં મૂલ્ય આંકો છો? હવે ફરીથી જ્યારે અહિં આવું ત્યારે કસીને જોજો કે સાચું સોનું છે કે નહીં? બનતાં સુધી સાચું સોનું નીકળશે અને મૂલ્ય ઓછું નહીં થાય."

૩૧ મી જાન્યુઆરીએ એમનો સંઘ રાજગૃહથી પાછો ફર્યો.

પ્રકરણ સોળમું–રોગશોકમાં સાથી

૧૮૮૯ થી ૧૮૯૦.

પ્રકાશચન્દ્રના ન્હાનાભાઇ પ્રબોધચન્દ્ર અને દેવી અઘોરકામિની સમાન વયનાં હતાં. બાલ્યાવસ્થાથીજ બન્નેમાં પુષ્કળ સ્નેહ હતો.

* આચાર્ય કેશવચન્દ્ર અને ત્હેમના અનુયાયીઓ ઇશ્વરને ઘણું ખરૂં મા તરીકે સંબોધન કરતા હતા, અને તેથી આ ચરિત્રમાં 'મા' શબ્દ જગત્ જનનીના અર્થમાં વાપરવામાં આવ્યો છે. લેખક.

મ્હોટા થયા પછી અને સંસારમાં પડયા પછી પણ એ સદ્દભાવ ઓછો થયો નહોતો. ત્યાર પછી પ્રબોધ બાંકીપુરમાં આવીને ડૉકટરી ધંધો ચલાવવા લાગ્યો અને રાજી ખુશીથી પોતાની પત્ની સાથે જુદું ઘર માંડીને રહ્યો. કનિષ્ટ સંતાન પ્રત્યેની વિશેષ માયાના આકર્ષણથી માતા પણ ત્હેની સાથે જઇ રહ્યાં. દ્વેષી લોકોએ એવી ગપ ઉડાવી કે દેવી અઘોરકામિનીએ દિયેર દેરાણી તથા સાસુને કહાડી મુક્યાં; પરન્તુ પ્રબોધ ભાભીનું હૃદય સારી પેઠે જાણતો હતો, ત્હેના મનમાં કોઇ પણ જાતનો ખોટો વિચાર આવ્યો નહીં. ઉલટું એનો પોતાનો એવો અભિપ્રાય હતો કે **મ્હોટા ઝાડની છાયામાં રહેવાથી ન્હાના ઝાડની વૃદ્ધિ થતી નથી.** મ્હોટા ભાઇની સાથે એકઠા રહેવાથી ન્હાના ભાઇને આરામ મળી શકે છે, પણ ત્હેનું મનુષ્યત્વ નાશ પામે છે. કોઇ વખત છોકરાં છૈયાંને લીધે ઉંચાં મન થવાનો પણ સંભવ રહે છે. દૂર રહીને વખતોવખત મળ્યાથી સદ્દભાવ ચાલુ રહે છે. અસ્તુ! દેવી અઘોરકામિની દિયેરને ત્હેમના જુઆરામાં પણ વારંવાર મદદ કરતાં હતાં. એ પ્રમાણે ચાર પાંચ વર્ષ ચાલ્યાં ગયાં. ત્યાર પછી ઇ. સ. ૧૮૮૯ ની ૧૯મી માર્ચે પ્રબોધના પરલોકગમનના સમાચાર આવ્યા. દેવી અઘોરકામિની એ સમયે માંદાં હતાં, એટલે પ્રકાશચન્દ્રે એ સમાચાર ત્હેમને એકદમ જણાવ્યા નહીં. આખરે સ્હાંજે એમને જરા સ્વસ્થ થયેલાં જોઇને ધીમે ધીમે એ સમાચાર કહ્યા. એ શોકવૃત્તાંત શ્રવણ કરતાંવારજ એમને મૂર્છા આવી ગઇ અને ડૉકટરે આવીને દવા આપી ત્યારે ભાન આવ્યું. ૨૭ મી માર્ચે પ્રબોધચન્દ્રનું શ્રાદ્ધ થયું એ દિવસે ભાભીએ ઘણીજ મર્મભેદી પ્રાર્થના ત્હેના આત્માના કલ્યાણ સારૂ કરી હતી. પ્રબોધચન્દ્રના અકાળ મૃત્યુ પછી ત્હેની સાધ્વી સ્ત્રીએ કહ્યું, કે “ ન્હાનાં ભાભીજી (અઘોરકામિની) ને ઘેર રહીને વાશીદું વાળીને જીંદગી ગાળવી પડશે તો તે હું પસંદ કરીશ, અન્ય પાસે રહ્યાથી આરામ મળતો હોય તો પણ તે મ્હારે

નહીં જોઇએ." એમ કહીને તેણે પોતાની કન્યા સાથે અઘોરકામિનીનો આશ્રય ગ્રહણ કર્યો. ત્હેમણે ત્હેમને ઘણાં આદરપૂર્વક પોતાને ત્યાં રાખ્યાં તથા કોઇ પણ વાતે ઓછું આવવા દીધું નહીં. ત્યારે લોકોની ખાત્રી થઇ કે દિયેર ઉપરથી એમનું હેત કદી ઓછું થયુંજ નહોતું. એની કન્યાને પોતાને હાથેજ સારૂં શિક્ષણ આપ્યું હતું.

એ વર્ષના માર્ચ માસમાં પ્રકાશચન્દ્રની તબિયત ઘણી બગડી હતી એ વખતે દેવી અઘોરકામિનીએ અનુભવી, સિદ્ધહસ્તપરિચારિકાની માફક ત્હેમની સેવાસુશ્રૂષા કરી હતી. સંસારના પ્રત્યેક મનુષ્યની સેવાસુશ્રૂષા કરતાં આંચકો નહીં ખાનાર સન્નારી પતિદેવની સેવા કરવામાં કોઇ પ્રકારની ઉણપ રાખેજ શાનાં? પરન્તુ આશ્ચર્યની વાત એ છે કે એ આપત્તિના સમયમાં પણ એમનું ધૈર્ય, સહનશીલતા તથા ઇશ્વરભક્તિ ઓછાં થવા પામ્યાં નહોતાં. ઇશ્વરની કૃપાએ એ વ્યાધિમાંથી પ્રકાશચન્દ્રને આરામ થઇ ગયો.

પતિ તો શાન્ત થઇ ગયા, પરન્તુ એપ્રીલ માસમાં માતાના મૃત્યુના સમાચાર આવ્યા. એ ખબર સાંભળીને માતૃહીન અઘોરકામિનીએ પતિને કહ્યું: "આજથી ત્હમે મ્હારાં મા બન્યાં." પતિએ કહ્યું: 'તથાસ્તુ.' ઑગસ્ટ માસમાં ત્હેમના મ્હોટાભાઇ ઉપેન્દ્રનાથના મૃત્યુના સમાચાર આવ્યા. એ વખતે પણ એમણે પતિને કહ્યું: "આજથી ત્હમે મ્હારા મ્હોટા ભાઇ બન્યા." આ પ્રમાણે અઘોરકામિનીએ પતિનેજ માતા, બન્ધુ, સખા અને ગુરૂ બનાવ્યા હતા.

પ્રકરણ સત્તરમું—દેવી

૧૮૯૦

આ પ્રેમાળયુગલે આત્મિકમિલનવ્રત ગ્રહણ કર્યે સાત વર્ષ થઈ ગયાં હતાં. હવે એ વ્રતનું ઉદ્યાપન કરવાની બન્નેની તીવ્ર ઉત્કંઠા

થઇ રહી હતી; પરન્તુ એમણે જોયું કે દરેક સાધનામાં અલ્પ ત્યાગથી સિદ્ધિ મળતી નથી. ત્યાગમાં પૂર્ણતા જોઇએ. એમણે દેહનો પાશવ વ્યવહાર તો સાત વર્ષ થયાં બંધ કર્યો હતો, પરન્તુ સ્પર્શનો વ્યવહાર ચાલુ હતો; હવે એનો પણ ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો. સ્પર્શસુખમાં આબદ્ધ રહેવાથી જડવસ્તુનો મોહ ઓછો થતો નથી. શરીર ન હોવાથી બે આત્માનો જે પરસ્પર યોગ થાય છે, તે શરીરસુખમાં લીન રહેવાથી થતો નથી. એવા એવા વિચારથી દેવી અઘોરકામિનીએ પતિને કહ્યું, કે "આજથી આપણું અર્ધું શરીર અવશ થયું. આત્મા અને શરીર બન્નેનો જે સંબંધ હતો તે હવે એકલો આત્માનોજ રહેશે. અડધું અંગ હોવા છતાં પણ ન હોવા સમાન થશે. ગળા સૂધીનું શરીર બન્નેને માટે અસ્પૃશ્ય રહેશે." એવો સંકલ્પ કરીને હેમણે આલિંગનના મધુર સુખનો પણ સ્વેચ્છાથી ત્યાગ કર્યો. એ દિવસની ડાયરીમાં પ્રકાશચન્દ્ર લખે છે કે "આલિંગન નિષિદ્ધ થયું. ગળા સુધીનો સ્પર્શ બંધ થયો. મુખચુંબનમાં સુખ પણ ન થાય અને દુઃખ પણ ન થાય એવી રીતે થવું જોઇએ. અભ્યાસથી એ પણ થશે." વળી એક દિવસે એમણે પ્રાર્થના કરી હતી કે "દૃષ્ટિ સુખ વધારો." કારણ એમને ખાત્રી થઇ હતી, કે ઊંચા પ્રકારનું સુખ મળ્યા વગર નીચલા પ્રકારનું સુખ છોડી શકાતું નથી. દર્શનમાં કેટલા બધા સુખનો સંભવ છે તે એકદમ સ્હમજાય એમ નથી. અભ્યાસથી એ દર્શનના આનંદમાં વૃદ્ધિ થવાથી સ્પર્શસુખની લાલસાનો હ્રાસ થઇ શકે છે. સ્પર્શના આનંદ કરતાં દર્શનનો આનંદ ઘણો ઊંચા પ્રકારનો છે; હેના કરતાં ઉચ્ચ આનંદ સ્મૃતિનો છે. મનુષ્યને કદી કદી એ સુખનો ક્રમશઃ લાભ થાય છે. પરીક્ષાદ્વારા એ દંપતિને જણાયું હતું, કે સ્મૃતિની અવસ્થા સ્થાયી છે. એ સુખ કોઇ છીનવી શકે એમ નથી. સ્મરણમાં આનંદ મળે તો દર્શનની આકાંક્ષા રહેતી નથી. એ પ્રમાણે દર્શનમાં આનંદ મળ્યા વગર સ્પર્શનો ભોગ છોડવો કઠિન થઇ પડે છે.

હવે એ બન્નેની ઇચ્છા "આધ્યાત્મિક વિવાહ"નું અનુષ્ઠાન કરવાની થઇ. ૧૮૯૧ ની ૫ મી જાન્યુઆરીએ દેવી અઘોરકામિનીનું શરીર ઘણું બગડી આવ્યું. એમને ચિન્તા થઇ કે આધ્યાત્મિક વિવાહ આ જીંદગીમાં કદાચ થવા નહીં પામે; પરંતુ ઇશ્વિરે ત્હેમને એ મંદવાડમાંથી જલ્દી સાજાં કરી દીધાં.

પ્રકરણ અઢારમું–આધ્યાત્મિક વિવાહ

૧૮૯૧

૧૮૯૧ ની સાલના માઘોત્સવ પછી, ૨૪ મી જાન્યુઆરીએ બાંકીપુરથી અનેક બ્રાહ્મ બ્રાહ્મિકાઓ ફરીથી રાજગૃહની યાત્રાએ નીકળ્યાં. બીજાં બધાં તો કેવળ તીર્થયાત્રાએ ગયાં હતાં, પણ દેવી અઘોરકામિની અને પ્રકાશચન્દ્રનો ભાવ એથી પણ વધારે ગંભીર હતો. આ તીર્થમાં આ વખતે ત્હેમનું આધ્યાત્મિક લગ્ન થવાનું હતું. એ લગ્નનો વિધિ વિગતવાર જણાવીએ તો વાંચકો ક્ષમા કરશે. ૨૭ મી જાન્યુઆરીએ રાજગૃહની ધર્મશાળાના એક એકાંત ઓરડામાં પતિએ પ્રાર્થના કરીને પત્નીના મસ્તકને સ્પર્શ કર્યો તથા બ્રહ્મકુંડના ઉષ્ણજળથી મસ્તક ધોઇને પોતાને હાથેજ અસ્ત્રો લઇને મુંડન કરવા માંડયું. એમનો હાથ કાંપતો હતો, કોઇ દિવસ કોઇનું ક્ષૌરકાર્ય કર્યું નહોતું; પરન્તુ મસ્તક મુંડન કર્યા પછી એમના હૃદયમાં અપૂર્વ આનંદ થયો. આપણી દૃષ્ટિએ કદરૂપા બનેલા એ સ્વરૂપમાં પતિ પ્રકાશચન્દ્રને પૂર્વે કદી ન દેખેલું એવું અપૂર્વ સૌન્દર્ય જણાયું. પત્નીની બાલ્યમૂર્તિ, યૌવનમૂર્તિ, કોઇ પણ મૂર્તિ આની સરખામણીમાં ઉતરી શકે એમ નથી; દેવપ્રભા જાણે એમના મુખમંડળ ઉપર ઉતરી આવી છે એમ એમને જણાયું.

ત્યાર પછી નાપિતને બોલાવીને પ્રકાશચન્દ્રે પોતાની હજામત કરાવી. ત્યાર પછી ઉપાસનાનો સમય આવ્યો. અત્યાર સુધી એમણે પોતાના આધ્યાત્મિક વિવાહ સંબંધી કોઇને વાતચીત કરી નહોતી. હવે અમૃતબાબુ નામના આચાર્યને જણાવ્યું કે આજે હમારો આધ્યાત્મિક વિવાહ છે. એ દંપતિની મુંડિત મૂર્તિ જોઇને બધાં વિસ્મય-સાગરમાં લીન થઇ ગયાં. ત્યાર પછી અમૃતબાબુએ હૃદયગ્રાહી ઉપાસના કરી. ઉપાસના પછી 'નવસંહિતા' અનુસાર એમના આધ્યાત્મિક લગ્નનું અનુષ્ઠાન થયું. નવસંહિતામાં એ વ્રત સાત દિવસને માટે કહ્યું છે, પણ એમણે લીધું અનન્તકાળને માટે.

ત્યાર પછી શ્રદ્ધેય પ્રચારક મહાશયે 'બ્રહ્મકન્યાનું અવતરણ' એ વિષય ઉપર ઉપદેશ આપીને જણાવ્યું કે, "આ જગતમાં મહાપુરૂષ ઘણા આવ્યા છે, મહાનારી હજુ સુધી આવી નહોતી. આજે ત્હેમનું આગમન થયું છે. મહાનારીમાં જે બધાં લક્ષણો હોવાં જોઇએ તે મ્હેં દેવી અઘોરકામિનીમાં જોયાં છે."

સંધ્યાકાળે અપૂર્વકૃષ્ણ નામના એક બ્રાહ્મબન્ધુએ એ દંપતિને પટ્ટવસ્ત્ર પહેરાવ્યાં. ઉપાસના કર્યા પછી કન્યા–વરને પોંખવામાં આવ્યાં. વરકન્યાને બદલે 'કન્યાવર' શા સારૂ તે સ્હમજ્યા? જે વખતે શરીરનો વિવાહ થયો હતો તે વખતે વરકન્યાનું વરણ થયું હતું. હવે આધ્યાત્મિક વિવાહ વખતે કન્યાનો વારો આવ્યો. એ બે જણાંને વચમાં બેસાડીને ચારે તરફથી બ્રાહ્મ અને બ્રાહ્મિકાઓ હાથમાં ડાળી લઇને હલુધ્વનિ અને શંખધ્વનિ કરતાં કરતાં પરિક્રમા કરવા લાગ્યાં.

એ દિવસના અનુષ્ઠાન સંબંધમાં યષ્ઠિદાસ નામના એક ગૃહસ્થ પોતાની દૈનિક નોંધમાં લખે છેઃ "ઉપાસના–સ્વર્ગની ઉપાસના આજ મહાવ્યાપાર! ભક્તિભાજન સાધક પ્રકાશબાબુ અને ત્હેમની ભાર્યા અઘોરકામિની આધ્યાત્મિકવિવાહસૂત્રથી બંધાઇ ગયાં. અહા! અહા! આજનું દૃશ્ય કેવું મનોહર અને દિવ્ય હતું! વિધાતાએ

જાતે પુરોહિત બનીને એ ઉભય સંતાનને વિવાહસૂત્રથી બાંધી દીધાં. એ વરકન્યાને હવે શરીરનો સંબંધ નથી. એમણે બાર વર્ષ થયાં સાધન આરંભ કરીને આજકાલ કરતાં નવ વર્ષથી ઇન્દ્રિયોનો નિગ્રહ કર્યો છે. એમણે સાક્ષી આપી કે આ નિગ્રહે એમને અનેકવાર રોવડાવ્યાં છે, અનેક પ્રકારના દુઃખમાં પાડયાં છે, પરન્તુ પાછળથી જે સુખશાન્તિ મળી છે, ત્હેની સાથે સરખાવતાં એ રોદન અને દુઃખ કાંઇ વિસાતમાં નથી. આ બનાવે બધાંના મનમાં એક સ્વર્ગીયભાવ આંકી દીધો. આ વરકન્યાનું વરણ, એ સ્વર્ગીય બનાવ હતો. પછીથી સંકીર્તન થયું. દયામય ! ત્હને ધન્યવાદ છે. આ તે રાજગૃહ કે સ્વર્ગ?"

રાજગૃહમાં રહ્યાં તેટલા દિવસ આ દંપતિ દરરોજ બ્રહ્મકુંડમાં સ્નાન કરવા જતાં. એકબીજાને પવિત્ર જળથી અભિષિક્ત કરતાં અને એકાગ્રચિત્તે સાથે મળી ઉપાસના કરતાં.

૨૮ મી જાન્યુઆરીએ એમના એક બ્રાહ્મ મિત્રની વિધવા ભગિનીએ મસ્તક મુંડન કરાવ્યું. એ યુવતી બાળવિધવા હતી. આટલા દિવસ એણે વૈધવ્ય વેશ ધારણ કર્યો નહોતો. દેવી અઘોરકામિની જેવી સધવાને મસ્તક મુંડન કરાવેલાં જોઇને ત્હેણે પણ મસ્તક મુંડન કરાવ્યું. એણે પણ દેવી અઘોરકામિનીને પગલે ચાલીને આત્મિક વિષયમાં સારી પ્રગતિ કરવા માંડી. ત્હેનું પણ જીવનદ્વાર ઉઘડી જઇ સેવાનું વિશાળ ક્ષેત્ર તેની દૃષ્ટિ સન્મુખ જણાવા લાગ્યું.

વાંચક ભગિનીઓ અને બન્ધુઓ ! આ પ્રમાણે એક નવીન પ્રકારનાં લગ્ન—આધ્યાત્મિક વિવાહનાં ત્હમને દર્શન કરાવ્યાં. સુધરેલા પાશ્ચાત્યોનું અનુકરણ કરીને પચ્ચીસ વર્ષે વિવાહિત જીવનનું સાંસારિક સુખ અનુભવ્યા પછી રજત—લગ્નોત્સવ—સિલવર વેડિન્ગ—ઉજવવાની અભિલાષા ત્હમારામાંના ઘણાને થતી હશે, અને હમે ઇચ્છીએ છીએ કે પરમાત્મા ત્હમારી એ ઇચ્છા પૂર્ણ કરે; પરન્તુ એ પવિત્ર પ્રસંગને, મનના વિકારોનું તથા ક્ષુદ્ર વૃત્તિઓનું દમન કરીને, પોતાના

સંપ્રદાયને અનુસરતા કોઇ સંસ્કારદ્વારા અથવા સંસ્કારમાં શ્રદ્ધા ન હોય તો સંસ્કારવગર અન્ય કોઇ ઉપાયથી, પાશવવૃત્તિ રહિત, એક અભેદ્ય અને અવિચ્છિન્ન જીવન ગાળવાનો સંકલ્પ કરીને, ચિરસ્મરણીય તથા પવિત્ર બનાવવા હમારા હજારો વાંચનારાંઓમાંથી એક પણ યુગલ તત્પર થશે તો આ જીવનચરિત્ર લખવાનો હમારો ઉદ્દેસ્ય સફળ થયો માનીશું.

ચતુર્થ ખંડ (સેવિકા)

પ્રકરણ ઓગણીસમું–સેવાનો ઉદ્યોગ અને લખનૌયાત્રા.

૧૮૯૧

રાજગૃહથી બાંકીપુર પાછાં આવ્યાં પછી ઉડિસ્યાનિવાસી શ્રીયુક્ત મધુસૂદનરાવ દેવી અઘોરકામિનીના અતિથિ થયા. એમના ઘરની વ્યવસ્થા તથા સર્વત્ર વ્યાપી રહેલું ઇશ્વરભક્તિનું નિર્મળ વાતાવરણ જોઇને ત્હેમણે કહ્યું હતું કેઃ 'આ તો તીર્થ છે. ગયા, કાશી, ફરી આવ્યો પણ આવું તીર્થ તો કહીં જોયું નહિ.' વાત ખરી છે. **પવિત્ર વિચાર, અને પવિત્ર વર્તન, તથા સર્વ કાર્ય ઇશ્વરાર્પણ કરીને આદરવાના સ્વભાવદ્વારા ઘરને જ તીર્થ બનાવી દેવાય તોજ ગૃહીણીના ગૃહીણીપદનું સાર્થક છે.**

આધ્યાત્મિક વિવાહ પછી કેવળ ઇશ્વરનું ધ્યાન અને ઉપાસના કરીને નિશ્ચેષ્ટ બેસી રહેવું એમને ઉચિત જણાયું નહીં. એક અંગ્રેજ કવિ કહે છે; કે **જે મનુષ્ય, માનવબન્ધુઓની અને પશુપક્ષીઓની સારી રીતે સેવા કરે છે ત્હેણેજ ઇશ્વરની યથેષ્ટ ઉપાસના કરી એમ સમજવું. પ્રભુનાં સંતાનની સેવા એ**

પ્રભુનીજ સેવા છે. એમ ધારીને હવે એમણે જનસેવાના કાર્યમાં પહેલાં કરતાં વિશેષ ઝંપલાવ્યું. પ્રારંભમાં તો પોતાના પતિના એ સ્નેહીઓની કન્યાઓના શિક્ષણનો સારો બંદોબસ્ત નહોતો થતો ત્હેમને પોતાને ઘેર રાખીને ભણાવવાનું શરૂ કર્યું. સ્ત્રીઓ અજ્ઞાનના અંધારા કુવામાં પડી રહે એ ત્હેમને ભયાનક લાગતું હતું, અને એટલા માટે કન્યાઓને શિક્ષણ આપવું એ એમના જીવનનો મ્હોટો અભિલાષ હતો. ઇ. સ. ૧૮૯૧ ની ૧૧ મી ફેબ્રુઆરીએ ત્હેમણે એક બોર્ડીંગ હાઉસની સ્થાપના કરી, પરન્તુ થોડાજ સમયમાં એમને માલૂમ પડ્યું કે પારકી કન્યાઓને પોતાની દેખરેખ નીચે રાખીને શિક્ષણ આપવામાં ખાસ અનુભવની આવશ્યકતા છે. ગમે તે સ્ત્રીથી એ કાર્ય સંતોષકારક રીતે થઈ શકે નહીં. એને માટે ખાસ કેળવણીની તથા હૃદયનો વિશેષ વિકાસ થવાની જરૂર છે. આત્મપરીક્ષા કરતાં પોતાનામાં એ ગુણોની ન્યૂનતા જણાઈ અને ત્હેને દૂર કરવા લખનૌ શહેરમાં કુમારી થોબર્ન સ્થાપિત 'વુમન્સ કૉલેજ' (સ્ત્રીઓની પાઠશાળા) માં જઇને કન્યાઓને કેવા પ્રકારે શિક્ષણ અપાય છે તે શીખી આવવાનો તથા બની શકે તો થોડું ઘણું અંગ્રેજી પણ ભણતાં આવવાનો ત્હેમણે સંકલ્પ કર્યો.

પરન્તુ એ કાર્ય કાંઈ સહેલું નહોતું. એઓ સ્વામીનાં પરમ સહાયક, પાંચ સંતાનનાં માતા હોઇને અનેક દાસ દાસીઓના ઉપર દેખરેખ રાખવાનું કામ પણ તેઓને હતું. વય પણ પુખ્ત થઇ ગઇ હતી. એવે વખતે એ સર્વેનો ત્યાગ કરીને પારકી છોકરીઓના શિક્ષણની ખાતર ઘર છોડીને પરદેશ વેઠવો, પરધર્મીઓના નિયમાધીન રહેવું, સગાં સંબંધી અને સ્વધર્મીઓના સહવાસજનિત સુખથી વંચિત થવું એ કાંઇ ઓછી અડચણની વાત નહોતી. ઘણા લોકો મશ્કરી કરવા લાગ્યા અને આવી ઇચ્છાને અસ્વાભાવિક ગણવા લાગ્યા. અલબત જે લોકો એમનો શુભ ઉદ્દેશ જાણતા હતા ત્હેમણે તો

સહાનુભૂતિ દર્શાવી, પરન્તુ દેવી અઘોરકામિનીએ બીજાઓની સ્તુતિ કે નિંદા, કુટુંબીઓની અને પોતાની અગવડ, કશાની પરવા કર્યા વગર, અન્તરાત્માના આદેશને માન આપીને તા. ૨૭મી ફેબ્રુઆરી ૧૮૯૧ ને દિને લખનૌની યાત્રા કરી. ઉપદેશક અમૃતલાલ બસુ એમને લખનૌ સુધી વળાવવા ગયા.

એમની ગેરહાજરીમાં એમણે સ્થાપેલાં બાલિકા વિદ્યાલયનો વહિવટ પ્રકાશચન્દ્રના એક મિત્રે પોતાના હાથમાં લીધો, અને ત્હેને બાંકીપુરથી ઉપાડીને ખગોળ ગામમાં લઇ ગયા.

પ્રકરણ વીસમું–લખનૌ કૉલેજનું દૈનિક જીવન

૧૮૯૧

લખનૌમાં દેવી અઘોરકામિની જઇ પહોંચ્યાં તે સમયે ગ્રીષ્મકાળ હતો. સવારમાં નિશાળ ચાલતી હતી. ભોજન વગેરે બોર્ડીંગના નોકરો તૈયાર કરતા હતા. બધી કન્યાઓને સાથે બેસીને ભોજન કરવું પડતું. વાસણ એમને જાતે માંજવાં પડતાં. દીવો બાળવાનું તેલ સૌને પોતાને ખર્ચે ખરીદવું પડતું. સ્નાનને સારૂ ગરમ જળ જોઇએ તો બે પૈસા વધારે આપવા પડતા, એટલા માટે એ પોતે પોતાની ઓરડીમાં પાણી ઊનું કરવાનો બંદોબસ્ત રાખતાં. એ વખતમાં એમનો દૈનિક કાર્યક્રમ નીચે પ્રમાણે હતો:–

સવારમાં સાડાચારથી પાંચ–ઉપાસના. પાંચથી ૬ નાસ્તો અને ઘરનું વાળવું ઝુડવું. ૬ થી ૧૦½ નિશાળ. ૧૦½ થી ૧૨ સ્નાન, આહાર અને વિશ્રામ. ૧૨ થી સાંજના સાડાપાંચ સુધી પાઠ. સાડાપાંચથી ૭ આહાર. ૬ થી ૭ ઇશ્વરના નામનો પાઠ અને ગાન. ૭ થી ૧૦ પાઠ. ૧૦½ થી ૧૧ ગાન અને શયન.

મિસ થોબર્ને એમને બીજી ન્હાની કન્યાઓની માફક નિયમોને આધીન રાખવા ઇચ્છતાં નહોતાં; પરન્તુ એ પોતાની ખુશીથી છાત્રાલયના દરેક નિયમને માન આપીને ચાલતાં. અધ્યાપિકાનો થોડા સમયમાંજ ત્હેમની સાથે ગાઢ પ્રેમ બંધાયો. એ એમને વિદ્યાર્થીની નહીં પરન્તુ ભગિની પેઠે ગણવા લાગ્યાં. વારંવાર ત્હેમની પાસે આવીને એકજ આસન ઉપર બેસતાં. તેઓ તેમને કહેતાં કે મિસિસ રોય, ત્હમે આ બધા સખ્ત નિયમોને અક્ષરસઃ નહીં પાળો તો પણ ચાલશે; પરંતુ એથી કરીને તો ઉલટા તેમણે એ નિયમોને વધારે દૃઢતાથી પાળવા માંડયા. એથી એમને ઘણો લાભ થયો. બાલ્યાવસ્થાથી એમને નિયમ અને શાસનને અનુસરીને કાર્ય કરવાનો અભ્યાસ નહીં હોવાથી ઘરકામમાં અસ્તવ્યસ્તતા ઘણી વાર થઇ જતી. એ ગુણ હવે પરિપક્વ વયે શીખ્યાં. એ સંબંધમાં એમણે પોતે એક પત્રમાં લખનૌથી લખ્યું છેઃ 'નિયમિતપણું શું તે બાલ્યકાળથી મને કોઇએ શીખવ્યું નહોતું. એને લીધે મ્હેં ઘણું ગુપ્ત કષ્ટ વેઠયું છે. ફરજિયાતપણામાં આટલું સુખ છે, તે વાત હું જાણતી નહોતી. મ્હારા મનમાં એમ હતું કે નિયમિત ચાલવા જતાં કેવળ દુઃખજ પડતું હશે પણ હવે ખબર પડી કે એ મ્હારી ભૂલજ હતી. * * *"

લખનૌમાં જઇને દેવી અઘોરકામિની બ્રાહ્મસમાજને વિસર્યા નહીં. ત્યાં પણ દર રવિવારે ગાડી કરીને સમાજમાં જતાં તથા ઉપાસનામાં ભાગ લેતાં. તે ઉપરાંત દરરોજની ઉપાસના સારૂ પોતાની ઓરડીમાં કપડાંના પડદા બાંધીને એક ન્હાનો સરખો અલગ ઓરડો બનાવ્યો હતો. મિસ થોબર્ને એક વખત આશ્ચર્ય પામી પૂછ્યું કે આ શું છે? ત્હારે એમણે જવાબ આપ્યોઃ "Prayer room ઉપાસનાગૃહ." એ દિવસથી મેમ સાહેબે દરેક કન્યાને આજ્ઞા આપી કે મિસિઝ રાય જ્યહારે પ્રાર્થના કરતાં હોય ત્હારે કોઇએ એમને છેડવાં નહીં.

એ સમયમાં દેવી અઘોરકામિની ઘણા ઉત્સાહપૂર્વક હિન્દી અને

અંગ્રેજી ભણતાં. દરરોજ નિશાળમાં અને ઘેર મળીને ૧૪ કલાક અભ્યાસ કરતાં. એ વખતે નિદ્રા પણ એમણે ઘણીજ ઓછી કરી નાંખી હતી. ભણવાના ઉમંગમાં જાણે ત્હેમનામાં નવી જુવાની આવી હતી.

એપ્રિલ માસમાં ત્હેમણે અંગ્રેજીની એક ચોપડી પુરી કરી અને પતિના પત્રનું સરનામું અંગ્રેજીમાં લખ્યું.

મિસ થોબર્ને એમને કહ્યું, કે દરરોજ ત્હમારે થોડું થોડું રમવું પડશે. પહેલાં તો એથી એમને ઘણું આશ્ચર્ય લાગ્યું, પણ પાછળથી ખાત્રી થઇ કે શરીર આરોગ્ય રાખવું હોય તો એનું પણ પ્રયોજન છે. અધ્યાપિકા મડમ પણ એમની સાથે માથું બાંધીને રમવા આવતાં. આ પ્રમાણે દેવી અઘોરકામિની રમતાં શીખ્યાં. પાછલા જીવનમાં તેઓ પોતાની નિશાળની કન્યાઓ સાથે એવા ઉત્સાહથી રમતાં કે જેથી કન્યાઓનો એમના ઉપર પુષ્કળ સ્નેહ અને વિશ્વાસ બંધાઇ જતો.

પ્રકરણ એકવીસમું—આઘે કે પાસે?

ઇ. સ. ૧૮૯૧

૧૮૯૧ ના એપ્રિલ માસમાં દેવી અઘોરકામિનીએ પતિને લખ્યું હતું કેઃ "આ જગત્ એક મ્હોટો બંગલો છે. ત્હેના એક ઓરડામાં ત્હમે છો, અને બીજામાં હું છું." આ પ્રમાણે દૂરતાનો ભાવ દૂર કરીને એ નિકટતા અનુભવવા લાગ્યાં હતાં. એ નિકટત્વને ખરેખર રીતે અનુભવી શકાય તો વિયોગનું કષ્ટ દુનિયામાંથી એકદમ જતું રહે અને વિયોગજ્વાળાથી ઉદ્ભવેલા અનેક રાસડાઓ સાંભળવામાં ન આવે. લખનો ગયા પછી એમનો મૃત્યુનો ભય જતો રહ્યો. એમની ખાત્રી થઇ કે પતિ પત્નીમાં શુદ્ધ—પાશવવૃત્તિરહિત—નૈસર્ગિક પ્રેમ હોય તો મૃત્યુ પછી પણ ત્હેમનો વિચ્છેદ થતો નથી.

એક સમયે એમના મનમાં પતિની જન્મતિથિ ઉજવવાનો વિચાર ઉત્પન્ન થયો. પ્રકાશચન્દ્રને એ વિચાર લખી જણાવતાં ત્હેમણે ઉત્તર આપ્યો "કે હું એકલો તો કાંઇ પણ નથી. તમે અને હું બે મળીને એક થઇએ ત્યારેજ એનું કાંઇ મૂલ્ય થાય છે. જે દિવસે આપણા આત્માનો વિવાહ થયો તેજ આપણી ખરી જન્મગાંઠ." એ દિવસથી એ એમના આધ્યાત્મિક વિવાહની તારીખને વર્ષગાંઠ ગણીને, પ્રતિવર્ષ એ દિવસે ખૂબ ઉત્સવ કરવા લાગ્યાં.

એક પત્રમાં લખનૌથી તેઓ લખે છે કે "મ્હને એમ લાગે છે કે કોઇ પણ વાત ઉપર આપણો પોતાનો પક્કો વિશ્વાસ ન હોય ત્યાં સુધી જગત્ આપણા ઉપર વિશ્વાસ રાખે નહીં. શરીરમાંના પરમાણુઓ જાણે હજુ પણ એવા પાકા વિશ્વાસની ખાત્રી આપતા નથી. મ્હારાં હાડેહાડ ક્યારે એવું બોલશે કે "સત્યમ્ સત્યમ્" જે દિવસે એવું થશે તે દિવસે જગતને મ્હારા ઉપર વિશ્વાસ રાખવોજ પડશે. જગત્ જનનિ એ દિવસ દેખાડે એવી આજે પ્રાર્થના કરી. * * ખરૂં કહું છું કે હવે દૂર એ નિકટ બન્યું છે. જો એમ ન થયું હોત તો વિશેષ કષ્ટ પામત. દરરોજ ચાર વાગ્યે ઉઠીને નામ જપ કરૂં છું, ત્હારે એવી આશ્ચર્ય લીલા નીહાળું છું કે જાણે તમારી પાસેજ બેસીને હું નામ જપ કરી રહી છું. તમે દૂર છો એ વિચારજ મનમાં નથી આવતો. એજ પ્રમાણે જ્યહારે તમને જોવાની ઇચ્છા થાય છે ત્હારે માજીના ખોળામાં તમને જોઉં છું. આગલી વયમાં તમને દેખવાની ઇચ્છા થતાં શરીરને જોયાથી જેવું સુખ થતું ત્હેના કરતાં આ સુખ કાંઇ ઓછું નથી. ઉલટું એથીએ વધારે સુખ થાય છે. મ્હને ઘણી વાર વિચાર આવતો કે તમે મ્હારા પહેલાં કદી ચાલ્યા જાઓ તો, હું કેવી રીતે આ સંસારમાં જીવી શકીશ? હું ધારૂં છું કે માજીએ (પ્રભુએ) મ્હારો એ બીકણ વિચાર જાણી લીધો છે અને તેથીજ ત્હેમણે જીંદગીમાં દૂર ને આટલું નજદિક બનાવી દીધું છે.

હવે કદી પણ ત્હમારાથી મ્હારે દૂર નહીં થવું પડે, એનો વિચાર કરતાં કેટલું બધું સુખ ઉપજે છે તે હવે હું સમજી છું. * * * હવે દુઃખ નથી, હવે આપણો વિચ્છેદ અસંભવિત છે.”

વળી એક પત્રમાં લખે છેઃ “પ્રકાશ! ત્હમે જે કહેશો તે આ દાસી જીવસાટે કરવા યત્ન કરશે. આટલા દિવસ આપણાં શરીર જાણે ભિન્ન હતાં, પણ હવે આધ્યાત્મિક વિવાહ પછી આપણે એક થઇ ગયાં છીએ. વળી માજી શું એવું કઠણ કામ સોંપશે કે જે આપણાથી નહીં કરી શકાય? નહીં કરી શકાય, તોપણ કરતાં કરતાં તો આવડીજ જશે. આપણાં માજી તો એવાં કઠણ મા નથી, કે ન થઇ શકે એવુંજ કામ સોંપે. એ જાણે છે કે આપણું ગજું કેટલું છે. જો આપણી મારફતે ત્હેમનું કાર્ય કરાવવાની ત્હેમની ઇચ્છા હશે તો તો તે કામ અવશ્ય આપણાથી થશેજ. પ્રકાશ! ત્હમારી ‘ઘોરી’ (દેવી અઘોરકામિનીનું ન્હાનપણનું નામ) નું સમસ્ત રક્ત આપ્યા છતાં પણ શું માજીની ઇચ્છા પૂર્ણ નહીં થાય? **ત્હમારી ઘોરી જીવનના છેલ્લા દિવસ સુધી પ્રાણસાટે પણ માજી (પ્રભુ) નું કામ કરી શકે એવો આજે આશીર્વાદ આપો.** * *”

પત્નીને લખનૌમાં કષ્ટ પડતું હશે એમ ધારીને પ્રકાશચન્દ્રે એક સમય એમને પૂછાવ્યું હતું, કે લખનૌથી પાછાં ફરવાની ઇચ્છા થાય છે કે? એના જવાબમાં એમણે જણાવ્યું હતું કે “ના, હમણાં ઘેર આવવાની ઇચ્છા થતી નથી; કારણ કે જે કાર્ય કરવા હું આવી છું ત્હેને પાર પડવામાં વિલંબ છે. હજુ તો બેજ ચોપડીઓ ભણી છું.” વળી એક પત્રમાં લખે છેઃ—“સારા નસીબે ત્હમે મ્હને ઉપાસના કરતાં શીખવ્યું છે, નહીં તો આજ મ્હારી શી વલે થાત? ઉપાસના કર્યા પછી એમ જણાય છે, કે **આવા પ્રકારની ઉપાસનાનું શિક્ષણ પોતાની સ્ત્રીઓને આપવું એ બધા સ્વામીઓનું ખાસ કર્તવ્ય છે.”**

સારાંશ એ કે ઉપાસનાદ્વારા પતિનું સાન્નિધ્ય અનુભવવાનું દેવી અઘોરકામિની ધીમે ધીમે શીખ્યાં હતાં અને એને લીધે લખનૌ ગયા પછી થોડાક મહિના બાદ પતિના પત્રોને માટે હૃદયમાં જે વ્યાકુળતા રહેતી તે પણ દૂર કરી શક્યાં હતાં.

પ્રકરણ બાવીસમું–લખનૌકૉલેજમાં પ્રથમ ૭ માસ

૧૮૯૧

માર્ચ માસના પ્રારંભમાં દેવી અઘોરકામિની લખનૌ ગયાં હતાં. ત્યાં આગળ ગરમી અતિશય પડતી હોવાથી ઉનાળાની રજામાં બધી કન્યાઓ પોતાને દેશ ગઇ પણ એ તો લખનૌમાંજ રહીને જ્ઞાન પ્રાપ્તિ રૂપી તપસ્યા કરવા લાગ્યાં હતાં.

જુન માસમાં પ્રકાશચન્દ્રે ત્હેમના ઉપર એક કંડીઓ ભરીને ફળ મોકલી આપ્યાં. ત્હેમણે એ કંડીઓ ઇશ્વિર આગળ ધરાવીને એમાંનાં ફળ કૉલેજની અધ્યાપિકાઓ, દાસ દાસીઓ તથા છાત્રીઓને વ્હેંચી આપ્યા પછી જે કાંઇ બચ્યું તે પોતે અને પોતાની બે પુત્રીઓએ ખાધું.

જુલાઇ માસમાં અતિશય ગરમી તથાં વરસાદના અભાવને લીધે લોકો તડફડાટ કરી રહ્યા હતા. એક દિવસ કૉલેજની મુખ્ય અધ્યાપિકાએ મૃદુ હાસ્યપૂર્વક કહ્યું: "ઘણી ગરમી પડે છે, બાપરે બાપ, વરસાદ કેમ નથી આવતો એવી વાત મિસિઝ રાયને મ્હોંએથી તો કદી નીકળવાનીજ નહીં." વાત ખરી છે, ઇશ્વિરના નિયમો વિરૂદ્ધ કોઇ પુકાર ઉઠાવે એ પણ એમને પસંદ નહોતું.

૧૮૯૧ ની ૮મી ઑગસ્ટે બાંકીપુરમાં દેવી અઘોરકામિનીના જ્યેષ્ઠ પુત્ર સુબોધચન્દ્રને ઘણો સખ્ત તાવ આવ્યો. એજ રાત્રે માતાએ

પણ એ બાબતનું સ્વપ્ન દીઠું, પણ કોને મંદવાડ છે એ સ્પષ્ટ જણાયું નહીં. એજ રાત્રે એમને સમાચાર મળ્યા. એ સંબંધમાં ડાયરીમાં અઘોરકામિની લખે છેઃ—"કાલ સુબોધના જ્વરની વાત સાંભળ્યાથી (ઇશ્વિર ઉપરનો) વિશ્વાસ ઘણો વધી ગયો." રાત્રે સુબોધનો તાવ ૧૦૫ ડિગ્રીથી એકદમ ૯૭ ડિગ્રી આવીને ઉભો. ચિકિત્સકો ગભરાયા, અને દેવી અઘોરકામિનીને તારથી બોલાવવાની સલાહ આપી. રાત્રે સુબોધને જ્યહારે ભાન આવ્યું ત્યહારે પ્રકાશચન્દ્રે ત્હેને પૂછ્યુંઃ "સુબોધ ! માને મળવાની ત્હારી ઇચ્છા છે ? એને તાર મુકીને બોલાવીએ ?" યોગ્ય માતાના યોગ્ય પુત્રે ધૈર્યપૂર્વક હસતે ચહેરે ઉત્તર આપ્યોઃ "ના એથી એમને ઘણી અડચણ પડશે." એ અરસામાં એક દિવસની ડાયરીમાં અઘોરકામિની લખે છેઃ "મા ત્હમેજ મ્હને ઉગારનાર છો, નહીં તો આ કસોટીમાં મ્હારાથી પાસ કેમ થવાશે? દિવસે દિવસે પરીક્ષા અઘરી થતી જાય છે. કૃપા કરીને મનમાં બળ આપો." પોતે ઇશ્વિરની પ્રાર્થના કરીને, ત્હેનાજ હાથમાં સુબોધને સોંપીને ચિત્તને સ્વસ્થ રાખતાં અને પતિને પણ ઉપદેશ આપતાં કે, "આવા વખતમાં લોકો કર્તવ્ય ભુલી જાય છે, ત્હમે એ પ્રમાણે ભુલતા નહીં." વિધાતાએ આ મંદવાડમાંથી સુબોધને બચાવ્યો. દેવી અઘોરકામિનીને એ સમાચાર મળ્યા ત્યહારે ત્હેમણે કૃતજ્ઞચિત્તે વિશેષ ઉપાસના કરી. એજ સુબોધ હાલ કલકત્તામાં વિખ્યાત બેરિસ્ટર છે.

૨૮ મી ઑગસ્ટે દેવી અઘોરકામિનીના પેટમાં દર્દ થઇ આવ્યું. અત્યંત વેદના થતી હતી, તોપણ નિશાળે જવાનું છોડયું નહીં. નિશાળેથી આવ્યા પછી આરામ લેવા સારૂ સુઇ ગયાં. એ સમયે એમણે પોતાના મનને પ્રશ્ન કર્યો હતો કે 'હમણાંજ ઇશ્વિરની આજ્ઞા થાય તો હું દેહત્યાગ કરવાને તૈયાર છું કે નહીં? કશામાં પણ આસક્તિ છે કે નહીં?" મને જવાબ આપ્યોઃ "કોઇ પણ જાતની આસક્તિ નથી, હમણાંજ પ્રયાણ કરવા તૈયાર છું." ત્યહાર પછી

તરતજ વેદના ઘટવા લાગી અને અડધા કલાકમાં તો તદ્દન આરામ થઇ ગયો.

મિસ થોમ્બર્ન હવા ફેર સારૂ પહાડપર ચાલી ગયા પછી એમની જગ્યાએ નવી મડમ પ્રિન્સિપાલ નીમાઇ હતી. એની પણ અઘોરકામિની ઉપર પુષ્કળ કૃપા હતી. એમની ઇચ્છા સ્ત્રીઓની હૉસ્પિટલમાં જઇને ત્યાંની કાર્યપદ્ધતિ જોવાની થવાથી, અધ્યક્ષ મડમે ત્યાંની લેડી ડૉક્ટર ઉપર ખાસ ભલામણની ચિઠ્ઠિ લખી આપી હતી. એક દિવસ ભોજનગૃહમાં છોકરીઓની એક સભા ભરાઇ હતી. લેડી પ્રિન્સિપાલે એ બધાંની સમક્ષ ધર્મોપદેશ આપવાનો દેવી અઘોરકામિનીને આગ્રહ કર્યો. છોકરીઓમાંની ઘણી ખરી ખ્રિસ્તી અને શિક્ષક સ્ત્રીઓ પણ બધી ખ્રિસ્તી હતી. દેવી અઘોરકામિની બ્રાહ્મધર્મી છે એ જાણવા છતાં પણ એમને જ ઉપદેશ આપવાનો આગ્રહ કર્યો. એમણે જણાવ્યું, કે જે છોકરીઓ ભૂલ કરે છે ત્હેમને મિસિઝ રાય પ્રસંગોપાત ઉપદેશ અને શિખામણ આપે એવી મ્હારી ઇચ્છા છે. વળી એક દિવસ ત્હેમણે જણાવ્યું હતું કે છોકરીઓ તમારે વશ રહે તેમ છે, જેથી તમે કોઇ કોઇ વાર ચારે તરફ ફરીને એમની ખબર રાખશો તો ઘણોજ ઉપકાર થશે. એ અધ્યક્ષ બાઇ એમની સાથે ઘણી વાર ધર્મસંબંધી વાર્તાલાપ કરીને આનંદ પામતી હતી. આ પ્રમાણે અન્ય મહિલાઓનાં ચિત્ત આકર્ષિત કરવાની અને ત્હેમના ઉપર પોતાના ઉપદેશનો પ્રભાવ પાડવાની શક્તિનો ત્હેમનામાં વિકાસ થતો જતો હતો.

પ્રકરણ ત્રેવીસમું–પત્રત્યાગ

૧૮૯૧

પ્રકાશચન્દ્ર અને દેવી અઘોરકામિનીની ખાત્રી થઇ હતી કે આ પૃથ્વીમાંનો પ્રેમ થોડા સમયનોજ છે, શરીર ચાલ્યા ગયા પછી તે

થોડા દિવસમાં ઉડી જાય છે; તેટલા માટે હેમણે સંકલ્પ કર્યો હતો, કે શરીરના ઉપર પ્રેમનો પાયો હમે નહીં રચીયે. પ્રથમ વયમાં સાધારણ મનુષ્યોની પેઠે એમણે પણ એ ભૂલ કરી હતી, પરન્તુ પાછળથી પોતાની ભૂલ જણાતાં રૂપનું આકર્ષણ છોડીને પરસ્પરના ચરિત્ર અને સદ્‌ગુણને લીધે ઉત્પન્ન થતી શ્રદ્ધાનેજ શ્રેષ્ઠ ગણવા માંડયું હતું. પરન્તુ હેમણે જોયું, કે શરીરનો ભોગ હોય છે ત્યાં સુધી ગુણ તરફ દૃષ્ટિ પડતી નથી. એટલા માટે શરીરનો ભોગ છોડી દીધો. એ વખતે આલિંગનનું સ્પર્શસુખ રહ્યું હતું, એ પણ ધીમે ધીમે છોડયું, એ આપણે જોઇ ગયા છીએ. પરન્તુ દર્શનસુખ તો એ વખતે રહ્યું હતું. રાજગૃહમાં પરસ્પર દર્શનથી એ દંપતિને અપૂર્વ આનંદ થયો હતો. પરન્તુ દર્શનસુખ ઉપર પ્રેમનો પાયો રચવો એ પણ એમને ઉચિત લાગ્યું નહીં. લખનૌ ગયાથી બન્ને જણ એકબીજાથી છૂટાં પડયાં. દર્શનસુખ પણ રહ્યું નહીં. મધુરકંઠ સાંભળવાનું શ્રવણસુખ પણ જતું રહ્યું. આ અવસ્થામાં અને પરલોકમાં શો ભેદ ? ના, પણ એમને લાગ્યું કે હજુ એક સુખ બાકી છે. પરલોક ગયેલું સંબંધી પત્ર લખી શકતું નથી, અને હમે એ સુખ અનુભવીએ છીએ. પત્રને માટે આતુરતાથી રાહ જોઇએ છીએ; પત્ર મળતાં વારંવાર વાંચીએ છીએ અને મિત્રોને વંચાવીએ છીએ. માટે હવે એ સુખનો પણ ત્યાગ કરવો જોઇએ. એ આસક્તિ છુટી ગયા પછી કેવળ સ્મૃતિજન્ય શુદ્ધ અવિચ્છેદ્ય પ્રેમ રહેશે, અને પરમાત્મા મૃત્યુના કઠોર શસ્ત્રથી એના દેહ જુદા પાડે તો પણ વિચ્છેદનું દુઃખ એક ક્ષણ પણ નહીં લાગે. આવા આવા વિચારો પતિ અને પત્નીને સ્વતંત્રપણે પણ એકજ સાથે આવ્યા કરતા હતા, તેથી હેમણે પરસ્પરની સંમતિથી પત્રવ્યવહાર પણ બંધ કર્યો. એ અરસામાં બન્નેએ પોતપોતાની ડાયરીમાં જે વિચારો લખી રાખ્યા છે, તે ઉપરથી જણાય છે, કે એ બન્ને એકબીજાનો વિયોગ અનુભવતાંજ નહોતાં. જાણે એકજ સાથે રહેતાં

હોય, એકજ આસન ઉપર બેસીને ઉપાસના કરતાં હોય, એવી રીતનું ત્હેમનું જીવન હતું. મનમાં જે કાંઈ વાર્તાલાપ કરવાની ઈચ્છા થાય તે પણ જાણે પ્રત્યક્ષ વાત કરતાં હોય એવી રીતે ડાયરીમાં લખી રાખતાં. ઘણી વખત અનુભવ થતો કે એકના વિચાર બીજાના હૃદયમાં કોઇ દૈવી વિદ્યુત્ શક્તિદ્વારા પહોંચી જતા.

જે સમયમાં સર્વ પ્રકારની આસક્તિનો ત્યાગ કરીને આત્માની એકતા સાધવાને માટે દેવી અઘોરકામિનીના હૃદયમાં મહા મંથન ચાલતું હતું, તે સમયે ત્હેમણે પોતાના વિદ્યાર્થી તરીકેના કર્તવ્યમાં જરા પણ શિથિલતા બતાવી નહોતી. અભ્યાસ તથા નિત્યકર્મ એ નિયમિત રૂપે તેઓ કર્યા કરતાં હતાં.

પ્રકરણ ચોવીસમું-પત્રત્યાગનો એક મહિનો

૧૮૯૧

પત્રત્યાગ કર્યા પછી કેટલાક સમય સુધી તો ઘણું વસમું લાગવા માંડયું. પૂર્વે પતિના પત્રોને માટે એટલી બધી અધીરાઇ રહેતી કે ટપાલવાળો કાગળ થોડો મોડો આપી જાય તો એની વિરૂદ્ધ પોસ્ટ માસ્તરને ફરિયાદ કરવા તૈયાર થઇ જતાં. પોતે પતિને લખેલો પત્ર જેને ટપાલમાં નાંખવા આપ્યો હોય ત્હેની ભૂલથી પત્ર એકાદ ગાડી ચુકી જાય તો એમનો પુષ્કળ જીવ બળી જતો. એવાં પ્રેમાળ પત્નીને માટે કેટલાક અનિશ્ચિત સમય સુધી પત્ર વ્યવહાર તદ્દન બંધ કરવો એ કઠિન કામ છે તે કલ્પનામાં આવી શકે એમ છે.

એ વર્ષના સપ્ટેમ્બર માસમાં એમના જીવનમાં એક બીજો સંગ્રામ ઉપસ્થિત થયો. એમની કૉલેજની નવી અધ્યક્ષ મડમ સાથે એમને ઘણા સમયથી ધર્મસંબંધી વાદવિવાદ ચાલતો હતો. ૨૩ મી

સપ્ટેમ્બરે એવા વાર્તાલાપ પ્રસંગમાં એ મડમ બોલી ઉઠી, કે "ત્હમે ખ્રિસ્તી થાઓ તો મ્હને ઘણો આનંદ થશે." દેવી અઘોરકામિનીએ કહ્યું: "ઈસુને હમે ઈશ્વરપુત્ર કહીએ છીએ પણ ઈશ્વર માનતા નથી. ત્હમારે કોઇ વસ્તુની જરૂર હોય છે તો ત્હમે ઈસુખ્રિસ્ત પાસે જાઓછો, હમે સાક્ષાત્ ઈશ્વર પાસે જઇએ છીએ." મડમે કહ્યું: 'હા હમે કદી ઈસુની પાસે જઇએ છીએ અને કદી ઈશ્વરની પાસે પણ જઇએ છીએ.' આ પ્રમાણે ઘણા સમય સુધી વાદવિવાદ ચાલ્યો. એ વિવાદ અધિક લંબાવવો ઠીક નહીં લાગ્યાથી દેવી અઘોરકામિની ચૂપ રહ્યાં. એ એકલાં હતાં, પાસે કોઇ બ્રાહ્મબન્ધુઓ નહોતાં, પતિ સાથે પત્રવ્યવહાર પણ બંધ હતો; કોની આગળ દિલ ખોલીને વાત કરવી તથા સલાહ લેવી? મડમ પોતાને ખ્રિસ્તીધર્મમાં આણવાની કોઇ અવનવી ચેષ્ટા કરે એ પણ અંદરખાનેથી ભય હતો; પણ પરમેશ્વરની આગળ હૈયું ખોલીને એના ઉપર પોતાનો સર્વ વિશ્વાસ મુકીને તેઓ નિશ્ચિન્ત અને શાન્ત થયાં. ૨૩ અને ૨૪ મીએ એમનું મન વધારે શાન્ત થયું. ૨૪ મી સપ્ટેમ્બરે એમણે અંગ્રેજી ત્રીજું પુસ્તક સમાપ્ત કર્યું. ૨૫ મીએ એમનું ચિત્ત વધારે સ્વસ્થ થયું. મનમાં એક પ્રકારની શૂન્યતા હતી તે સ્હવારના પહોરમાં પૂર્ણ થયેલી જણાઇ. આત્મા અને મન પુલકિત થવા લાગ્યાં. એ દિવસે ૪ વાગ્યાને શુમારે મિસ થોબર્ન પહાડ ઉપરથી પાછાં લખનૌ આવ્યાં. દેવી અઘોરકામિની ત્હેમને મળવા ગયાં. મડમે એમને સપ્રેમ છાતી સરસાં દાબીને પૂછ્યું: "ખુશીમાં તો ખરાંને? ત્હમારાં છોકરાંઓ ખુશ છે?" વિદુષી ઇશ્વરભક્ત અંગ્રેજ નારીના આદરથી એમની આંખમાં ઝળઝળીઆં આવ્યાં અને 'માજી' (પરમેશ્વર) નો ઉપકાર માન્યો. શનિવારને દિવસે વિદ્યાલયની કન્યાઓ પોતાને ઘેર પત્ર લખતી. એ જોઇને એમના મનમાં વિચાર આવ્યો, કે હું સુબોધને પત્ર લખું તો કેમ? એથી પતિના પણ સમાચાર મળશે; પરન્તુ ત્હેમની વિવેકબુદ્ધિએ

એમ કરવાનું પણ પસંદ ન કર્યું.

પત્ર વ્યવહાર બંધ કરતાં પહેલાં પ્રકાશચન્દ્રે દેવી અઘોરકામિનીને જે પત્ર લખ્યો હતો ત્હેનો એક અંશ નીચે પ્રમાણે હતો. “પત્ર લખવાનું બંધ કર્યા પછી કયા ઉપાયથી આપણે એક બીજાને ચાહીશું ? મન અને ભાવથી. મનમાં એક પ્રકારની શક્તિ છે જે દ્વારા તે દેશ અને કાળના અંતરાયને દૂર કરી શકે છે અને સાધુસંગ કરીને સુખી થઇ શકે છે. કેશવચન્દ્રે એજ પ્રકારે કેટલાક પ્રાચીન મહાત્માઓરૂપી તીર્થની માનસિક યાત્રા કરી લીધી હતી; પરન્તુ એ બધું કલ્પનાનું કામ હતું. તેમને એ તીર્થયાત્રાનું ફળ મળ્યું કે નહીં ત્હેનું કાંઇ પ્રમાણ નથી, પરન્તુ હું જો અઘોર–તીર્થની યાત્રા કરૂં અને ત્હમે જો પ્રકાશ–તીર્થની યાત્રા કરી શકો તો એથી સાબિત થશે કે એવી તીર્થયાત્રા પણ સંભવિત છે. ત્હમે ત્હમારા મનના વિચારો ડાયરીમાં લખી રાખજો. હું મ્હારા ભાવ પણ એવી રીતે લખી રાખીશ. એ બન્નેના ભાવ મળતા આવશે ત્યારે એ પ્રબળ સંદેહ દૂર થઈ જશે.” એ સલાહ માનીને દેવી અઘોરકામિની પોતાના મનમાં ઉત્પન્ન થતા બધા વિચારો રોજની ડાયરીમાં લખી રાખતાં હતાં. પ્રકાશચન્દ્રે પણ ડાયરી લખવા માંડી અને સાથે સાથે પોતાના પૂર્વજીવનનો ઇતિહાસ પણ પત્નીને સંબોધીને લખવા માંડયો.

૨૮ મી સપ્ટેમ્બરે દેવી અઘોરકામિનીએ દિવ્યચક્ષુથી જોયું, કે પતિ બહારગામથી બાંકીપુર પાછા આવ્યા છે. પ્રકાશચન્દ્રની ડાયરી સાથે સરખાવતાં એ વાત બરાબર સાચી નીકળે છે.

એ સમયમાં એમનું સાહસ પણ વધતું જતું હતું. દર રવિવારે ત્રણ છોકરીઓ (બે પોતાની પુત્રી અને એક ભત્રીજી) ને લઇને સંધ્યાકાળે તેઓ અયોધ્યા બ્રાહ્મસમાજમાં જતાં. પાછાં આવતી વખતે રાતના દસ વાગતા. નવું શહેર અને એકલાં હતાં, પણ ઇશ્વરજ પોતાના રક્ષક છે એમ માનીને કોઇ પણ જાતનો ભય તેઓ રાખતાં નહીં.

આઠ મહિના સુધી દિવસના ચૌદ પંદર કલાક અભ્યાસ કરવાથી એમના નેત્રની જ્યોતિ ક્ષીણ થવાને બદલે ઉલટી તીવ્ર થતી જતી હતી. જાણે બાળચક્ષુ પ્રાપ્ત થતાં હતાં. વાસ્તવિક રીતે જોતાં એ સમયમાં એમના ચહેરામાં અને સ્વભાવમાં એવી સરળતા જણાતી હતી કે એમની સાથે છોકરીઓને જોઇને લોકો એમ ધારતા કે એ એમની સાવકી દીકરીઓ હશે.

પ્રકરણ પચીસમું—લખનૌકૉલેજમાં છેલ્લો એક મહિનો

ઇ. સ. ૧૮૯૧

દેવી અઘોરકામિની ઉપર કૉલેજની અધ્યક્ષ મિસ થોબર્નનો એટલો બધો વિશ્વાસ બેસી ગયો હતો, કે બંગાલી ભાષામાં છોકરીઓએ પોતાના વાલીને લખેલા પત્રો પહેલાં એમની આગળ વાંચવા સારૂ મોકલતાં, અને એમાં કાંઇ અનુચિત લખ્યું નથી એવી ખાત્રી થયા પછી એમની અનુમતિ મળ્યા બાદ એ પત્રો ટપાલમાં નાંખવામાં આવતા.

૨૩ મી ઑક્ટોબરે અઘોરકામિનીએ મિસ થોબર્નને પોતાની પરીક્ષા લેવા સારૂ વિનંતિ કરી. ત્હેમણે હાસ્યપૂર્વક એ વિનંતિ સ્વીકારી, પણ દેવી અઘોરકામિનીએ કહ્યું: "પરન્તુ ક્લાસમાં પરીક્ષા લઇને સર્ટીફીકેટ આપવું પડશે." "બહુ સારૂં. જરૂર આપીશ" મિસ થોબર્ને કહ્યું.

૨૮ મી ઑક્ટોબરે એક અંગ્રેજ સખી સાથે એમનો મેળાપ થયો. ત્હેણે આદરપૂર્વક લીલીદ્રાક્ષનો એક ડબ્બો દેવી અઘોરકામિનીને ભેટ આપ્યો, પણ એમણે એમાંની દ્રાક્ષ ખાધી નહીં. પતિની ગેરહાજરીમાં કોઇ સારો પદાર્થ ખાવો નહીં એવો એમનો સિદ્ધાન્ત

હતો. મડમના વિશેષ આગ્રહથી એક દ્રાક્ષ હાથમાં લઇને ત્હેના સ્હામું જોઇને પ્રભુની કરૂણાનું વર્ણન કરવા લાગ્યાં. મડમે કહ્યું: "ખાલી જોયાંજ કરશો ?" એમણે હસી દીધું. એ મડમે સ્હાંજે એમને મળવાનું કહ્યું. દેવી અઘોરકામિનીએ સ્વીકાર કર્યું. વિદ્યાભ્યાસ અને આહારથી પરવાર્યા પછી એ યોગસાધન કરી રહ્યાં હતાં એ વખતે એ મડમ એમની ઓરડીમાં આવી પહોંચી અને એમના હાથ પોતાના હાથમાં દાબીને કહેવા લાગી "કહો કે હું ત્હમને કોઇ દિવસ ભૂલીશ નહીં, કલકત્તા જશો ત્ય્હારે પણ મ્હને મળશો અને મ્હારે સારૂ પ્રાર્થના કરશો." અઘોરકામિનીએ કહ્યું 'યત્ન કરીશ.' ત્હેણે પણ એમને માટે પ્રભુની આગળ પ્રાર્થના કરવાનું વચન આપ્યું. આ પ્રમાણે પોતાની ઇશ્વરભક્તિને લીધે દેવી અઘોરકામિની અનેક વિધર્મી નારીઓના ચિત્તમાં પણ પોતાને માટે શ્રદ્ધા ઉત્પન્ન કરી શક્યાં હતાં.

લખનૌમાં વસતા એક બંગાળી ગૃહસ્થ યદુનાથ બાબુ, જેમની કન્યાની કેળવણીનો ભાર ત્હેમણે પોતાને માથે લીધો હતો, ત્હેમની સાથે ભવિષ્યના કાર્યક્ષેત્ર સંબંધમાં ત્હેમને એક દિવસ નીચે પ્રમાણે વાતચીત થઈ હતી.

યદુબાબુ:—"ત્હમે બાંકીપુરમાં નિશાળ ઉઘાડવાનાં છો ?"

અઘોરકામિની:—"ઇચ્છા તો છે, પછી પ્રભુ જાણે."

યદુબાબુ:—"પૈસા ક્યાંથી લાવશો ?"

અઘોરકામિની:—"એ હું જાણતી નથી; પરન્તુ મ્હારો વિશ્વાસ છે, કે **જો કોઇ ખરેખર 'માજી'નું કાર્ય કરે છે તો ત્હેને નાણાંની ખોટ પડતી નથી.** આપનારા ઘણા મળી આવે છે. પૈસાને માટે હું કદી વિચાર કરતી નથી. એ તો આવશેજ. **કદી પણ કોઈ સારૂં કામ નાણાંની તંગીને લીધે અટકી રહેતું નથી.**"

યદુબાબુ:—"પરન્તુ એ કામ ઉપાડી લેનાર માણસો ક્યાં છે?"

અઘોરકામિની:—"જાણતી નથી, પણ માણસોએ અવશ્ય મળી

આવશે. વળી ‘માજી’ પોતેજ માણસ છે. શ્રદ્ધાસ્પદ અ—બાબુ એ બાબતમાં ઘણા ઉત્સાહી છે. એ બાબતમાં તેઓ કાંઇ કરી શકશે.”

યદુબાબુ ખુશ થઇને બોલ્યાઃ—“એ ઘણા સારા માણસ છે. કેટલા રુપિયાનું ખર્ચ થશે એમ ત્હમે ધારો છો ?”

અઘોરકામિનીઃ—“જાણતી નથી. કાંઇ નક્કી નથી. મનમાં એવી ઇચ્છા છે કે એક નિશાળ કાઢવી. એને માટે હું ધારૂ છું કે મહિને સો રૂપિયા કરતાં ઓછું ખર્ચ નહીં થાય.”

યદુબાબુઃ—“છોકરીઓ પાસેથી કેટલી ફી લેવા ધારો છો ?”

અઘોરકામિનીઃ—“એ બધું કાંઇ નક્કી નથી, પણ વિચાર એવો છે, કે ગરીબો પાસેથી ઓછું લેવું. એની ખોટ પૂરી કરવા સારૂ પૈસાવાળાઓ પાસેથી એમની ઇચ્છાનુસાર કાંઇક વધારે લેવું.”

યદુબાબુઃ—“છોકરીઓ ક્યાંથી લાવશો ?”

અઘોરકામિનીઃ—“કાંઇ ખબર નથી.”

યદુબાબુઃ—“એ બાબતમાં ત્હમારી સાથે સહાનુભૂતિ રાખનારા કેટલા જણા છે ?”

અઘોરકામિનીઃ—“ભગવાન્ અને આ દુનિયામાં શ્રદ્ધેય અમૃતબાબુ.”

યદુબાબુઃ—“એ કામ ઘણું મ્હોટું છે. હાથમાં લીધા પછી લોકોની ગાળો ખાવી પડશે.”

અઘોરકામિનીઃ—“એ જાણું છું. કયું કામ કોઇએ ગાળ ખાધા વગર પાર પાડયું છે ? કે હું એવી આશા રાખું ?”

યદુબાબુએ ખુશ થઇને કહ્યું:—“ઠીક ત્યારે હું થોડીક સલાહ આપુ છું. (૧) ઈશ્વર સિવાય બીજા કોઇના ઉપર ભરોસો રાખશો નહીં. (૨) વિલાસને તદ્દન છોડી દેજો. (૩) એજ બાબતમાં બધો જીવ પરોવજો. (૪) લોકોની ગાળો અને નિન્દાથી ડરશો નહીં.”

અઘોરકામિનીઃ—“ઇચ્છા તો એવીજ છે. યદુબાબુ ! એ પ્રમાણે

થશે તો આપના હાથમાં મ્હારી કન્યાને સોંપીને હું નિશ્ચિન્ત થઇશ."

ત્યાર પછી એક બીજે સમયે એક અન્ય સ્નેહીના ઘરમાં નિમંત્રણ પ્રસંગે ત્હેમની અને યદુબાબુ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ હતી.

અઘોરકામિની:—"**સ્ત્રીઓ સાચેસાચી ઉપાસના કરતાં શીખી શકે અને પરલોક વિષેનું જ્ઞાન મેળવી શકે એ બધું પુરૂષોએજ સ્ત્રીઓને સારી પેઠે શીખવવું જોઇએ.** સ્ત્રીઓનું મન અતિ દુર્બળ અને જ્ઞાન ઘણું ઓછું હોય છે. **વિશેષ યત્ન કર્યા વગર સ્ત્રીઓ એ જ્ઞાનરૂપી ધન પ્રાપ્ત કરી શકશે નહીં,** અને એ ધન એમને પ્રાપ્ત ન થાય તો કેવી શોચનીય અવસ્થા થાય ત્હેનો વિચાર તો કરો? ઘણી વખત પુરૂષો સ્ત્રીઓને થોડું ઘણું સમજાવીને કહે છે, કે "જે કાંઇ સમજાવ્યું તે એકી વેળા મનમાં ઠસાવી ધો." દુર્બલ નારીજાતિ એવી રીતે મનમાં એકાએક ઠસાવી શકે એમ બનેજ કેવી રીતે? આમ છતાં નિરાશ થઇને કેટલાક બોલે છે, કે "બૈરાં-ઓથી કાંઇ થવાનું નથી." કોઇ બાબત એકદમ સમજણમાં ઉતરે નહીં તો તેઓ કહે છે, કે "હવે શું કરીએ?" 'માજી'એ (પ્રભુએ) પુરૂષોની સાથે એવી વર્તણુક ચલાવી હોત, તો એમની શી વલે થાત?"

યદુબાબુ:—"પુરૂષોએજ હજુ સુધી કાંઇ મેળવ્યું નથી તો પછી તેઓ સ્ત્રીઓને શું આપે?"

અઘોરકામિની:—"જે કાંઇ એમને મળ્યું છે તેટલુંજ સ્ત્રીઓને આપે, હાલને માટે તો એટલુંએ ઘણું થઇ પડશે. **વળી જ્ઞાનરૂપી ધન તો બીજાને આપ્યાથી સામું આપનારમાં વધે છે."**

યદુબાબુ:—"એ તો ઉપદેશક લોકો જે એવું જ્ઞાન આપતા આવ્યા છે ત્હેમનાથીજ આપી શકાય."

દેવી અઘોરકામિની:—"એ લોકો તો આપેજ છે, પણ મ્હને એમ લાગે છે કે એ **જ્ઞાન પોતાના સ્વામી, ભાઈ કે બાપ તરફથી મળતું હોય તો એનું વિશેષ ફળ મળે."**

લખનૌ છોડવા પહેલાં અને કાર્યક્ષેત્રમાં ઉતરવા પહેલાં હેમના મનમાં કેવા વિચારો રમી રહ્યા હતા તે ઉપરના સંવાદો ઉપરથી વાંચકોને જણાયું હશે. એ સમયની ડાયરીમાં એક સ્થળે તેઓ લખે છે કેઃ—"આ તો કામનો પાયો નંખાયો, કેટલું કામ કરવું પડશે તે કહી શકતી નથી, કેવી રીતે કરવું પડશે તે પણ જાણતી નથી; પરન્તુ કામ તો કરવુંજ પડશે. એક ઉપાસનાગૃહ, એક કન્યાશાળા, એક પીડિતાશ્રમ, એક છાત્રાલય સ્થાપન કરવું પડશે. નિશાળ તો ઘણી જલ્દી કહાડવી પડશે. શરૂઆતમાં ખર્ચ મહિને દહાડે સો રૂપિયા લાગશે. એક મ્હોટા મકાનની જરૂર પડશે. ત્રીસ પાંત્રીસ રૂપિયામાં...'બાબુ'ની કન્યા એન્ટ્રન્સ પાસ થઈ છે, તે આવી શકશે. હવે સ્હમજી છું કે જ્ઞાનનું કેટલું બધું પ્રયોજન છે. એ જ્ઞાનના અભાવે સમાજમાં કેટલી સ્ત્રીઓ જડ જેવી બનીને આહાર નિદ્રામાં દિવસ ગુજારે છે. નાણાંને માટે મ્હેં કદી વિચાર કર્યો નથી, તેમ કરવાની પણ નથી. અઘોર અને પ્રકાશથી જો ખરેખર 'માજી'નું કામ થવાનું હશે તો કોઇ પણ વાતનો અભાવ નહીં રહે. એ નિશ્ચય છે."

પ્રકરણ છવ્વીસમું—લખનૌકૉલેજમાં નજીવી બાબતોમાં કસોટી

ઈ. સ. ૧૮૯૧

લખનૌકૉલેજના નિવાસ દરમિયાન અનેક ક્ષુદ્ર પ્રસંગોમાં પણ એમના ધૈર્યની પરીક્ષા થઈ હતી. બીજી બોર્ડિન્ગ હાઉસની માફક ત્યાં પણ નોકર ચાકરો ઘણા ઉદ્ધત હતા, તેઓ વારે ઘડીએ એમનું અપમાન કરતા; પણ એ બધું શાન્ત ચિત્તે સહન કરતાં. ત્યાં આગળ ખાવા પીવાનો પણ સારો બંદોબસ્ત નહોતો એથી એમની કન્યા-

ઓને ઘણુંજ કષ્ટ પડતું. એક દિવસની દૈનિક નોંધમાં લખે છે:—"આજ આહાર સમયે મીઠું, ભાત, દહીં, દુધ બધું થોડું હતું, પરન્તુ આનંદપૂર્વક આહાર કર્યો." વળી એક દિવસ લખે છે:—"આજ ભૂખ ઘણી લાગી છે, પણ ભોજન નથી. 'માજી'નું નામ એ ક્ષુધાનું અન્ન અને પિપાસાનું જળ છે." આવી આવી ઘણી અડચણો પડતી, પરન્તુ એમણે કોઇ દિવસ અસંતોષ પ્રગટ કર્યો નથી કે કૉલેજના કર્તાહર્તા આગળ જઇને ફરિયાદ કરી નથી. આખરે જ્યારે એમનું શરીર લથડવા માંડયું ત્યારે મિસ થોબર્નને એ વાતની ખબર પડી. ત્હેમણે તેઓ પ્રત્યે ઘણી સહાનુભૂતિ દર્શાવી અને ત્હેમની અડચણોનું નિવારણ કરવા પ્રયત્ન પણ કર્યો.

કૉલેજમાં પણ એ પોતાનો સેવાધર્મ ભૂલ્યાં નહોતાં. આખી રાત ઉજાગરો વેઠીને છાત્રાલયની માંદી કન્યાઓની સેવાસુશ્રુષા કર્યાનાં પણ અનેક ઉદાહરણ એમના એ સમયના જીવનમાંથી મળી આવે છે.

એક વખત લખનૌમાં કૉલેરાનો વ્યાધિ ચાલ્યો અને છાત્રાલયની ઘણી કન્યાઓ પોતપોતાને ઘેર ચાલી ગઇ, ત્યારે દેવી અઘોરકામિની મિસ થોબર્નની સલાહ માનીને તથા ઇશ્વરની કરૂણા ઉપર દૃઢ વિશ્વાસ રાખીને પોતાની પુત્રીઓ સાથે ત્યાંજ રહ્યાં હતાં. ઠરેલ બુદ્ધિથી એ જોઇ શકયાં હતાં કે "અન્ય કન્યાઓ વ્યર્થ બ્હી જઇને નાસભાગ કરે છે, મિસ થોબર્ન જેવાં કર્તવ્યપરાયણ નારી જે વખતે એ લોકોનો જીવ જોખમમાં જોશે તે વખતે આપોઆપ મકાન ખાલી કરાવવાનો બંદોબસ્ત કરશે."

પ્રકરણ સત્તાવીસમું—કન્યા સુસારવાસિનીની પરીક્ષા

ઈ. સ. ૧૮૯૧

વાંચક ભગિનીઓ! હવે દેવી અઘોરકામિનીના જીવનના એક

કરૂણોત્પાદક અંશનું વિવરણ લખવાનું દુર્ભાગ્ય હમને પ્રાપ્ત થાય છે. **સત્યજીવનની કથા કેટલીકવાર ઉપન્યાસની કાલ્પત કથા કરતાં પણ અધિક હૃદયદ્રાવક હોય છે.** આ પણ એવીજ કથા છે. એમની સુશીલ કન્યા સુસારવાસિનીનો ત્હેના પતિ વૃન્દાવનચન્દ્રે ત્યાગ કર્યાના સમાચાર હમે વાંચકોને આગળ જણાવી ગયા છીએ. સ્નેહાળ પત્નીના આત્માને દુભાવવાને જાણે એટલું ઓછું હોય તેમ એણે હવે બંગાળી સંવત ૧૨૯૮ ની ૧૨ મી શ્રાવણે એક હિન્દુ કન્યા સાથે બીજી વાર લગ્ન પણ કર્યું.

વૃન્દાવને આ ઘોર અન્યાય કેવા ઉત્તમ સદ્ગુણોથી વિભૂષિત પત્નીની સાથે કર્યો હતો ત્હેનો યત્કિંચિત પરિચય આપવા માટે એના સમાગમમાં આવનાર એક બંગાળી વિદ્વાન્ અને ઇશ્વિરભક્ત લેખક અમૃતલાલ બસુનો અભિપ્રાય અત્રે ઉતારવો અસ્થાને નહીં ગણાય. એ લખે છેઃ—"સદ્ભાગ્યે સુસારની સાથે મ્હારે વાર્તાલાપ થયો હતો. હું ત્હેના મહત્ત્વની કથા જાણું છું. ત્હેની મધુર ઉપાસનામાં સામિલ થઇને હું કૃતાર્થ થયો છું. ત્હેના આત્મત્યાગ અને સેવાને નજરોનજર જોઇને મ્હને ત્હેને માટે ભક્તિ ઉત્પન્ન થઈ છે."

જમાઈ વૃન્દાવનનું આ કૃત્ય દેવી અઘોરકામિનીને માટે ઓછું કસોટીરૂપ નહોતું. બાલ્યકાળમાં કે યૌવનના આરંભમાં એવી આપત્તિ આવી પડી હોત તો એ કદાચ ગભરાઇ જાત, પરન્તુ આ વખતે ત્હેમણે અને ત્હેમની કન્યાએ ઇશ્વિરભક્તની માફક એ તીવ્ર આઘાત શાન્તિથી સહન કર્યો.

એમને પહેલેથીજ ખબર હતી કે સુસારના કપાળમાં સંસાર જેને સુખ કહે છે તે લખાયુંજ નથી. સ્વામીનો ધર્મ-વિશ્વાસ ક્ષીણ થઇ ગયો છે; અને સાસુ, નણંદ, દિયેર વગેરે સંબંધીઓ ભિન્ન સમ્પ્રદાયનાં છે. એવા ઘરમાં કન્યાનો કદી આદર નહીં થાય એ વાત તેઓ ઘણા વખતથી જાણી શકયાં હતાં. સુસાર પણ સમજી ગઇ હતી

કે મ્હારે વીરનારીની પેઠે આ બધું સહન કરવુંજ પડશે અને સ્વામીનું સુખ કદી નહીંજ મળે. દેવી અઘોરકામિની એ બધી બાબતનો વિચાર કરીનેજ જનસેવા કેવા પ્રકારે થાય એ શીખવવાને સુસારને પોતાની સાથે લખનૌ લઇ ગયાં હતાં.

વૃન્દાવનના પુનર્લગ્નના સમાચાર સાંભળ્યા તેજ દિવસે એમણે દૈનિક નોંધમાં લખ્યું છેઃ "વૃન્દાવન ફરીથી લગ્ન કરશે એ હું જાણતી હતી અને ત્હેને માટે તૈયાર હતી, એટલે આજે જરા પણ લાગ્યું નહીં. સુસાર સાંભળશે ત્યારે જરૂર એને લાગશે, એટલા માટે ત્હેને જણાવ્યું નથી. **'માજી' જે કરે છે તે સારૂંજ કરે છે.** અંધારૂં કે પ્રકાશ જે કાંઇ એ કરે છે તે સાચને માટેજ હોય છે. હે 'મા' એવો આશીર્વાદ આપો કે **છેલ્લા શ્વાસ સુધી એવુંજ બોલ્યા કરૂં કે 'મા' ત્હેના અપરાધને ક્ષમા કરીને ત્હેને સુખી કરો.**"

પોતાની પુત્રીના મૃત્યુ પછી જમાઇને ફરીથી પરણવા જતો દેખી ત્હેના ઉપર તથા ત્હેની નવપરિણિતા પત્ની ઉપર ગાળો અને શાપનો વરસાદ વરસાવનારી તથા ત્હેના નવા સંબંધીઓ સાથે 'કારસો'–વૈર રાખનારી ક્ષુદ્ર હૃદયની નારીઓ, દેવી અઘોરકામિનીના હૃદયની ઉદારતાનું અનુમાન સહજ કરી શકશે.

દેવી અઘોરકામિની અને ત્હેમની પુત્રી સારી પેઠે જાણતાં હતાં કે વૃન્દાવનનું પહેલું લગ્ન બ્રાહ્મવિધિ પ્રમાણે થયેલું હોવાથી, એક પત્નીની હયાતીમાં ફરીથી લગ્ન કરવાનો ત્હેને જરા પણ અધિકાર નહોતો. એ લગ્ન સરકારના દફતરમાં નોંધાયલું–રજીસ્ટર થયેલું હોવાથી સુસાર પતિને અદાલતમાં ઘસડીને કદાચ સજા પણ કરાવી શકત; પરન્તુ ત્હેમણે તેમ કરવું ઠીક માન્યું નહીં. એ જાણતાં હતાં કે એવાં પગલાં લીધાથી પોતાની ઉચ્ચતાનો પરિચય નહીં મળે, વળી સુસારને પણ લાભ નહીં થાય; કારણ કે **ભયથી તે માણસને કેટલો વખત પાધરો રાખી શકાય? અન્તરનો પ્રેમ હોયા**

વગર બધું મિથ્યાજ છે. એટલા માટે લખ્યું કે 'મા જે કરે છે તે સારાનેજ વાસ્તે' અને તેટલાજ માટે હ્હેના અપરાધને ભયાનક ગણવા છતાં પણ હ્હેને ક્ષમા આપવા પ્રભુને પ્રાર્થના કરી, એટલુંજ નહીં પણ હ્હેને સુખી કરવા સારૂ પણ પ્રાર્થના કરી હતી.

માતાના ધૈર્ય અને વિશ્વાસની વાત તો હમે જણાવી, પરન્તુ જે સુકુમાર રમણી ઉપર દુઃખનો એ ડુંગર તુટી પડયો હતો હ્હેની શી અવસ્થા હતી? વાંચકો એ જાણવા માટે ચાલો આપણે સુસારની ડાયરીમાંની કેટલીક લીટીઓ વાંચીએ. સુસારની જીંદગીમાં એની એ દૈનિક નોંધ કોઇએ વાંચી નહોતી, હવે એ વાંચવાનો અને એ અમૂલ્ય રત્નના ગૌરવની પરીક્ષા કરવાનો અધિકાર આપણને પ્રાપ્ત થાય છે. પ્રારંભમાં સ્વામીએ પોતાનો પરિત્યાગ કર્યો ત્યાર પછી દરેક મહિને એણે લખ્યું છે: "આજ એક માસ થયો." "આજ બે માસ વીતી ગયા." ડાયરીમાં દરેક માસની આખરે કરેલી આવી નોંધ વાંચનારની દૃષ્ટિમાં સુસારના કોમળ હૃદયને વીંધી નાંખનાર નવા નવા તીર સમાન જણાય છે. ૭ મી ઓકટોબર ૧૮૯૧ ને દિવસે લખે છે:—"આજ શું લખું? આજ તો મ્હારે માટે એક આશ્ચર્યનો દિવસ છે! 'માજી'ની—કૃપાથી આજ ચાર વર્ષ થયાં માજીના દુઃખી સંતાનથી વિખુટી પડી છું. કેવળ માજીની કૃપાથીજ બચી રહી છું. ધન્ય! 'મા'ની ઇચ્છા પૂર્ણ થાઓ. એમની ઇચ્છા એવી હોય તો એજ પ્રમાણે થાઓ. * *" વળી એકવાર વૃન્દાવનની જન્મગાંઠને દિવસે (૧૯ નવેમ્બર ૧૮૯૧) લખે છે:—"આજ શું લખું? આજ એક જીવનનો જન્મ દિવસ છે. આજનો દિવસ મ્હારે પાળવા લાયક અને સ્મરણમાં રાખવા યોગ્ય છે. આજ મ્હારા સ્વામીની જન્મગાંઠ છે. માજીના ચરણમાં સેંકડોવાર કૃતજ્ઞતા સહિત ધન્યવાદ આપ્યો કે આજે એમને ૨૬ મું વર્ષ બેઠું. 'મા,' ધન્ય છે! ધન્ય છે હ્મારા સ્નેહને! માજી! મ્હને કેટલું બધું ચાહે છે!

એમના સ્નેહની તો વાતજ ન થાય ! હું તો એ જોઇને અવાક્જ બની ગઇ છું. આજ સ્હવારે ઉઠીને ‘મા’ની આગળ પ્રાર્થના કરી કે મા ! ત્હમે જેને (જુદા પડી ફરી પરણનાર પોતાના પતિને) પોતાનો સંતાન ગણીને એકવાર જીવન આપ્યું છે ત્હેના ઉપર દયા આણીને તેને કદી પણ છોડી દેશો નહીં; કારણ ‘માજી’ના જેવો સ્નેહ જગતમાં કોઇનો નથી. **સર્વ કોઇ તજી દે પણ આપણી એ જગન્માતા–અસહાયની માતા–દુર્બલની માતા કદી પણ એ દુર્બલ અને અસહાય સંતાનને છોડશે નહીં.** એટલા માટે હે મા ! આ નવજીવનને દિવસે ત્હેમના ચિત્તને ત્હારી તરફ ખેંચ.”

લખનૌથી પાછા આવ્યા પછી સુસારને વૃન્દાવનના પુનર્વિવાહના સમાચાર આપવામાં આવ્યા. એ દિવસે એણે લખ્યું છેઃ–‘આજ મ્હારા જીવનનો કેવો દિવસ ! આજ બપોરે સાંભળ્યું, કે પ્રાણનાથે ફરીથી લગ્ન કર્યું છે. કેવો ઘા ! વિચાર કરતાં જણાયું, કે આજ જો એ પરમ “જનની”નો સાંત્વનરૂપી ખોળો ન મળ્યો હોત તો હું તરફડી તરફડીને મરીજ જાત. કેવળ જગજ્જનનીના આશ્રયને જોરેજ આજે હું ઉભી રહી શકી છું.” ધન્ય માતા ! ધન્ય કન્યા સુસાર ! ત્હમે આ કઠિન કસોટીને પણ પ્રભુ આશ્રયના બળથી ઓળંગી જઇને દેશસેવાનાં કાર્યો કરવામાં પ્રવૃત્ત થયાં હતાં !

વૃન્દાવને સુસારનો ત્યાગ કર્યા પછી પ્રકાશચન્દ્રના અનેક સંબંધીઓ ત્હેમને કહેતા હતા કે, જોયું ને ! હમે તો પહેલેથી આ લગ્નની વિરૂદ્ધમાં હતા. ત્હમે હમારી સલાહ ન માની તો આવો વખત આવ્યો ! પરન્તુ ભક્ત પ્રકાશચન્દ્રે કે દેવી અઘોરકામિનીએ એમની ટીકાઓથી બ્હી જઇને પોતાના આગલા કૃત્ય માટે પશ્ચાતાપ કર્યો નહીં. એ વિચારવા લાગ્યાં કેઃ “શું આ કાર્ય અમે પ્રથમથી અયોગ્ય ધારીને કર્યું હતું ? દરેક કાર્ય કરવા પહેલાં ઇશ્વરની ઇચ્છા જાણવા માટે–ત્હેના આદેશથી પરિચિત થવા માટે–જે પ્રયત્ન કરતાં,

તે શું એ પ્રસંગે અમે નહોતો કર્યો ? જરૂર કર્યો હતો. **લોકોની દૃષ્ટિએ અશુભ ગણાતી આ ઘટનામાં પણ ઇશ્વરનો ગૂઢ ઉદ્દેશ હોવો જોઇએ,** તેથીજ એણે હમને સર્વને એ મતિ આપી. ઇશ્વર સુસારને સેવાના ગૌરવથી ગૌરવાન્વિત કરવા માંગતા હશે, માટે આ પ્રસંગે ક્ષોભ કરવાની કાંઇ જરૂર નથી.”

એ દંપતિના હૃદયમાં વિશ્વાસનું બળ કેટલું બધું હતું ત્હેનું અનુમાન ઉપલી ઘટના ઉપરથી થઇ શકે છે.

આ સુસારે વાસ્તવિક રીતે જનસેવામાંજ પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. માતાના મૃત્યુ પછી ત્હેમણે આરંભેલું કાર્ય પૂરૂં કરવામાં એ પોતાનું જીવન ગાળી રહી હતી એવામાંજ નિર્દય કાળે આવીને ત્હેના જીવન કુસુમને નષ્ટ કરી નાંખ્યું. એ સેવાપરાયણા કન્યાના મૃત્યુ પછી ત્હેના શ્રાદ્ધ પ્રસંગે પ્રકાશચન્દ્રે કહ્યું હતું કેઃ “મ્હારો જમણો હાથ (પત્ની) જ્યારે લઇ લીધો હતો, ત્યારે પણ મ્હેં ફરિયાદ કરી નહોતી. આજ બીજો હાથ ત્હેણે લઈ લીધો તો પણ કોઇ જાતની ફરિયાદ હું કરતો નથી.”

પ્રકરણ અઠ્ઠાવીસમું-લખનો ત્યાગ અને લખનોનું ફળ

૧૮૯૧

દેવી અઘોરકામિનીને લખનો છોડવાનો સમય નિકટ આવતો હતો એવામાં એમનાં એક બ્હેનપણી મરણ શય્યામાં પડયાં હતાં. એની પાસે ખર્ચની તંગી હતી. દવા થતી તો પથ્યનો બંદોબસ્ત થતો નહીં, અને પથ્ય મળતું તો દવાની જોગવાઈ થતી નહીં. આ દશા જોઇને દેવી અઘોરકામિનીએ પતિના રજા મંગાવ્યા વગરજ, પથ્યને સારૂ જે ખર્ચ થાય તે આપવાનું કબુલ કર્યું. એ વખતે

એમનો પોતાનો હાથ પણ તંગીમાં હતો. ૨૬ મી નવેમ્બરે દેવી અઘોરકામિનીને તેડવા સારૂ પ્રકાશચન્દ્ર ફૈઝાબાદ આવ્યા હતા, તેથી એ પણ ત્યાં ગયાં. ત્યાંથી એ બન્ને જણ પૂણ્યભૂમિ અયોધ્યાનાં દર્શન કરી આવ્યાં, અને પાછાં લખનૌ સમાજના ઉત્સવમાં સામિલ થવા સારૂ ત્યાં આવ્યાં.

ફૈઝાબાદમાં લાંબા વિયોગ પછી પત્નીને જોયાથી પ્રકાશચન્દ્રના મનમાં શા વિચારો આવ્યા તે એમના નીચેના ઉદ્દગાર ઉપરથી જણાઈ આવે છે. "નવ મહિના પછી ત્હમને જોયાં. તપસ્યાથી ત્હમારા શરીરમાં હાડચામજ રહ્યાં હતાં, મસ્તક કેશહીન હતું, હાથ અલંકાર શૂન્ય હતા, પહેરવામાં સામાન્ય વસ્ત્રજ હતાં, આમ છતાં મ્હારી દ્રષ્ટિમાં ત્હમે જાણે દિવ્યજ્યોતિથી ઉજ્વલ બન્યાં હોય એવાં લાગતાં હતાં. એ ત્હમારૂં કેવું રૂપ! આ તે દેવી કે માનવી? આવું દૈવીસૌન્દર્ય ક્યાંથી આવ્યું? આતો પૃથ્વીનું રૂપ ન હોય! એ વખતે ત્હમને પ્રણામ કર્યા કે નહીં તે મને યાદ નથી પણ ખરેખાત એ સમય પ્રણામ કરવા યોગ્યજ હતો. એ નવ માસમાં ત્હમારામાં ઘણો ફેરફાર થયો હતો. મન વિશાળ થયું હતું. વિદુષી સ્ત્રીઓના સંગમાં રહ્યાથી સાહસ વધ્યું હતું. કાર્યક્ષેત્ર સંબંધમાં મનમાં ચિન્તા વધી પડી હતી. ઉપાસનામાં મધુરતા વધી હતી. લખનૌ ગયાથી સ્ત્રીજાતિની મર્યાદા રાખતાં શીખ્યાં હતાં. જીવનમાં શું શું કરવું પડશે ત્હેનો પૂર્વાભાસ અહિંયાથીજ પ્રાપ્ત કર્યો. અન્યધર્માવલંબીઓ સાથે કેવી રીતે વ્યવહાર કરવો એ પણ અહિંથીજ શીખ્યાં. પરિવારનું બંધારણ કેવા પ્રકારનું રચવું, વિદ્યાલયનું કાર્ય કેવી રીતે ચલાવવું, ન્હાની ન્હાની છોકરીઓનાં મન કેવી રીતે આકર્ષવાં, ત્હેમની રમતમાં સાથી બનીને ત્હેમને કેવી રીતે પોતાનીજ બનાવી લેવી, ન્હાના બાળકની પેઠે કેવી રીતે ખેલવું કુદવું, હસતે ચ્હેરે કેવી રીતે ત્હેમના ઉપર અધિકાર ચલાવવો, એ બધું તમે ત્યાં રહીને દ્દષ્ટાન્તદ્વારા શીખ્યાં હતાં."

આ ઉપરાંત અંગ્રેજીની ચાર ચોપડીનું પણ જ્ઞાન મેળવ્યું હતું; તથા ભાગ્યું તુટયું અંગ્રેજી બોલતાં આવડયું હતું. એ સમયમાં બૂટ, મોજાં વગેરે પહેરવાનો અભ્યાસ પણ વધી ગયો હતો અને બહાર જતી વખતે સારા માણસને છાજે એવો પોશાક પહેરવાનું પ્રયોજન સમજવા લાગ્યાં હતાં.

આર્યસ્ત્રી જગતની સ્ત્રીઓમાં જે કારણથી ઉચ્ચસ્થાન ભોગવે છે તે ત્હેમના સમજવામાં આવ્યું હતું. તે યોગ્યતાનું રક્ષણ કરવું, અને દિનપ્રતિદિન ત્હેમાં ઉન્નતિ કરવી એ ત્હેમના જીવનનો એક મહામંત્ર થઇ પડયો હતો. ઉત્સાહરૂપી અગ્નિ ત્હેમનામાં પ્રથમથીજ સારા પરિમાણમાં હતો અને તે મિસ થોબર્ન જેવાં દક્ષ અને કર્તવ્યપરાયણ નારીના સહવાસથી ઘણો વધી ગયો હતો.

કૉલેજમાં રહ્યાં તેટલો સમય બાઇબલકલાસમાં પણ જતાં, દેવળમાં પણ જવું પડતું, પણ તેથી એમને કોઇ પણ પ્રકારની હાનિ થવા પામી નહોતી. ખ્રિસ્તીધર્મનો ઇતિહાસ તથા ખ્રિસ્તના ટુંકાટુંકા ઉપદેશોનો અર્થ ત્હેમના સમજવામાં આવ્યો હતો. દયાને કાર્યમાં કેવી રીતે ઉતારવી, વિપત્તિને સમયે દૃઢ વિશ્વાસપૂર્વક ઈશ્વર ઉપર કેવી રીતે ભરોસો રાખવો, પાપથી કેવી રીતે દૂર રહેવું, શુદ્ધતા કેવી રીતે સાચવવી અને પરસેવાને માટે પોતાનું સર્વસ્વ કેવી રીતે અર્પણ કરવું એ બધા ગુણોનું શિક્ષણ મિસ થોબર્નના સહવાસથી એમને અહિંયાં પ્રાપ્ત થયું હતું; અથવા એમ કહો કે એમના એ ગુણો અહિંયા રહ્યાથી વધારે વિકસિત અને દૃઢ થયા હતા.

પ્રકરણ ઓગણત્રીસમું–લખનૌથી પાછાં ફરવાના માર્ગમાં

ઇ. સ. ૧૮૯૧

લખનૌથી દેવી અઘોરકામિની પતિ અને પુત્રીઓ સહિત કાન-

પુર ગયાં, અને ત્યાં એક બ્રાહ્મધર્મી બંગાળી બાબુને ત્યાં ઉતર્યાં. એ બાબુનો ધર્મવિશ્વાસ શિથિલ પડી ગયો હતો. બે વર્ષથી એણે ઉપાસના કરવાનું છોડી દીધું હતું. ૧ લી ડીસેમ્બર ૧૮૭૧ને દિવસે સવારે સાડાનવ વાગે ત્હેમણે ત્હેના ઘરમાં પ્રવેશ કર્યો. એમના આગમનની એવી સારી અસર થઇ કે દસ વાગે બાબુ તથા ત્હેની સ્ત્રી ઉપાસનામાં સામિલ થયાં, અને જાતે ઉપાસનાગૃહ વાળી ઝુડીને સાફ કરી આપ્યું. ઉપાસના ઘણી સરસ થઇ. ઘણા દિવસથી ઉજ્જડ પડી રહેલી ભૂમિમાં બી પડયાથી જેમ પાક ઘણો સારો ઉતરે છે તેમ બે વર્ષે ઉપાસના કરવાથી એ દંપતિના ચિત્તને પણ ઘણી શાન્તિ વળી. બે વર્ષ સુધી ઇશ્વિરનું વિસ્મરણ કરવા માટે તેમને બહુ પશ્ચાત્તાપ થયો. દેવી અઘોરકામિનીએ એ કુટુંબની સ્ત્રીઓને ધર્મોપદેશ આપ્યો. આ પ્રમાણે જેટલા દિવસ ત્યાં રહ્યાં તેટલા દિવસ ઉપાસના અને ધર્મચર્ચા ચાલુ રહી.

કાનપુરથી આગ્રા ગયાં અને ત્યાંનાં ઐતિહાસિક મકાનો જોયાં. ત્યાંનો કિલ્લો જોતાં એમના મનમાં વિચાર ઉદ્‌ભવ્યો કે અકબર બાદશાહને ત્રણ ભિન્નધર્મી બેગમો હતીઃ એક હિન્દુ, એક ખ્રિસ્તી અને એક મુસલમાન; પરન્તુ જીવનમાં એ ત્રણે પ્રત્યે સમાન આદર દર્શાવતો હતો. ત્હેણે આચરણદ્વારા બતાવી આપ્યું કે સર્વના આત્મામાં એકજ ભગવાન રહેલા છે, અને સર્વ ધર્મોમાં સત્ય રહેલું છે. તાજમહેલ જોવાથી પ્રેમનું મહત્ત્વ ત્હેમને દૃષ્ટિગોચર થયું. શાહજહાંનો પત્નીપ્રેમ આંખ આગળ તરી આવ્યો.

૪ થી ડિસેમ્બરે મથુરાં ગયાં. ત્યાં આગળ એક બંગાળીના ઘરમાં ઉતર્યાં, પણ પડદાના રિવાજને લીધે બન્નેને એકત્ર રહેવામાં અડચણ પડી. બીજે દિવસે સ્હવારના પહોરમાં ડૉક્ટર મિસ શેલ્ડનની નિશાળમાં જઇને ઉપાસના કરી. એ સન્નારી M. D. પાસ થયેલાં ડૉક્ટર હતાં, વિદુષી હતાં, અભિમાનનો લેશ પણ એમનામાં નહોતો.

એમણે આ દંપતિને સારૂ એક સ્વચ્છ ઓરડો જુદો કહાડી આપ્યો, તથા ત્હેને ઉપાસનાને યોગ્ય બનાવીને બારણું બંધ કરીને પોતે બહાર ચાલ્યાં ગયાં. અન્યધર્માવલંબીઓને પોતાના સંપ્રદાયાનુસાર ઉપાસના કરવામાં અનુકૂળતા કેવી રીતે કરી આપવી તે દેવી અઘોરકામિની આ ઘટના ઉપરથી શીખ્યાં. ૬ઠી ડિસેમ્બરે વૃન્દાવનધામમાં ગોવિન્દદેવનું મંદિર, શેઠજીનું મંદિર વગેરે જોવા ગયાં. દેવી અઘોરકામિની વૃન્દાવન તીર્થ જોઇને પ્રસન્ન થયાં. ૭ મી તારીખે તેઓ સનાતન ગોસ્વામીની સમાધિનાં દર્શન કરવા ગયાં. એ કેવા પરમ વૈરાગી હતા ત્હેનો પરિચય એ સ્થાન જોતાં મળી આવે છે. ત્યાં કોઈ પ્રકારનું વિલાસનું ચિન્હ નથી. ભિખારીઓની પણ ત્યાં ભીડ નથી. સ્થાન સંતોષપૂર્ણ છે.

૮ મી તારીખે પ્રેમાનંદ સ્વામી નામના વૈષ્ણવ સંન્યાસીને મળવા ગયાં. કેવી રીતે સ્હેલાઇથી દોષનો સ્વીકાર કરી શકાય, ઉચ્ચ નીચનો વિચાર કર્યા વગર બધાને હાથ જોડીને દંડવત્ પ્રણામ કેવી રીતે કરાય, એ બધી બાબતોમાં એમના દૃષ્ટાન્તથી અનેક શિક્ષણ મળ્યું. ત્યાંથી મથુરાં, કાનપુર અને પ્રયાગ થઇને ૧૫ મી ડિસેમ્બરે મોગલસરાઇ પહોંચ્યાં. ત્યાં આગળ નદીતીરે એક મહારાષ્ટ્રી સંન્યાસિનીનાં દર્શન કરવા દેવી અઘોરકામિની ગયાં હતાં. ત્યાંથી કાશી, ખગોલ આદિ સ્થળે થઇને બાંકીપુર પહોંચ્યાં. બાંકીપુરમાં ત્હેમના બન્ધુઓ અને પ્રશંસકોએ ત્હેમના સ્વાગતને માટે ઘણી ધામધુંમ કરી હતી, રસ્તામાં રોશની કરવામાં આવી હતી, તથા શંખધ્વનિ અને વાજીંત્ર વગેરેનો બંદોબસ્ત હતો. દેવી અઘોરકામિની કોઇ દિગ્વિજય કરીને નહોતાં આવ્યાં, પરન્તુ જનસેવાને માટે ત્હેમણે જીવનનો જે ઉત્સર્ગ કર્યો હતો તે ધ્યાનમાં લેતાં લોકોનો એ પ્રકારનો સત્કાર ઉચિતજ હતો, એથી એમનો નહીં પરન્તુ ત્યાગ અને નિઃસ્વાર્થ સેવાનોજ સત્કાર થયો હતો.

ઘર પહોંચતાં વારજ દેવી અઘોરકામિની ઉપરના માળમાં ગયાં અને પોતાના સ્વર્ગસ્થ દિયેર પ્રબોધની પત્નીને આલિંગન આપ્યું. ત્યાર પછી પહેલેથી શણગારી રાખેલા ઉપાસનાગૃહમાં જઇને ઉપાસના કરી.

આ પ્રમાણે એમનું અદ્દ્ભૂત વિદ્યાર્થીજીવન વ્યતીત થયું.

પંચમખંડ (સેવિકા)

પ્રકરણ ત્રીસમું–શિક્ષક તરીકેના જીવનનો આરંભ

૧લી જાનેવારી ૧૮૯૨ ને દિને પ્રકાશચન્દ્રે પોતાના ધર્મબન્ધુ પરેશનાથની સાથે મળીને બાંકીપુરમાં ગંગા કિનારાની પાસે એક બંગલો ભાડે રાખ્યો. એ બંગલામાં બન્ને કુટુંબને માટે ઉપાસનાગૃહ એકજ હતું. ત્હેની સન્મુખ લખ્યું હતુંઃ “ મહામિલન ગૃહ. ” ત્યાં આગળ બન્ને પરિવારની એકત્ર ઉપાસના થવા લાગી. ત્યાર પછી માઘોત્સવ આવ્યો. બાંકીપુરમાં ઉત્સવ સમાપ્ત કરીને તેઓ પાછાં રાજગૃહની યાત્રાએ ગયાં. ૧૩મી માઘે એક નવો બનાવ બન્યો. એને લીધે પ્રકાશચન્દ્ર અને દેવી અઘોરકામિનીને ઘણી નિંદા સહન કરવી પડી હતી, પરન્તુ એથી એમનું મન જરા પણ ડગ્યું નહોતું. **જે કામ ઉચિત જણાય તે સેંકડો વિઘ્નો હોવા છતાં પણ પાર પાડવું એ દેવી અઘોરકામિનીનો સ્વભાવ હતો.**

બ્રાહ્મસમાજનો પાયો, ઇશ્વિર પિતા છે અને નરનારી બધાં ભાઈ બ્હેન છે, એ સિદ્ધાન્ત ઉપર રચાયો છે. ત્યાં બધાનો સમાન અધિકાર છે. પુરૂષ મ્હોટો અને સ્ત્રી ન્હાની, એવું બ્રાહ્મસમાજીઓ માની શકતા નથી. એ સત્ય થોડા સમયમાંજ દેવી અઘોરકામિનીના હાડેહાડમાં વ્યાપી ગયું હતું, એટલે પતિની ઇચ્છાનુસાર રાજમાર્ગમાં

ઈશ્વરનું કીર્તન કરવાનો ત્હેમણે નિશ્ચય કર્યો. બાંકીપુરમાં પડદાનો રિવાજ ઘણો સખ્ત છે, તેથી ત્યાં આગળ ખુલ્લી રીતે કીર્તન કર્યાંથી પોતાની સાથે સ્નેહ રાખનારા અન્ય કુટુંબો ઉપર પણ આપત્તિ આવી પડશે એમ ધારીને પ્રારંભમાં એમણે વિહાર નગરીના રાજમાર્ગમાં કીર્તન કરવાનું આરંભ્યું. અમૃતલાલ બસુ ઉપદેશક પણ સાથે ગયા. આગળ ઢોલ તથા વાજીંત્ર સાથે ઉપદેશક હતા. વચમાં સ્ત્રીઓ હતી અને પાછળ છોકરીઓ ધજાઓ પકડીને ચાલતી હતી. ચારે તરફ પહેરેગીરો ત્હેમનું રક્ષણ કરતા ચાલતા હતા. બાંકીપુરમાં આવું કીર્તન થયું હોત તો જુના વિચારના હિન્દુઓ વિગેરે અતિશય નાખુશ થાત, પણ અજાણ્યા શહેરમાં નગરકીર્તન થયાથી એવું કાંઈ બન્યું નહીં. કીર્તન થઇ ગયું અને લોકોના મન ઉપર સારી અસર થઇ.

ત્યાર પછી ' શિલાઓ 'ના બજારમાં ત્હેમણે ભાગી તુટી હિન્દી ભાષામાં પણ જોશદાર ભાષણ આપ્યું. દેશની દુર્દશાના સ્મરણથી એ વ્યાખ્યાન સમયે ત્હેમના ચક્ષુમાંથી અશ્રુ પડતાં હતાં. ૨૬ મી જાન્યુઆરીએ ગેરવાંવસ્ત્ર તથા કમંડળ ધારણ કરીને એ ત્રણ બ્હેનપણીઓને લઇને રાજગૃહ જવાના રસ્તામાં પ્રભુગુણગાન કરતાં ઘેર ઘેર ભટક્યાં હતાં. મહોલ્લામાંના માણસો એમને સાધારણ માગણ સમજીને ભિક્ષા આપવા આવતા ત્યારે એ કહેતાં કે: " ભિક્ષા જોઇએ નહીં, હરિનું શરણ લ્યો." ૨૬ મીની રાત્રે રાજગૃહમાં પંહોચ્યાં. ૨૭ મી એ એમના આધ્યાત્મિક લગ્નની પ્રથમ સંવત્સરી ઉજવાઇ. બધાં સાધુ સાધ્વીઓના ચરણની રજ એમણે માંગીને માથે ચ્હડાવી.

આ પ્રમાણે ઉત્સવ સમાપ્ત થઇ ગયા પછી ત્હેમણે કામનો આરંભ કર્યો. બાંકીપુરની કન્યાશાળા પડી ભાગવાની તૈયારીમાં હતી. નવેમ્બર માસમાં ત્હેની મહેતીજી મરણ પામ્યા બાદ ત્હેનું કામકાજ મંદ પડી ગયું હતું. એ વખતે કેવળ દશ બાલિકાઓ વિદ્યાલયમાં

ભણતી હતી. નિશાળની આવક ૪૮ રૂપિયા મહિનાની હતી, પરન્તુ તે પણ વસુલ થતા નહીં. ત્યાંના આગેવાન વકીલ ગુરૂપ્રસાદસેનના આગ્રહથી દેવી અઘોરકામિનીએ તા. ૧૫ મી ફેબ્રુઆરીથી તે નિશાળની વ્યવસ્થા પોતાના હાથમાં લીધી. ત્હેમણે સંકલ્પ કર્યો, કે પૈસા નથી, પરન્તુ ઘેર ઘેર ફરીને પૈસા એકઠા કરીશ. છતાં એ જે ખુટશે તે મ્હારા ઘરમાંથી આપીશ. છોકરીઓ નથી તો ઘેરે ઘેર અને ગામે ગામ ભટકીને છોકરીઓ એકઠી કરીશ. શિક્ષક નથી તો એને માટે પણ બંદોબસ્ત કરીશ તથા જાતે પણ જે આવડશે તે ભણાવીશ. વિદ્યાલયના નીચલા વર્ગને પોતેજ ભણાવવાનું શરૂ પણ કર્યું.

એક તરફ કન્યાશાળાનું કામ આરંભ્યું અને બીજી તરફ પોતાના પરિવારમાં રહેતી પોતાની અને સગાં સંબંધીઓની કન્યાઓના શરીરની સેવાશિક્ષણની વ્યવસ્થા, ત્હેમના ધર્મજીવનનું ગઠન, વગેરે કામ ચાલવા માંડયું. સ્હવાર સ્હાંજ 'પરિવાર' ની પરિચર્યા, બપોરે વિદ્યાલયમાં ભણાવવાનું અને પરચુરણ બધી દેખરેખ રાખવાનું કામ ચાલતું. પ્રકાશચન્દ્રની પણ ત્હેમને એ કામમાં પૂરતી મદદ હતી. બન્ને સાથે મળીનેજ બધું કામ કરતાં. ધર્મજીવનમાં અને કર્મજીવનમાં ત્હેમના આત્મા એકરૂપ થઇ ગયા હતા.

માર્ચ માસના અન્તમાં નિશાળમાં બંગાળી છોકરીઓની સંખ્યા ૨૯ થઇ. તે ઉપરાંત ૧૫ હિન્દુસ્તાની છોકરીઓ પણ દાખલ થઇ. તે ઉપરાન્ત વિદેશથી કેટલીક છોકરીઓ આવીને ત્હેમના 'પરિવાર' માં દાખલ થઈ. નિશાળના શિક્ષણદ્વારા અને ધાર્મિક, સામાજિક અને વ્યવાહારિક શિક્ષણદ્વારા પરિપૂર્ણ બનાવવાને સારૂ દેવી અઘોરકામિનીએ પોતાના ઘરમાં 'પરિવાર'ની સ્થાપના કરી હતી. એટલે એ પરિવારને એક આદર્શ છાત્રાલય (બોર્ડિંગ હાઉસ) કહીશું તો પણ ચાલી શકશે.

નિશાળમાં ભણાવવા માંડ્યા પછી એમને પોતાને ઘણું નવું ભણવું પડયું. દરરોજ નિયમિત રીતે તેઓ થોડો ઘણો અભ્યાસ કરતાં.

જે કોઈ વિષય પોતાને નહોતો આવડતો તે પહેલાં પતિ પાસે શીખી લેતાં અને પછી નિશાળમાં ભણાવતાં. ભૂગોળ, અંકગણિત વગેરે વિષયો એ એવી રીતે શીખ્યાં હતાં. રાંધવા સીંધવાના કામમાં છોકરીઓનો વધારે વખત નહીં બગાડતાં એમને ઉપયોગી વિષયો ભણાવવામાં સમયનો સદુપયોગ કરતાં હતાં. એમનું કહેવું હતું કેઃ "બિચારી બાલિકાઓને સાત આઠ વરસ તો આખાં ભણવાનાં મળે છે. ત્હેમાં ઝાઝો વખત એવી એવી બાબતોમાં ગાળીશું તો તેઓ ભણશે શું ? રાંધવાનું તો હું ત્હેમને પંદર દિવસમાં શીખવી દઇશ." વાત ખરી હતી, જ્યાં જ્યાં રાંધવાની પરીક્ષા લેવાઇ ત્યાં ત્યાં એમની નિશાળની કન્યાઓને ઇનામ મળ્યાં હતાં.

એ સમયમાં એમના મ્હોટા દીકરા સુબોધને રાત્રે જલ્દી ઊંઘ આવી જઇ અભ્યાસ બરોબર થતો નહીં હોવાથી દેવી અઘોરકામિની રાતના બાર વાગ્યા સુધી ત્હેની પાસે બેસી રહીને અભ્યાસ કરાવતાં, અને ઉંઘ આવતી તો જાગૃત કરતાં.

નિશાળનું કામ વગર પગારે કરવા છતાં પણ તેઓ જરાયે અનિયમિતતા થવા દેતાં નહીં. શરીર અસ્વસ્થ હોય તોપણ ગેરહાજર રહેતાં નહીં. કેટલીક વખત ભુખ્યાં નિશાળે જવું પડતું તો કાચું પાકું ભોજન નિશાળમાં મંગાવીને ત્યાંજ ખાઈ લેતાં. એમના ઉદાહરણથી પગારદાર મહેતીજીઓ પણ નિયમિતતા શીખી હતી.

કિન્ડરગાર્ટન પદ્ધતિનું પણ થોડુંઘણું શિક્ષણ એમણે એ સમયમાં મેળવ્યું હતું.

આ સમયમાં એ એક બીજું ઉપયોગી કાર્ય કરતાં. ઘેરેઘેર જઇને છોકરીઓની માતાને મળતાં, અને ઘણી ખુશામત કરીને નવી નવી છોકરીઓને ભણવાસારૂ લઇ આવતાં. નિશાળની છોકરીઓ ત્હેમના ઉપર ઘણુંજ હેત રાખતી અને ત્હેમને 'માતાજી' કહીને બોલાવતી.

અડોશીપડોશીને મળવું અને ત્હેમની અગવડોને દૂર કરવી એ પણ એ સમયમાં એમનું મુખ્ય કાર્ય હતું.

બહારનું કાર્ય કરવા જતાં ઘરનાં છોકરાંઓને અડચણ ન પડે એ બાબતનું તેઓ ખાસ લક્ષ રાખતાં. રાંધવાને માટે ઘરમાં રસોઇઓ હતો, છતાં જાતે દેખરેખ રાખીને બધાંને પીરસાવતાં. અતિથિનો સત્કાર કરવો એ તો એમનો મુખ્ય ધર્મજ થઇ પડયો હતો. હમેશાં અતિથિની સન્મુખ બેસીને ત્હેને સંતોષકારક રીતે જમાડતાં, તથા કદી પણ અભ્યાગતને વાશી ભોજન જમાડતાં નહીં.

એમને ત્યાં એમનાં હિન્દુધર્મી સગાંવ્હાલાંઓ તથા મિત્રો મહેમાન તરીકે આવતાં. પ્રકાશચન્દ્ર બ્રાહ્મધર્મી હતા અને બ્રાહ્મધર્મના અનુયાયીઓ ખાવાપીવાની બાબતમાં ન્યાતજાતના ભેદ પાળતા નથી, માટે હિન્દુ અતિથિ આવે ત્યારે દેવી અઘોરકામિની એમને માટે જુદા ઓરડામાં બધું શીધું સામાન કહાડી આપતાં અને પોતે દૂર રહીને બધી રીતે એમને મદદ આપતાં. એ સમયમાં એમને ત્યાં ઘણા અતિથિ આવતા. દરેકના દરજ્જાને અનુસરતી તૈયારી હતી, પરન્તુ ટેક રાખવા ખાતર દેવું કરીને કોઇ પણ વસ્તુ નહીં લાવવાના પોતાના મૂળ સંકલ્પને તેઓ કદી છોડતાં નહીં.

નિશાળની છોકરીઓને પણ કેટલીક વખત પોતાને ઘેર ભોજન કરવા બોલાવતાં, અથવા કોઇ સારો પદાર્થ એમના ઘરમાં આવે તો એ તેમને વ્હેંચી આપીને પછીજ પોતે ખાતાં.

એકવાર બાંકીપુરમાં એક સર્કસપાર્ટી આવી હતી; એમાંનો એક માણસ ટાઇફોઇડ તાવથી પીડાવા લાગ્યો. એ તાવ ચેપી ગણાતો હોવાથી એને કોઇએ આશ્રય આપ્યો નહીં. આખરે દેવી અઘોરકામિની એને પોતાને ઘેર લઈ આવ્યાં. દવાદારૂ, સેવા-સુશ્રૂષા કરીને ત્હેને સાજો કરીને પોતાને ગામ મોકલી આપ્યો. એ યુવક ત્હેમની સેવાથી મુગ્ધ થઇ ગયો હતો, અને કેટલાંક વર્ષ પછી એમને મળવા સારૂ બાંકીપુર આવ્યો, ત્યારે દેવી અઘોરકામિનીના દેહત્યાગના સમાચાર સાંભળીને પુષ્કળ રડયો હતો.

એક વખત એમના ઘરની પડોશમાં આગ લાગી; એ વખતે એમણે સાહસ, સમયસૂચકતા અને ઈશ્વરસ્મૃતિનો જે પરિચય આપ્યો હતો તે જોઇને લોકો છક થઈ ગયા હતા. ત્હેમના બીજા પુત્ર સાધનચન્દ્રે આગના સમાચાર આપતાંવારજ એ ઉપલે માળે ગયાં અને એક મ્હોટી શેતરંજીને પાણીમાં પલાળીને એ સળગતા ઘર ઉપર નાખી અને પછી તરતજ પોતાની બ્હારીમાંથી ડોલે ડોલે પુષ્કળ પાણી રેડવા માંડયું. એમ કરતાં કરતાં અગ્નિ બુજાઇ ગયો. શેતરંજી નાખતી વખતે ત્હેમના મુખમાંથી ‘ મા ’ ‘ મા ’ ‘ મા ’ એ શબ્દો નીકળતા હતા.

પ્રકરણ એકત્રીસમું—ગુપ્તગોદાવરી

૧૮૯૨

લખનૌ જતાં પહેલાં દેવી અઘોરકામિની પતિની સાથે જીલ્લામાં જુદે જુદે સ્થાને ભ્રમણ કરતાં હતાં, પરન્તુ નિશાળની જવાબદારી પોતાને માથે લીધા પછી એ ભ્રમણ બંધ કરવું પડયું. પ્રકાશચન્દ્ર એકલા ફરવા જતા હોવાથી એમના પ્રેમાળ હૃદયમાં ઉદ્વેગ ઉત્પન્ન થયા વગર રહેતો નહીં. **આસક્તિ જડમૂળથી કહાડી નાખવી એ મહા કઠિન કાર્ય છે.** ઋષિ મુનિઓ પણ ઘણીવાર ચલિત થઇ જાય છે તો સંસારી જીવોનું તો પૂછવુંજ શું ? પ્રકાશચન્દ્ર અને દેવી અઘોરકામિનીના મનમાં પણ આસક્તિ ઘણીવાર થઇ આવતી, પણ એવે પ્રત્યેક પ્રસંગે પૂર્વસંકલ્પનું સ્મરણ કરીને તથા ઈશ્વિરની સહાયતા માગીને દૃઢતાથી ત્હેની સ્હામાં થઇ આખરે વિજય મેળવતાં. ૩૦ મી ઑગસ્ટની ડાયરીમાં અઘોરકામિની લખે છે:—“ પતિના કહી જવાની વાત સાંભળું છું ત્યારે છાતીની અંદર કાંઇ કાંઇ થઇ જાય છે. એથી સ્હમજું છું કે આસક્તિ હજુ પણ છે. એ આસક્તિને જરૂર કહાડવી પડશે. જ્યારે એવું થાય છે ત્યારે ‘ મા ’ના પગ પકડીને

પ્રાર્થના કરૂં છું, અને પરલોકનું સ્મરણ કરૂં છું. એવી રીતે મનને ઠેકાણે આણું છું.” ધીમે ધીમે શરીર સંબંધમાં બન્નેને સમાન પાપ બોધ થવા માંડયો હતો. એક દિવસ દેવી અઘોરકામિનીના દેહને પ્રકાશચન્દ્રના દેહનો જરા સ્પર્શ થઇ જતાં બન્નેને અતિશય પશ્ચાત્તાપ થયો હતો; સંકલ્પચ્યુત થવાનું મહાપાતક કર્યું હોય એમ બન્નેને લાગ્યું હતું. બન્નેનાં હૃદય આટલાં શુદ્ધ હોવાથી અને પુણ્ય સંકલ્પ ગમે તેટલાં સંકટો વેઠીને પણ પાર પાડવાની ઉભયની દૃઢ ઇચ્છા હોવાથી ઈશ્વરે પણ ત્હેમને ઘણી સહાયતા આપી હતી, અને પોતાના સંકલ્પનું પાલન તેઓ યથાર્થપણે જીવન પર્યન્ત કરી શકયાં હતાં.

દુર્ગાપૂજાની રજામાં નિશાળ બંધ પડી એટલે કેટલીક છોકરીઓને સાથે લઇને દેવી અઘોરકામિની પતિ સાથે પ્રવાસે નીકળ્યાં.

પહેલાં તો પટના શહેરમાં વલંદાની કોઠીમાં થોડો સમય રહ્યાં. એ મકાન ગંગા કિનારે આવેલું છે. એ દિવસની ડાયરીમાં દેવી અઘોરકામિની લખે છેઃ—“૯ મી સપ્ટેમ્બર ૧૮૯૨ (પટના) પ્રાર્થના—ગંગા નદીમાં બે પ્રકારની નૌકા ચાલે છે. એક અનુકૂળ પવનમાં ખલાસીઓ બેસી રહ્યા છે, નૌકા આપોઆપ ખૂબ વેગમાં ચાલી જાય છે; અને એક બીજી જાતની નૌકા પ્રતિકૂળ પવનમાં જઈ રહી છે, ત્હેને સઢ બાંધીને હલેસાં મારતાં મારતાં ખલાસીઓ ઘણી સાવધાનતાથી લઇ જાય છે; જાય છે એ પણ ઘણી ઝડપથી પરન્તુ ડર રહે છે કે રખેને નૌકા ઉંધી વળી જાય. મ્હારી અવસ્થા પણ એવીજ છે. ‘મા’ની આગળ ભિક્ષા માગું છું કે એ મ્હારી જીવનનૌકાને જલ્દી અનુકૂળ પવનમાં લઈ જાય.”

૨૮ મી સપ્ટેમ્બરે ચુનાર પહોંચ્યાં. ચુનારનો ગઢ જોયા પછી ગંગાસ્નાન કર્યું. ત્યાંથી ચિત્રકુટ જોવા ગયાં. સીતાપુર સ્ટેશને ઉતરી, પગરસ્તે બળદના ગાડામાં બેસીને તા. ૩૦ મી સપ્ટેમ્બરની અપોરે બધાં એ પવિત્ર ધામમાં પહોંચ્યાં. નદીના કિનારે રામઘાટનાં

દર્શન કરીને બધાં ઘણું સુખી થયાં. ૧ લી ઑક્ટોબરે એ સંઘ ગુપ્ત-ગોદાવરીનાં દર્શન કરવા ગયો. રસ્તામાં એ ઘોડા ભાડે કર્યા હતા; બીજું કોઈ વાહન મળી આવ્યું નહોતું. ઘોડા ઉપર જીન નહોતું, અને રસ્તો વિકટ હતો, એટલે બધાંને ઘોડા ઉપર બેસતાં કંટાળો આવ્યો. આખરે દેવી અઘોરકામિની એવા અશ્વ ઉપર સવાર થયાં. આપણી ગુજરાતી બ્હેનોમાંથી તો ઘણીએ અંબાજી વગેરેની યાત્રામાં ઘોડાની સવારી કરવાનું સાહસ બતાવ્યું હશે, પણ પડદાનશીન બંગાળી નારીને માટે એ સાહસ ઘણું મ્હોટું હતું. બંગાળી સ્ત્રીઓ તો રાત્રિ દિવસ અંતઃપુરમાં રહેવાને લીધે વધારે દુર્બળ અને ભીરૂ હોય છે; ત્હેમનું એ કલંક પોતાના સાથીઓની દૃષ્ટિમાંથી દૂર કરવા ખાતર દેવી અઘોરકામિની છ સાત માઇલ સુધી ઘોડા ઉપર બેસીને ગયાં. એ જાણતાં હતાં કે હું આત્મા છું, ઉન્નતિ એજ આત્માનો સ્વભાવ છે; એ સ્વભાવ બતાવતાં કોઇ પણ જાતનો ભય રાખવો જોઇએ નહીં. દસ વાગ્યે જે પર્વતમાંથી એ ઝરણું નીકળતું હતું ત્યાં એ લોકો જઇ પહોચ્યાં. ઘણું ઊંચું ચ્હડવું પડે છે; રસ્તામાં એક ન્હાની ગુફામાં પ્રવેશ કરવો પડે છે, અંદર એક વિશાળ સ્થાન છે, ત્હેની પાસે થઇને એક ન્હાના સ્થાનમાંથી એક ઝરણું વહે છે જે કદી પણ બંધ પડતું નથી. એ પવિત્ર ઝરણાનાં દર્શન કર્યાથી આ સંસ્કારી દંપતિના મનમાં વિચાર આવ્યો, કે મનુષ્યમાત્રના અંતઃકરણમાં આ ગુપ્ત-ગોદાવરીનો ભાવ રહેલો છે. દરેકના હૃદયમાં ગુપ્તપ્રેમનું ઝરણું છે. અહા, કોઇ એનો શોધ કરી શકે, ત્હેને બહાર આણી શકે, અને પારકાની સેવામાં પરોવી શકે તો કેવું ઉત્તમ !

એ ગુફામાંના ઝરણાનાં દર્શન કરી રહ્યા પછી એ પર્વત ઉપર એક વૃક્ષ નીચે બેસીને એ દંપતિએ લીલામય હરિની ઉપાસના કરી. ત્યારપછી ભોજન કરીને બધાં નીચે જવા નીકળ્યાં. એ વખતે પણ દેવી અઘોરકામિનીએ ઘોડેસ્વારી કરી હતી. આ તીર્થના લોકો એમને ભોળા અને વિશ્વાસુ જણાયા હતા.

૨૭ ઓક્ટોબરે તેઓ સર્વ કામતાનાથ પહાડનાં દર્શન કરવા ગયાં. એ શિલા અતિ સુન્દર રીતે સુરક્ષિત છે. એ પહાડ રામચન્દ્રજીને ઘણો પસંદ હતો, રામચન્દ્ર અને સીતાદેવીએ ઘણો સમય અહિંયાં વ્યતીત કર્યો હતો. આ દંપતિએ ત્યાં આગળ ઉપાસના કરી. તા. ૪ થી ઓક્ટોબરે એમણે જાનકીકુંડમાં સ્નાન કર્યું. પહાડની નદી પહાડને ભેદીને ચાલી જાય છે. એક તરફ સાધકો ગુફા બનાવીને સ્થાયીરૂપે ત્યાં નિવાસ કરે છે. પાસે કોઇ દુકાન નથી. શીધું સામાન ત્રણ માઇલ દૂરથી આવે છે. એ સ્થાન એમને ઘણું ગમ્યું. નિર્જનવાસ માટે એ સ્થાન યોગ્ય જણાયું. ત્યાંની નદીનું જળ ઘણું સારૂં છે. એક સ્થળે નદીના વહેણમાં ઉપરથી આવતું પાણી ઉંડું થઇ ગયું છે, ત્હેનુંજ નામ જાનકીકુંડ છે. કથા એવી છે કે જાનકીદેવી વનવાસના સમયમાં એ કુંડમાં સ્નાન કરતાં હતાં. એ પવિત્ર સ્થાનમાં દેવી અઘોરકામિની અને ત્હેમના પતિએ પણ સ્નાન કર્યું. સ્રોતનો વેગ એવો છે કે પહેરેલા વસ્ત્રને સંભાળવું મુશ્કિલ થઇ પડે છે. પથ્થરોથી રોકાવાને લીધે પાણી એટલું બધું જોસવાળું થઇ ગયું છે. સીતાદેવી પણ રાવણદ્વારા ઘેરાયાથી એટલાં બધાં બળવાન બન્યાં હતાં, કે રાવણ પણ ત્હેમના ભયથી કાંપતો કાંપતો દૂર ન્હાસતો હતો. આ સંસારમાં પણ કેટલાએ રાવણ છે, તો આપણી સ્ત્રીઓ પણ કોમળ હોવા છતાં બળવતી હોઈ શકે. એવા એવા વિચારો સાથે દેવી અઘોરકામિનીએ સીતાદેવીના જેવું ચરિત્ર આપવા માટે પ્રભુની પ્રાર્થના કરી.

૫ મી ઓક્ટોબરે જબલપુર જઇ નર્મદાનો ધોધ જોયો. ત્યાં આગળ પણ સ્નાન કર્યું, તથા એકત્ર ઉપાસના કરી. ત્યાર પછી નૌકામાં બેસીને શ્વેત પત્થરોના પહાડની સૈર કરવા ગયાં. આ પ્રમાણે બાર દિવસની યાત્રા કરીને એ કુટુંબ પાછું બાંકીપુર ગયું. આ ટુંકી યાત્રાથી દેવી અઘોરકામિનીને ઘણો લાભ થયો. મન વિશાળ અને

ઉન્નત થયું. **પુસ્તકોમાંથી મેળવેલા જ્ઞાનને પૂર્ણ કરવા સારૂ પ્રવાસની આવશ્યકતા છે** એવું ત્હેમને આ અનુભવ ઉપરથી જણાયું.

યાત્રામાંથી આવ્યા પછી એ દંપતિએ પોતાના દૈનિક કાર્યક્રમને વધારે શાસનમય બનાવ્યો. રાત્રે ચાર વાગ્યે ઉઠીને જપ, ઈશ્વર-ચિન્તા, ધર્મગ્રંથોની આલોચના આદિ કરતાં. એકબીજાની અપૂર્ણતા બતાવતાં અને ત્હેને દૂર કરવા પ્રયત્ન કરતાં. દેવી અઘોરકામિની એ સમયમાં પોતાની ડાયરીમાં લખે છેઃ—"મ્હારી અપૂર્ણતાઓ સારી પેઠે દેખાડી આપો, એ જાણ્યા વિના કામ સારી પેઠે કરાશે નહીં. એવું બળ આપો કે જેથી અપૂર્ણતા દૂર કરી શકાય." એ પ્રમાણે પ્રાર્થના કરીને તથા અંતર રિપુઓનું દમન કરીને પોતાની અપૂર્ણતાઓ દૂર કરતાં.

એ સમયમાં એમનાં સાસુજી એમની સાથે રહેવા આવ્યાં હતાં. અંતઃપુરમાં રહીને સાસુની સેવા—ચાકરી કરવી, ત્હેમને કોઇ પ્રકારે ઓછું ન આવવા દેવું, અને સાથે સાથે સ્ત્રીજાતિની ઉન્નતિ અને મર્યાદાનું રક્ષણ કરવા સારૂ બહાર જઇને જનસેવાનાં કાર્યો કરવાં એ બન્ને કઠિન કાર્ય એ સમયમાં એ કરતાં હતાં.

પ્રકરણ બત્રીસમું—રોગ અને અર્થચિન્તાનો ભાર.

ઇ. સ. ૧૮૯૩

૧૮૯૩ ના વર્ષમાં માઘોત્સવ પછી દેવી અઘોરકામિની પાછાં રાજગૃહ ગયાં હતાં. આ વખતે કોઇ પુરૂષની સહાયતા વગર પરમેશ્વરને આધારે, એકલાં ગામડાઓમાં સાધારણ વેશે હરિનું નામ ગાતાં ગાતાં તથા પ્રાર્થના કરતાં કરતાં ફર્યાં હતાં. બંગાળી સ્ત્રીને માટે એ ઘણી આશ્ચર્યકારક વાત હતી. રાજગૃહમાં દરરોજ પ્રાતઃકાળે ૩ા થી ૪ વાગ્યા સુધીમાં ઉઠીને ઘરના આંગણાંમાં આવીને તેઓ હરિનું ભજન કરતાં.

૫ મીએ રાજગૃહથી પાછાં આવ્યાં. આ વખતે પણ રસ્તામાં એમણે તથા બીજી સ્ત્રીઓએ ઈશ્વરનાં ભજન ગાયાં. સંસાર અનિત્ય છે, કેવળ ભગવાનનું નામજ સત્ય છે, એ વિષયનાં એ ભજનો હતાં.

એ સમયમાં એમની તબિયત સારી રહેતી નહોતી, પરિશ્રમ અને ચિન્તા બન્નેનો બોજો વધી પડ્યો હતો. એટલી મ્હોટી કન્યાશાળાનો ભાર પોતાને માથે લીધો હતો. એના ખર્ચનો પણ ઘણો બોજો પોતાને માથે પડતો. એ ઉપરાંત સંસારનું ખર્ચ, સગાં વ્હાલાંઓને મદદ, સમાજખર્ચ, તથા છોકરીઓને નિશાળમાં લઈ જવા સારૂ ગાડીનું ખર્ચ એ બધું એમને માથે પડતું; એથી એમનો ધનભંડાર હંમેશાં ખાલી રહેતો. એ અરસામાં શરદીને લીધે એમનું મ્હોં સૂજી ગયું, ગાલની અંદર એક ગુમડું નીકળી આવ્યું, જેથી ઘણા દિવસ સુધી બોલ્યાચાલ્યા વગર પથારીમાં પડી રહેવું પડયું. એ વખતમાં પણ તેઓ મનવડે ઇશ્વરનું સ્મરણ કરવાને ચૂકતાં નહીં. પતિની સેવા સુશ્રુષાથી, ડાક્ટરોના સારા ઉપચારથી તથા ઈશ્વરની અગાધ કરૂણાથી એ મંદવાડમાંથી એ સાજાં થઇ ઉઠયાં; અને ઉઠતાંવારજ પાછું કામ કરવા લાગ્યાં. એ સમયમાં એમના પતિને પણ અજીર્ણ અને ચુંકનું દર્દ થયું હતું. પોતાની તબિયત ખરાબ હોવા છતાં પણ દેવી અઘોરકામિની એ સમયમાં પતિને માટે ચિન્તા કરતાં અને યથાસાધ્ય ત્હેમની સેવા કરતાં.

એ વખતમાં એમના ઉપર આવેલા પત્રો વાંચ્યાથી માલૂમ પડે છે કે નિર્ધનતામાં આવી પડેલી પોતાની અનેક બ્હેનપણીઓને એ છાનાંમાનાં મદદ કરતાં હતાં. લખનૌમાં ભણતી વખતે એક ગરીબ સહાધ્યાયીના વિદ્યાભ્યાસનું ખર્ચ એમણે પોતાને માથે લીધું હતું, ત્હેનું બીલ પાછાં આવ્યા પછી કેટલાક સમય બાદ પોતે મોકલી આપ્યું હતું. એવા પ્રકારની આર્થિક સહાયતા આપવામાં એ હિન્દુ, બ્રાહ્મ કે ખ્રિસ્તી એવા જાતિભેદનો વિચાર કરતાં નહીં.

પ્રકરણ તેત્રીસમું—હીરાનંદ

ઈ. સ. ૧૮૯૩

ભાઇ હીરાનન્દ એ સિન્ધના એક આગેવાન, સ્વદેશભક્ત, ઇશ્વરપરાયણ પુરૂષ હતા. ઇ. સ. ૧૮૯૩ ના આરંભમાં એ પોતાની કન્યાઓને શિક્ષણ આપવાને માટે કયું સ્થાન યોગ્ય છે હેની તપાસ કરવા સારૂ પ્રવાસે નીકળ્યા હતા. અનેક સ્થળે ફરતાં ફરતાં એ બાંકીપુર આવ્યા અને દેવી અઘોરકામિનીની નિશાળ તથા છાત્રાલય જોઇને પોતાની કન્યાઓને ત્યાંજ રાખવાના નિશ્ચય ઉપર આવ્યા. એ સિન્ હતા, દેવી અઘોરકામિની બંગાળી હતાં, પરન્તુ એ એમને મ્હોટાભાઈ કહીને બોલાવતાં. દેવી અઘોરકામિની પોતાના છાત્રાલયને 'પરિવાર'ના સ્નેહસૂચક નામથી ઓળખતાં. એ 'પરિવાર'ની વ્યવસ્થા કેવા પ્રકારની હતી તે ભાઇ હીરાનન્દે Indian Messenger નામક પત્રમાં જે લેખ લખ્યો હતો હેના ઉપરથી જણાઇ આવે છે. સ્થળસંકોચને લીધે હમે તે લેખનો એક અંશજ અનુવાદરૂપે ઉતારીશું.

“ * * * પરન્તુ બાંકીપુરમાં સૌથી વધારે દર્શનીય અનુષ્ઠાન એ એક સાદું બૉર્ડિંગહાઉસ—છાત્રાલય છે. એક બ્રાહ્મમહિલા અને હેમની બે કન્યાઓ હેને ચલાવે છે. મિસિઝ રાયના સ્વામી સરકારી નોકરીમાં એક ઉંચો અધિકાર ભોગવે છે, અને હેમની આર્થિક અવસ્થા પણ ઠીક છે. ૩૫ વર્ષની વયે એ સ્ત્રી પુરૂષે બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કર્યું હતું અને આજ પર્યન્ત એ બન્ને જણાં એ વ્રતનું નિષ્ઠાપૂર્વક પાલન કરી રહ્યાં છે. સ્વામીનું પૂર્ણ અનુમોદન મળ્યાથી મિસિઝ રાય પોતાની બે કન્યાઓને લઇને લખનૌમાં મિસ થોબર્નની કૉલેજમાં ભણવા ગયાં હતાં. કન્યામાંથી એકની વય ૨૪ વર્ષની છે, બીજીની ઓછી છે. મ્હોટી કન્યા વિવાહિતા છે, * * * પરન્તુ એ હજુ પણ માતપિતાની પાસેજ રહે છે અને હેમના બધાં મંગળ અનુષ્ઠાનમાં મદદ કરે છે. ન્હાની કન્યા એક મોતી જેવી છે, કુમારી

હોવા છતાં પણ માની પેઠે એ છાત્રાલયની બાલિકાઓની કાળજી રાખે છે, અને સાચો ભગિનીપ્રેમ તથા આત્મબળિદાન શેને કહે તે પોતાના દૃષ્ટાન્તથી છોકરીઓને શીખવે છે. મિસિઝ રાય ઝડપથી અંગ્રેજી બોલી શકે છે અને સારૂં ભણેલાં છે.

સ્હવારના પહોરમાં છોકરીઓ સરળભાવથી પોતપોતાની પ્રાર્થના કરે છે. કોઇ ખાસ નક્કી કરી રાખેલી પ્રાર્થના નથી અને કોમળ બાળકોના અંતઃકરણ ઉપર કોઈ જાતની જબરદસ્તી કરવામાં આવતી નથી. દરેક મ્હોટી છોકરી ઉપર એક બે ન્હાની કન્યાઓનો ભાર સોંપવામાં આવ્યો છે. દરેક કન્યા એક એક ન્હાની સરખી ડાયરી રાખે છે. જેમાં એ દરરોજની પોતાની દુર્બળતા અથવા બીજું જે કાંઇ લખવાજોગ હોય તે લખે છે. છોકરીઓ મિસિઝ રાયની દેખરેખ નીચે ચાલતી નિશાળમાં ભણે છે. ઘર આગળ મિસિઝ રાય અને ત્હેમની કન્યાઓ ત્હેમને અભ્યાસમાં મદદ કરે છે. ભણવાનું અને ખાધા ખોરાકીનું ખર્ચ દરેકનું મહિને દહાડે લગભગ સાત રૂપિયા આવે છે. છોકરીઓ જોયાથી તેઓ ઘણી પ્રફુલ્લ અને આનંદપૂર્ણ હોય એમ જણાય છે. ઉપદેશ અને દૃષ્ટાન્તદ્વારા એમને પવિત્રતા, આત્મચેષ્ટા અને આત્મત્યાગનું શિક્ષણ આપવામાં આવે છે, તે ભવિષ્યમાં એમના જીવન ઉપર સ્થાયી અસર કરશે એમ લાગે છે. ફાયદાની ખાતર આ બોર્ડિન્ગ ઉઘાડવામાં નથી આવ્યું; ખરૂં જોતાં તો છાત્રાલયમાં વસતી કન્યાઓ પાસેથી જે કાંઇ લીધામાં આવે છે તેથી ખર્ચ પણ પૂરૂં થતું નથી. જે ખોટ પડે છે તે મિસ્ટર રાય પૂર્ણ કરે છે. પત્ની અને કન્યાઓનાં કામ પ્રત્યે ત્હેમની ઉંડી સહાનુભૂતિ છે.”

હીરાનન્દે જે સાત રૂપિયા મહિનાનું લખ્યું છે તે રકમ પણ બધી છોકરીઓ પાસેથી મળતી નહીં. કેટલીક અડધી ફી આપતી હતી અને કેટલીક તરફથી કોડી પણ મળતી નહીં. એ બધાંની ખોટ દેવી અઘોરકામિની પોતાના ઘરમાંથી પૂરી કરતાં; એને માટે એમને

પતિની રજા લેવાની પણ જરૂર પડતી નહીં. પોતાનાં સંતાનોને સુખથી વંચિત રાખીને, પોતે અડધાં ભુખ્યાં રહીને પણ એમણે છાત્રી-નિવાસને ટકાવી રાખ્યો હતો. એને લીધેજ હીરાનન્દ દેશમાં જઈને એમના 'પરિવાર'થી મુગ્ધ થઇ ગયા અને પોતાની બે કન્યાઓને એમના હાથમાં સોંપવાનો સંકલ્પ કર્યો. જેવો સંકલ્પ હોય તેવુંજ કાર્ય કરવાનો ત્હેમનો સ્વભાવ હતો; દેશમાં જઈને બે કન્યાઓને લઈ પણ આવ્યા. ક્યાં સિંધ દેશ અને ક્યાં બિહારનું બાંકીપુર! છતાં પણ વિદ્યાભ્યાસને સારૂ એટલે દૂર પોતાની કન્યાઓને મૂકતાં એમણે સંકોચ કર્યો નહીં. લખનૌ પહોંચતાં એમની એક કન્યા માંદી પડી. હીરાનન્દે ત્હેની પુષ્કળ ચાકરી કરી. છોકરી તો સાજી થઇ પણ બાંકીપુર પહોંચતાં પહોંચતામાં એ પોતે માંદા થઇ ગયા. દેવી અઘોરકામિનીના ઘરમાં જઇને ત્હેમણે આશ્રય લીધો. પ્રકાશચન્દ્ર એ વખતે ઘેર નહોતા. અઘોરકામિનીએ જાતે એ બન્ધુની ચિકિત્સા અને સેવાનો બંદોબસ્ત કર્યો, અને એમને જરા પણ કષ્ટ ન પડે એવા પ્રયત્ન આદર્યા. પોતાના ઘરના ઓરડા માંદા માણસને સારૂ સગવડવાળા નહીં જણાયાથી, એમના ધર્મબન્ધુ પરેશનાથની સ્ત્રીને કહીને એમના ઘરનો એક સારો ઓરડો માગી લીધો. ભાઈ હીરાનન્દની પાસેથી પૈસા ખુટી ગયા હતા, તેથી ડૉક્ટરનો બધો ખર્ચ પોતાને માથે લીધો. છાત્રી-નિવાસ, વિદ્યાલય અને બીજાં કાર્યો સાથે હવે તેમનાપર હીરાનન્દની સેવાનું કાર્ય પણ ઉમેરાયું. રોગ વધતો ગયો તેમ એમનું એ કામ પણ વધતું ગયું. હીરાનન્દનો પણ એમના ઉપર એટલો બધો સ્નેહ હતો કે દવા એમને હાથેજ પીવાનું પસંદ કરતા. છેલ્લી ઘડીએ જ્યારે એમણે મ્હોં બીડી દીધું હતું, ત્યારે પણ દેવી અઘોરકામિનીના મુખમાંથી "મ્હોટાભાઇ, મ્હોટાભાઇ, દવા પીઓને" એ શબ્દ નીકળતાં એમનું મ્હોં પરાણે પણ સ્હેજ પહોળું થતું, અને ઔષધ પેટમાં જતું. સગી મા કે બ્હેન ન કરે એટલા નિઃસ્વાર્થ સ્નેહ, અને પરિ-

શ્રમપૂર્વક એમણે હીરાનન્દની સેવાસુશ્રુષા કરી હતી, પરન્તુ વિધિનું નિર્માણ બીજુંજ હતું એટલે ત્હેમના પ્રયત્નો સફળ ન થયા; એ શુદ્ધ હૃદયના, ઇશ્વરભક્ત પ્રવાસી હીરાનન્દે ઇ. ૧૮૯૩ ની ૧૪ મી જુલાઇએ મહાપ્રયાણ કર્યું. એમની બન્ને કન્યાઓના શિક્ષણની યોજના બંધ રહી અને પિતૃહીન થઇને ત્હેમને પાછું સિંધ જવું પડયું.

પ્રકરણ ચોત્રીસમું—ત્યાગ અને વિશ્વાસનાં વિશેષ ઉદાહરણ.

૧૮૯૩

હવે દેવી અઘોરકામિનીના ત્યાગ તથા ઇશ્વર ઉપરના દૃઢ વિશ્વાસનો પરિચય આપવા ત્હેમની દૈનિકનોંધપોથીમાંથી કેટલાંક વાક્યો ઉતારીશું.

"આજ ૯મી જૂન ૧૮૯૩ ને દિને 'મનેર' નામક સ્થાને આવી છું. ઉપાસના સારી થઇ, મન સારૂં છે. આ સ્થળે અનેક મુસલમાન પીરોની ઘોર છે. ૧૦ મી જુને એક મ્હોટી ઘોર આગળ સંધ્યા સમયે બેસીને સ્વામી સાથે પરલોક સંબંધી વાતચિત કરી. એકવાર મન ચંચળ થયું હતું. બહારની સીડી ઉપર શરીરે ઓઢવાની ચાદર મૂકતી આવી હતી, પવન ખૂબ જોરથી ફુંકાતો હતો, મનમાં વિચાર આવ્યો કે તે ઉડી જશે તો! એટલામાં ચેતના થઇ, અને એ ચિન્તા રહી નહીં; એકાન્તમાં ઇશ્વરનું નામ જપીને, તથા પરલોકનું ચિંતન કરીને પાછી ફરી. આજે શિક્ષણ મળ્યું કે સાધનાની પૂર્વે સંસારને એટલે દૂર રાખી આવવો જોઇએ, કે જેથી એ વખતે મ્હારી પેઠે કોઇને પણ જરા અમુંઝણમાં પડવું ન પડે. પાપબોધથી મન જરા ઉદાસ થઇ ગયું."

"૧૬ મી—ઉપાસના સારી. રાત્રે શયનની પૂર્વે સ્વામીજીની પ્રાર્થના સાંભળ્યાથી મનનો અહંકાર દૂર થઇ ગયો. પ્રાણમાં જાણે કોઇએ દીવો પ્રગટાવ્યો. કેટલાક દિવસ થયાં મ્હારા મન ઉપર ખૂબ

મ્હોટા કાળો મેઘ છવાઇ રહ્યા હતો, હમારા બન્નેમાં કોઇ પણ જાતનો મંદભાવ નહોતો, પરન્તુ મન ઉપર જાણે મેઘ ઢંકાયલો હતો. દીવો પ્રકટયો, કે તરતજ સ્વામીના ખભા ઉપર માથું મૂકીને ખુબ રોઇ પડી, અને ઘણા દિવસની વાત કહી. બધું કહી દીધું. જીવનમાં પૂર્ણતા કેવી રીતે આવે એ બાબતમાં ઘણી વાતચીત કરીને બન્ને જણાં સૂવા ગયાં. ”

“ આજ તા. ૧૭ મી જુન ૧૮૯૩—આજ દાનાપુર આવી છું. રસ્તામાં ઉપાસના ઘણી સારી થઇ. આંબાના ઝાડ નીચે બેસીને ઉપાસના કરી. ઈશ્વર જાણે રસસ્વરૂપ થઇને આમ્રમાં વાસ કરે છે. બધી કેરીઓમાં એક રસ છે. મ્હારા આ ‘પરિવાર’માં પણ બધાનું એકજ પ્રકારનું ચરિત્ર થાઓ.”

“૨૧ મી જુન—સન્ધ્યાકાળે સૂર્ય અસ્ત પામી રહ્યા હતો, ત્હેની અંદર બ્રહ્મદર્શન કર્યું. શયન સમયે એકવાર તર્ક કર્યો, થોડીવાર પછી સમજ આવી અને પશ્ચાત્તાપ થયો, ત્હેને લીધે રાત્રે સારી ઊંઘ આવી નહીં.”

“૨૩ મી જુન—* * આજ સ્વામી સવારીમાં ગયા છે. ૧૨ વાગ્યાને સમયે મ્હોટા પુત્રની સાથે એમને સારૂ ન્હાની ઉપાસના કરી. હજુ પણ જનનીના ઉપર પૂર્ણ ભરોસો બેઠો નથી, કારણ કે સ્વામી નથી એટલે રાત્રે ચોરની બીક લાગે છે, પણ કોઇની આગળ જણાવતી નથી. ધીમે ધીમે એમ લાગવા માંડે છે કે સ્વામી જાણે મ્હારી પાસેજ છે. એ ભ્રમ નથી એવું લાગે છે. એ પ્રમાણે વિશ્વાસ વધે છે. રાત્રે સારી નિદ્રા આવ્યાથી કોઇ પણ જાતની ચિન્તા રહી નહીં. ‘મા’એ ખોળો પાથર્યો, અને એ ખોળામાં બધાંને લઇને સૂઇ ગઈ. ”

૧ લી જુલાઇએ એમનું એક બે માળનું નવું બંધાવેલું ઘર ભગવાનને અર્પણ કરવામાં આવ્યું. આ ઘરમાં કોઇ પણ પ્રકારનું અશુદ્ધ આચરણ થશે નહીં; શારીરિક ભોગની ખાતર આ ઘરમાં

વાસ કરવામાં આવશે નહીં; એવો સંકલ્પ કરવામાં આવ્યો. જેટલા દિવસ દેહ રહ્યો તેટલા દિવસ એ સંકલ્પનું હેમણે પાલન કર્યું હતું.

અકટોબર માસમાં એમના એક મિત્રની કન્યા માંદી પડી. એ કન્યાની દેવી અઘોરકામિનીએ પુષ્કળ સેવાસુશ્રુષા કરી હતી પણ એમાં સફળ થયાં નહીં. સુકુમાર બાલિકા સુકુમારીએ બાલ્યાવસ્થામાંજ પરલોકગમન કર્યું. એનાં માતપિતાના વ્યથિત ચિત્તને શાન્તિ આપવા સારૂ દેવી અઘોરકામિની હ્હેમને લઇને લખનૌ, હરિદ્વાર વગેરે સ્થળના પ્રવાસે ગયાં હતાં.

૧૮૯૩ ની ૯ મી ડીસેમ્બરની ડાયરીમાં લખે છેઃ—"આજે સાધુ અઘોરનાથનું વાર્ષિક શ્રાદ્ધ છે. પ્રાર્થના કરી કે, હે મા ! હમે અવસ્થાના દાસ થયા છીએ, માટેજ અમે ત્હમારૂં **ભગવાનનું** દાસત્વ કરી શકતાં નથી; માટે અવસ્થાના દાસત્વમાંથી મુક્ત કરીને, ત્હમારૂં દાસત્વ કરી શકવાનું બળ આપો."

"૧૧ મી ડીસેમ્બરે એમની માતાની સંવત્સરી હતી. એ દિવસે ચિન્મય યોગ વધારવાની પરમેશ્વરને પ્રાર્થના કરી, અને એક અનાથ પરિવારની સેવા કરવા ગયાં. ત્યાં સ્ત્રી સૂવાવડને ખાટલે પડી હતી. ખાવાપીવાની, યોગ્ય વસ્ત્રોની તથા દવા દારૂની ગોઠવણ નહોતી; તેની પાસે જાતે ઉભાં રહીને, કાંઇક પોતાની પાસેથી આપીને, કાંઇક પાડોશી આડોશી પાસેથી માગી આણીને ત્હેના બધા અભાવ પૂર્ણ કર્યા, અને ત્હેની સેવા કરીને ઘેર ગયાં."

આ પ્રમાણે ત્હેમની જીવનયાત્રા આગળ ચાલતી હતી. દેવી અઘોરકામિની અને ત્હેમના પતિ બ્રાહ્મધર્મી હતાં એ તો વાંચકોને હમે આગળ જણાવી ગયા છીએ. બ્રાહ્મસમાજના ત્રણ અન્તર વિભાગ છે. સ્વર્ગસ્થ રાજર્ષિ રામમોહનરાયને પગલે ચાલીને મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરે સ્થાપેલી આદિ બ્રાહ્મસમાજ, બાબુ કેશવચન્દ્રે ત્હેમની સાથે મતભેદ પડતાં સ્થાપન કરેલી 'નવવિધાન બ્રાહ્મસમાજ' અને ત્હેમની

સાથે અમુક બાબતમાં વિચારનો વિરોધ પડતાં પંડિત શિવનાથ શાસ્ત્રીએ સ્થાપેલી ‘ સામાન્ય બ્રાહ્મસમાજ. ’ દેવી અઘોરકામિની કેશવ-ચન્દ્રસેનની નવવિધાનનાં અનુયાયી હતાં. સર્વ ધર્મના સમન્વયદ્વારા બ્રહ્મની ઉપાસના કરવા ઉપર એ સમાજનો પાયો રચાયો છે. દુનિયામાં પ્રચલિત હિન્દુ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, ઇસ્લામ, યાહુદી અને જરથુસ્તી આદિ ભિન્ન ભિન્ન સમ્પ્રદાયોમાં પણ ઈશ્વરનાં અમૂલ્ય સનાતન સત્યો રહેલાં છે, અને ત્હેના સ્થાપકો પોતપોતાના યુગને અનુસરતી રીતે, એ સમયમાં પ્રચલિત દોષોનું નિવારણ કરવા તથા સત્યનું ભાન કરાવવાને ઈશ્વરના દૂતરૂપે આવ્યા હતા, એવું તેઓ માને છે, અને એ સર્વે ધર્મપ્રવર્તકો ઉપર સમાન આદરભાવ દર્શાવે છે. દેવી અઘોરકામિની એ ભાવથી પ્રેરિત થઇને મૂર્તિપૂજક નહીં હોવા છતાં પણ ભક્તિભાવથી હિન્દુ અને બૌદ્ધતીર્થોનાં દર્શન કરી આવ્યાં હતાં એ આપણે જોઇ ગયા છીએ. એવીજ રીતે એ ઇસુખ્રિસ્તનો જન્મોત્સવ પણ ઉજવતાં. એ પયગેમ્બરમાં રહેલા સદ્‌ગુણોનું તેઓ સ્મરણ કરતાં, અને ત્હેનું અનુકરણ કરવા પ્રયત્ન કરતાં. પોતાના છાત્રીનિવાસની કુમારિકાઓને બગીચામાં લઇ જઇને ઉપાસના કરતાં તથા ત્હેમને મિષ્ટભોજન કરાવતાં.

પ્રકરણ પાંત્રીસમું—દુઃખિયાંનાં બેલી

૧૮૯૪

૧૮૯૪ ની સાલના માઘોત્સવ પછી રાજગૃહની એક યાત્રા કરવામાં આવી. આ વખતે પણ રસ્તામાં ભજન અને ઉપદેશ થયાં હતાં.

એ વર્ષમાં એમની બીજી કન્યા સરોજિનીનું લગ્ન થયું. સરોજિનાને દેવી અઘોરકામિનીએ જાતે શિક્ષણ આપ્યું હતું, તથા ત્યાગ અને સેવાના ઉત્તમ આદર્શો શીખવ્યા હતા. એ એક વૈરાગની થઇ હતી. ત્હેના વેશ તથા આભૂષણ તદ્દન સાદાં હતાં. ધર્મનેજ એ

પોતાનો અલંકાર ગણતી. આચાર્ય પ્રતાપચન્દ્રની મારફતે એનો વિવાહ મળ્યો હતો. સગાઇની વાતચીત ચાલતી હતી ત્યારે વર પક્ષવાળાઓએ કન્યાની છબી મંગાવી. છોકરીની એકલીની છબી પડાવવી યોગ્ય નહીં લાગ્યાથી દેવી અઘોરકામિનીએ પતિ, પુત્ર સુબોધ, પોતે અને સરોજિની એટલાની સાથે છબી પડાવીને મોકલી આપી. દેવી અઘોરકામિનીની એ છેલ્લી અને પહેલી છબી હતી. જો એ પ્રસંગ પ્રાપ્ત થયો ન હોત તો આપણે અત્યારે એમની શાન્તમૂર્તિનાં દર્શન કરવા ભાગ્યશાળી થયા છીએ, તે કદાચ થવા પામત નહીં. છબી વખતે પણ કન્યાને એમણે સાદાં કપડાં પહેરાવ્યાં હતાં.

વર કન્યાએ એક બીજાને પસંદ કર્યાં એટલે લગ્ન નક્કી થયાં. એકજ વેદી ઉપર બેસીને શ્રદ્ધેય અમૃતબાબુ તથા પંડિત શિવનાથશાસ્ત્રીએ એ લગ્ન કરાવ્યાં. લગ્ન પછી કન્યાનાં સાસુ સસરાનો પત્ર આવ્યો, કે વહુના ગુણથી અમે અતિશય સુખી થયાં છીએ. આ સમાચારથી દેવી અઘોરકામિનીના હર્ષનો પાર રહ્યો નહીં. **કન્યા સાસરે જઇને બધાંને પ્રસન્ન રાખે અને માતાનું મુખ ઉજ્વલ કરે, એમાંજ માતાનો સંતોષ હોય છે.**

કન્યાના લગ્નથી એમના હૃદયમાંથી ચિન્તાનો ભાર ઓછો થયો અને જનસેવાનાં કાર્ય પ્રથમના કરતાં પણ બમણા ઉત્સાહથી કરવા લાગ્યાં. વિદ્યાલય અને છાત્રાનિવાસના નિયમિત કાર્ય ઉપરાંત દરિદ્ર અને વિપત્તિગ્રસ્ત મનુષ્યોની સેવા કરવાને એ વધારે આકુળ વ્યાકુળ થવા લાગ્યાં. દુઃખ, દારિદ્રય રોગ કે શોક જોતાંવાર એમનાથી સ્થિર બેસી રહેવાતું નહીં. કેટલીકવાર તો પોતાને ભોજન કરવાને પણ સમય મળતો નહીં, છતાં પણ બીજાંને મદદ કે ઉત્સાહ આપવાનું ચૂકતાં નહીં. એ સંબંધમાં પ્રકાશચન્દ્ર લખે છેઃ—" આપણા દેશના નારીજીવનમાં સેવા છેજ નહીં, એવું નથી; પરન્તુ એ ઘણું ખરૂં સ્વામી અને કુટુંબની સીમામાં બંધાઇ રહેલી છે. હમે જેમ જેમ

આસક્તિના કોટને તોડતાં ગયાં તેમ તેમ પારકાઓને માટે વિચાર કરવાની અને મદદ કરવાની શક્તિ વધવા લાગી. ત્હમારે માટે એ સમયમાં જેવો મ્હોટા માણસનો બંગલો હતો, તેવીજ દુઃખી વિધવાની પર્ણકુટી હતી. ખબર મળતાંવારજ ત્હમે ત્હેનું દુઃખ દૂર કરવા સારૂ દોડતાં. પાછલા વખતમાં જ્યહારે એ સેવાનું કાર્ય ઘણું વધી પડયું, ત્યારે બધી વખતે મ્હને પૂછવા જેટલો પણ અવકાશ મળતો નહીં. કેટલીએ વખત મ્હારી જાણવગર કેટલાંએ રોગીની સેવા કરવા ચાલ્યાં ગયાં હતાં."

"એક દિવસ રાત્રે બે વાગ્યે મ્હારી શય્યાની પાસે ઉભાં રહીને ત્હમે કહ્યુંઃ 'હું જાઉં છું', આંખ ખોલીને જોઉં છું તો ત્હમે તો લુગડાં પહેરીને તૈયાર થઇ ગયાં છો. મ્હેં કહ્યુંઃ 'આ શિયાળાની રાતે આટલી ઠંડીમાં ક્યાં જશો?' ત્હમે કહ્યુંઃ 'વિધવા બ્રાહ્મણીનો પુત્ર ઘણોજ પીડાય છે, તેને જોવા જઇશ.' બ્રાહ્મણીને બીજું કોઇ નહોતું, એક માત્ર ઇન્ટર પાસ થયેલો છોકરો હતો. એ પુત્ર તાવથી અત્યારે પીડાતો હતો, અને ઘડીપળ થઇ રહ્યો હતો. સંધ્યાકાળે ત્હમે એની સેવા કરવા ગયાં હતાં. ચિકિત્સા સારૂ પરેશબાબુને બોલાવ્યા હતા. મ્હને એ બાબતની કાંઇ ખબર નહોતી. મ્હારા સૂઇ ગયા પછી, રાત્રે દસ વાગ્યે ઘેર આવીને ત્હમે વાળુ અને શયન કર્યું હતું. ત્યાર પછી આ વખતે મ્હને પ્રથમ જગાડયો. મ્હેં કહ્યુંઃ "હમણાં રાત્રિમાં શું કામ જાઓ છો? સવારેજ જજો." ત્હમે કહ્યુંઃ "હું એને કહેતી આવી છું, કે બોલાવવા આવશો એટલે તરત આવીશ. મંદવાડ વધારે ન હોત તો એ બોલાવવા મોકલત નહીં." આ પ્રમાણે આગ્રહપૂર્વક ગયાં. ઘરમાં ગાડી હતી, પણ ગાડી જોડતાં કરતાં વિલંબ થશે એમ ધારીને ઠંડી રાત્રે પગે ચાલીનેજ ગયાં, અને મૃત્યુશય્યામાં પડેલા રોગીની ચાકરી કરી. સવારના ચાર વાગતાંમાં એ રોગીનો દેહાન્ત થયો. દેવી અઘોરકામિનીએ એની અંત્યેષ્ટિ ક્રિયા સારૂ બ્રાહ્મ-

ણુનો બંદોબસ્ત કર્યો, બીજી બધી જરૂરી ખટપટ કરી, શોકાતુર માતાને શાન્ત કરીને સ્નાન કરાવ્યું તથા ત્હેના ખાવાપીવાની ગોઠવણુ કરી, એ બધું કર્યા પછી પોતે ઘેર ગયાં. એ વખતે નિશાળે જવાનો સમય થયો હતો એટલે ઉપાસના કરીને કેવળ દૂધ પીને નિશાળે ગયાં. ભોજન કરવાનો તો સમય પણુ મળ્યો નહીં.

એક દિવસ દેવી અઘોરકામિની નિશાળમાં ભણાવી રહ્યાં હતાં, એટલામાં એમના ઉપર માતાના જેવો સ્નેહ રાખનાર બાંકીપુરના ઍસિસ્ટન્ટ સરજન ડૉક્ટર કામાખ્યનાથ બંદોપાધ્યાયે આવીને જણાવ્યું, કે પડોશમાં એક નિરાધાર નારી સૂવાવડ પછી માંદી પડીને પીડાય છે, ત્હેને મદદની જરૂર છે. એ ડાક્ટરને એમણે પહેલેથી કહી મૂક્યું હતું, કે આવા પ્રકારના બનાવો ત્હમારા જાણવામાં આવે તો તરતજ ત્હમારે મ્હને ખબર આપવી, એટલે હું ત્હેની સેવા કરવા જઇશ. આ પ્રસંગે પણુ સમાચાર મળતાંવાર તરતજ એ ડાક્ટરને લઇને એ સ્ત્રીના ઘરમાં ગયાં. પહેલાં તો ત્યાં આગળ મળમૂત્રથી ખરડાયલાં ચીંથરાં પડેલાં હતાં તે ઉપાડીને ફેંકી દીધાં. ત્યાર પછી પોતાને હાથે સાવરણી લઇને ઘરમાંથી વાસીદું વાળ્યું. પ્રસુતિની પથારી તથા વસ્ત્ર ઘણાં ગંદાં હતાં, તેથી પોતાને ઘેરથી ધોએલાં વસ્ત્ર, ચાદર વગેરે મંગાવીને પથારી નવી બીછાવી, તથા માતા અને પુત્રને નવાં વસ્ત્ર પહેરાવ્યાં. જે વખતે એ પોતાના હાથમાં સાવરણી લઇને ઘર વાળી રહ્યાં હતાં તે વખતમાં એ સ્ત્રીનો પતિ બહારથી આવી પહોંચ્યો અને એમને એવું હલકું કામ નહીં કરવાને વિનંતિ કરી. ત્યારે એમણે જણાવ્યું, કે '**આ હાથ સેવાના કામમાં નહીં આવે તો બીજા શા કામમાં આવશે?**' ત્હેમની સેવા-સુશ્રુષા, તથા મધુરા આશ્વાસનથી એ પ્રસુતિને એટલો બધો સંતોષ થયો, કે દેવી અઘોરકામિની વિદાય થવા લાગ્યાં ત્યારે એણે કહ્યું: "મા, આજે ત્હમે મ્હારો જીવ બચાવ્યો છે."

ઘેર જઇને પ્રસુતિને સારૂ દૂધ, સાબુચોખાની ખીર વગેરે તૈયાર કરીને મોકલવા લાગ્યાં, અને એને દરરોજ જોઈ આવવાનું તથા ચિકિત્સા કરવાનું કામ ડૉક્ટર કામાખ્યનાથને સોંપ્યું. જ્યાંસુધી એ બાઇ માંદી રહી ત્યાંસુધી પોતે પણ દરરોજ ત્હેને જોવા જતાં.

આવી રીતે અનેક રોગી સ્ત્રીઓની સેવા કરવા તેઓ જતાં, તથા પોતાની ગાંઠના પૈસાથી એને દવાદારૂ, ભોજન તથા વસ્ત્રાદિનો બંદોબસ્ત કરતાં. એ બધાનો વિગતવાર ઉલ્લેખ કરવાને હમારી પાસે સ્થાન નથી. સેવામાં એમને એટલું બધું ખર્ચ થતું, કે ઘણી-વાર પોતાને સારૂ નવાં લુગડાં ખરીદવાની સગવડ પણ ત્હેમની પાસે રહેતી નહીં. જીર્ણ કપડાં પહેરીનેજ એવે વખતે એ ચલાવી લેતાં, પણ પરોપકાર અને સેવા કરવામાં પાછી પાની કરતાં નહીં. પતિએ તો એમને માટે કોઈ અલંકાર કરાવ્યાજ નહોતા, પિયેરના થોડા દાગીના હતા તે પણ વેચીને ત્હેનો ઉપયોગ પુણ્ય—દાનમાં કર્યો હતો.

એકવાર એમને ત્યાં એક વેપારી બનારસી સાડીઓ વેચવા આવ્યો. એમની ભત્રીજી વસન્ત પાસે બેઠેલી હતી ત્હેણે કહ્યું: "કાકીજી, એક સાડી લ્યોને ! પોતે નથી પહેરતાં તો સરોજિનીને તો એક લઇ આપો." પરન્તુ એમણે બધી સાડીઓ પાછી આપી દીધી. વસન્તે ઘણી જીદ કરી ત્યારે જણાવ્યું, કે 'એક સાડી ખરીદ કર્યે મ્હારે ચાલે એમ નથી. દસ છોકરીઓને માટે દસ સાડી જોઇએ.' ખરેખર ! છાત્રીનિવાસ—પરિવારમાં રહેનારી બધી છોકરીઓ એમને પુત્રી સમાનજ વ્હાલી હતી. આ વખતમાં ધર્મદાનને લીધે એમનો હાથ એટલો બધો ભીડમાં રહેતો, કે પોતે 'મૂટીઆ' નામનું એક જાતનું વસ્ત્ર, કે જે બંગાળામાં ગરીબ લોકોજ પહેરે છે તે પહેરતાં, અને મ્હોટા ઘરની સ્ત્રીઓને મળવા પણ એજ પહેરીને જતાં. એ જાડો રંગેલો અને વચમાંથી સાંધેલો લાંબો સાલ્લો પહેરીને એ એક દિવસ એક ભણેલી અને મ્હોટા ઘરની રમણીને મળવા ગયાં હતાં.

એ વિલાયત જઇ આવેલા માણસની છોકરી હતી. દેવી અઘોરકામિનીનો સાલ્લો જોઇને આશ્ચર્યપૂર્વક તેણે પ્રશ્ન કર્યો: 'આ વસ્ત્ર ક્યાંથી મંગાવ્યું?' એ રમણીનો કટાક્ષ તેઓ સ્હમજી તો ગયાં, પણ પોતે કાંઈ એના દમમાં અંજાઇ જાય એમ નહોતાં. તરત જવાબ આપ્યો: 'કેમ, ત્હમારે જોઇએ છે? કહો તો લઇને એક મોકલી આપું. ફલાણી જગ્યાએ મળે છે."

આ પ્રમાણે જનસેવાની ખાતર એમણે પોતાના તેમજ કુટુંબના સુખ, સંપદ, ભોગવિલાસ સર્વને તિલાંજલિ આપી હતી. અને એ પરોપકાર કોને માટે? કીર્તિ કે સરકારી સન્માન પ્રાપ્ત કરવાનો તો ત્હેમને સ્વપ્નમાં પણ અભિલાષ નહોતો; માનવબન્ધુઓની સેવાદ્વારા, ઘટઘટમાં વ્યાપી રહેલા પરમાત્મા—જેને એ 'મા' ના મધુરા નામથી સંબોધન કરતાં ત્હેને પ્રસન્ન કરવા ખાતરજ એમનું સમસ્ત જીવન સમાપત હતું.

પ્રકરણ છત્રીસમું—પતાકા વહનની શક્તિ

ઈ. સ. ૧૮૯૫

ઇ. સ. ૧૮૯૫ ની સાલમાં દેવી અઘોરકામિનીને નારીજાતિના સન્માનની પતાકા અનેક વિરોધ અને અપવાદની વચમાં વહન કરવી પડી હતી. એ વર્ષમાં એ ઉપરાંત શોકની વેદના પણ એમને સહન કરવી પડી હતી.

૧૮૯૪ ની સાલમાં દેવી અઘોરકામની કોઇ કોઇ વાર બાંકીપુરના સુપ્રસિદ્ધ વકીલ ગુરૂપ્રસાદ સેનને ત્યાં જતાં આવતાં. એમના મહેલ જેવા મ્હોટા ઘરમાં પણ એ સાદો સાલ્લો પહેરીને જતાં અચકાતાં નહીં. પ્રારંભમાં એમના ઘરની સ્ત્રીઓ અભિમાનને લીધે એમને મળવા સારૂ એમને ઘેર કદી આવતી નહીં, પરન્તુ એથી એમને કાંઈ ઓછું આવતું નહીં. સંસારના માન અકરામની ત્હેમને પરવા નહોતી.

એવા આત્મસન્માનને એ અહંકારનું મૂળ ગણતાં; અને 'પાપ મૂળ અભિમાન'ને સદા ત્યાજ્ય ગણતાં. ત્યાર પછી એમના ઘરની સ્ત્રીઓએ અઘોરકામિનીના ગુણોથી મુગ્ધ થઇને ત્હેમને ન્હાવા માંડયું, અને જ્યારે એમના વિદ્યાલય તરફથી માઘોત્સવ નિમિત્તે tableau vivont (એક પ્રકારનું દશ્ય નાટક) કરવાની હિલચાલ ઉભી થઈ, ત્યારે એ સ્ત્રીઓ પણ એમને ઘેર જવા આવવા લાગી. એ બન્ને કુટુંબો વધારે ગાઢા સમાગમમાં આવ્યાં. ગુરૂપ્રસાદસેન વકીલની મ્હોટી વહુએ ત્હેમને એ કાર્યમાં ઘણી મદદ આપી. કેવી રીતે પોશાક પહેરાવવો, કેવી રીતે બધાંને ઊભાં રાખવાં, હાવભાવ કેવાં કરવાં એ બધું પાત્રોને શીખવવામાં આવ્યું. એને માટે ગાયનો પસંદ કરવામાં આવ્યાં અને તે બધાંને પરિશ્રમપૂર્વક શીખવવામાં આવ્યાં. ઘણા દિવસ સુધી અભ્યાસ કર્યા પછી બધી સ્ત્રીઓ પોતપોતાના અભિનયમાં કુશળ થઈ ગઇ. આખરે એ દિવસ પણ આવી પહોંચ્યો.

પ્રારંભ દેશભક્તિના મહામંત્ર 'વંદેમાતરમ'ના ગીતથી થયો. ત્યાર પછી સ્વર્ણ મુકુટથી વિભૂષિત, રક્તવસ્ત્ર ધારણ કરેલ, પદ્માસન ઉપર બિરાજિત લક્ષ્મીએ પદ્મવનમાં દેખાવ દીધો. નેપથ્યમાં લક્ષ્મીની સ્તુતિનું ગાન ગવાયું. ત્યાર પછી શ્વેત પદ્મવનમાં શ્વેત વસ્ત્ર પરિધાન કરેલાં વીણા હસ્તમાં ધારણ કરીને સરસ્વતીદેવીએ દર્શન દીધાં. પેલી તરફ નેપથ્યમાં સરસ્વતીની સ્તુતિ ગવાઇ. ત્યાર પછી પડદો પડયો. પછીથી વાઘ અને સાપ આદિથી ભરપુર વનમાં ઊંચા અને જોડેલા હાથ સાથે ધ્રુવજીએ દર્શન દીધાં. નેપથ્યમાં ધ્રુવજીના જીવન અને ત્હેમને થયેલાં હરિદર્શનનું ગીત ગવાયું. ત્યાર પછી ફૂલના બગીચામાં આવીને બે બ્હેનો પ્રકૃતિનો રચનાર કોણ? એ પ્રશ્નની વિસ્મયપૂર્વક આલોચના કરવા લાગી. ત્યાર પછી વૃક્ષના થડ સાથે જકડીને બાંધેલા રાજકુમાર પ્રહ્લાદે દર્શન દીધાં. નેપથ્યમાં પ્રહ્લાદના કથન રૂપે એક સંગીત ગવાયું. ત્યાર પછી અંગ્રેજીમાં ગીત ગવાયું

કે: There is a happy land, far far away. ત્યાર પછી કમંડળ, રુદ્રાક્ષની માળા, ગેરવાં વસ્ત્ર અને જટા ધારણ કરેલ 'ધર્મ', ખોળામાં પુસ્તક અને ડાબા હાથ ઉપર મસ્તક ટેકવીને વિચાર મગ્ન થયેલી 'વિદ્યા', તથા ઊંચી આંખો અને જોડેલા હાથ સહિત પુષ્પનો મુકુટ ધારણ કરેલી ભક્તિએ દર્શન દીધાં. ત્યાર પછી અભિમાની બાલિકાનો દેખાવ, વિચિત્ર વેશમાં છએ ઋતુનો આવિર્ભાવ, અને એક બાલિકાનું બીજી બાલિકાને સાંત્વનાપ્રદાન, એ બધાં દૃશ્યો દેખાયાં. ત્યાર પછી બંગાળી કવિનું પ્રસિદ્ધ ગીત "ના જાગિલે સબ ભારત–લલના, એ ભારત આર જાગે ના જાગેના. **જ્યાં સુધી ભારતની બધી સ્ત્રીઓ જાગશે નહીં ત્યાં સુધી આપણો ભારતવર્ષ જાગશે નહીં, જાગશે નહીં."** એ ભાવાર્થનું ગવાયું અને એ સુંદર દૃશ્ય સમાપ્ત થયું.

આ બનાવથી ઘણાં તો પ્રસન્ન થયાં, પણ જુના વિચારનાં સ્ત્રી પુરૂષોના ક્રોધનો પાર રહ્યો નહીં. એમણે દેવી અઘોરકામિનીની નિંદા કરવામાં કચાશ રાખી નહીં, પણ પોતે જે કૃત્ય કર્યું હતું તે ઈશ્વરની ઇચ્છા વિરૂદ્ધ નથી એવી ખાત્રી હોવાથી એમણે એ બધી નિંદા અને અપમાન શાન્તિથી સહન કર્યાં.

ત્યાર પછી એ ફરીથી રાજગૃહની યાત્રા કરી આવ્યાં, અને પહેલાંની માફક રસ્તામાં નગરકીર્તન પણ કર્યું. એને માટે પણ એમને લોકોની નિંદા સહન કરવી પડી હતી.

ત્યાંથી પાછાં આવ્યા પછી પોતાની નિશાળમાં ઈનામનો મેળાવડો કર્યો. આ બધાં કાર્યોમાં એમને ઘણો પરિશ્રમ પડયો અને ત્હેમના શરીરને ઘણો ઘસારો પહોંચ્યો. એવામાં માર્ચ માસમાં એક બીજી જાણવાયોગ્ય ઘટના બની. સંન્યાસી ચરણરાય નામનો એક બંગાળી યુવક આસામના ચ્હાના બગીચામાં નોકરી કરતો હતો. ત્હેના ઉપર ચોરીનું આળ મૂકીને મુકદ્દમો ચલાવવામાં આવ્યો, એટલે

એ બિચારો બીકનો માર્યો ન્હાસીને દાનાપુર ચાલી આવ્યો, પણ સરકારનું વૉરન્ટ ત્યાં આગળ પહોંચ્યું અને ત્હેને પકડીને બાંકીપુરની જેલમાં કેદ પૂરવામાં આવ્યો. દેવી અઘોરકામિની ત્હેને જોવા ગયાં અને ત્હેને મ્હોંએથી બધો વૃત્તાન્ત સાંભળ્યા પછી ત્હેમની ખાત્રી થઈ કે એ નિર્દોષ છે. એજ વખતથી એમણે એની મુક્તિને માટે યત્ન કરવા માંડયો. એને માટે એમણે એટલી કાળજી બતાવી કે બીજો કોઈ માણસ પોતાના પુત્રને માટે પણ એટલી ચીવટ બતાવત કે નહીં ત્હેનો સંદેહ છે. ત્હેને માટે એમણે ઉઘરાણું કરવા માંડયું. એ યુવકને જ્યારે કેદ કરીને આસામ લઇ જવામાં આવ્યો, ત્યારે પોતાના એક વિશ્વાસુ માણસને ત્હેને માટે પેરવી કરવા આસામ મોકલ્યો. 'ભારતમહિલા' માસિકનાં સંપાદિકાના પિતા રામદુર્લભ મજુમદાર ત્યાં વકીલાત કરતા હતા, એમની મદદથી એ યુવક છુટી ગયો. નીચલી અદાલતે ત્હેને દોઢ વર્ષની કેદની સજા કરી હતી, પણ છેવટની અદાલતે ત્હેને નિર્દોષ ઠરાવ્યો હતો. જ્યાં સુધી કારાગારમાંથી એ મુક્ત ન થયો ત્યાં સુધી દેવી અઘોરકામિની હમેશ ત્હેને માટે આકુળ ચિત્તે ઇશ્વિરની પ્રાર્થના કરતાં હતાં. એના છુટકારાના સમાચાર તારથી આવ્યા ત્યારે એમના હર્ષનો પાર રહ્યો નહીં.

એજ વર્ષમાં આસાનસોલ ગામમાં એક નારી ઉપર બળાત્કાર થયો. એ સમાચાર સાંભળતાંવારજ દેવી અઘોરકામિનીનો પિત્તો ઉકળી ગયો. આર્યનારીથી પોતાની એક ભગિની—પછી તે ભલે તદ્દન અપરિચિત હોય—ઉપરનો અત્યાચાર કેમ સાંખી શકાય? એમણે એ બાબતમાં બૅરિસ્ટર શ્રીયુક્ત મનમોહન ઘોષને પત્ર લખ્યો. બીજી તરફથી લેફ્ટેનંટ ગવર્નરની પત્નીને પત્ર લખીને ત્હેમનું પણ એ વિષય તરફ ધ્યાન ખેંચ્યું. લેડી ઇલિયટે એ બાબત લક્ષમાં લીધાથી એ અત્યાચારીને પાંચ વર્ષના કેદની સજા થઇ હતી.

આ બનાવો ઉપરથી સાબિત થાય છે, કે એવા ક્યરી વખતે

દેવી અઘોરકામિનીનો સ્વભાવ કુસુમ કરતાં કોમળ હતો, તે અત્યાચાર અને અન્યાયની સ્હામે યુદ્ધ ચલાવતી વખતે વજ્ર કરતાં પણ કઠિન થઇ જતો હતો. **આપણી જાણમાં પણ દરરોજ અત્યાચારના અનેક બનાવ આવે છે, પરન્તુ આપણા પોતાનાજ પગ નીચે દાવાનળ ન સળગે ત્યાં સુધી આપણે ત્હેની પરવા પણ નથી કરતા;** પારકી પીડા કોણ માથે વ્હોરે એમ ધારી દાદ પણ નથી આપતાં, કે નથી એના નિવારણ સારૂ સંયુક્ત થઇને પ્રયત્ન કરતાં; ત્યારે **મહાન પુરૂષો પારકા દુઃખને પોતાનું ગણી ત્હેના નિવારણાર્થે તન, મન, ધનનું બલિદાન આપવા તત્પર થાય છે.** આપણા અને તેમના જીવનમાં બસ એજ ભેદ છે.

એ વર્ષથી એમણે પોતાના છાત્રીનિવાસમાં ભ્રાતૃદ્વિતીયાનો ઉત્સવ ઉજવવાનું શરૂ કર્યું. દરેક કન્યાએ પોતાના ભાઇઓને આમંત્રણ આપ્યું હતું. સંગીત, પ્રાર્થના અને ઉપાસના પછી બ્હેનોએ ભાઇઓને ભોજન કરાવ્યું તથા તેમનું નામ ગુંથેલો એક એક રૂમાલ ભેટ આપ્યો. એ અનુષ્ઠાન ઘણાને પસંદ પડયું, અને એમના મૃત્યુ પછી પણ ઘણા વર્ષ સુધી ચાલ્યું હતું.

૧૮૯૫ની ૨૩મી ઑગસ્ટે ત્હેમની પુત્રી સરોજિનીએ પુત્રને જન્મ આપ્યો. એ પ્રથમ દૌહિત્ર ઉપર એમનો ઘણો સ્નેહ હતો. એ બાળક માંદો પડયો અને ઘણા દિવસ પીડા પામીને તા. ૪ થી જાન્યુઆરી ૧૮૯૬ ને દિવસે અમરધામમાં ચાલ્યો ગયો. એ સુંદર દૌહિત્રની દાહક્રિયા જોવા સારૂ માતામહી સ્મશાનમાં ગયાં હતાં. એમની જીંદગીમાં સ્મશાન જોવાનો આ પ્રથમજ અવસર હતો. દાહકર્મ થયું ત્યારે નારીનો કોમળ સ્વભાવ પ્રગટી આવ્યો અને એમના મુખમાંથી એકદમ નીકળી ગયું: 'સુબોધ! આટલો બધો નિષ્ઠુર શું કામ થાય છે?' એ બાળકના મૃત્યુથી એમને ઘણી વેદના થઈ હતી; પરન્તુ ઇશ્વરની અગાધ કરૂણાનું સ્મરણ કરીને એ વેદના પણ શાંત ચિત્તે સહન કરી

પ્રકરણ સાડત્રીસમું–આત્મિકયોગની વ્યાકુળતા

૧૮૯૫

પતિ પત્ની સ્વતંત્રપણે બાહ્યજગતમાં કાર્ય કરવા માંડે તો કેટલીક બાબતોમાં સિદ્ધાન્તમાં કે પદ્ધતિમાં મતભેદ ઉભો થાય એ પણ સ્વાભાવિક છે. કેટલીક નજીવી બાબતોમાં આ સુખી દંપતિ વચ્ચે પણ એવો મતભેદ ઉત્પન્ન થયો હતો અને તેથી ઉભયના મનને ઘણું કષ્ટ થયું હતું; પરન્તુ દેવી અઘોરકામિનીમાં એ એક ગુણ હતો, કે પોતાનો દોષ એમને જલ્દી જણાઇ આવતો, અને જણાતાંવારજ ત્હેને માટે ભગવાન આગળ પશ્ચાત્તાપ કરીને સુધરવા પ્રયત્ન કરતાં, પોતાના જ્ઞાનની લઘુતા અને પતિના જ્ઞાન અને અનુભવની વિશાળતાનું પણ એ સ્મરણ કરતાં, અને ઘણી વખત પોતાની હઠ છોડી દઇને પતિની આજ્ઞાનેજ વશ થતાં. એ સમયના એમના દૈનિક તથા પત્રવ્યવહારમાંના કેટલાક ઉતારાઓ ત્હેમના મનની એ કાળની સ્થિતિનો પરિચય આપશે. પતિના એક પત્રના પ્રત્યુત્તરમાં એમણે લખ્યું છે:—"બ્રહ્મપુત્ર! ત્હમારો આશીર્વાદપૂર્ણ પત્ર મળ્યાથી હું પોતાને ધન્ય ગણવા લાગી. કારણ કે હું ત્હેને યોગ્ય નથી. ત્હમારો આશીર્વાદ પૂર્ણ થાઓ. હું 'મા'ને પ્રાપ્ત કરૂં, ત્હમારા આત્માને ખરીદી લેઉં, એવું 'મા' જલ્દી કરે. કારણ કે જો ત્હમારા આત્માને વેચાણ નહીં લઇ શકું તો મ્હારાથી બીજું કોઇ કામ નહીં થઇ શકે. મ્હારે માટે સર્વદા પ્રાર્થના કરજો. આશા છે કે ત્હમે માના ખોળામાં સારા હશો. ત્હમારૂં મન સારૂં છે એ જાણી સુખી થઇ છું. દુઃખ એટલુંજ થાય છે, કે હું ઘણી વખત મ્હારા સ્વાર્થની ખાતર ત્હમારા સુખમાં અડચણરૂપ થઈ પડી છું. મા, આશીર્વાદ આપો, કે મ્હને એ રોગ ન થાય. કેવી રીતે ઘરમાં હું બ્રહ્મને દેખું, ત્હમે બહારથી આવીને ઘરમાં બ્રહ્મદર્શન કરીને કેવી રીતે શાન્તિ મેળવી શકો, એ વિષયમાં પણ મ્હને કાંઇક જણાવજો. મ્હારૂં શરીર સારૂં છે, અને બીજાં

બધાં ખુશ છે. હમણાં મ્હેં જીવબ્રહ્મથી વેષ્ટિત થઇને આ બે અક્ષર લખ્યા છે. મ્હારી ચારે તરફ ચાર પાટલીઓ છે. ત્હેના ઉપર મ્હારી 'મા'નાં કૃપાપાત્ર પચીસ ન્હાનાં ન્હાનાં જીવન-ધન* બેઠેલાં છે. વચમાં હું છું. દરરોજ મ્હારાથી શુભકાર્યજ થાઓ અને તે બ્રહ્માર્પણ થાઓ."

ત્યાર પછી એમની તબિયત બગડવા માંડી. એ સમયમાં એક પત્રમાં પતિને લખે છેઃ—"ત્હમારા સુખમાંજ મ્હારૂં સુખ છે. મા આપણને ચિન્મયયોગથી મુક્ત કરો એજ હું માગું છું. બીજું કાંઇ ચાહતી નથી. મ્હારે સારૂ ફિકર કરશો નહીં. જેટલા દિવસ જીવવાની અને કામ કરવાની જરૂર હશે તેટલા દિવસ હું જરૂર આ દેશમાં રહીશ. ઘરમાં બીજાં બધાં રાજી ખુશી છે. મન ઘણું સારૂં છે. સર્વદા ત્હમારી પાસેજ રહું છું. અનેક વાર્તાલાપ કરીને સુખી થાઉં છું. કષ્ટ નથી. મા સર્વદા અતિ નિકટ રહે છે."

વળી એક દિવસ લખે છેઃ—"જ્યારે કામ આવી પડે છે ત્યારે કોણ જાણે ક્યાંથીએ બળ આવી જાય છે. મ્હને આશ્ચર્ય થાય છે કે મ્હારાથી આટલું બધું કામ કેવી રીતે થઇ શકે છે! મ્હારે માટે પ્રાર્થના કરજો, કે હું ત્હમારે યોગ્ય થઇને મરી શકું. ત્હમારી સાથે એક એવી જાતનો યોગ થયો છે, અને એ યોગનું એટલું બધું સ્મરણ થાય છે કે કોઇ દિવસ એ વિચાર મનમાંથી ખસતોજ નથી. આશીર્વાદ આપો, કે બ્રહ્મની સાથે એવો યોગ થાય! ભક્તિપૂર્ણ પ્રેમ ઉત્પન્ન થાય! ત્હમારો સુન્દર પત્ર વાંચ્યા પછી વિચાર આવ્યો, કે એક દિવસ મ્હારી પાસે આવા પત્ર પણ નહીં આવે. ઠીક, એને માટે પણ મન તૈયાર છે." વળી એક દિવસ લખ્યું હતુંઃ—"આજ સૂતી સૂતી ત્હમારી અવસ્થાનો વિચાર કરી રહી હતી, કે શરીર ન હોય તો મનની શી અવસ્થા થાય, જ્યારે શરીર મ્હારી નિકટ નહીં

* નિશાળમાં ભણનારી કન્યાઓ.

આવી શકે ત્યારે શી અવસ્થા થશે? શરીરમાં કેટલી મિષ્ટતા છે, આત્મામાં પણ કેટલી મિષ્ટતા છે, હ્‌નેો અનુભવ કરતી હતી. શરીરની પેઠે આત્માને સ્પર્શ કરવાનો યત્ન કરતી હતી. એ સુખનો અનુભવ કરી રહી હતી." બીજા એક પત્રમાં લખે છેઃ—" મ્હારી દુર્બળતાને માટે ત્હમે પ્રાર્થના કરજો. છેલ્લો શ્વાસ 'મા'નું નામ જપતાં જપતાં કાઢી શકું એવો આશીર્વાદ આપો." વળી " આશીર્વાદ આપો, કે ત્હમારા મ્હો સ્હામું જોઇને સાથે સાથે ચાલી શકું. ત્હમારી સાથે ચાલવામાં આ દુનિયાં છોડવી પડશે, તો મ્હને સ્વર્ગ મળશે. દસ વર્ષની વયે માએ જે વ્રત મ્હને અજાણમાં સોંપ્યું છે, તે વ્રતનું જાણે ઉદ્યાપન થાય. પિકું* ! ત્હમે અવસ્ય જાણો છો, કે હું બીજી કાંઇ આશા રાખતી નથી; એક માણસ પોતાની જાતનું ભાન ભૂલી જઇને બીજાની સાથે 'મા'નું નામ જપવામાં મળી જઇ શકે એ મ્હારે જોઇએ છે. 'મા' ક્યારે એ દિવસ દેખાડશે ? એને માટેજ આટલો બધો ભાર વહન કરૂં છું. જ્યારે એ ઉદ્દેશ ભૂલી જાઉં છું, ત્યારે મન ખિન્ન થઇ જાય છે * * * મન ચિન્મયયોગને સારૂ ઘણુંજ આતુર થઇ ગયું છે. કાલે પાંચથી રાત્રિના નવ વાગ્યા સુધી ત્હમને જોવા માટે પ્રાણ એટલો બધો કેમ વ્યાકુળ થઇ રહ્યો હતો તે જાણુતી નથી. ત્યાર પછી ત્હમારો પત્ર આવ્યો ત્યારે સ્હમજી કે એ સમયમાં ત્હમે પણ મ્હારૂં સ્મરણ કરી રહ્યા હતા. અજાણી રીતે બે આત્માઓ એક બીજાને ખેંચી રહ્યા હતા, તેથી એવું થયું; એમ હું ધારૂં છું."

૬ ઠી નવેમ્બરે દેવી અઘોરકામિનીનું શરીર વધારે બગડયું. પ્રકાશચન્દ્ર એમને લઇને દાનાપુર ગયા. ઇશ્વરભક્તિ અને ઉપાસનાનું કામ આ પ્રસંગે પણ દરરોજ નિયમિતરૂપે ચાલ્યાજ કરતું હતું.

---

* પ્રકાશચન્દ્રનું લાડનું સંબોધન.

પ્રકરણ અડત્રીસમું-છેવટની સેવા

૧૮૯૬

૧૮૯૬ નો માઘોત્સવ દેવી અઘોરકામિનીએ કેવી રીતે ઉજવ્યો તે હેમની ડાયરીના નીચેના ઉતારાથી જણાઇ આવે છે. ૨૨ મી જાન્યુઆરીએ એમણે લખ્યું છેઃ "ભાઇ બ્હેનોની આગળ પાપનો સ્વીકાર ન કરીએ અને તેઓ એક વર્ષના અપરાધની ક્ષમા ન આપે, તો ઉત્સવમાં "મા" દેખા દેશે નહીં. પરન્તુ ન્હાના મ્હોટા બધાની આગળ પાપને માટે ક્ષમા માગવી એ બહુ અઘરૂં કામ છે, માટે એને માટે બળ આપવાની વિનંતિ કરી. ઉપાસના કરી રહ્યા પછી ઉઠીને સર્વેને પગે પડીને ક્ષમા માગી." ૨૬ મીએ સમાજમાં આખા દહાડાનો ઉત્સવ હતો. સમાજના આંગણામાં ઉત્સવ થઇ રહ્યો હતો. એ વખતે સમાજની પાસે પૈસા નહોતા, માટે સ્હવારની ઉપાસના પછી દેવી અઘોરકામિનીએ ભિક્ષા માગી. એ ન્હાની ન્હાની છોકરીઓ અને પોતે ગેરવાં વસ્ત્ર ધારણ કરીને ઉત્સવના મેદાનમાં આવીને ઉભાં અને હૃદયસ્પર્શી પ્રાર્થના કરી. દેહમાં સૌન્દર્ય નહોતું પણ હૃદય સ્વર્ગના ભાવથી પૂર્ણ થયેલું હતું, એટલે એ દૃશ્ય ઘણુંજ ચિત્તાકર્ષક હતું. ઇશ્વરનું કાર્ય સાધવા હાથમાં ઝોળી ઝાલીને ભિક્ષા માગવા નીકળેલાં એ દેવીનું રૂપ ખરેખર અનુપમ હતું.

ઉત્સવ પછી તેઓ રાજગૃહ ગયાં, ત્યાં આગળ બ્રહ્મકુંડમાં સ્નાન કર્યું, તથા ઉપાસના અને આરાધના કરીને પાછાં આવ્યાં.

માર્ચ માસમાં બોલ્ટન સાહેબ વાઇસરોયના ચીફ સેક્રેટરી થઇને કલકત્તા જતા હતા, જતાં પહેલાં એ દેવી અઘોરકામિનીની કન્યાશાળા જોવા ગયા હતા. એક કલાક સુધી ભિન્ન ભિન્ન વર્ગમાં ફરીને છોકરીઓની પરીક્ષા લીધી. પ્રકાશચન્દ્ર તથા મિસ્ટર ડી. એન. મલ્લિક પણ ત્યાં હતા. દેવી અઘોરકામિની એક ખુણામાં સાદો ગામડિયણનો સાલ્લો પહેરીને ઉભાં હતાં. સાહેબે બીજા કોઇની સાથે

વાતચીત કરી નહીં, પણ એમની પાસે જઇને કહ્યું: "નિશાળ જોઇને હું ઘણોજ સંતુષ્ટ થયો છું. વિલાયતમાં અને ભારતવર્ષમાં આવાં આવાં કામો કુમારિકાઓ કે વિધવાઓ કરે છે; પરન્તુ **સ્વામી, પુત્ર વગેરે કુટુંબનો ભાર માથાપર હોવા છતાં આવું કામ કરતી હોય એવી સ્ત્રી આજ સુધી જોઈ નથી.**" એમણે જવાબ આપ્યો: "મહારાણીના મ્હોટા અધિકારી થઇને આપે હમારી આ સામાન્ય નિશાળની પરીક્ષા લેવા સારૂ આટલો બધો સમય ગાળ્યો છે તથા એને માટે સંતોષ પ્રગટ કર્યો છે તેથી હમે કૃતાર્થ થયાં છીએ." એટલું કહીને પ્રણામ કર્યા. ઘણાં વર્ષ પૂર્વે પાદરી સાહેબની સાથે શેકહેન્ડ કરીને સાવધાન થઇ ગયાં હતાં, એટલે આ વખતે દૂરથીજ પ્રણામ કર્યા; સાહેબ પણ નમસ્કાર કરીને ગાડીમાં બેસીને ચાલ્યા ગયા.

૩૧ મી માર્ચની ડાયરીમાં અઘોરકામિની લખે છેઃ—"આજે ગાડીના ખર્ચ સારૂ સરકારે ૧૬૮ રૂપિયાની સ્પેશિયલ ગ્રાન્ટ આપી. નિશાળનો જ્યારે આરંભ કર્યો ત્યારે લીસ્ટ ઉપર કેવળ પાંચ છોકરીઓનાં નામ હતાં, કેવળ પ્રાર્થના ઉપર ભરોસો હતો; આજ એ પ્રાર્થનાના પરિણામે નિશાળમાં લગભગ ૪૦ છોકરીઓ છે. અજાણ્યા બાબુઓએ આવીને મ્હારો કાર્યભાર ઓછો કર્યો છે. તેઓ મ્હને ફુરસદ આપવા માંગે છે; પૈસા ઘણા છે; આજે નિશાળ ધનવાન છે. એ બધું પ્રાર્થનાનું ફળ છે. એટલા માટે કહું છું, કે 'મા' મ્હને હજુ પણ વધારે પ્રાર્થનાશીલ કરો, હજુ પણ વધારે શ્રદ્ધાવાન કરો. એજ ભિક્ષા માગું છું, કે પરિવારને પણ માના ઉપર વિશ્વાસશીલ બનાવો."

૨૦ મી એપ્રિલે એમના પુત્ર સુબોધચન્દ્રના વિવાહની વાત નીકળી. એમણે સ્પષ્ટ જણાવ્યું, કે વિલાયત ગયા પહેલાં સુબોધ પરણવા માંગે તો એને રોકજો. એ વખતે સુબોધના વિલાયત જવાની

કાંઇ વાતચીત ઘરમાં ચાલતી નહોતી, પ્રકાશચન્દ્ર પાસે એટલા પૈસા પણ નહોતા; પરન્તુ એમણે મનમાં નક્કી કરી રાખ્યું હતું, કે સુબોધ વિલાયત જશે. દૈવસંયોગે એમની અભિલાષા હવે તો ખરી પડી છે. સુબોધચન્દ્ર વિલાયત જઇને બૅરિસ્ટર થઇ આવ્યા છે.

૨૭ મી એપ્રિલે એમના એક સ્નેહીની કન્યાને કૉલેરાનો રોગ થવાથી, એ પણ એની ચાકરી કરવામાં સામિલ થયો હતો. એજ અરસામાં બિહારીલાલ ઘોષની કન્યા સાથે મિસ્ટર ડી. એન. મલ્લિકનું લગ્ન થયું. કન્યાપક્ષ તરફથી વિવાહનો બધો કારભાર એમને માથે આવી પડયો હતો. આ લગ્નમાં એમને પુષ્કળ પરિશ્રમ પડયો હતો, તથા આરામ બિલકુલ મળ્યો નહોતો; તેથી એમની તબિયત ઘણી લથડી ગઇ. શરીરના સુધારા સારૂ પ્રકાશચન્દ્ર ત્હેમને શુદ્ધ વાયુવાળા 'ખગોલ' નામક ગામમાં લઇ ગયા અને ત્યાં નહેરને કિનારે બંગલો ભાડે રાખીને રહ્યા. થોડા દિવસ ત્યાં રહ્યા પછી તથા પાસેના ગામોના સ્નેહીઓને મળી આવ્યા પછી, એ પાછાં પોતાના કાર્યક્ષેત્ર બાંકીપુરમાં આવ્યાં.

પ્રકરણ ઓગણુચાળીસમું—આનંદધામની યાત્રા

૧૮૯૬

હવાફેર કર્યા છતાં દેવીના સ્વાસ્થ્યમાં કાંઇ સુધારો થયો નહીં. એક દિવસની ડાયરીમાં પોતે લખે છેઃ—“મ્હને એમ લાગે છે, કે મ્હારૂં અહિંયાનું કામ પૂરૂં થયું છે. આજે પ્રાર્થના કરી, કે આ દેશમાં હવે ગમતું નથી. જે દેશમાં જવાનું છે, ત્હેને સારૂ મન આતુર થયું છે, એ દેશના આચાર વ્યવહાર, એ દેશનું બીજું બધું મ્હને આજથી શીખવો. આ દેશની માયા કહાડી નાખીને એ દેશની માયા વધારો, એ ભિક્ષા હે માજી! પૂર્ણ કરો!”

૨૯ મી મે ૧૮૯૬ ને દિને પ્રકાશચન્દ્રે પ્રવાસમાંથી આવીને

જોયું તો પત્નીને તાવ આવ્યો છે. આવીને એમણે ન્હાની ઉપાસના કરી. એ દિવસે તો દેવી અઘોરકામિનીએ આરામ લીધો, પણ સ્હાંજે પાછાં સેવા કરવા ગયાં. એક સ્નેહીની છોકરી માંદી હતી ત્હેની ખબર લઇ આવ્યાં. અસ્વસ્થ શરીરે પણ પોતાનું નિત્યકર્મ કરીનેજ શય્યામાં શયન કર્યું. એ રાત્રે એમને પુષ્કળ તાવ ચ્હડયો. ૩૦ મીએ પ્રાતઃકાળે જ્વર જરા ઉતર્યો એટલે નીચે જઇને ઈશ્વર ઉપર પક્કો વિશ્વાસ રહે ત્હેને સારૂ પ્રાર્થના કરી. એ દિવસે પ્રકાશચન્દ્રને લાગ્યું, કે પત્નીના મહાપ્રયાણનો સમય નિકટ આવ્યો છે. હવાફેર કરાવવા સારૂ એમણે અઘોરકામિનીને લઇને મુંબઇ જવાનું નક્કી કરી એક ન્હાનો બંગલો પણ મુંબઇમાં ભાડે રાખ્યો. રજાનો પણ બંદોબસ્ત કર્યો; પરન્તુ વિધાતાનું વિધાન જૂદાજ પ્રકારનું હતું. ૨ જી તારીખે એમની પુત્રી સુસાર પણ પરગામ ગઇ હતી તે માતાની સેવા સારૂ આવી ગઈ.

૩જી જૂને બપોરે એમનો શ્વાસ રૂંધાવા લાગ્યો. પહેલાં પગની આંગળીઓમાં વા આવ્યો હોય એવી વેદના થતી હતી, તે વ્યથા વધીને છાતી સુધી થવા લાગી, અને શ્વાસ રૂંધાવાનો આરંભ થયો. ડૉક્ટરો કહેવા લાગ્યા કે Endocarditis થયું છે. શ્વાસ બહાર કહાડતાં કોઈ કોઇ વખતે, એટલું બધું કષ્ટ થતું હતું, કે હમણાં જીવ ચાલ્યો જશે એમ લાગતું.

એમના મંદવાડના સમાચાર જાણતાંવારજ મિત્રો આવીને સહાય કરવા લાગ્યા તથા આખી રાત્રિ જાગરણ કરવા લાગ્યા.

"૫ મી જૂને એમના રોગની પરીક્ષા કરવા સારૂ ડાક્ટર સૂર્યબાબુને બોલાવ્યા. ત્હેમણે કહ્યું કેઃ 'રયુમેટિઝમ ઑફ ધી હાર્ટ' દિલનો સંધિવા થયો છે. દવા કોની કરવી એ સંબંધે સવાલ ઉઠયો. દર્દીએ પોતે પોતાના હમેશના ડૉક્ટર પરેશનાથના હાથે દવા કરાવવાનો અભિપ્રાય આપ્યો. પરેશનાથને એ ધર્મના ભાઇ ગણતાં હતાં—પરન્તુ એ હોમિયોપેથીના ડૉક્ટર હોવાથી કેટલાએક સગાંઓએ તે બાબતમાં વાંધો

લીધો, પણ એમણે દ્રઢભાવે ઉત્તર આપ્યો, કે "બચવાનું હશે તો મ્હોટા ભાઇને હાથેજ બચીશ, અને મરવાનું હશે તો એમને હાથેજ મરીશ." એમ કરીને ચિકિત્સકના હાથમાં આત્મસમર્પણ કેવી રીતે કરી શકાય ત્હેનું ઉદાહરણ બતાવ્યું. છેલ્લી ઘડી સુધી એમનીજ દવા ચાલી.

૭મી જૂનની રાત્રે બે પ્રહર બાદ એમણે જણાવ્યું, કે ત્હમે લોકો છાનું રાખો છો પણ મ્હારી અવસ્થા સારી નથી.

હવે એમના મંદવાડના સમાચાર શહેરમાં ફેલાયા. ૯ મી જૂને ત્યાંના આગેવાન વકીલ ગુરૂ પ્રસાદસેન તથા અન્ય ગૃહસ્થો ત્હેમને જોવા આવ્યા. ૧૦ મી જૂને રોગ ઘણો વધ્યો. પરેશનાથ ડૉક્ટર આખી રાત્રિ જાગ્યા. રોગનાં લક્ષણ જોઇને એમણે એક બીજા ઓરડામાં બેસીને પ્રકાશચન્દ્રને કહ્યું, કે આ મંદવાડમાંથી બ્હેન બચશે તોપણ કામ કરવાને લાયક એમનું શરીર નહીં રહે. એમને કાને એ શબ્દો પડયા, એટલે પાતને બોલાવીને પૂછ્યું: મ્હોટા ભાઇ શું કહેતા હતા? લાચારીએ એમણે સાચી વાત કહી દીધી. એ સાંભળીને ત્હેમણે કહ્યું: "તો પછી જીવવાની જરૂર શી છે?" એમની દૃષ્ટિમાં જીવન અને સેવા એક થઇ ગયાં હતાં. અકર્મણ્ય થઇને જીવવું એમને અયોગ્ય જણાયું.

૧૧મી તારીખે પરેશનાથ પોતાને ઘેર હવાફેર સારૂ ત્હેમને લઇ ગયા. નવા નવા સેવકો આવીને ત્હેમની સુશ્રુષા કરવા તૈયાર થયા. એ દિવસ સારી પેઠે ગયો. ૧૨મીએ એમણે પ્રભુ ઉપરનો વિશ્વાસ દૃઢ રહેવા પામે એટલા માટે પ્રાર્થના કરી. એ રાત્રે પાછો તાવ જોરમાં આવ્યો. પોતાના એ ગંભીર મંદવાડના વખતમાં પણ અન્યની ચિન્તા કરવાનું ભૂલ્યાં નહોતાં. પતિના એક સ્નેહીનો પુત્ર ઘણો માંદો રહેતો હતો, ત્હેને માટે પોતાના ઘરનો ઉપલો ઓરડો ખાલી કરી આપવાનું પતિને કહ્યું હતું, અને એમણે જ્યારે જણાવ્યું

કે એ તો ક્યારનોએ ત્યાં આવી ગયો છે, ત્યારે એમને ઘણો આનંદ થયો. મન ઉપરથી એક મ્હોટી ચિન્તાનો ભાર ઓછો થયો હોય એમ જણાયું.

૧૩ મી જૂનની રાત્રે ૧૧ ને ૫૫ મીનીટે એમણે કહ્યું: "માજીની પાસે જાઉં છું. હવે ખોટી થવાય એમ નથી. સુબોધ! અસત્યને માર્ગે કદી ચ્હડશો નહીં. ત્હમારે માટે હું કાંઇ છોડી જતી નથી. આ સત્યજ લ્યો. મ્હારે માટે રડશો નહીં."

૧૪ મીને રવિવારે ઉપાસનામાં પોતે સામિલ થયાં પણ એ વખતે વેદના એટલી બધી હતી, કે શાન્ત રહેવાયું નહીં. પ્રાર્થના જેવી તેવી થઇ. એ દિવસે પણ પતિને આગ્રહ કરીને એમણે સમાજમાં મોકલ્યા હતા.

૧૫ ની જૂન એમની પરલોક યાત્રાનો દિવસ હતો. એ દિવસે સ્હવારમાં સાત વાગ્યે સગાં સંબંધી સ્નેહી બધાંને પોતાની આગળ બોલાવીને જોઈ લીધાં. ત્યાર પછી 'વિશ્વાસનો છેવટનો પરિચય આપતાં આપતાં જઇ શકું,' એ બાબત ટુંકી પણ સ્પષ્ટ પ્રાર્થના કરી. એ વખતમાં પ્રકાશચન્દ્રને સ્હવારની કચેરી હતી. ઑફિસમાં જતાં પહેલાં એમને પૂછવા ગયા ત્યારે એમણે કહ્યું: 'અચ્છા'. પતિની આંખમાં અશ્રુબિન્દુ જોઇને કહ્યું: 'રડોછો કે?' બસ એક શબ્દમાં ઘણી મ્હોટી વાત કહી દીધી. જાણે પતિને ઉપદેશ આપ્યો, કે વિયોગ તો કાંઇ વસ્તુ નથી, ત્હમે સદા મ્હારી પાસે ને પાસેજ રહેશો. મરજી હશે ત્યારે જોઇ શકશો, તો પછી રડોછો શા સારૂ? ચક્ષુનું જળ લુછીને પતિ સરકારી કામ બજાવવા ગયા.

બપોર પૂર્વેજ એમણે બધાંને જમીને આવવાનું કહ્યું. સુસારવાસિનીને બોલાવીને એના ખોળામાં પોતાનું મસ્તક મૂક્યું. જાણે પોતાનો બધો ભાર ત્હેના હાથમાં સોંપ્યો. સત્પુત્રી સુસારે પણ માતાએ સ્નેહ-

પૂર્વક સોંપેલો ભાર આખી જીંદગી સૂધી વહન કર્યો હતો; અને એમ કરી કવિ ન્હાનાલાલની ઉક્તિ—

"પુત્ર એટલે પ્રગતિ;
અધૂરો મૂક્યો હોય,
સંસારનો યજ્ઞ માત તાતે,
ત્યાંથી આદરી પૂરો કરે તે."

ચરિતાર્થ કરી હતી.　　(જયા અને જયન્ત).

ડૉક્ટર પરેશનાથ દર્દીને જોવા બહાર ગયા હતા તે લગભગ એક વાગ્યે ઘેર આવ્યા, અને આવતાંવારજ એમની પાસે જઇને પૂછવા લાગ્યા, કે 'આજે તબિયત કેવી છે ?' એ વખતે એમને પુષ્કળ વેદના થતી હતી, પણ જણાવ્યું કે "હમણાં નહીં કહું, તમે જમી આવો પછી કહીશ." છેલ્લી ઘડીસૂધી પણ બીજાની સગવડ માટે કેટલી બધી કાળજી ! ૧ાા વાગ્યે પતિએ ઔષધ આપ્યું તે પીધું. ત્યાર પછી ડૉક્ટર સૂર્યબાબુએ આવીને શરીર તપાસીને કહ્યું, કે હવે ઔષધ આપવું નકામું છે. કોઇ ભજન કરતું નહોતું એ જોઇને પ્રકાશચન્દ્ર પોતે માતૃસ્તોત્ર ભણવા લાગ્યા. બીજાં બધાંએ પણ એ સ્તોત્ર ઉપાડી લીધું. દેવી અઘોરકામિની પણ જાણે અંદરથી સ્તોત્ર-પાઠમાં સાથ દેતાં હોય તેમ હોઠ ફફડાવતાં હતાં. એ પ્રમાણે જગત્ જનનીનું સ્તવન કરતાં કરતાં ૨–૧૨ મિનિટે ત્હેમણે પાર્થિવ દેહનો ત્યાગ કરીને દિવ્યધામમાં ગમન કર્યું.

વાયવ્ય ખુણાની ઓરડીમાં એમના દેહને મૂકવામાં આવ્યો. તેની ચારે તરફ સગાંઓએ બેસીને ઉપાસના કરી. સુબોધ અને સુસાર-વાસિનીએ પણ પ્રાર્થના કરી. ત્યારપછી એમના મૃતદેહની છબી પાડ-વામાં આવી. ત્યારપછી શબને એમના પોતાના ઘરમાં લઇ જવામાં આવ્યું. ત્યાં આગળ મહોલ્લાના ગરીબ લોકો, ખાસ કરીને સ્ત્રીઓ એમના શબની ચારે તરફ વીંટળાઇ જઇને પુષ્કળ રોકકળ કરવા માંડી. ઉપાસના-

ઘરની પાસે શબને ઉતારીને ફરીથી પ્રાર્થના કરવામાં આવી. ત્યારપછી ચાર વાગ્યે દેહને નદી કિનારે લઈ ગયા. ઘણા સદ્‌ગૃહસ્થોએ સાથે ગયા હતા. સુસાર પણ સ્મશાનમાં ગઈ હતી. સ્મશાનમાં એમની શેષશય્યા તૈયાર થઇ. એમના જીવનના ચિરસંગી અને પરમ સુહૃદ–પતિ પ્રકાશચન્દ્રે પોતાના હાથે ભગવાનનું સ્મરણ કરીને અગ્નિસંસ્કાર કર્યો. રાત્રિના નવ વાગ્યે બધાં શોક વિહ્વળ ચિત્તે ઘેર પાછાં આવ્યાં.

આ પ્રમાણે એક મહાનારીના પુણ્યમય ઐહિલૌકિક જીવનનો અન્ત આવ્યો, પરન્તુ હમારી ખાત્રી છે, કે એમનાં ઇશ્વરપ્રેમ, નિઃસ્વાર્થભક્તિ, પરહિતને માટે આત્મોત્સર્ગ આદિ પુનિત કર્મોનો સુવાસ ઘણા લાંબા કાળ સૂધી આપણા દેશની ભગિનિઓને તે તે મંગળદાયક શુભકાર્યો તરફ દોરશેજ.

પ્રકરણ ચાળીશમું–ઉપસંહાર

દેવી અઘોરકામિનીના સ્વર્ગવાસ પછી બાંકીપુરની પ્રજા તરફથી એક સભા ભરવામાં આવી હતી. ત્હેમના આત્માપ્રત્યે ભક્તિ પ્રગટ કરવાસારૂ એ શહેરના અનેક બંગાળી, હિંદુસ્તાની અને કેટલાક અંગ્રેજ સદ્‌ગૃહસ્થો ત્યાં એકઠા થયા હતા. ત્યાંના આગેવાન વકીલ બાબુ ગુરૂપ્રસાદસેને સભાનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. ત્હેમના અંગ્રેજી ભાષણનો કાંઇક સાર નીચે આપીએ છીએઃ—

“એક પ્રસિદ્ધ સન્નારીની સ્મૃતિ જાળવી રાખવાને માટે આજની સભા બોલાવવામાં આવી છે. * * * મિસિઝ રાય (દેવી અઘોરકામિની) ના સંબંધમાં બોલતાં કહી શકાય કે ત્હેમના જીવનનો પ્રભાવ વિશાળક્ષેત્રમાં ફેલાયો હતો. * * * જે કન્યાશાળામાં

આપણે આજે એકઠા થયા છીએ તે કન્યાશાળા ઘણા સમય અગાઉથી વર્તમાન હતી, પણ મિસિઝ રાયે ત્હેને નવી જીંદગી બક્ષી હતી. * * * ત્હેમણે પોતાને ઘેર પોતાને ખર્ચે એક બૉર્ડિન્ગહાઉસની સ્થાપના કરી હતી. અહિંની બાલિકાઓ ત્હેમનેજ પોતાની માતા ગણે છે. આ બૉર્ડિન્ગહાઉસમાં ત્હેમના કુટુંબની આવકનો મ્હોટો ભાગ ખરચાતો. મનુષ્યો તરફના ત્હેમના પ્રેમનું સ્મરણ જાળવી રાખવા યોગ્ય છે. ત્હેમના સમાગમમાં આવનારને માટે એ દેવીરૂપ હતાં."**

બિહાર નેશનલ કૉલેજના હાલના પ્રિન્સિપાલ શ્રીયુક્ત દેવેન્દ્રનાથ સેન એમ. એ. બોલ્યા, કે " ત્હેમણે બીજાંઓને માટે પોતાનો પ્રાણ સમર્પણ કર્યો છે. બાલિકાઓ આગળ એઓ દાનશીલતાનું અને ઉદ્યમનું ઉંચા પ્રકારનું દૃષ્ટાન્ત રાખી ગયાં છે. મ્હને યાદ આવે છે, કે એમણે કેવીરીતે માતાના જેવી કાળજીથી મ્હારી સેવા કરી હતી. કોઇની પણ પીડાની વાત સાંભળતાં એ તરતજ ત્યાં દોડી જતાં. પોતાની તબિયત કે પૈસા સ્હામું જોતાં નહીં. આવી એક સન્નારીને માટે સન્માન દર્શાવવું એ આપણી ખાસ ફરજ છે."

ઉત્તર હિન્દુસ્તાની સદ્‌ગૃહસ્થોના આગેવાન, બાંકીપુરના પ્રસિદ્ધ વકીલ શ્રીયુક્ત ગજાધરપ્રસાદ બોલ્યાઃ—"આવી મહાન્ નારીની તરફ સન્માન દર્શાવ્યાથી આપણે આપણી જાતનુંજ ગૌરવ વધારીએ છીએ. મિસિઝ રાય પોતાની બધી સુખ સગવડોને ભૂલી જઇને પોતાનું ધન બીજાઓના કલ્યાણ માટે ખર્ચતાં હતાં. "

પ્રેસિડેન્સી કૉલેજના હાલના અધ્યક્ષ મિસ્ટર એચ. આર. જેમ્સ બોલ્યા કેઃ—આવી એક સહૃદય નારીનું સ્મરણ જાળવી રાખવું વ્યાજબી છે. એ પોતાના મહાન્ જીવનવડે દેશનું ગૌરવ વધારી ગયાં છે. **સ્ત્રીશિક્ષણના ઉપરજ ભારતવર્ષનો ઉદય આધાર રાખે છે."**

ડાક્ટર જે. એન. ઘોષના કથનનો સારાંશ આ મુજબ છેઃ—

" જે નારી હમણાં સંસારમાંથી ચાલ્યાં ગયાં છે, ત્હેમની વાત યુગના યુગ સુધી સ્મરણમાં રહેશે. ત્હેમનું અંતઃકરણ આધ્યાત્મિક ભાવથી પરિપૂર્ણ હતું. એ હમેશાં ઇશ્વરની શક્તિથી ચાલતાં. બાલક બાલિકાને સુખી કરવાં અને ત્હેમનાં હૃદય ઇશ્વરભક્તિથી પૂર્ણ કરવાં એ ત્હેમના જીવનનું શ્રેષ્ઠ કાર્ય હતું. હિંદુ, બ્રાહ્મ, કે મુસલમાન એવો કાંઇ વિચાર ત્હેમના મનમાં ન આવતાં સર્વની સહાયતા માટે એ તૈયાર રહેતાં. એમની આગળ જ્યારે કોઇ ગુંચવાડો ઉભો થતો ત્યારે ત્હેને ઉકેલવા માટે ઇશ્વરની પાસે ખુલાસો પૂછતાં અને તેથીજ એમનાં બધાં કાર્યો સફળ થયાં છે."

એમના સંબંધમાં સ્વર્ગસ્થ પ્રતાપચન્દ્ર મજુમદાર મહાશય લખે છે, કે " અઘોરકામિની દરવર્ષે કેટલાક સ્નેહીઓને લઇને રાજગૃહ નામના એક બૌદ્ધતીર્થમાં જતાં. કેવળ ધર્મસાધનજ ત્હેમના આ પ્રવાસનો ઉદ્દેશ રહેતો. * * વાસ્તવિકરીતે જોતાં ધર્મભાવ, પરસેવામાં પ્રવૃત્તિ, ભગવદ્‌ભક્તિ અને લોકસેવા એક સરખીરીતે ત્હેમના જીવનમાં ગુંથાયલાં હતાં. પારકાઓની સેવામાં આત્મસમર્પણ, સત્કાર્યમાં ઉત્સાહ, સંસાર તરફ વૈરાગ્ય, ચિત્તશુદ્ધિ, પવિત્રતા, ધર્મ, વિશ્વાસ અને અસાધારણ ભગવદ્‌ભક્તિ એ તેમના મહાન ગુણોની કથા જે સાંભળશે ત્હેને વિશુદ્ધ આનંદ ઉપજશે. શ્રીયુક્ત પ્રકાશચન્દ્રરાય એમને સહધર્મિણીરૂપે પામીને ધન્યવાદને પાત્ર થયા છે, અને એ પ્રકાશચન્દ્રને પતિરૂપે પામીને ધન્ય થઇ ગયાં છે; અને આપણે એ બન્નેની તરફ શ્રદ્ધા અને પ્રીતિ દર્શાવીને સુખી થયા છીએ, ઉપકૃત થયા છીએ, કૃતાર્થ થયા છીએ."

દેવી અઘોરકામિનીના અતિ સંક્ષિપ્ત ચરિત્રની પ્રથમ આવૃત્તિ મ્હેં બહાર પાડી ત્યારે એ વાંચીને વડોદરા રાજ્યમાં કન્યાશાળાઓનાં મુખ્ય ઇન્સ્પેક્ટ્રેસ મિસ મેકેન્ઝી મહોદયાએ નીચેની મતલબના ઉદ્દગાર, પોતાના ૩-૧-૧૧ ના અંગ્રેજી પત્રમાં કહાડયા હતા.***

"આવી ઉત્તમ નારીના ચરિત્રના વાંચનથી આપણી ભારત લલનાઓને લાભ થવો જોઇએ. દેવી અઘોરકામિનીનું જીવન આપણે માટે સારૂં ઉદાહરણ છે, અને **આપણે સર્વ એક અંશમાં પણ ત્હેમની સમાન થઇ શકીએ તો દુનિયા વધારે સારી બની શકે.**"

એ મહાનારીના જીવન વિષે વધારે અભિપ્રાય ટાંકવાની જરૂર નથી, આ ગ્રન્થનું નિષ્પક્ષપાતપણે વાંચન કર્યાથી, સહૃદય વાચકોને જણાશે, કે કેવાં સારાં કાર્ય કરીને એ સ્વર્ગમાં સીધાવ્યાં છે.

જે ઇશ્વરભક્ત, સદાચારી, ઉન્નતચરિત પુરૂષનું પાણિગ્રહણ કરીને દેવી અઘોરકામિનીએ પોતાના જીવનનું સાર્થક કર્યું હતું તે ભક્ત પ્રકાશચન્દ્રરાય પણ લગભગ અર્ધા વર્ષ ઉપર આ સંસારનો ત્યાગ કરી ગયા છે. એમનાં ચાર સંતાન—એક કન્યા અને ત્રણ પુત્રો હાલ વિદ્યમાન છે. જ્યેષ્ઠ પુત્ર સુબોધચન્દ્ર રાય કલકત્તાની હાઇકોર્ટમાં બેરિસ્ટરનો ધંધો ચલાવે છે; મધ્ય પુત્ર સાધનચન્દ્ર વિલાયતમાં એનજિનિયરનું કામ કરે છે, અને તૃતીય પુત્ર વિધાનચન્દ્ર વિલાયતમાં એમ. ડી. ની પરીક્ષા પસાર કરીને ડૉક્ટર બન્યા છે. હમે ઇચ્છીએ છીએ કે તેઓ પણ માતપિતાનું અનુસરણ કરીને દેશની હરકોઇ પ્રકારે સેવા કરવાને ભાગ્યશાળી થાય.

સમાપ્ત

અગત્યની જાહેરખબર !

અગત્યની જાહેરખબર—નવું પુસ્તક બહાર (બીજી આવૃત્તિ), જે જેને ... આપી ... જાહેર પાડ્યું છે. અને ક્યાં ત્યાં ઘણી ફરી ... નહિ ... જાહેરખબર છે.

પ્રથમ અને ... કર્યા ... અને ... કયાં ... નહિ ... ખરચ ... ઉપર ... જાહેર કર્યાં ભાવો.

સસ્તી અને ... બજાર ... સસ્તી ... તો ... જે ... નહિ ... અને ... જે ... બજાર ... ઉપર ... ભાવે ... લાવીને ... વેપાર ... કરવા ... જાહેર ... ભાવે ...

ઉત્તમ ... છે ... તેમાં ... ભાવ ... જે ... અમો ... જાહેર કરીએ છીએ.

સસ્તાના—... જે ... તો ... આવો ... જાહેર ... સસ્તું ... વાત.

... ... છે.

... ... છે ... ... છે ... ... (૧) ... ... નથી.